Motel (Gujarati)

Gunvant Shah

VISIT...

LANZAROTE Caliente.com

ગુણવંત શાહ





મોટેલ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

જૂઈનું ફૂલ તમે જોયું છે?
ન જોયું હોય તો
એક વાર એને ધારી ધારીને જોજો.
સુગંધ પણ ક્યારેક આક્રમક હોઈ શકે,
પરંતુ જૂઈની સુગંધ તો
આદિવાસી કન્યાના ભોળા સ્મિત જેવી–
મીઠી મીઠી અને સાવ અનાક્રમક!
જૂઈની એક કળી
વીંધાઈ ગઈ અને વેણીમાં પરોવાઈ ગઈ
પરંતુ માંડ થોડા કલાકો વીત્યા
ત્યાં તો એ ખીલી ઊઠી
તે એવી કે એની મહેક.....

ગુણવંત શાહ

મોટેલ

ગુણવંત શાહ



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,
કેશવબાગ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧
'દ્વારકેશ',
રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Web: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

Motel, Novel
Written By Gunvant Shah
R. R. Sheth & Co. Pvt. Ltd., Mumbai □ Ahmedabad
2011
EISBN: 978-81-89919-36-8

© વિવેક શાહ
ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી, જયપ્રકાશ નારાયણ માર્ગ, વડોદરા ૩૯૦ ૦૨૦

મુદ્રણો
પ્રથમ આવૃત્તિ : ઑગસ્ટ, ૧૯૮૫
પુનર્મુદ્રણ : ૧૯૯૪
પુનર્મુદ્રણ : જાન્યુઆરી, ૨૦૦૮
પુનર્મુદ્રણ : ૨૦૧૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

અર્પણ

ડૉ. અજય પટેલને

કોયલ ટહુકે ત્યારે
આંબો તાળી નથી પાડતો;
માત્ર અંદરથી હરખાયા કરે છે!

ગ્રીન કાર્ડ

કમાવા માટે દેશાવર ગયેલા પોપટે ગાયોના ગોવાળ મારફતે સંદેશો મોકલ્યો:

ગાયોના ગોવાળ ભાઈ, ગાયોના ગોવાળ!
મારી માને એટલું કહેજે:
પોપટ ભૂખ્યો નથી; પોપટ તરસ્યો નથી
પોપટ આંબાની ડાળ; પોપટ સરોવરની પાળ
પોપટ કાચી કેરી ખાય; પોપટ પાકી કેરી ખાય
પોપટ મજા કરે; પોપટ લીલાલ્હેર કરે!

ગાયોના ગોવાળે પોપટની માને એ સંદેશો પહોંચાડ્યો.

દિવસો વીત્યા
મહિના વીત્યા
વર્ષો વીત્યાં,
પણ પોપટ પાછો ન આવ્યો.

માને ખૂબ ચિંતા થવા માંડી.
એક દિવસ ગાયોનો ગોવાળ પોપટની માને મળવા
આવ્યો અને સમાચારા આપ્યા: માડી!
પોપટને ગ્રીન કાર્ડ મળી ગયો છે.

ગુણવંત શાહ

અનુક્રમ

ગમે તેટલો પૂર્વ પરિચય હોય,
ગમે તેટલું સાથે ફર્યાં હોય,
ગમે તેટલાં નજીક આવ્યાં હોય
અને
ગમે તેટલી પાકી દોસ્તી થઈ ગઈ હોય
તોય
લr ગ્નને દિવસે
કોઈ પણ બે જણાં કદીય
પૂરેપૂરી સંવાદિતા અનુભવી શકે જ નહીં.
એ તો જ્યારે બંને જણાં
કો'ક રહસ્યમય રીતે
એકબીજાંમાં ઓતપ્રોત થઈ જાય
ત્યારે જ
સમજાય કે જેની,
પહેલાં કદી ખબર નહોતી એવી,
ઘણી બાબતો
એકબીજાંમાં મળી આવે છે!

જે. આર. મિલર
બિલહૈમરના પુસ્તક
'Don 't Waste Your
'Don 't Waste Your
Sorrows 'માંથી

૧

દલપત પિસ્તોલ

આખું ગામ એને દલપત પિસ્તોલ તરીકે ઓળખતું. ગામમાં એને દલપત કહીને બોલાવનારાં ઓછાં અને માત્ર પિસ્તોલ કહીને બોલાવનારાં ઝાઝાં. 'પિસ્તોલ' ઉપનામ દલપતને ક્યારે અને કઈ રીતે વળગ્યું એની ખબર ગામમાં ભાગ્યે જ કોઈને હોય તો હોય. એટલું ચોક્કસ કે આખું ગામ પિસ્તોલને પ્રેમથી આવકારતું. લઘરવઘર કપડાં પહેરી ગામમાં રવડતો પિસ્તોલ ગમે ત્યારે ગમે તે ઘરમાં જઈ સ્વજન બનીની વાતો માંડી શકતો. મેલોઘેલો ડગલો એ એવી રીતે પહેરતો કે છાતી ખુલ્લી જ રહે. માથે કાળી ટોપી ખરી પણ તે એટલી મેલી કે એની કાળપ પણ ઝાંખી પડી જાય. પિસ્તોલ સોંસક ગામનો લાડકો લઘરો હતો.

એ જ્ઞાતિએ લુહાર હતો અને બે કામો કરતો; ભીખા લુહારને ત્યાં ધમણનો વાંસડો ઊંચોનીચો કરવાનું અને નવાં વાસણ પર છીણી-હથોડીથી નામ લખી આપવાનું. આમ જુઓ તો એ બાપડો આખો દિ' કામમાં ને આમ જુઓ તો નવરો ધૂપ! રાતે એ ભીખા લુહારને ઓટલે પડી રહેતો. ધમણનો વાંસડો હલાવવા બદલ ભીખો લુહાર એને ઝાઝા પૈસા આપતો નહીં પણ એને ત્યાં પિસ્તોલને રોટલો ને ઓટલો મળી રહેતો. લોકો વાસણ પર નામ પડાવતા પણ રોકડા પૈસા ચૂકવતી વખતે ટંટો કરતા. ઘણા લોકો ચા-બીડી માટે અગાઉ ક્યારેક આપેલા પૈસા મજરે ગણી લઈ કશુંય ન આપતા. અને તોયે એના ફાટેલા ડગલાના ગજવામાં, મેલા ધોતિયાની ઓટીમાં કે પછી ગોળમટોળ થઈ ગયેલી ટોપીની ગેડમાં સારું એવું પરચૂરણ પડી રહેતું. ગામમાં કોઈનેય પરચૂરણની તંગી પડે ત્યારે એ અચૂક મદદરૂપ થતો. ક્યારેક બનતું એવું કે રૂપિયો લીધા વગર પણ એ છૂટા બે-ચાર આના આપીને ચાલતો થતો. આવી રીતે એણે આપેલું પરચૂરણ ભાગ્યે જ કોઈ પાછું વાળતું.

આજે સવાર પડી ત્યારથી એના જીવને ચેન ન હતું. એનો ભાઈબંધ ગોવન ગધેડી, 'સવારના વહેલો આવીશ' એવું રાતે કહી ગયેલો પણ છેક નવ વાગવા આવ્યા તોય દેખાયો નહીં. દસ, અગિયાર અને છેવટે બારના ટકોરા થયા પણ ગધેડી દેખાયો નહીં. છેવટે પિસ્તોલની ધીરજ ખૂટી ગઈ અને એ મોટીફળીમાં આવેલા ગધેડીને ઘરે જવા માટે તૈયાર થયો. માથે ટોપી ગોઠવીને એ માંડ પચાસ ડગલાં ગયો હશે ત્યાં એણે મસ્જિદ આગળથી ચાલી આવતા ગધેડીને જોયો. એની સાથે પરમાનંદ પાવલી પણ હતો.

ત્રણે જણ પાદર વટાવીને બાવાની ટેકરીએ પહોંચ્યા. હનુમાનના દેરાનો પાછલો ઓટલો તળાવ ભણી પડતો હતો. ત્રણેએ ત્યાં બેઠક જમાવી. વડની છાંયને લીધે બપોરે પણ એ ઓટલા પર ઠંડક રહેતી. ખાનગી વાતચીત માટે આનાથી વધારે સારું સ્થાન ગામમાં જડે તેમ ન હતું. પરમાનંદ પાવલીએ ગજવામાંથી ત્રણ બીડી કાઢી. એક ઊંડો દમ મારીને ગોવન ગધેડીએ વાતની શરૂઆત કરી:

'પિસ્તોલ! મને થયું કે આપણે મળીએ ત્યારે પાવલીને લેતો જાઉ. હવારે એને ત્યાં પ્હોંઈચો તો ભાઈ ખેતરે ગયેલા. હું ચાલતો ગિયો છેક મંદિરિયા * લગી ને કામ છોડાવીને એને તાણી લાઈવો. આપણી પઠેમ એ નવરો થોડો છે કે ઝટ આવે! મેં થોડી વાત કરી ને એ માંડ તિયાર થિયો.'

'તેં બઉ હારું કર્યું. પાવલી! ઓણસાલ મંદિરિયામાં ઘઉં કર્યાં છે ને?' પિસ્તોલે વાત આગળ ચલાવી. 'ગઈ સાલ દવા બઉ છાંટેલી તેથી ઘઉમાં મજા નથી. આજે મજૂર બોલવેલા છે ને હંગાથે ન રહીએ તો રામ તારી માયા! પણ ગધેડીએ વાત કરી પછી થિયું કે આઈવા વના છૂટકો નથી.' પાવલીએ બીડીને ઓટલાની ધાર સાથે બુઝાવતાં કહ્યું, 'વાત એમ છે કે ગણપત માસ્તર હવે ત્રણ-ચાર દહાડા માંડ કાઢે તો કાઢે. છે તો કણબી પણ જીવ બામણનો ગણાય. આખી જિંદગી પોઈરાં ભણાઈવાં ને અઢી વરહથી ખય થિયો તે દવાદારૂમાં બધું ખર્ચાઈ ગિયું. હું પરમદાઢે રાતના ગયેલો. માસ્તરના દિલ પર ભાર છે. એકની એક દીકરી સવિતાનું હજી ગોઠવાયું નથી અને દેવું મૂકીને મરવાનો વારો આઈવો. મેં માસ્તરને ચિંતા ની કરવા બઉ હમજાઈવા. હાચું કઉં? માસ્તર બચારા રડી પૈડા. માસ્તર રડે તે મારાથી ની જોવાયું તે હુંય ભારે હૈયે તાં'થી ચાલી નીકળો. મેં ગધેડીને વાત કરી તે કહે કે કાલે હવારે મળીએ. તે આપણે આ ભેગા થિયા. કૈંક કરવું તો પડહે ને વળી જલદી કરવું પડહે. માસ્તરને આમ મરવા ની દેવાય.' પિસ્તોલે કહ્યું. 'ટૂંકમાં માસ્તર હારુ હજાર-બે હજાર ઊભા કરવાના છે, ખરું ને?' પાવલીએ વાતનો દોર પકડતાં કહ્યું. 'મામલો મુશ્કેલ છે. આટલા રૂપિયા કાઢવા કાં'થી! વળી માસ્તરની બાંધી મૂઠી ખૂલે નૈં એ રીતે આ રકમ આલી આવવાની છે. છેવટે દોઢેક હજાર જેટલા થાય તોય લાજ રહી જાય. પાવલી! તું કંઈ કરે તો થાય બાકી હું ને ગધેડી તો લુખ્ખં લુખ્ખા!' પિસ્તોલે સ્પષ્ટતા કરી.

'મારી પાહેં બઉબઉ તો પાંચસો-છસો નીકળે પણ એથી હું ટીલું વળે!' પાવલીએ કહ્યું. 'મારી પાહેં અબઘડી એંશી છે તે આ તમને હોંપ્યા.' પિસ્તોલે પરચૂરણ ઠાલવતાં કહ્યું. 'હું ગમે તેમ કરીને દોઢહો-બહો ઊભા કરી આલું.' ગધેડીએ જાહેર કર્યું.

'બીજા હજારેક લાવવા કૈંથી?' પિસ્તોલે પૂછ્યું.

'સૈયદ પાનવાળો થોડાક આપે ખરો?' પાવલીએ સૂચન કર્યું.

'આપે તો ખરો પણ એ આપે તે આખું ગામ જાણે. એની પાહેંથી નૈં લેવાય ત્યાં લગણ હારું, બાકી તમે જાણો.' પિસ્તોલ બોલ્યો.

'એક કામ કરીએ. હું ને ગધેડી ચંદુ પોચાને વાત કરી જોઈએ. પોચાને માસ્તરે મફત ભણાવેલો. ગઈ સાલ કપાસ પણ હારો પાકેલો. જો પોચાના મનમાં વાત બેઠી તો છસો-સાતસો કાઢી આલે એમાં નવાઈ ની. પિસ્તોલ! પોચાને ત્યાં તારે આવવાનું નથી. તું આવે તો બાજી બગડે તેવું છે. પહેલાં હું વાત છેડી જોઉં ને મને જો લાગે કે દાળ ગળે તેમ છે તો ગધેડીને લઈ જાઉ. બરાબર?'

પાવલીએ વાત મૂકી.

'જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવો.' પિસ્તોલે ચોખવટ કરી.

'પિસ્તોલ! તું એક કામ કર. તું ગાંડા પટેલને પલાળી જો. એ માસ્તર માટે ના

નૈં પાડે. ખરું કહું? એમણે તો પોતાના સુધીર માટે સવિતાની માગણી પણ કરેલી. મને ઈશ્વર ગોલી કહેતો હતો કે માસ્તરનો વિચાર ગાંડા પટેલને ત્યાં બેહવાનો નથી. માસ્તરના મનમાં છગન પરભુનો શાંતિલાલ છે. વાતે હાચી ને! ક્યાં શાંતુ ને ક્યાં સુધીરીઓ! માસ્તરે ગોલીને મોઢામોઢ કહેલું છે. કદાચ મરતાં પહેલા સવિતાનું વેવિશાળ શાંતુ સાથે ગોઠવતા જાય એમ બને. ને વળી છગન પરભુને સવિતા જેવી ભણેલી છોકરી કાં' થી મળવાની? છગન પરભુ ઘસાઈ ગયેલો છે પણ શાંતિલાલ છોકરો બઉ હારો. લાગે છે કે ગાંડો પટેલ લાખ ફાંફાં મારે પણ માસ્તર માનહે નૈં.' પાવલીએ એક સાથે અનેક રહસ્યો છતાં કર્યાં.

'આપણે આપણી વાત કરો ને યાર! બે હજાર એકઠા કરવા હોય તો ગાંડા પટેલને તાં' જવું પડહે. એ વના રકમ થાય નૈં ને માસ્તર નિરાંતે મરે નૈં. મને તો લાગે છે કે લાંબો વિચાર કરીનેય ગાંડો પટેલ થોડીક રકમ કાઢી આલહે. વાત બા'ર જાય નૈં એ રીતે બધું કળેવળે પતાવવાનું છે. લોક જાણે એ રીતે મદદ કરવા કરતાં તો મદદ ન કરવી સારી. માસ્તરની બાંધી મૂઠી ખૂલવી ન જોઈએ.' ગધેડીએ ચેતવણી ઉચ્ચારી.

ત્રણે જણ વાત કરી રહ્યા હતા ત્યાં દૂરથી ધૂળની ડમરીઓને પાછળ મેલીને આગળ વધતી મોટરગાડી ગામ તરફ ઝડપભેર આવતી નજરે પડી.

'ગધેડી! આ ટૅક્સી આવતી છે ને!' પિસ્તોલે મોટરગાડી તરફ નજર માંડતાં કહ્યું.

'ગાંડા પટેલને તાં' કોઈ આઈવું કે હું?' ગધેડીએ અટકળ કરી.

'અરે, આ તો દાક્તર સૂબેદારની ટૅક્સી; શરત મારવી છે?'

પાવલીએ પોતાનો મત જણાવ્યો. ગાડી નજીક આવી અને ધૂળના ગોટેગોટા ખાવાની ટેકરી પર છવાઈ ગયા. સૌને ખાતરી થઈ ગઈ કે સૂબેદાર દાક્તર સુરતથી આવ્યા છે. શહેરમાંથી દાક્તરને બોલાવવા પડે એટલું માંદું ગામમાં ગણપત માસ્તર સિવાય બીજું કોઈ ન હતું. ત્રણે જણા ગામ તરફ ચાલતા થયા.

* * *

આખા ગામનું લોક ગણપત માસ્તરના ઘર આગળ એકઠું થયું હતું. ગામમાં કારને સૌ ટૅક્સી કહેતા. ટૅક્સી આવે ત્યારે ગામનાં છોકરાં એ જોવા ભેગાં થતાં. ટૅક્સીના ચકચકતા પતરામાં પોતાનાં બ્હાવલાં જોઈ સૌ હરખાતાં. ગામમાં ક્યાંય ટૅક્સી આવે ત્યારે ઓટલે બેસીને પિસ્તોલ ટૅક્સી ચોકી કરવાનું કામ કરતો. પિસ્તોલે આવીને તરત જ આ કામ સંભાળી લીધું. ગામનાં છોકરાં એનાથી ઝાઝું ડરતા નહીં પરંતુ આ બાબતમાં એ બહુ કડક ગણાતો. એના આદેશની અવગણના કરનારને જ્યારે મેથીપાક મળતો ત્યારે ગામનાં ઘરડેરાં કહેતાં: 'પિસ્તોલ! હજી બે વધારે લગાવજે. મારાં હાળાં જગ્ઘાં હાવ વિલાતી વાંદરાં થૈ ગિયાં છે તો!'

સૂબેદાર દાક્તર આવે ત્યારે ગામમાં લોકોને થતું કે હવે દર્દી ઘણુંખરું નહીં બચે. ગામના વૈદરાજ જમુભાઈને લાગે કે હવે તેમનું કશું વળે તેમ નથી ત્યારે એ ના છૂટકે કહેતા: 'હવે શહેરમાંથી સૂબેદાર સાહેબને બોલાવીએ.' જમુભાઈને લોકો પ્રેમથી જમભાઈ કહેતા. જ્યારે દર્દી અંગે જમભાઈ છૂટી પડે ત્યારે સ્વજનો આશા મેલી દેતા અને છેલ્લા પ્રયાસ તરીકે દાક્તર સૂબેદાર કે પછી દાક્તર ફકીરભાઈને બોલાવવામાં આવતાં. એ જમાનામાં ક્ષયનું દર્દ લગભગ કૅન્સર જેટલું જીવલેણ ગણાતું. લોકો વાતવાતમાં કહેતાં કે; ખય થિયો એટલે કામથી ગિયો.

દાક્તર કારમાંથી ઊતરી સીધા ગણપત માસ્તરના ઘરમાં ગયા. જમુભાઈ વૈદની ચિઠ્ઠી લઈને શહેરમાં એમને તેડવા ગયેલા ઈશ્વર ગોલીએ એમની બૅગ ઉપાડી લીધી. ગામનાં બૈરાં વચલી અને પાછલી પરસાળમાં એકઠાં થયાં હતાં. ગામના મરદો ઓટલે તથા આગલી પરસાળમાં જમા થયા હતા. સૌના મનમાં કુતૂહલ અને ચિંતાની લાગણી હતી. છેલ્લા કેટલાય દિવસથી ગામ આખું ગણપત માસ્તરની જ વાતો કરતું હતું. નિરાશા અને સહાનુભૂતિથી ભરેલા સૌના મનમાં એક જ પ્રશ્ન ઘૂંટાતો હતો: ગણપત માસ્તર બચશે ખરા?

આગલી પરસાળના લીંપણવાળા ચોરા પર પાટી-ભરેલા એક મોટા ખાટલા પર ગણપત માસ્તર સૂતા હતા. ખાટલાની સામેની ભીંત પર 'સેથ થોમસ'નું ઘડિયાળ હતું. નીચે ભીંતને અઢેલીને માસ્તરના પગ આગળ સવિતા ઊભી હતી. દાક્તર સૂબેદારને બોલાવવાની વાત થઈ ત્યારથી એના હૃદયમાં ધ્રાસકો પડ્યો હતો. એ રડુંરડું થઈ રહી હતી પરંતુ મા મરી ગયા પછી એને માટે બાપુના ખોળા સિવાય રડવાનું બીજું સ્થાન જ ક્યાં હતું!

ગાંડા પટેલ દાક્તરને લઈને દાખલ થયા ત્યારે સવિતાના મનમાં વિચાર આવ્યો: બાપુ બચી જાય તો કેવું સારું? વિચારને ઝબકારે એ ખાટલો છોડીને અંદર ગઈ અને ચકચકતા પિત્તળના પ્યાલામાં દાક્તર સાહેબ માટે પાણી લઈ આવી. દાક્તર સાહેબે ના પાડી એટલે પાણીનો પ્યાલો પાણિયારા પર મૂકીને ઝટ પાછી આવી ને બાપુ જુએ એમ સામે ઊભી રહી ગઈ.

દાક્તર સાહેબે ગણપતભાઈને તપાસ્યા. થોડાક સવાલો પૂછ્યા, તેના જવાબો આપવામાં બાપુને તકલીફ થાય ત્યારે સવિતાએ જવાબો આપ્યા. આસપાસ ઊભેલાં સૌ દાક્તર સાહેબ તરફ કોઈ દેવદૂતને જોતાં હોય એ રીતે જોઈ રહ્યાં હતાં. આખું ઘર શાંત હતું. માસ્તર પૂરા ભાનમાં હતા. તેઓ દાક્તરના ચહેરા સામે લાચાર નજરે જોઈ રહ્યા હતા. દાક્તર સાથે વાત કરતી વખતે વારંવાર એમની નજર સવિતા તરફ જતી. માસ્તરના જીવનનું સારસર્વસ્વ સવિતા હતી.

અડધો કલાક રોકાઈને દાક્તર સાહેબ ગયા. દર્દીને આરામ કરવાની સલાહ આપીને તેઓ દવાની યાદી સવિતાના હાથમાં મૂકતા ગયા. કાર પાસે પહોંચીને જતાં જતાં જમુભાઈને ખાનગીમાં કશુંક કહેતા ગયા. ઈશ્વર ગોલીએ એમની બૅગ કારની આગલી સીટ પર ગોઠવી દીધી. દાક્તરના હાથમાં ગાંડા પટેલે દસ-દસની બે નોટો ગડી વાળીને મૂકી દીધી. આખા ફળિયામાં ધૂળ ઉરાડતી મોટરગાડી આવી હતી તે રસ્તે પાછી ઝડપભેર ચાલી નીકળી અને મહોલ્લાનાં છોકરાં નવરાં પડ્યાં. ધીમેધીમે લોક વિખરાયું.

દાક્તર સૂબેદારે શું કહ્યું? ગામલોકોના મનમાં આ જ પ્રશ્ન રમતો હતો. જમુભાઈ અને ગાંડા પટેલ સિવાય દાક્તરે કોઈ સાથે કશીય વાતચીત કરી ન હતી, છતાંય લોકોમાં સાચીખોટી અનેક વાતો શરૂ થઈ ગઈ. સાચી વાત શું છે તે જાણવા સવિતાએ પ્રયત્ન કર્યો પણ ગાંડાકાકાએ એટલું જ કહ્યું, 'બેટા! તારા બાપુએ ઘણાંની આંતરડી ઠારી છે માટે ચિંતા ન કરીશ. અમે હજી બેઠાં છીએ ને!' આ વાક્યનો શો અર્થ કરવો તે સવિતાને ન સમજાયું. એ તો બાપુના પગ દબાવતી રહી અને વચ્ચેવચ્ચે પંખો હલાવતી રહી.

* * *

રાત પડી એટલે દલપત પિસ્તોલ, ગોવન ગધેડી અને પરમાનંદ પાવલી માસ્તરને ત્યાં

પહોંચી ગયા. ત્રણે ભાઈબંધો પહેલા હપ્તા તરીકે પૂરા એક હજાર રૂપિયા માસ્તરના હાથમાં મૂકવા માગતા હતા. ત્રણેના મનમાં ઊંડે ઊંડે એ હતું કે પૈસાની ચિંતા ટળે તોય કદાચ માસ્તર બેઠા થઈ જાય. માસ્તરને સમજાવીને તેઓ એ પૈસા સવિતાને સોંપવા માગતા હતા.

ત્રણે જણ માસ્તરને ત્યાં પહોંચ્યા ત્યારે ગાંડા પટેલ બેઠેલા હતા. ત્રણે મૂંઝાયા તો ખરા પણ બીજો કોઈ ઉપાય ન હતો. ગાંડા પટેલ જાય પછી નિરાંતે વાત કરીએ એવું વિચારી ત્રણે જણ એકબીજાની સામે જોતા બેસી રહ્યા. પણ ગાંડા પટેલ જાય તો ને! તક મળે ત્રણે ભાઈબંધો માસ્તરને એવી હૈયાધારણ આપવા માગતા હતા કે બીજા હજાર રૂપિયાની વ્યવસ્થા ચાર-પાંચ દિવસમાં થઈ જશે. આવું સદ્કાર્ય પાર પાડવા ત્રણે જણ ખૂબ આતુર હતા અને એ વાત કહીને માસ્તરનું મોત ટાળવા કે સુધારી લેવા ઉત્સુક હતા.

ગાંડા પટેલ તો નિરાંતે બેસી રહ્યા.

છેવટે પિસ્તોલે પાવલીને ઇશારો કર્યો અને પાવલીએ ગધેડીને હળવેકથી આંગળીનો ગોદો માર્યો. ત્રણે જણ ઊઠ્યાં. જતાં જતાં પિસ્તોલે બહાર ઓટલે આવેલી સવિતાને કાનમાં કહ્યું: ‘બેટા! તારા બાપુને કહેજે કે કોઈ વાતે ચિંતા ન કરે. અમે આવેલા તો ખાનગી વાત કરવા પણ ગાંડા પટેલ ઊઠે નહીં ને અમારાથી જીભ હલાવાય નહીં. કાલે હવારે અમે આવી પડહું. તું કોઈ વાતે મૂંઝાતી નહીં હોં કે!’

સવિતાનું હૃદય ભરાઈ આવ્યું. માંડ રોકી રાખેલાં આંસુ વહી આવ્યાં. એ ઓટલા પર બેસી પડી અને બાપુને ખબર ન પડી જાય તેમ અવાજ રોકીને રડવા માંડી. ઓટલા પર અંધારું હતું અને મહોલ્લો સાવ શાંત હતો. એ અંધારામાં સવિતાનાં ડૂસકાં સાંભળીને ત્રણે જણ મનોમન રડી રહ્યા, પણ દીકરી આગળ ઢીલા પડવાનું એમને પાલવે ખરું! થોડીક વારે સવિતા શાંત પડી. ગળગળા સાદે એણે પૂછ્યું: ‘પિસ્તોલકાકા! મારા બાપુ બચી જશે ને?’

પિસ્તોલકાકા શું બોલે! ફાટી ગયેલા સાદે એણે કહ્યું: ‘બેટા! થોડીક ધીરજ રાખ. તારા બાપુ તો ગામનું નાક અને અમારા સૌની આંખ. એમના વગર અમે તો આંધળા ભીંત. દાક્તર ગિયા પછી મેં જમભાઈને પૂછી જોયેલું. જમભાઈ કહે છે કે આ સામી અમાસ છે તેનો ભાર છે. એ વટી જાય તો માસ્તર બચી જાય. તું ભગવાન પર ભરોસો રાખજે.’

સવિતાએ આંખો લૂછી નાખી અને ત્રણે વડીલોને વિદાય કરીને ઘરમાં આવી. ઘરમાં બળતા ફાનસના ઝાંખા, પીળા અજવાળામાં સવિતાને મૃત્યુના અમંગળ ઓળા ઊતરી પડ્યા હોય એવી લાગણી થઈ આવી. એ ઓળાથી બાપુને બચાવી લેવા એ જાણે એકલે હાથે ઝઝૂમી રહી હતી. એક હળવી ધ્રુજારી એના શરીરમાં પ્રસરી ગઈ. મૃત્યુ તો ઠીક, મૃત્યુની કલ્પના પણ એને માટે સાવ અજાણી હતી. કોક પ્રિયજન પર ત્રાટકે નહીં ત્યાં સુધી મૃત્યુ બહુ બિહામણું નથી જણાતું. બાપુ પર તોળાઈ રહેલું મૃત્યુ સવિતાને થથરાવી રહ્યું હતું. એ મૃત્યુને જોઈ શકતી ન હતી., સ્પર્શી કે સાંભળી શકતી ન હતી અને તોય મૃત્યુના અમંગળ ઇરાદાને એ પામી ગઈ હતી. બાપુ બચે એવી શક્યતા ન હતી અને છતાંય સવિતા એ શક્યતાને સ્વીકારી શકતી ન હતી.

બાપુ વગરના ઘરની કલ્પનાએ સવિતાને આખી ને આખી હચમચાવી મૂકી. એનું સમગ્ર અસ્તિત્વ પવનના સુસવાટે વળ ખાઈખાઈને માંડ ટકી રહેલી જયોતની માફક હાલી ઊઠ્યું.

આખું ગામ અંધારાના મહાસાગરમાં ડૂબી ગયું હતું. ગામનાં કૂતરાં એવી રીતે ભસી

રહ્યાં હતાં જાણે રડી રહ્યાં ન હોય! ભીખા લુહારને ઓટલે પડેલી ગોદડીનો વીંટો ખોલતી વખતે પિસ્તોલે પોતાના મનને કહ્યું, ‘આ અમાસ નીકળી જાય તો માસ્તર બચી જાય.’

આખું ગામ અમાસ વીતે તેની રાહ જોઈ રહ્યું હતું.

---

* મંદિરિયું’ એટલે મંદિરની માલિકીનું ખેતર

૨

ગણપત માસ્તરની લાડકી દીકરી

નાકના ટેરવા સમી બાવાની ટેકરી પર કોઈ સાધુબાવા રહેતા ન હતા. વર્ષો પહેલાં એક બાવાજી અહીં રહેલા અને હનુમાનની ભક્તિમાં વર્ષો કાઢેલાં. બાવાજી ગયા પણ પછીયે લોકોને મન તો એ ટેકરી એટલે બાવાની ટેકરી. હનુમાનજીના દેરાની પાછળના ઓટલા પર વડની છાયા રહેતી અને એ ઓટલો દેરાની આથમણી બાજુએ આવેલા તળાવ પર પડતો હતો. ટેકરી ગામથી ઝાઝી દૂર ન હતી પરંતુ ઘડીભર ગામના વળગણથી છૂટવા માગનારને અહીં એકાંત અને શાંતિ મળી રહેતાં. એક પૂજારી દેરાની સંભાળ રાખતો પણ તેય રહેતો ગામમાં.

સવિતા આજે સાંજ પડે તે પહેલાંની અહીં આવીને ઓટલા પર બેઠી હતી. છેલ્લી કેટલીય રાતોના ઉજાગરા અને માનસિક તાણને કારણે એ ખૂબ થાકી ગઈ હતી. એ જ્યારે પણ બેચેની અનુભવતી ત્યારે અહીં આવી પહોંચતી. હનુમાનદાદાને પગે લાગી લીધા પછી ઓટલે બેસીને ક્યાંય સુધી આથમતાં સૂરજને એ જોતી રહી. સંધ્યાના ઉજાસમાં તળાવ પર ખીલેલાં કમળો અધિક સુંદરતા પામી રહ્યાં હતાં. હજી રાત પડવાને વાર હતી. પશ્ચિમાકાશમાં એક તેજસ્વી તારો સવિતાની નજરે પડ્યો. સવિતા એ તારાને જોતી બેસી રહી. ધીરે ધીરે આકાશમાંથી ઊતરી આવતું અંધારું પેલા તારાને વધારે દેદીપ્યમાન બનાવી રહ્યું હતું. દેરા પરની અવરજવર ઘટી ગઈ હતી. થોડીક વારમાં તો આકાશના દેદાર ફરી ગયા. ધીમે ધીમે આકાશી ચંદરવા પર તારાઓ દેખાવા માંડ્યા અને કોઈને ઝટ ખ્યાલ ન આવે એમ બીજની ચંદ્રરેખા પણ ગોઠવાઈ ગઈ.

સવિતાનો થાક માત્ર તનનો ન હતો. બાપુ વગરના જીવનનો ખ્યાલ એને ઢીલો કરી મૂકનારો હતો. ગામલોકોની માફક અમાસ પસાર થઈ જાય તો બાપુ બચી જાય એવું માની લેવા જેટલી એ ભોળી ન હતી. અમાસ વીતી ગયા પછીય બાપુની તબિયતમાં કોઈ સુધારો જણાયો ન હતો. બાપુના મૃત્યુ માટે એ પોતાના મનને તૈયાર કરી રહી હતી અને એ માટેના પ્રયાસરૂપે જ શાંતિ અને એકાંત પામવા અહીં આવીને બેઠી હતી.

જીવનના એક અત્યંત નાજુક વળાંક પર એ આવી પહોંચી હતી. એક બાજુ બાપુના સંભવિત મૃત્યુની કરાલ ખીણ હતી તો બીજી બાજુ એના વિવાહ અંગેની અનિશ્ચિતતાનો અંધારિયો અને ભમ્મરિયો કૂવો હતો. બાપુએ એક વાર એની આગળ શાંતિલાલનો અછડતો ઉલ્લેખ કર્યો હતો. સવિતાને એ વાત બધી રીતે પસંદ હતી. શાંતિલાલને એ હવે જુદી જ દૃષ્ટિએ જોવા લાગી હતી. પોતાના વિવાહ અંગે એને જરા જેટલી ઉતાવળ ન હતી પરંતુ બાપુને કંઈક થઈ જાય તે પહેલાં વાત પાકી થઈ જાય એવું એ ઈચ્છતી હતી. બાપુ આગળ સામે ચાલીને પોતાના મનની વાત એ કાઢી શકતી ન હતી. વળી મનમાં એવી શ્રદ્ધાય હતી કે બાપુએ બધું વિચારી જ રાખ્યું હશે.

સવિતાની નજર સામે ગામની છોકરીઓના વિવાહ ગોઠવાતા હતા. કોઈ છોકરીની મરજી શું છે તે જાણવાની પરવા કરતું ન હતું. નાતના પટેલિયા બળદગાડું જોડીને બેચાર ગામે ફરી વળતા અને વિવાહ ગોઠવાઈ જતા. સામા પક્ષે કેટલાં વીઘાં જમીન છે, કેટલા પૈસા છે, કેટલાં સંતાન છે અને કેટલી ઇજ્જત છે તેનો ક્યાસ મેળવાતો અને વિવાહ ગોઠવાઈ જતા, રૂપિયો અપાઈ જતો અને વાત પાકી થઈ જતી. જેમના વિવાહ થતા તે બે જણાં તો સાવ બાજુએ રહી જતાં. ગામની કેટલીક બહેનપણીઓના વિવાહ આ રીતે ગોઠવાઈ ચૂક્યા હતા અને હવે સવિતા માટે કશુંક રંધાઈ રહ્યું હતું. કેટલીક બહેનપણીઓને મનગમતો વર નહોતો મળ્યો પણ વડીલો આગળ એ સૌ લાચાર હતી. આખું જીવન જેની સાથે ગાળવાનું, હોય તે કોણ છે, કેવો છે, ક્યાંનો છે, આ બાબતનો વિચાર વડીલો જ કરી લેતા.

હનુમાનદાદાને પગે લાગતી વખતે સવિતાએ મનોમન બે બાબતો અંગે પ્રાર્થના કરી હતી. પહેલી વાત હતી બાપુને બચાવી લેવાની. બીજી હતી: 'હે દાદા! જોઈએ તો મને જીવનભર કુંવારી રાખજો પણ કોઈ અણગમતા પુરુષ સાથે ન પરણાવતા.' છેલ્લા કેટલાય દિવસોથી સવિતા એક દુ:સ્વપ્નનો ભાર લઈને જીવી રહી હતી. બાપુ હવે બહુ દહાડા નહીં કાઢે એટલું એ પામી ગઈ હતી. આવા દુ:સ્વપ્નના ઓથાર હેઠળ જીવતી સવિતાના મનને એક ખૂણે શાંતિલાલને પામવા કોડ રમી રહ્યા હતા. ધોળે દિવસે લૂંટાઈ ગયા પછી જે કાંઈ બચી જાય તેય ઓછું આશ્વાસક નથી હોતું. દૂર રહ્યો રહ્યો શાંતિલાલ સવિતાની ધખધખતી હૈયાસગડી પર શીતળ જળનો છંટકાવ કરી રહ્યો હતો. સવિતાને મન એ અજાણ્યો તો હતો જ પરંતુ સાવ અજાણ્યો ન હતો. થોડાક દિવસોમાં સવિતાના જીવનમાં જે શૂન્યાવકાશ સર્જાવાનો હતો તેને શાંતિલાલ સહ્ય બનાવી શકશે ખરો? વિચારોમાં ખોવાયેલી સવિતા દેરાનાં પગથિયાં ઊતરી રહી હતી ત્યાં સામેથી ઝડપભેર ચાલ્યા આવતા પિસ્તોલકાકા પર એની નજર પડી. તેઓ નજીક આવે ત્યાં સુધીમાં તો અનેક અમંગળ વિચારો સવિતાને ઘેરી વળ્યા. ઢીલા પડી ગયેલા એના પગ પિસ્તોલકાકાની દિશામાં ઘસડાતા રહ્યા.

'બેટા! બાપુની તબિયત વધારે બગડી છે ને ગોવનકાકા તથા પાવલીકાકાને બેસાડીને હું તને બોલાવવા આઈવો છું. જમભાઈને તેડવા માણહ ગયો છે. માસ્તરે જ કહ્યું કે તું બાવાની ટેકરી પર મળહે. થોડી વાર પર કંઈ જ નહોતું અને ઓચિંતો જ હાંફ ચાલુ થિયો.' પિસ્તોલકાકા એકી શ્વાસે બધું બોલી ગયા.

સવિતા ઝડપભેર ઘરે પહોંચી ગઈ. દાક્તર સૂબેદારે આપેલી ગોળીને કારણે થોડી જ વારમાં હાંફ ધીમો પડી ગયો. ગણપત માસ્તર પૂરા ભાનમાં હતા. ખુલ્લી આંખે તેઓ સ્વજનો તરફ જોઈ રહ્યા હતા; પરંતુ એમની નજરમાં આકાશી ઊંડાણ હતું. તેઓ પામી ગયા હતા કે પોતે જીવનયાત્રાના આખરી મુકામ પર આવી પહોંચ્યા છે. એમનો જીવ બધી રીતે સ્વસ્થ હતો. જીવન દરમિયાન એમણે કોઈને છેતર્યા કે દુભવ્યા ન હતા. સામે ઊભેલી સવિતાને જોતી એમની આંખોમાં જીવનનાં બધાં વર્ષોની સંધ્યાનો ઉજાસ રમતો હતો. સવિતાની નજર બાપુ પર હતી. બંને જણ વચ્ચે એક નીરવ સંવાદ ચાલી રહ્યો હતો. બધા શબ્દો, બધા ઉધામા અને બધી ઉપાધિઓ ખરી રહી હતી.

રાત્રે સાડાબાર પછી સૌ સ્વજનો વિખરાયાં. આગલી પરસાળમાં માત્ર ત્રણ જણ રહ્યાં; માસ્તર, સવિતા અને પિસ્તોલ. પિસ્તોલના ગજવામાં દોઢ હજાર રૂપિયા હતા. પરંતુ

વાત શી રીતે શરૂ કરવી તે એને સમજાતું ન હતું. માસ્તરના સ્વમાની અને ટેકીલા સ્વભાવને એ ઓળખતો હતો. એક વખત મોંમાંથી 'ના' નીકળી ગઈ તો ખલાસ! એવું ન બને તે માટે ખૂબ કાળજીથી વાતની માંડણી કરી:

'માસ્તર! કોઈ વાતે ઉચાટ રાખતા નૈં. સવિતાને હગી દીકરી ગણીને મારાથી બનતું બધું કરી છૂટીશ.' પિસ્તોલે ગળગળા સાદે કહ્યું.

'દલપત, તેં આમે ક્યાં ઓછું કર્યું છે, ભાઈ!' માસ્તરે નબળા પડી ગયેલા સ્વરે કહ્યું.

'બધું ઉપરવાળો કરતો છે. માસ્તર! આપણે વળી કોણ કરવાવાળા? આપણે હૌ તો પેલા કહે તેમ રાખનાં રમકડાં!'

'મને કોઈ ઉચાટ કે અજંપો નથી.'

'માસ્તર! સવિતાને દોઢ હજાર રૂપિયા આલી રાખું છું. બીજા પાંચસો બે-ચાર દહાડામાં આલી જઈશ. બેટા! તું કોઈ વાતે મનમાં મૂંઝાતી નહીં. તારો પિસ્તોલકાકો હજી જીવતો....' આટલું બોલતાં તો પિસ્તોલ બાળકની જેમ રડી પડ્યો.

સવિતાએ પાણીનો પ્યાલો ધર્યો તે મોંએ માંડતા પિસ્તોલને ફરી ડૂમો ભરાઈ આવ્યો. પાણીનો એક ઘૂંટડો ગળીને એણે કહ્યું: 'માસ્તર! કોઈ ભૂલચૂક થૈ હોય તો માફ કરજો પણ સવિતાની ફકર નો કરતા. અમે હૌ બેઠાં છીએ ને ઉપરવાળાની દયાથી બધું બરાબર થૈ રેહે.'

માસ્તર પિસ્તોલની વાત સાંભળીને એટલા લાગણીવશ થઈ ગયા કે થોડીક વાર સુધી કશું બોલી ન શક્યા. થોડીક વાર કોઈ કશું જ ન બોલ્યું. પાંચેક મિનિટ વીત્યા પછી માસ્તરે ક્ષીણ થઈ ગયેલા અવાજે કહ્યું:

'દલપત, મારા ભાઈ! તારો, ગોવનનો અને પરમાનંદનો ભાવ મારા પર છે તે હું ક્યાં નથી જાણતો! આ પરમાનંદને લોકો પાવલી કહે છે પણ માણસ લાખ રૂપિયાનો. આ પૈસા તમે ત્રણેએ કેટલી મથામણ પછી ભેગા કર્યા હશે તે હું સમજી શકું છું. કાલે જ ગોવન મળવા આવેલો તે એને માંડ છાનો રાખ્યો. ભાઈ મારા! આપણે હૌએ જવાનું છે, એક વાર. તું આ પૈસા મારી થાપણ તરીકે રાખ.... જરૂર પડે સવિતા માગી લેશે.'

'માસ્તર! મારું દિલ ન તોડો. મને ગધેડી અને પાવલી બંને ફોલી ખાહે. મને કહેશે કે આટલું કામ હોંઈપું તેય ની થિયું!'

'એ બંનેને હું સમજાવી લઈશ. કાલે તમે ત્રણે સાથે આવજો. મેં ક્યાં ના પાડી તે તું નારાજ થાય! આ સવિતાના દેખતાં કહું છું કે જરૂર પડે એ તારી પાસે રકમ માગી લેશે.'

'માસ્તર! અમારી પાહેં આ રકમ ખોરવાઈ જહે તેની બીક લાગે છે. હું રિયો ફક્કડ ગિરધારી, ગધેડી રિયો ગંજેરી અને પાવલી આજે બિરલા તો કાલે બાવો!'

'તું ફિકર નો કર. હું કહું તે બરાબર છે.'

'તમને હમજાવવા મુશ્કેલ છે. ગધેડીએ મને કહી રાખેલું કે માસ્તર ની માનહે. એ હાચો પૈડો.'

છેક બે વાગ્યે પિસ્તોલ પોતાના ફાટેલા ડગલાના અંદરના ગજવામાં રૂપિયાની થોકડી

મૂકીને ભીખા લુહારને ઓટલે પહોંચ્યો ત્યારે આખું ગામ જંપી ગયું હતું.

*　　　*　　　*

પિસ્તોલકાકા ગયા પછી સવિતા થૂંકદાની સાફ કરવા વાડામાં ગઈ અને પાછી આવીને બાપુના ખાટલા પર બેસી ગઈ. સવિતાના મનમાં પિસ્તોલકાકાએ જે ભાવ બતાવ્યો તે જ રમ્યા કરતો હતો. બાપુને પંખો નાખવાનું શરૂ કરીને એણે કહ્યું:

'બાપુ! પિસ્તોલકાકાએ તો ખરું કર્યું! તમે પૈસા ન લીધા એ સારું કર્યું.'

'બેટા! એ ત્રણે ભાઈબંધોની સ્થિતિ હું જાણું છું. દોઢ હજાર ભેગા કરવા એ કાંઈ ખાવાના ખેલ છે? આ જિંદગી પૂરી થવા આવી તોય મેં હજી એકસાથે હજાર રૂપિયા ગણ્યા નથી. દલપતનું તે શું ગજું? આપણાથી એ પૈસા કેમ લેવાય? એ લોકો આપે તે એમની ખાનદાની અને આપણે ન લઈએ તેમાં આપણી શોભા. તને શું લાગે છે?'

'બાપુ! વાત તો સાચી પણ કરીશું શું?'

'મેં રકમ તૈયાર રાખી છે. જો મારા પગ આગળ ગોદડું ઊંચું કર. પૂરા અઢી હજાર છે તે ગણીને કબાટમાં મૂકી રાખ. હજી મેં તો ગણ્યા નથી પણ એ બરાબર હશે.'

સવિતા તો બાપુ સામે જોઈ જ રહી. આ આશ્ચર્ય પચાવવું એને માટે અઘરું હતું. એણે જિંદગીમાં અઢી હજાર રૂપિયા જોયા પણ ન હતા. ઘડીભર પોતાના આશ્ચર્યને એણે દાબી રાખ્યું અને બાપુની સૂચના પ્રમાણે રૂપિયા ગણીને કબાટમાં મૂકી દીધા. કદાચ પ્રથમ વાર કબાટમાં આવડી મોટી રકમ મૂકવામાં આવી હતી. કબાટની ચાવી ડામચિયાના ગોદડાની નીચે મૂકીને સવિતા પાછી આવી અને બાપુને કપાળે હાથ ફેરવવા લાગી.

'બેટા! દવાદારૂ અને દાક્તરના બધાં બિલ આમાંથી ચૂકવાઈ જશે અને સાતસો-આઠસો બચશે.'

'ગાંડાકાકાએ દાક્તરને વીસ રૂપિયા ચૂકવેલા તે મારા ધ્યાનમાં છે.'

'તારે એ વાતે કશી ફિકર કરવાની નથી.'

'વારુ.'

'હું ન હોઉં ત્યારે પીઠા પાસેનું ખેતર વેચીને પણ પૈસા મેળવી લેવાય. જોકે એવી જરૂર નહીં પડે.'

'વારુ બાપુ.'

'બીજી વાત.'

'બોલો.'

'હું ન હોઉં ત્યારે દર વૈશાખે ઓલપાડની સડક પર તળાવ તરફ જતા રસ્તાને નાકે પરબડી મંડાવજે. તરસ્યાને પાણી પાવા જેવું બીજું સારું કામ જડવું મુશ્કેલ.'

'બાપુ! હજી તો તમે ઘણું જીવવાના છો.' સવિતા આટલા શબ્દો માંડ બોલી શકી.

'બેટા! તારી મા ગઈ પછી તારે ખાતર આટલું જીવ્યો. હવે હું વધુ દહાડા નહીં ખેંચું. તારા પર મને વિશ્વાસ છે અને ભગવાનમાં શ્રદ્ધા છે. મારું નામ વગોવાય એવું તારે હાથે કશું નહીં થાય. મારે બીજું શું જોઈએ?'

'બાપુ!' આટલું બોલતાં તો સવિતા રડી પડી.

માસ્તરની આંખોય ભીની થઈ. થોડીક વાર સુધી બંને મૂંગા રહ્યા. હજી સવાર પડવાને ખાસી વાર હતી. હજી કૂકડો બોલ્યો ન હતો. હજી દૂર આવેલી મસ્જિદમાંથી વહી આવતો બાંગનો ધ્વનિ સંભળાયો ન હતો. હજી ડેરીનો ઘંટ વાગ્યો ન હતો. હજી પાડોશમાં રહેતા નારુશંકરકાકાએ પરભાતિયું ગાવાની શરૂઆત કરી ન હતી. હજી માલીકાકી આંગણું વાળે ત્યારે જમીનમાં નખોરિયાં ભરતા સાવરણાનો અવાજ સંભળાયો ન હતો. દાતણ કરી રહ્યા પછી ઊલ ઉતારતી વખતે નારણકાકા જે અવાજ કાઢે તેય હજી તો સંભળાયો ન હતો. આવું બધું ન બને ત્યાં સુધી ગામમાં સવાર પડે એ શક્ય જ ન હતું.

આખી રાતનો ઉજાગરો હતો છતાંય સવિતા ઊંઘી ન શકી. એના મનમાંથી બાપુ ખસતા ન હતા. એ માંડ એકાદ કલાક પથારીમાં પડી હશે અને માસ્તરે ધીમે સાદે કહ્યું: 'બેટા! જાગે છે?'

'આવી બાપુ' કહીને સવિતા પથારી પાસે ઝડપથી પહોંચી ગઈ. બાપુના મોં આગળ થૂંકદાની ધરીને એ ક્યાંય સુધી ઊભી રહી. ઘણા પ્રયત્નને અંતે માંડ એક ગળફો બહાર આવ્યો ત્યાં માસ્તરને શરીરે પરસેવો વળી ગયો. આટલો શ્રમ પણ સહી ન શકાય એટલી નબળાઈ આવી ગઈ હતી. સવિતાએ ટુવાલથી પરસેવો લૂછી નાખ્યો અને પંખો ઢાળવાનું શરૂ કર્યું.

થોડીક વારે માસ્તર સહેજ સ્વસ્થ થયા. તેઓએ સવિતાને માથે હાથ મૂક્યો અને બોલ્યા: 'બેટા, જતાં જતાં હું મારો મોટો બોજ હળવો કરતો જાઉં છું. તારા વેવિશાળ કરવાની ફિકરમાં હું હતો. ગઈ કાલે જ મારી બધી ફિકર દૂર થઈ ગઈ. તું ગાંડાકાકાના સુધીરને તો ઓળખે છે. છોકરો સારો છે. મેં બહુ વિચારી જોયું અને ગઈ કાલે જ હા પાડી. તું એ ઘરે જરૂર સુખી થશે. ભગવાન તારું કલ્યાણ કરશે.'

સવિતા આશ્ચર્યથી અવાક્ બની ગઈ. એને ઘડીભર તો એવું લાગ્યું કે પૃથ્વી ફરતી અટકી ગઈ છે અને સૂરજ ક્યાંક ગબડી પડ્યો છે. અત્યાર સુધી એને મૃત્યુ થથરાવી રહ્યું હતું – બાપુનું મૃત્યુ અને હવે એ જીવનથી થથરી રહી હતી – પોતાના જીવનથી! ચોપાસ પડેલા અંધકારને આગ ચાંપીને પોતાના જીવનને રાખ બનતું જોઈ રહી હોય એવી લાગણી સાથે એ ઊઠી અને જતાં. જતાં બોલી: 'બાપુ! મારી વાત તો તમે શાંતિલાલ માટે મૂકવાના હતા ને!'

બાપુ કંઈ ન બોલ્યા.

સવિતા વાડામાં ગઈ ત્યારે ગમાણ પાસે બેઠેલી ચાંદરી ભેંસ પોતાનાં જ છાણ-મૂતરથી અડધું શરીર ખરડીને નિરાંતે બેઠી હતી. સવિતા એકી નજરે ચાંદરીની લાચાર આંખોને જોતી રહી. એક પ્રશ્ન એના મનમાં સતત પડઘાયા કરતો હતો: આ ચાંદરીની લાચારી અને પોતાની લાચારીમાં કોઈ ફેર ખરો?

ડેરીના ઘંટના ટકોરા સંભળાયા.

સવાર પડી રહી હતી; પરંતુ સવિતાને લાગતું હતું કે પોતાના જીવનમાં કશુંક આથમી રહ્યું હતું.

૩

સંજોગોનું કાવતરું

ગણપત માસ્તર મૃત્યુ પામ્યા ત્યારે આખું ગામ રડી ઊઠ્યું. ગામ હોય ત્યાં અંદર થોડી ખેંચાતાણી તો હોવાની. માસ્તર આવી ખેંચાતાણીમાં ઝાઝું પડતા નહીં તેથી આખા ગામનો પ્રેમ એમને મળ્યો હતો. પંચાયતની, ધારાસભાની, લોકસભાની કે પછી સહકારી મંડળીની ચૂંટણી આવે ત્યારે આખું ગામ બે કે ત્રણ પક્ષોમાં વહેંચાઈ જતું અને ક્યારેક તો ઝેરનાં વાવેતર થતાં. આવે વખતે માસ્તરનું ઘર સ્વસ્થતાના ટાપુ જેવું બની રહેતું. ક્યારેક લોકો અંદર અંદર બાખડી પડે ત્યારે સમાધાનની ભૂમિકા તૈયાર કરવામાં માસ્તર ખપ લાગતા. એમના મૃત્યુથી ગામમાં સૌને એવી લાગણી થઈ કે કશીક એવી ખોટ પડી છે જે ઝટ પુરાય તેવી નથી.

માસ્તરની વિદાય ગામને વસમી લાગી; પરંતુ સવિતા માટે તો એ વજ્રપાત સમી નીવડી. બાપુના ગયા પછી જે શૂન્યાવકાશ એના જીવનને ઘેરી વળ્યો તેમાં એ જાણે પ્રતિક્ષણ ઓગળી રહી હતી. આંસુ ખૂટી પડ્યાં તોય બાપુ એની આંખ આગળથી ખસતા ન હતા. આગલી પરસાળમાં ખાટલો હોય અને એના પર બાપુ ન હોય એ હકીકત સવિતા સ્વીકારી શકતી ન હતી. ગામઠી આશ્વાસનોનાં ચવાઈ ગયેલાં વાક્યોની ભીડ વચ્ચે સવિતા કેવળ એક શબ્દ ખોળી રહી હતી: ‘બેટા.’ આ એક વાત્સલ્યથી ભર્યોભર્યો શબ્દ એના જીવનમાંથી લોપ પામ્યો હતો. છેલ્લા ઘણાં દિવસોથી એણે બાપુના મૃત્યુ માટે મનને તૈયાર રાખ્યું હતું; પરંતુ જ્યારે એ આવી પડ્યું ત્યારે બધું જ કડડભૂસ! સર્વસ્વ છીનવાઈ ગયા પછીનો નિર્વેદ સવિતાના મનને કોરી રહ્યો હતો. ક્યારેક એને લાગતું હતું કે પોતે સૂરજ વગરની પૃથ્વી બની ગઈ છે; નિરાધાર અને નિષ્પ્રભ! બધી દિશાઓ જાણે ગાઢ અંધકારમાં ઓગળી રહી હતી. બધી આશા-આકાંક્ષાઓ સળગતી મીણબત્તીની માફક પીગળી રહી હતી. જીવનની ગતિ જાણે લકવો મારી ગઈ હતી. એ હવે રડતી ન હતી; પરંતુ એના રોમેરોમમાં સતત એક ધ્વનિનું ગુંજન થયા કરતું હતું: બાપુ....બાપુ....બાપુ.

સવિતાના મન પર શું વીતી રહ્યું છે એનો ખ્યાલ નજીકનાં સ્વજનોને આવી ગયો હતો. એની એકલતા અસહ્ય ન બને તે માટે પિસ્તોલે પરમાનંદની દીકરી લક્ષ્મી, સવિતાની સાથે રહે એવી ગોઠવણ કરી હતી. આ ગોઠવણ સવિતા માટે ઉપકારક સાબિત થઈ. લક્ષ્મી અને સવિતા વચ્ચે તો મૈત્રી તો હતી જ; પરંતુ સવિતાનો વિષાદ એ મૈત્રીને ઘટ્ટ બનાવી રહ્યો હતો. મોડી રાત સુધી બંને બહેનપણીઓ વચ્ચે વાતો ચાલતી. લક્ષ્મી આગળ સવિતા પોતાનું હૈયું ઠાલવતી ત્યારે લક્ષ્મી ઝાઝું બોલ્યા વગર સવિતાને સાંભળ્યા કરતી.

છેલ્લા કેટલાક દિવસથી સવિતાના મનમાં એક વાત વમળાયા કરતી હતી. બાપુ વગરની દુનિયા એને ખાવા ધાતી હતી એ ખરું પરંતુ એ ખાલીપાને વધારે વેદનામય બનાવે એવી એક બાબત સવિતાને રાતદિવસ સતાવ્યા કરતી હતી. બાપુ જેની સાથે પોતાના વિવાહ નક્કી કરી ગયા હતા એ સુધીર સવિતાને ગમતો ન હતો. વિવાહની વિધિ હજી

થઈ ન હતી; પરંતુ આખા ગામમાં એ વાત જાહેર થઈ ચૂકી હતી. બાપુના મૃત્યુ પહેલાં આ ઘટના જે રીતે બની ગઈ તે સવિતાને વિમાસણમાં નાખી દેનારી હતી. એની જીવનનૌકાનું સુકાન કોઈ અકળ કારણોસર એકાએક મરડાયું હતું અને એની દિશા સાવ જ બદલાઈ ગઈ હતી. ત્રણચાર મહિના પહેલાં સવિતાની રૂખ જાણવાના હેતુથી માસ્તરે શાંતિલાલનો સહેજ ઉલ્લેખ કરેલો. સવિતાએ શરમાઈને એ વાતને ટેકો આપેલો ત્યારે માસ્તરે કહેલું: 'બેટા! તું રાજી છે એટલે હવે થોડા દિવસમાં જ હું આ વાત પાકી કરીશ.' વાત આગળ ધપે ત્યાં તો માંદગી ગંભીર બની અને બાબત લંબાઈ ગઈ.

આ ગાળા દરમિયાન સવિતાના ભાવવિશ્વમાં શાંતિલાલની છબી ઘૂંટાતી રહી. પ્રસંગ મળે ત્યારે એ શાંતિલાલને કોઈ ન જાણે એમ ધારીને જોઈ લેતી. ક્યારેક શાંતિલાલનાં વખાણ કાને પડે ત્યારે એ અંદરથી હરખાતી. શાંતિલાલનું કુટુંબ ગરીબ હતું. એ પણ ગરીબી સામે લડીને વડોદરા બી. ટી. થઈ આવ્યા બાદ ઓલપાડની માધ્યમિક શાળામાં સંસ્કૃત અને અંગ્રેજીના શિક્ષક તરીકે સ્થિર થયો હતો. પોતાના વિવાહ શાંતિલાલ સાથે થવાના છે એ વિચારે સવિતા ખૂબ જ ખુશ હતી. શાંતિલાલની આર્થિક સ્થિતિ સારી ન હતી કે પછી એની બે બહેનો હજી પરણી શકી ન હતી એ બધી બાબતો સવિતા માટે ગૌણ હતી. શાંતિલાલ એને ગમતો હતો એ જ વાત મુખ્ય હતી. પોતે શાંતિલાલને પરણીને કેટલી સુખે થશે અને શાંતિલાલને સુખી કરવા શું શું કરશે એ અંગે સવિતાએ ઘણું બધું વિચારી રાખ્યું હતું. બાપુએ આ વાતનો ઉલ્લેખ કર્યો ત્યારથી એના હરખનો પાર ન હતો. ક્યારેક તો એ શાંતિલાલના વિચારોમાં આખી રાત મટકુંય માર્યા વગર જાગતી પડી રહેતી. લક્ષ્મીને સવિતાની આ મીઠી બેચેનીની ખબર હતી. એણે તો એક વાર બંને જણાં કૂવે પાણી ભરવા ગયેલાં ત્યારે દૂર સાઇકલ પર જતા શાંતિલાલને બતાવીને કહેલુંય ખરું: 'સવિતા! જો મારા શાંતુભાઈએ તને જોઈને સાઇકલ બાવાની ટેકરી ભણી મારી મૂકી! હું અહીં ન હોત તો એ જરૂર અહીં આવત અને કશુંક બહાનું કાઢીને તને મળત, સમજી!' સવિતાએ ત્યારે વળતો છણકો કરીને કહેલું: 'અલી મૂઈ! એ તારો ભાઈ કે દહાડાનો થઈ ગયો!' લક્ષ્મીએ તરત જ જવાબ વાળેલો, 'સાળી બનવા કરતાં બહેન બનવામાં ફાયદો ઘણો. બળેવને દિવસે રૂપિયા બે રોકડા મળે અને વળી તારા પર નણંદ બનીને રુઆબ છાંટવાનો મળે તે નફામાં.'

સવિતા બધી રીતે ભાંગી પડી.

શાંતિલાલ ન પામ્યાની વેદના સહન કરવા એ તૈયાર હતી; પરંતુ સુધીરને પામવાની વેદના એને માટે અસહ્ય હતી. એ જીવનભર કુંવારી રહેવા તૈયાર હતી પણ અણગમતા પુરુષ સાથે આયખું વિતાવવા જરાય તૈયાર ન હતી. એને કોઈ પૂછે કે, 'સુધીરમાં ન ગમે એવું તે શું છે?' – તો એની પાસે કોઈ જવાબ ન હતો. સુધીરનું ઘર પૈસેટકે સુખી હતું અને ગાંડો પટેલ પાંચમાં પુછાતો પટેલિયો હતો. સુધીરમાં કોઈ ખોડખાંપણ ન હતી અને દેખાવે પણ એ સારો હતો. અને છતાંય સવિતાના મનમાં આ વાત બેસતી ન હતી. કેટલાક વખતથી એની લાગણીઓની ફ્રેમમાં શાંતિલાલની છબી મઢાઈ ગઈ હતી અને હવે એ છબીની જગ્યાએ ઓચિંતી જ સુધીરની છબી ગોઠવી દેવામાં આવી હતી. લોકોને મન આ ફેરફાર અત્યંત સામાન્ય બાબત હતી; પરંતુ સવિતા તો આવા ફેરફારથી સાવ જ ડઘાઈ ગઈ. કોઈએ એને પૂછ્યું ન હતું, જણાવ્યું ન હતું અને એના અભિપ્રાયનો પ્રશ્ન જ ન હતો!

સંજોગોનું કાવતરું રચાઈ ચૂક્યું હતું. જીવન જાણે ખાટું, ખારું, કડવું, તીખું અને તૂરું લાગવા માંડ્યું હતું. જેમના ખોળામાં માથું મૂકીને રડી શકાય એવા બાપુ હવે ક્યાં

હતા! બાપુએ જ્યારે સુધીર સાથેના સંબંધની વાત કરી ત્યારે સવિતાએ શાંતિલાલ સાથેની વાત યાદ દેવડાવીને પોતાના અણગમાનો ઇશારો કર્યો હતો પણ બાપુની સ્થિતિ જોતાં એનાથી આગળ વધવાનું શક્ય જ ન હતું. પોતાનો કાબૂ ન હોય એવા બનાવોની હારમાળાના એક મણકારૂપે પોતાના વિવાહ શાંતિલાલને બદલે સુધીર સાથે ગોઠવાઈ ગયા હતા એટલું જ સમજતી હતી; પરંતુ આ ફેરફાર એને ગળે ઊતરતો ન હતો. એ મનમાં સમસમી રહી હતી છતાંય કશું કળાવા દેતી ન હતી, કારણ કે આ નિર્ણય આખરે તો બાપુએ લીધો હતો અને વળી એની જાણ મરતાં પહેલાં પોતાને કરી હતી. જો આ નિર્ણય સાથે બાપુ સંકળાયેલા ન હોત તો સવિતાએ પોતાનો અણગમો ક્યારનો વડીલોને જણાવી દીધો હોત. એક વાર તો ગાંડાકાકા પાસે જઈને સાચી વાત કહી દઈ માફી માગીને છૂટી પડવાની પ્રબળ લાગણી સવિતાને થઈ આવી. છેવટે લાંબા વિચારને અંતે એણે પિસ્તોલકાકાને વિશ્વાસમાં લઈ આગળ પગલાં ભરવાનો વિચાર કર્યો.

પિસ્તોલ ગામ છોડીને ભાગ્યે જ જતો; પરંતુ કોણ જાણે શી ખબર કે આજકાલ બહારગામ હતો. સવિતાને એવી ઉતાવળ પણ ન હતી. એ ધીરે પણ મક્કમ પગલે આગળ વધવા માગતી હતી. એક વાત એના મનમાં સ્પષ્ટ હતી. સુધીર સાથેના વિવાહ ફોક થાય એટલે શાંતિલાલ સાથે વિવાહ ગોઠવાઈ જ જાય એની ખાતરી ન હતી. કદાચ એકસાથે બેઉને ગુમાવવા પડે એવી સ્થિતિ હતી. સવિતા એ માટેય તૈયાર હતી; પરંતુ પોતાના મનમાં જેને માટે કશો ઉમળકો ન હોય એવા સુધીર સાથે પરણવા માટે તૈયાર ન હતી. આ નિર્ણયનો અમલ કરવામાં નડનારી મુશ્કેલીઓ અંગે એ સભાન હતી. સુધીર સાથેના વિવાહ ફોક થાય તેને પરિણામે જે હાહાકાર સર્જાય તેનો ખ્યાલ પણ એને આવી ગયો હતો. પોતાના મંતવ્ય અંગે કે નિર્ણય અંગે કોઈ જાતનો ડગડગો એના મનમાં ન હતો. પોતે શું કરવા માગે છે એની પૂરી સ્પષ્ટતા સાથે નિર્ણયના અમલ માટે જરૂરી એવું આત્મબળ એ કેળવી રહી હતી.

એક રાતે એણે લક્ષ્મી સમક્ષ પોતાનું હૈયું ખોલ્યું:

'લખમી! ઘણા વખતથી તને એક વાત કહેવી હતી પણ જીભ નહોતી ઊપડતી. આજે રહેવાતું નથી એટલે તને કહું છું પણ અત્યારે આ વાત તારે કોઈને....'

'અરે ગાંડી! તું હજી આ લક્ષ્મીને ઓળખતી નથી. તું કહે તો અબઘડી તારું કહેણ સુધીરને પહોંચાડીને બાવાની ટેકરી પર જઈ દેરા પાછળ ઊભા રહીને તારી રાહ જોવાનું ગોઠવતી આવું. તું કહે તો....'

'બસ, બસ! મારી વાત સાંભળી લીધા પછી જે કરવું હોય તે કરજે. જો સાંભળ, મને સુધીર પસંદ નથી.'

'તું આ શું કહે છે, સવલી!'

'સાચું કહું છું.'

'તું પહેલા નંબરની ગાંડી છે. ગાંડા પટેલને ત્યાં મારા બાપુ મારું સગપણ ગોઠવવા માગતા હતા પણ અમારું કુટુંબ જરા ઊતરતું તે ગજ ન વાગ્યો. ને તું કહે છે કે સુધીર ગમતો નથી! મારું માન, તને આવું ઘર બીજું નહીં મળે. વળી સુધીર લાખ રૂપિયાનો છોકરો છે. મને તો એ બહુ જ ગમે છે. તારું નસીબ કે માસ્તરકાકા બધું ગોઠવતા ગયા.'

‘તું ગમે તે કહે પણ મને સુધીર પસંદ નથી એનું શું?’

‘તે તારે સારું શું રાજકુમાર....’

‘મારે રાજકુમાર નથી જોઈતો.... મને ગમે તે મારે મન રાજકુમાર.’

‘સવલી! સાચું કહેજે. તારા મનમાં શાંતુ છે ને?’

‘હા.’

‘તું મને સમજાવ કે શાંતિલાલ કરતાં સુધીર કઈ રીતે ઊતરે?’

‘એ તને ન સમજાય.’

‘મને ન હમજાય તો હું પડું ચૂલામાં. તું કોઈ મારગ તો કાઢ!’

‘પિસ્તોલકાકાને બધી વાત કરી જોઉં?’

‘તે પિસ્તોલકાકા ગાંડા પટેલ જેવા ગાંડા પટેલને ના કહેવા જશે? તારી બુદ્ધિ ઠેકાણે લાગતી નથી. આખી કણબી નાત ગાંડા પટેલને ત્યાં છોકરી નાખવા આભજમીન એક કરે ને તું....’

‘છોકરી એ ક્યાંક નાખવાની ચીજ છે? એક વાત સાંભળ. મારે ગાંડાકાકા અંગે કશું જ કહેવું નથી. સુધીરમાં પણ કોઈ ખામી નથી. પણ મને એ પસંદ નથી એ વાત સો ટકા સાચી.’

‘ધાર કે સુધીર સાથે તારા વિવાહ ન ગોઠવાય પણ પછી?’

‘પછી જે થાય તે.’

‘શાંતુ સાથે ગોઠવાઈ તો જાય, પણ એક વાર ગાંડા પટેલનું નીચું દેખાય પછી તારે પડખે કોણ ઊભું રહેશે?’

‘શાંતિલાલ સાથે ગોઠવાય તો હું ખૂબ રાજી પણ એક વાર ન ગોઠવાય તો હું....’

‘જીવનભર કુંવારી રહેશે, એમ જ ને? ગાંડી! ડોસો કુંવારો હોય પણ ડોસી કુંવારી જાણી છે?’

‘તું મૂળ વાત કર. સુધીર સાથે મારે નથી પરણવું, તું મારી બહેનપણી હોય તો ઉપાય બતાવ. બીજી પંચાત મારે ન જોઈએ.’

‘તું મક્કમ છે આ વાત પર?’

‘હા, એકસો ને એક ટકા.’

‘જો મારી વાત હાંભળી લે. હું તારે માટે મરવા હો તૈયાર છું પણ મને કંઈ ગમ પડતી નથી. તું આ પટેલિયાઓને ઓળખતી નથી. તું કહે તે કરવા તૈયાર છું પણ શું કરવું તેની ખબર નથી પડતી. તું મારગ કાઢ પછી ચાલવાનું મારે માથે.’

‘એક ઉપાય છે. પિસ્તોલકાકાને આવવા દે પછી વાત. હું એમને પેટછૂટી વાત કરી દઉં પછી તેઓ શું કહે છે તે જોઈએ. મને ખાતરી છે કે તેઓ મારી વાત માનશે. તારે મારી વાતમાં ટાપશી પૂરવાની, સમજી!’

‘સવલી! તારું શાંતિલાલ સાથે ગોઠવાતું હોય તો તું રાજી. મારું સુધીર સાથે ગોઠવાય તો હું રાજી. પણ મારું કુટુંબ જરાક...’

‘લક્ષ્મી! પિસ્તોલકાકા માટે કશું જ અશક્ય નથી. આપણે એક કામ કરવાનું

છે.'

'શું?'

'સોગંદ લેવાના છે.'

'સોગંદ?'

'હા, જીવનભર બહેનપણાં જાળવવાનાં સોગંદ.'

'મંજૂર છે.'

*　　　　*　　　　*

બંને બહેનપણીઓની વાતો ખૂટતી ન હતી. પિસ્તોલકાકા ન આવે ત્યાં સુધી કશું ન કરવું એનો નિર્ણય લેવાઈ ગયો. સવિતાનો અડધો બોજ તો લક્ષ્મી સાથે વાત થઈ એટલે ઊતરી ગયો હતો. મનના બોજ વચ્ચેય સવિતાના મનમાં શાંતિલાલને પામવાના કોડ હતા. લક્ષ્મીને તો ખાતરી હતી કે સુધીર અને સવિતા ન પરણે તોય પોતે સુધીરને પામે એ શક્ય ન હતું. અને છતાંય સુધીર માટેની કૂણી લાગણી લક્ષ્મીના હૃદયને છાને ખૂણે ગુપચુપ ગોઠવાઈ ગઈ હતી. લક્ષ્મી અને સવિતાનાં બહેનપણાં પાકાં હતાં અને સવિતાના મનમાં જામેલું કુરુક્ષેત્ર એ સ્નેહબંધને વધારે મજબૂત કરી રહ્યું હતું.

સવિતાની ભીતર કશુંક રચાઈ રહ્યું હતું અને વળી કશુંક તૂટી રહ્યું હતું. લક્ષ્મીનો સધિયારો મળ્યા પછી એની મક્કમતા વધી હતી. બંને વચ્ચે અતૂટ સ્નેહનો એક સેતુ રચાઈ રહ્યો હતો. જીવનભર બહેનપણાં નિભાવવાના સોગંદ લેવાઈ ચૂક્યા હતા. આ બહેનપણામાં ક્યાંય કૃત્રિમતા કે કપટનો ઓછાયો પણ ન હતો. બે ગ્રામકન્યાઓનું ભોળપણ એકબીજાં માટેની લાગણીઓમાં ઓગળી રહ્યું હતું.

પિસ્તોલકાકા શું કહેશે?

બે ભોળાં હૈયાંઓમાં એક જ યક્ષપ્રશ્ન ઘૂંટાઈ રહ્યો હતો.

૪

દીકરીનું શમણું રળિયામણું

લક્ષ્મી અને સવિતા પાસે પિસ્તોલકાકાની રાહ જોવા સિવાય બીજું કોઈ કામ ન હતું, તેથી બંનેએ મળીને એક કામ ઊભું કર્યું. પાદરે હવાડા પર જઈને ચાંદરી ભેંસને નવરાવવાનું નક્કી કરીને બંને બહેનપણીઓ ઘરનાં કામોમાંથી પરવારી જઈને સૂરજ આકરો થાય તે પહેલાં ચાંદરી સાથે હવાડે પહોંચી ગઈ. ચાંદરીએ પહેલાં તો ધરાઈને પાણી પી લીધું. લક્ષ્મી હવાડાની પાળ પર ચડી ગઈ અને પાણીના ઘડા ચાંદરીની પીઠ પર ઠાલવવા લાગી. સવિતા કાથીની દોરી ભીની કરીને ચાંદરીની. ચામડી પર ઘસવા લાગી. બંને જણાં આ કામ કરવામાં મશગૂલ હતાં ત્યાં દૂરથી એક ઘોડાગાડીને હવાડા ભણી આવતી જોઈ. લક્ષ્મીનો ઘડો હતો એ જ સ્થિતિમાં સ્થિર થઈ ગયો. પાણી પડતું બંધ થયું એટલે સવિતાએ લક્ષ્મી ભણી ઊંચે જોયું. લક્ષ્મીએ દબાતા સાદે કહ્યું: ‘સવલી! ગાંડાકાકા ને સુધીર ઘોડાગાડીમાં આ તરફ આવી રહ્યા છે.’

સવિતા આ સાંભળી સ્તબ્ધ થઈ ગઈ. નીચું ઘાલીને કાથાની દોરીનો કૂચો ચાંદરીની શ્યામલ પીઠ પર એ ઘસતી રહી. પાણી વગર કૂચો ઘસતા રહેવાનો ઝાઝો અર્થ ન હતો એટલું તો એ સમજતી હતી; પરંતુ પોતાની શરમ તદ્દન નિરાધાર ન બની જાય તે માટે એણે કૂચો ઘસવાનું ચાલુ રાખ્યું. કદાચ આવા જ હેતુથી લક્ષ્મીએ, જાણે કશુંય જાણતી ન હોય એમ, નીચું ઘાલીને પાણી ઠાલવવાનું શરૂ કર્યું. બંને જણાં થોડીક ક્ષણો માટે જાણે ચાંદરીમય બની રહ્યાં! બંનેના મનમાં એવું કે એક વાર ઘોડાગાડી પાદર વટાવી જાય એટલે બસ. પણ એવું ન બન્યું. ઘોડાગાડી ધીમી પડી અને હવાડા ભણી વળી. હવાડાની આસપાસ જડેલા પથ્થરો પર ઘોડાને પગે જડેલી નાળને કારણે ઊઠતો સ્પષ્ટ અવાજ બંનેએ સાંભળ્યો. ઘોડાએ હવાડાના પાણીમાં મોં બોળ્યું. પાણી પીતી વખતે ઘોડાના મોં અને પાણીની સપાટી વચ્ચે થતા સિસકારા પણ બંનેએ સાંભળ્યાં. સવિતાએ સહેજ મોં ફેરવીને ત્રાંસી નજરે પાછળ જોયું. સુધીર લગામ ઝાલીને આગળ બેઠો હતો અને પાછળ ગાંડાકાકા બેઠા હતા. સવિતા અને સુધીરની નજર ક્ષણાર્ધ માટે મળી. સવિતા અડધી ભીંજાઈ ગઈ હતી. ભેંસને નવરાવતી વખતે એણે લૂગડાનો કાછડો વાળ્યો હતો. ગાંડા પટેલ પાદરના વડલા તરફ એવી રીતે જોતા હતા જાણે એમણે લક્ષ્મી કે સવિતાને જોયાં જ ન હોય. ઘોડાએ પાણી પી લીધું ત્યાં સુધી સુધીર કાછડાભેર ઊભેલી, અર્ધી ભીંજાઈ ગયેલી અને શરમાઈ જવાને કારણે અધિક સુંદર દેખાતી સવિતાની કાયાને જોતો રહ્યો.

સવિતાએ માથું ઢાંક્યું અને ગાંડા પટેલની હાજરીની અદબ જાળવી લીધી. આટલું એનાથી અનાયાસ થઈ ગયું. કોઈ વિચાર ન હતો, કોઈ તર્ક ન હતો, બસ એમ જ બધું સહજ રીતે બની ગયું. સુધીર સવિતાને જોઈ રહ્યો હતો ત્યારે લક્ષ્મી સુધીરને જોઈ રહી હતી. પાણી પી લીધા પછી ઘોડાએ મોં ઊંચું કર્યું. ધીરે ધીરે ઘોડાના પગની નાળ જમીનમાં જડેલા પથ્થરો પર અફળાઈને અવાજ કરવા લાગી. ઘોડાગાડીએ ગતિ પકડી અને એ

દેખાતી બંધ થઈ કે લક્ષ્મીએ વાત શરૂ કરી:

'સવલી! તેં તો વહુજી બનીને સસરાની લાજ કાઢી!'

'તે હું બીજું શું કરું?'

'ખરું થૈં ગ્યું, બે મિનિટમાં તો.'

'શું ખરું થૈં ગ્યું?'

'સુધીર તને ધારીધારીને જોતો હતો, હં કે!'

'હટ, ગાંડી! તું ગજવાનું ઉમેરે છે.'

'સાચું કહું સવલી! તારા સમ!'

'ખરેખર?'

'કહું છું, મારા સમ!'

'એનો અર્થ એ કે તું એના ભણી જોતી હતી!'

'બિલકુલ સાચી વાત. સવલી! હજીય કહું છું કે સુધીર ખોટો નથી. તારી મમત છોડ અને બાજી બગાડવાનું માંડી વાળ.'

'લખમી! તું મારી વાત નહીં સમજે.'

'સમજું છું, બધું સમજું છું. તારું ચિત્ત શાંતિલાલ માસ્તરમાં છે. સો વાતની એક વાત આ જ છે. બોલ ખરું કે નહીં?'

'શાંતિલાલ મળે તો મારા ધનભાગ્ય, પણ તેવું ન બને તો હું....'

'સવલી! તને બહારનું છે કે શું? આ સુધીરમાં તને કંઈ ખામી જણાઈ?'

'ગાંડી! કોઈની કમી જોવા માટે થોડું પરણાય છે! પરણવાનું તો એટલા માટે કે પછી કમી હોય તોય દેખાય નહીં. મને ઝાઝી ગમ પડતી નથી પણ એટલું નક્કી કે મારું મન ના પાડે છે. કોઈ કારણ જાણતી હોઉં તો તને કહું ને!'

'હજી કહું છું. તું પગ પર કુહાડો ન માર.'

'લખમી! કુહાડી મારવી જ હોય તો દિલ પર મારવા કરતાં પગ પર મારવી સારી.'

'હવે મારે તને કશું નથી કહેવું. પિસ્તોલકાકાને આવવા દે, પછી વાત.'

* * *

સવિતાના મનોમંથનનો કોઈ પાર ન હતો. એનું હવે પછીનું આયખું કોક પુરુષ સાથે વીતવાનું હતું અને એ પુરુષ કોણ, તે અંગે એને તો કોઈએ પૂછ્યું પણ ન હતું. એના જીવન અંગેનો સૌથી મહત્ત્વનો નિર્ણય કેવળ માબાપની મરજી, સામાજિક ગણતરીઓ અને પટેલિયાઓની ખરબચડી સમજણ પર છોડી દેવાની વાત એને ગળે ઊતરતી ન હતી. બાપુએ કયા સંજોગોમાં શાંતિલાલની વાત પડતી મેલીને સુધીરની વાત સ્વીકારી લીધી હશે તેનો ખ્યાલ એને ન હતો. ગાંડાકાકાએ બાપુને આર્થિક મદદ કરીને પટાવી તો નહીં લીધા હોય! તે દહાડે બાપુએ પથારી નીચેથી પૂરા અઢી હજાર રૂપિયા આપેલા તે શું ગાંડાકાકાના હશે? શું એ ઉપકારના બદલામાં એની જીવનદિશા ફેરવાઈ રહી હતી?

સવિતા મૅટ્રિક સુધી પહોંચી શકી ન હતી; પરંતુ વિચારવાની ટેવ એને માસ્તર તરફથી

વારસામાં મળી હતી. ઘરની વચલી પરસાળમાં દિવસેય થોડુંક અંધારું રહેતું. એ અધકચરા અજવાળે હીંચકે બેસીને એ ક્યાંય સુધી વિચારતી રહી. લક્ષ્મી કોઈ કામ માટે એકબે કલાક સારુ પોતાને ઘરે ગઈ હતી. એક પળે તો સવિતાના મનમાં શાંતિલાલને મળવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. એને ખાતરી હતી કે વડીલો યોગ્ય રીતે એ વાત મૂકે તો બધું પાર પડે તેમ હતું. શાંતિલાલ સાથે, કોઈ ન જાણે તેમ, અડધો કલાક પણ વાત કરવાનું મળે તો! પણ એ શક્ય ખરું? શક્ય હોય તો યોગ્ય ખરું? આવું કાવતરું ગોઠવવામાં લક્ષ્મી મદદરૂપ બને ખરી? કાવતરું સફળ થાય અને શાંતિલાલ તૈયાર હોય તો પિસ્તોલકાકા ટેકો આપે ખરા?

અવનવા વિચારે ચડી ગયેલી સવિતાને એકાએક બાપુ સાંભર્યાં. એ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી અને અત્યારે એને છાની રાખે તેવું કોઈ ઘરમાં ન હતું. બાપુના મૃત્યુ પછી કોઈની ખલેલ વગર રડવાનો એને માટે આ પહેલો પ્રસંગ હતો. સતત કોઈની હાજરીને કારણે એ નિરાંતે રડી પણ શકી ન હતી. એ રડવા માંડે કે તરત સ્વજનો તરફથી આશ્વાસનોના ચવાઈ ગયેલા શબ્દો સાંભળવા માંડે: ‘તારા બાપુ તો ધરમરાજાનો અવતાર હતા... જેનો અહીં ખપ તેનો ત્યાંય ખપ... તું રડે છે તે અમે શું મરી ગયા છીએ ગાંડી!... આજે તારી મા જીવતી હોત તો તને કોઈ વાતે ખોટ ન રહેત.... ગજરા તે ગજરા હતી પણ એ તો સતીનો જીવ તે ચૂડી ને ચાંદલા સાથે ગઈ... માસ્તરની ખોટ તને એકલીને થોડી છે? આખા ગામને એમની ખોટ પડી છે પણ ઉપરવાળા આગળ કોઈનું ચાલે છે ખરું?’ આવું બોલનારાંય આશ્વાસન આપતાં જાય અને રડતાં જાય. થોડા દિવસો સુધી તો અવરજવરને કારણે એકાંત જ ન મળ્યું. પછી આવી લક્ષ્મી. વડીલોએ લક્ષ્મીને એટલા માટે રાખી હતી કે સવિતાને એકલું ન લાગે. લક્ષ્મી એ ફરજ બરાબર બજાવી રહી હતી. ઘણે વખતે આ રીતે પ્રાપ્ત થયેલા એકાંતમાં રડી લીધાં પછી સવિતા થોડીક હળવી બની.

હીંચકો છોડીને એ ચોકમાં ગઈ અને કૂવામાંથી પાણી ખેંચીને કૂંડીમાં રેડવા લાગી. પાણી કાઢતી વખતે પણ એ વિચારતી જ રહી. કૂંડી ભરાઈ ગયા પછી એ કોઠારમાં ગઈ અને ચાંદરીના મોં પાસે બાફેલા ગુવાર અને બોળેલા કપાસિયાનું તગારું મૂકતી આવી. પછી ઝડપભેર એણે છાણના પોદળામાં સૂકા ઘાસનો ભૂકો ભેળવ્યો અને છાણાં થાપીને વાડાની વંડી પર ગોઠવી દીધાં. ઉપર ઉપરથી સાવરણો ફેરવીને એણે કોઢાર સાફ કરી નાખી. આટલાં કામો પતાવીને એ ચાંદરીને પાનો મુકાવવા બેઠી ત્યાં ડેરીનો ઘંટ વાગ્યો. પવાલીમાં દૂધ ભરીને એ થડા પર ગઈ અને દૂધનો કાર્ડ સાથે જ લઈને સીધી લક્ષ્મીને ત્યાં પહોંચી. લક્ષ્મી સમજી ગઈ કે સવિતા કોઈ ખાસ વાત કરવા આવી છે. દૂધની ખાલી પવાલી અને કાર્ડ ઘરે મૂકીને બાવાની ટેકરીએ પહોંચ્યાં.

‘લખમી! તારે એક કામ કરવાનું છે.’

‘એ તો મારે ઘરે આવી ત્યારની હું સમજી ગયેલી. સુધીરને મળવા જવા સિવાયનું બીજું કોઈ પણ કામ કરવા તૈયાર છું.’

‘વચન આપ.’

‘આપ્યું.’

‘કોઈ પણ હિસાબે મારે શાંતિલાલને એક વાર રૂબરૂ મળવું છે. તું એવું ગોઠવ કે ગામ જાણે નહીં અને હું એની સાથે થોડીક વાત કરી લઉં.’

‘કામ અઘરું છે પણ ગોઠવણ કરું છું. શાંતિલાલ હા પાડે તો જ એ બને.’

‘એ ના તો નહીં પાડે.’

‘મારે મુલાકાત ગોઠવી આપવાની છે કે બીજી કશી વાત કરવાની છે?’

‘તું મારા મનની વાતનો ખ્યાલ આપી શકે.’

‘સારું.’

‘અને સાંભળ.’

‘બોલ.’

‘મુલાકાત ક્યાં ગોઠવવી?’

‘તે તું મારા પર છોડી દે.’

‘ના તું મને એ પણ કહી દે.’

‘ભરોસો નથી?’

‘ભરોસો તારા પર છે પણ મારા નસીબ પર નથી.’

‘મુલાકાત મારા ખેતર પર.’

‘મંદિરિયુ?’

‘હા.’

‘વિચાર ખોટો નથી અને વળી એ ખેતર આગળ ઝાઝી અવરજવર પણ નથી હોતી.’

‘મુલાકાત સવારે ગોઠવાશે.’

‘તે હું ખેતરે એકલી નહીં જાઉં, હં કે!’

‘આપણે બંને સાથે જઈશુ.’

‘બહાનું?’

‘સવારે લોટે જવા આપણે આમે ઘણી વાર જઈએ જ છીએ. તે દિવસે એ બાજુ....’

‘પછી?’

‘ત્યાં શાંતુભાઈ પણ અમસ્તા ફરવા નીકળશે.’

‘બરાબર. પછી?’

‘પછી તમે બે જણ મળજો.’

‘ને તું કપાસનાં જીંડવાં ગણીશ, એમ જ ને?’

‘ના હું શેઢા પર ઊભી ઊભી ચોકી કરીશ.’

‘જો લખમી! તું શેઢા પર ઊભી રહેશે પણ એવી રીતે કે કોઈ દૂરથી આવતું જણાય કે....’

‘તે હું તો તમારા બેઉનીય ચોકી કરીશ સમજી?’

‘મંજૂર.’

‘બોલ આ કાવતરું પાર પડે તેનું ઇનામ શું મળશે?’

‘તું માગે તે.’

‘વચન આલીશ?’

‘આપ્યું.’

‘મારે કોઈ ઇનામ-બિનામ નથી જોઈતું. તારી સાથેનાં બહેનપણાં જીવનભર ટકી રહે એ જ હું તો ઇચ્છું, સવલી!’

‘અલી લખુડી! બહેનપણાંની તો મારેય ગરજ છે. એમાં તેં શું માગ્યું?’

‘મારે બીજું કાંઈ જ ન જોઈએ. તારી આંતરડી ઠરે તો મારા માસ્તરકાકાનો જીવ જ્યાં હશે ત્યાં રાજી થશે. મારે એનાથી વધારે શું જોઈએ?’

‘તેં હજી ઇનામ ન માગ્યું.’

‘મારે કશું જ ન જોઈએ. તું શાંતુભાઈને પરણે તો મારે તારે ત્યાં દર વર્ષે દસબાર દહાડા રહેવા આવવું. સુખદુ:ખની વાતો કરીને આયખું પૂરું કરીશું. બીજું શું?’

‘લખમી! મને મારા ઘરમાં બાપુ વગર ન સોરવે. આગલી પરસાળમાં ખાટલો ઢાળું અને તેના પર બાપુ નથી એવો ખ્યાલ આવતાં જ રડી પડાય છે. બાપુ બે વર્ષ વધારે જીવી ગયા હોત તો આ માથાકૂટ ઊભી ન થાત.’

આટલું બોલી સવિતા રડી પડી. થોડી વાર સુધી બેમાંથી કોઈ જ ન બોલ્યું. તળાવની આથમણી કોરે સૂરજ ડૂબવા આવ્યો હતો. બંને બહેનપણીઓ અંધારું થયું ત્યાં સુધી મંદિરને પાછલે ઓટલે બેસી રહી. સવિતા રડીને થોડીક હળવાશ પામી; પરંતુ લક્ષ્મી સવિતાનું દુ:ખ જોઈને થોડીક ગંભીર બની ગઈ. એ ગમે તે ભોગે સવિતાને સુખી કરવા માગતી હતી. એના બાપુએ, ગોવનકાકાએ તથા પિસ્તોલકાકાએ આ કામ એને સોંપ્યું હતું. એને સંતોષ હતો કે સવિતાનું દુ:ખ એના સથવારાને કારણે હળવું બની રહ્યું હતું. લક્ષ્મીને ઉદાસ થયેલી જોઈને સવિતાએ વાત શરૂ કરી:

‘જો સાંભળ આપણાં બહેનપણાં જીવનભર જાળવીશું એ વાત પાકી. આ હનુમાનદાદાની સાખે તને કહું છું કે હું એમાં પાછી નહીં પડું. બહેનપણી કોને કહેવાય તે જાણે છે?’

‘તું મારી બહેનપણી છે તે જાણું છું, બીજું કશું નહીં.’

‘બહેનપણી તે જેને મનની વાત એમ જ ખબર પડી જાય.’

‘મને તારા જેવું બોલતાં ન આવડે.’

‘પણ તેં હજી ઇનામ ન માગ્યું, લુચ્ચી! ’

‘ઇનામ માગી લઉં તો લુચ્ચી ગણાઉં, જતું કરું તો લુચ્ચી કઈ રીતે?’

‘વાત ટાળ્યા કરે છે તેથી તને લુચ્ચી કહું છું.’

‘સવલી! તારું સુખ એ જ મારું ઇનામ.’

‘એક વાત કહું? તારું ઇનામ મેં વિચારી રાખ્યું છે.’

‘કહ્યું ને મારે ઇનામ નથી જોઈતું!’

‘ઇનામ શું છે તે જાણીશ તો ખુશ થઈ જઈશ.’

‘હવે વાતમાં મ્હોણ નાખ્યા વગર ભસી નાખ ને!’

‘તારા કાનમાં કહેવું છે.’

‘કહી દે જલદી.’

‘સુધીર.’

લક્ષ્મીએ શરમથી મોં નીચું ઢાળી દીધું. થોડી વાર પછી એણે ગળગળા સાદે કહ્યું: ‘સવલી! તારા મોંમાં ખાંડ.’

૫

મગરમચ્છનાં ખુલ્લાં જડબાં

વહેલી સવારે સવિતા ઊઠી ત્યારે લક્ષ્મી હજી સૂતી હતી. આખી રાત સવિતાએ શાંતિલાલ અંગેના વિચારોમાં ગાળી હતી. લક્ષ્મી જો શાંતિલાલ સાથે મુલાકાત ગોઠવવામાં સફળ થાય તો પછી શું કરવું તેની સમજ પડે એ આશાએ એ હવે મુલાકાતની રાહ જોઈ રહી હતી. શાંતિલાલની રૂખ જાણ્યા વગર આગળ વધવાનું મુશ્કેલ હતું. લક્ષ્મી સાથે મળીને એણે જે યોજના ઘડી હતી તેને કારણે એ મનોમન હળવાશ અનુભવી રહી હતી. આવી હળવાશ વચ્ચેય એને એક આશંકા પજવી રહી હતી. એવામાં શાંતિલાલ મળવા માટે તૈયારી ન બતાવે તો! કોઈ સંજોગોમાં શાંતિલાલ પોતાને નહીં સ્વીકારે તો શું સુધીરનેય જતો કરવો!

સવિતા વાસીદું કરી રહી હતી તોય વિચારો એનો કેડો છોડતા ન હતા. શુભ અશુભ શક્યતાઓ એને પજવી રહી હતી. વાસીદું કરીને એ છાણનો ટોપલો ઉકરડે ઠાલવવા ગઈ ત્યારે એના મનમાં વિચારો વમળાયા કરતા હતા. કયા કારણે સુધીર એને ગમતો ન હતો? શું એ દેખાવડો ન હતો? પૈસેટકે સુખી ન હતો? શું એનું કુળ ઊતરતું હતું? શું એ વ્યસની કે ઓછું ભણેલો હતો? સવિતા પાસે આ પ્રશ્નોનો કોઈ પ્રતિકૂળ જવાબ ન હતો. સુધીર ઊંચો, ઘઉંવર્ણો અને પ્રમાણમાં દેખાવડો હતો; પૈસાદાર હતો, ભણેલો હતો તથા લગ્ન કરીને સવિતાને પામવા રાજી હતો. શાંતિલાલ મનમાં વસી ન ગયો હોત તો સુધીર અંગે સવિતાએ કદાચ આવી ઉદાસીનતા બતાવી હોત કે કેમ એ પ્રશ્ન છે. બાપુએ પહેલી વાર ઉલ્લેખ કર્યો પછી સવિતા શાંતિલાલને જુદી દૃષ્ટિએ જોવા લાગી હતી. બાપુએ જો સુધીરનો ઉલ્લેખ કર્યો હોત તો એણે ના પાડી હોત ખરી? સવિતાની મૂંઝવણ વધી રહી હતી. સવારે આટોપવાનાં સઘળાં કામો કરી રહી હતી છતાં એ કામોમાં એનું ચિત્ત ન હતું. હવાડા પર જ્યારે નીચું ઘાલીને એ ચાંદરીને નવડાવી રહી હતી ત્યારે સુધીર એને ધારી ધારીને જોઈ રહ્યો હતો એવું લક્ષ્મીએ કહ્યું હતું. પોતાને ન ગમતી વ્યક્તિને કોઈ ધારી ધારીને જુએ ખરું?

વાડાની ઝાંપલી ઢાંકીને સવિતા જ્યારે ઘરમાં આવી ત્યારે લક્ષ્મી નાવણિયામાં સ્નાન કરી રહી હતી. સવિતા કશું બોલ્યા વગર વચલી પરસાળમાં ગઈ અને હીંચકા પર બેસી ગઈ. એના મનમાં પ્રશ્નો તો ચકરાયા જ કરતા હતા. મગરમચ્છનાં ખુલ્લાં જડબાં જેવી અનેક વિકરાળ શક્યતાઓ વચ્ચેથી એ પોતાનો માર્ગ કરી રહી હતી. 'બાપુ હવે નથી' એ અંગેની સભાનતા એની રહીસહી હિંમતને હચમચાવી મૂકતી હતી. બધી સમસ્યાઓ, શક્યતાઓ અને મુશ્કેલીઓ વચ્ચેય એના મનમાં એક બાબત દૂર દેખાતી દીવાદાંડી જેટલી સ્પષ્ટ હતી. એ સુધીરને નહીં પણ શાંતિલાલને પરણવા માંગતી હતી. એનો માંહ્યલો વળીવળીને એક જ વાત કહી રહ્યો હતો: મને શાંતિલાલ ગમે છે. માંહ્યલાનો આ સાદ દુનિયાના તમામ ઘોંઘાટ વટાવીને એના હૃદય સુધી આવી પહોંચતો હતો. દુનિયાદારી

ગણતરીથી સાવ અસ્પૃશ્ય અને વ્યવહારુ સમજણથી સર્વથા અપ્રદૂષિત એવો આ સાદ સાવ સ્પષ્ટ હતો. આ સાદ આગળ પટેલિયાઓના ઉધામા, કુટુંબીજનોના ગમા-અણગમા, સુધીરને લાગનારો આંચકો, ગાંડાકાકાને લાગનારો આઘાત કે લક્ષ્મીનો અંગત અભિપ્રાય – બધું જ ગૌણ બની જતું હતું. સવિતાને મનમાં એક પળ એવી લાગણી થઈ આવી કે પોતે દીવાલો વગરની જેલમાં વસતી એક બંદિની હતી. એ જાણે એક એવી જેલમાં જન્મી હતી જ્યાં કેદીઓને વડીલોની આજ્ઞા પ્રમાણે ચાલવાની, સમાજની મરજી પ્રમાણે વર્તવાની, બીજાઓએ લાદેલા નિર્ણયનો અમલ કરવાની અને પોતાને અણગમતા કે ઓછા ગમતા માણસ જોડે જીવનભર જોડાઈ જવાની અને જડાઈ જવાની ‘છૂટ’ હતી! સવિતા આવી ‘છૂટ’ ભોગવવા તૈયાર ન હતી. એ તો ઝંખતી હતી ગુલામી, જે એને મનગમતા પુરુષના અસ્તિત્વમાં ઓગળી જવા માટે મજબૂર કરે! એને તો ઝંખના હતી ગુલામ બનવાની અને મનગમતી ગુલામીને જીવનભર જાળવી રાખવાની.

લક્ષ્મી નાવણિયામાંથી નીકળી ત્યારે એના વાળ સાવ છુટ્ટા હતા. એણે ટુવાલથી વાળ ઝાટકવાનું શરૂ કર્યું ત્યારે સવિતાને સમજાયું કે બહેનબાએ અરીઠાથી માથું ધોયું છે. લક્ષ્મીને તો ખ્યાલ પણ ન હતો કે મોડી ઊઠીને પોતે પરવારે ત્યાં સુધીમાં તો સવિતાએ ઘણાં કામો પતાવ્યાં; ઉપરાંત ઊંડું મંથન અનુભવ્યું છે. જમીને પરવાર્યા પછી બંનેને ઊંઘ આવી ગઈ. ઊઠ્યાં ત્યારે બપોરના બે વાગ્યા હતા. ડેરીનો ઘંટ વાગવાને હજી બે કલાકની વાર હતી. લક્ષ્મીના માથામાં ધુપેલ નાખી આપવા સિવાય બીજું કોઈ કામ ન હતું. વચલી પરસાળના પાછલા ઉંબરા પાસે જ્યાં થોડુંક અજવાળું થોડાક અંધારાને મળે તથા થોડીક ગરમી થોડી ઠંડકને મળે એ જગ્યા આવા કામ માટે ખાસ ઉપયોગી બને. સવિતા વેંત જેટલા ઊંચા ઉંબરા પર બેઠી અને લક્ષ્મી ભોંય પર બેસી ગઈ. બપોરની ઊંઘ પછી સવિતા હળવાશ અનુભવી રહી હતી. લક્ષ્મીની વાત જરા જુદી હતી. એનું તો એવું કે સવિતા હળવી તો એ હળવી અને સવિતા ગંભીર તો એય ગંભીર. બંને બહેનપણીઓ વાતે ચડે ત્યારે જે હૈયે હોય તે હોઠે આવે. લક્ષ્મીના સુક્કા, શ્યામલ વાળમાં ધુપેલ ઘસતી વખતે જે સુગંધ પ્રગટી તે સાથે બે હૈયાંમાં વસેલું ભોળપણ પણ વાતચીત દ્વારા વહેવા માંડ્યું. શરૂઆત લક્ષ્મીએ કરી:

‘સવલી! માન કે તું શાંતુભાઈને પરણી ગઈ. પછી એ શું કરે તો તને સૌથી વધારે હરખ થાય?’

‘મારું નસીબ પાધરું નથી જણાતું.’

‘આડી વાત ન કર. તું જેને પરણે તે નસીબદાર ગણાય. તે શું કરે તો તું રાજીરાજી થઈ જાય?’

‘કહું? કોઈ મનગમતો માણસ મારે માટે જૂઈની વેણી લાવે તો હું બહુ રાજી થાઉં.’

‘મારે શાંતુભાઈને કહી રાખવું પડશે.’

‘હજી તો ભેંસ ભાગોળે અને છાશ છાગોળે.’

‘વાત તો સાચી છે, સવલી!’

‘આ તો માળું ગામડું. અહીં પટેલિયાઓના રાજમાં ચૈતર ચડે નહીં અને વૈશાખ ઊતરે નહીં. બધું જેમનું તેમ ચાલ્યા કરે.’

‘તે તું નવાઈની જન્મી છે, આ ગામમાં? મારું માને તો વિચારવાનું છોડી દે.’

'મારા બાપુએ વિચારવાની ટેવ પાડી છે. ગામમાં કયો બાપ દીકરીને વર્ષગાંઠને દહાડે ચોપડી ભેટ આપે? મારા બાપુએ મને કિશોરલાલ મશરૂવાળાએ લખેલી "સમૂળી ક્રાંતિ'' ભેટ આપેલી.'

'તારી વાત તો સાચી. ગણપતકાકા જીવતા હોત તો સવાલ જ ક્યાં હતો! સાચું કહું? આપણા મરદોને હોશિયાર બૈરાં ન ગમે.'

'કહ્યાંગરાં ગમે એમ ને?'

'હા....હા! કહ્યાંગરાં ગમે, ઓશિયાળાં ગમે અને પોતાના ચાસમાં ચાસ નાખનારાં ગમે.'

'હવે તું તારી યોજનાનો અમલ ક્યારે કરવાની છે?'

'કાલે જ મોટીફળી જવાની છું.'

'બધો આધાર તારા પર છે.'

'એક વાત પૂછું, સવલી!'

'પૂછ.'

'ન કરે નારાયણ ને બધી બાજી ફોક થાય અને તું સુધીરને પરણે તો પછી....'

'લખમી! એક વાત કહી રાખું. હું જેને પરણું તેને કોઈ પણ ભોગે સુખી કરવા મારી કાયા નીચોવી કાઢીશ. મારી ઇચ્છા એટલી જ કે જેને પરણું તેને સુખી કરું એ એક વાત અને જેને સુખી કરી શકું તેને જ પરણું એ બીજી વાત. મને ખબર છે કે શાંતિલાલ એ એવો માણસ છે જેને હું સુખી કરી શકું. કોઈને સુખી કરવામાં હુંય સુખી, ખરું ને!'

'હવે પિસ્તોલકાકા આવે તો કંઈક સમજાય.'

'તારી યોજનાવાળી વાત તો એમને પણ નથી કરવાની ખબર છે ને?'

'આ લખમીને તારે આવું બધું સમજાવવું ન પડે. ચોપડીઓ તારે વાંચવાની ને યોજના મારે ગોઠવવાની. એકબે દહાડામાં તને શાંતુભાઈનો મેળાપ ન કરાવી આપું તો મારું નામ લખમી નહીં. સમજી?'

ડેરીનો ઘંટ વાગ્યો અને સવિતા ઊઠીને કોઢારમાં ગઈ. કાછડો વાળીને એ ચાંદરીને પાનો મુકાવવા બેઠી અને લક્ષ્મીએ ઘરનો પૂંજો વાળવાનું શરૂ કર્યું. હજી તો સવિતા ચાંદરીને દોહવાની શરૂઆત કરતી હતી ત્યાં લક્ષ્મીએ ઝડપભેર આવીને એના કાનમાં કહ્યું: 'સવલી! પિસ્તોલકાકા આવ્યા છે.'

૬

નિયતિના ખેલ નિરાળા

પિસ્તોલકાકાને સવિતાએ પોતાના મનની બધી જ વાત કહી દીધી. લક્ષ્મીએ પણ સવિતાની વાતમાં ટાપશી પુરાવ્યા કરી. પિસ્તોલ જ્યારે બીડી ત્રાંસી રાખે; માથા પરથી ટોપી ઉતારીને ઘૂંટણ પર મૂકે; અવાજ સહેજ ઝીણો ને તીણો કરીને બોલવા માંડે અને થોડાક ઢીલા પડેલા તપખરિયા દાંત વચ્ચે વારંવાર જીભ હલાવવા માંડે ત્યારે એટલું તો ચોક્કસ કે એના માંહ્યલાને પડકારે કે પછી એના ખમીરને લલકારે એવી કોઈ બાબતનો એ સામનો કરી રહ્યો છે. વચલી પરસાળના હીંચકા પર પડેલા તકિયા પર અઢેલીને એ બેઠો હતો ત્યારે આવું બધું બનવા માંડ્યું. સવિતા ને લક્ષ્મીને લાગવા માંડ્યું કે ન્યાયાધીશ ચુકાદો ફરમાવે એ ઘડી આવી પહોંચી છે. સવિતાના ધબકારા વધી રહ્યાં હતા; પરંતુ લક્ષ્મીના મનમાં ઝાઝો ઉચાટ ન હતો. એને પિસ્તોલકાકાના ડહાપણમાં અને પ્રશ્નનો ઉકેલ લાવવાની આવડતમાં શ્રદ્ધા હતી. વળી એને તો સવિતામાંય અપાર વિશ્વાસ હતો. એને ખાતરી હતી કે સવિતા નામરજીથી પણ એક વાર કોઈનું ઘર માંડે પછી તો બધું સંભાળી જ લેશે. ગમે તેવા અંધારામાંય સવિતા પોતાનો દીવો પ્રગટાવીને અજવાળા પાથરશે એ વાતમાં લક્ષ્મીને કોઈ શંકા નથી.

પિસ્તોલે બધી વાતો શાંતિથી સાંભળી પણ કશો ગલ ન આપ્યો. છેવટે હીંચકા પરથી ઊઠતી વખતે એણે કહ્યું: 'બધી વાતનો પાકો વિચાર કરવો પડે. બફાટ થાય તો જિંદગીભર પસ્તાવું પડે. હું ગધેડી ને પાવલીને દાણો ચોંપી જોઉં. એ લોકો સાથે વાતવિચાર કર્યા પછી કાલે વાત પણ ત્યાં લગણ આપણા હૌની જીભે ખંભાતી તાળાં. ભીંતને પણ કાન હોય એ ભૂલવું નહીં.' આટલું બોલી પિસ્તોલ તો ચાલ્યો ગયો પણ વચલી પરસાળના અધકચરા અંધારામાં અનિશ્ચિતતાનું પોટલું મૂકતો ગયો. હાવભાવ કે શબ્દ પરથી એના પેટમાં શું છે તેનો અણસારો પણ ન મળ્યો તેથી સવિતા અને લક્ષ્મીની મૂંઝવણ વધી ગઈ. સવિતાએ પોતાનો ઇરાદો સાવ સ્પષ્ટ રીતે જણાવી દીધો હતો. હવે બધો આધાર ત્રણ વડીલો શું વિચારે છે અને કેવો નિર્ણય લે છે તેના પર હતો. થોભવા સિવાય અને વડીલોના ચુકાદાની રાહ જોયા સિવાય બીજું કશું કરી શકાય એમ ન હતું. લક્ષ્મીના મનમાં એક વાત સતત રમ્યા કરતી હતી. કોઈ પણ હિસાબે એક વાર શાંતિલાલ અને સવિતા મળે તો કંઈક સમજ પડે. આ ગોઠવણ જેમ બને તેમ જલદી કરવાનો નિર્ણય મનોમન કરીને એણે સવિતાને કહ્યું: 'સવલી! તું રોટલા કરવા માંડ, હું ઊભી ઊભી ઘરે જઈને આ આવી.'

* * *

ભીખા લુહારને ત્યાં ધમણ ખેંચીને પિસ્તોલ પરવાર્યો ત્યારે સાંજ પડવા આવી હતી. પાવલીને સાથે લઈને એ પહોંચ્યો ગધેડીને ઘરે. ગધેડીની વહુ વર્ષો પહેલાં

અવસાન પામી હતી અને દીકરો-વહુ ઝઘડો કરીને જુદાં રહેવા માંડ્યાં હતાં. એનું ઘર અગત્યની મંત્રણા કરવા માટે બધી રીતે અનુકૂળ હતું. મહેમાન આવી પડે ત્યારે ગધેડીને ત્યાં ચાના કપ પાવલીને ત્યાંથી આવતા. દીકરાની વહુ રોજ બે વખત ભાણું મૂકી જતી એટલું જ. ત્રણે જણાં ક્યાંય સુધી વાતો કરતાં જ રહ્યા.

પિસ્તોલનો મત સંબંધ તોડવાની વિરુદ્ધ હતો કારણ કે માસ્તરની મરજીથી એ સંબંધ ગોઠવાયો હતો. પાવલી માનતો હતો કે જો આ સંબંધ તૂટે તો સવિતાનું શાંતિલાલ સાથે પણ ગોઠવાય કે કેમ એ પ્રશ્ન હતો. ગધેડીનો મત વળી સ્પષ્ટ હતો. એના મત પ્રમાણે સવિતાનું સુખ સુધીરને પરણવામાં રહેલું હતું. એ માનતો હતો કે શાંતિલાલ કરતાં સુધીર ચઢિયાતો હતો. આમ ત્રણે જણાંના દૃષ્ટિકોણ જુદા હતા; પરંતુ ત્રણે સંબંધ ફોક કરવાની તરફેણમાં ન હતા. ત્રણેની મૂંઝવણ એ હતી કે, સવિતાને સમજાવવી શી રીતે? ત્રણે જણ સવિતાનું હિત ઇચ્છતા હતા અને ગોઠવાયેલો સંબંધ ચાલુ રહે એમાં જ એનું હિત રહેલું છે એમ માનતા હતા. છેવટે જુદા પડતાં પહેલાં એક નિર્ણય લેવાયો. ત્રણે જણા વતી પિસ્તોલ સવિતાને મળે અને સમજાવી લે એટલું જ નહીં પણ આ વાત પર પરદો પડી જાય. પિસ્તોલે આ જવાબદારી સ્વીકારી લીધી. આવું અઘરું કામ પાર પાડવામાં લાગી જતો. પછી તો કામ પૂરું ન થાય ત્યાં સુધી એ મંડ્યો રહેતો. આ રીતે આવી મળેલું કામ એ જ એના જીવતરનું સબરસ હતું.

ભીખા લુહારને ઓટલે બેસીને પિસ્તોલે ગોદડીનો વીંટો છોડ્યો અને ડગલો ઉતારીને લંબાવ્યું. ત્યારે સાડા અગિયાર થવા આવ્યા હતા. બેના ટકોરા થયા તોય એને ઊંઘ ન આવી. સવિતાની મૂંઝવણ અને પોતાની જવાબદારી વિષે એ વિચારતો જ રહ્યો. મહોલ્લાનું કૂતરું રોજના રિવાજ મુજબ પિસ્તોલની પથારીએ સૂવા માટે આવ્યું તો ખરું; પરંતુ પિસ્તોલ જાગતો હતો તેથી લાત અને ગાળ બંને પામતાં જોરથી ચિત્કારી ઊઠ્યું. એ ચિત્કારનો વાંકોચૂંકો લિસોટો ખાસો લાંબો હતો. વિચારનો થાક ચડ્યો હોય તેથી કે મનમાં કશોક ઉકેલ જડી ગયો હોય તેથી પિસ્તોલને પાછલી રાતે ઊંઘ આવી ગઈ. સવારના ભીખા લુહારની વહુએ ચાનો પ્યાલો મૂક્યો ત્યારે એણે ઝડપભેર વાંદર છાપ દંતમંજનના કાળા ભૂકા વડે દાંત ઘસીને મોં ધોઈ લીધું. એ હજી ચાનો પ્યાલો મોંએ માંડે ત્યાં તો ગાંડા પટેલના સુધીરે આવીને એને કહ્યું: ‘પિસ્તોલકાકા! મારા બાપુ તમને હમણાં જ બોલાવે છે.’ પિસ્તોલના આશ્ર્વર્યનો પાર ન રહ્યો. એના આશ્ચર્યમાં સવિતાના ભવિષ્યની ચિંતા ભળેલી હતી. સવિતાના અણગમાની કે એની આનાકાનીની ગંધ સરખીય ગાંડા પટેલને આવી જાય તો આખી બાજી ફોક થાય તેવી સ્થિતિ હતી. ચાનો ખાલી પ્યાલો ઓટલે મૂકીને ઝટપટ ડગલો પહેરીને એણે સુધીર સાથે જ ચાલવા માંડ્યું. કશુંક કાચું ન કપાય તેથી એણે સુધીર સાથે ઝાઝી વાત ન કરી. એનું મન અમંગળ વિચારે ચડી ગયું.

ગાંડા પટેલ પિસ્તોલની રાહ જોઈને બેઠા હતા. પિસ્તોલની ચિંતાનો પાર ન હતો. ધડકતે હૈયે એ ગાંડા પટેલની ખુરશી સામેના બાંકડા પર બેઠો. સુધીરને ચા મુકાવવાની સૂચના આપીને ગાંડા પટેલે વાત શરૂ કરી:

‘પિસ્તોલ! માસ્તર તો ગયા ને આપણે રહ્યા.’

‘માલિકની મરજી આગળ હૌ લાચાર.’

‘બે-ત્રણ દહાડાથી તને બોલાવવાનો વિચાર કરતો હતો પણ કોઈકે કહ્યું તું ગામમાં નથી.’

‘આઠ-નવ દહાડાથી ઓલપાડ ગયેલો તે કાલે જ આઈવો.’

'મારે તને કહેવું હતું કે....'

'જે હોય તે કહી નાખો, ગાંડાભાઈ!'

'સુધીર અને સવિતાનાં લગન ઓણસાલ દિવાળીએ....'

'વિચાર ખોટો નથી.' પિસ્તોલનો જીવ માંડ હેઠો બેઠો.

'શું કરીશું?'

'જુઓ ગાંડાભાઈ! સવિતાના સસરાય તમે ને બાપ પણ તમે જ. તમારો વિચાર એ અમારો વિચાર. મોસાળિયા રાંદેરથી આવવાના અને જે કંઈ ખરચ થાય તેની જોગવાઈ માસ્તર કરતાં ગીઆ છે. એ બધાની ફિકર મારે માથે.'

'મને કોઈ ફિકર નથી. સવિતા મારા ઘરની વહુ નહીં દીકરી બરાબર છે. માસ્તરને મેં મરતાં પહેલાં વચન આપેલું કે....'

'મને ખબર છે.'

પિસ્તોલ ચા પીને વિદાય થયો. એનો ભય ખોટો પડ્યો તેથી એને શાંતિ થઈ; પરંતુ એક ભય ટળ્યો ત્યાં બીજો ભય તૈયાર જ હતો. હવે તો સવિતાને સમજાવ્યે જ છૂટકો! પોતે સવિતાને પટાવીને ગાડી પાટા પર લાવે ત્યાં તો ગાંડા પટેલે આ વાત કરી. પિસ્તોલની પરેશાનીનો પાર ન હતો. પણ આવી પરેશાની વખતે જ એનું સંકલ્પબળ કામે લાગી જતું. મનોમન કશુંક વિચારીને એણે માસ્તરના ઘર ભણી પગ ઉપાડ્યા.

પિસ્તોલ ઘરના ચોકમાં પહોંચ્યો ત્યારે સવિતા ગોતરની ગાંસડીને વાડામાં ચોક તરફ ઘસડી રહી હતી. લક્ષ્મી કૂવાની પાળ પર બેસીને તુવેર ફોલી રહી હતી. પિસ્તોલકાકાને આવેલા જોઈને બંનેએ કામ પડતું મેલ્યું અને ત્રણે જણાં વચલી પરસાળમાં જઈને બેઠાં. લક્ષ્મીને પ્રસંગની ગંભીરતાનો ખ્યાલ પિસ્તોલકાકાના ચહેરા પરથી જ આવી ગયો. હીંચકા પર તકિયો ગોઠવીને એણે પિસ્તોલકાકાને બેસાડ્યા. સવિતા અને લક્ષ્મી સામે ખાટલો ઢાળીને બેઠાં. ક્યાંય સુધી કોઈ કશું બોલ્યું નહીં. છેવટે પિસ્તોલે મૌન તોડ્યું:

'બેટા! મેં તારી વાત પર બહુ વિચાર કર્યો. જેમ જેમ વિચારતો ગિયો તેમ તેમ મગજ બહેર મારતું ગયું. ગધેડી ને પાવલી સાથે પણ માથાફોડી કરી. માન કે આ સંબંધ ફોક થાય તો મરી ગિયા પછી માસ્તરને હું શું જવાબ આલું? માસ્તર જે કરતા ગિયા તેને હું ફોક કરું? અમને કોઈ વાતમાં હમજ ન પડે તો અમે માસ્તરની સલાહ લેતા. માસ્તર વગર વિચાર્યે આ સંબંધ ગોઠવતા જાય એવું બને ખરું? વળી તને એમણે આ વાત જણાવેલી....'

'કાકા! ના કહેવા જેવી બાપુની તબિયત હતી ખરી? છતાંય મેં થોડીક આનાકાની કરેલી પણ મારું નસીબ ફૂટેલું તે બાપુ....' આટલું બોલતાં સવિતાને ડૂમો ભરાઈ આવ્યો.

'નસીબ ફૂટે મારા દુશ્મનનું. અમે હૌ મરી નથી ગિયા કે તારે આવાં વેણ કાઢવાં પડે; સમજી! ગધેડીએ તો મને એવું કહ્યું કે સુધીરિયો શાંતુ કરતાં બે આંગળ ચઢે તેવો સારો છોકરો છે.'

'તે મારે સરખામણીમાં પડવું નથી, કાકા! જેને ખોળિયું આપી દઈએ તેની પસંદગીમાં ખોળિયું આપનારનું કંઈ જ ન ચાલે? બસ ગાય-ભેંસની પઠમ ગમે તે ગમાણને ખીલે બંધાઈ જવાનું? સુધીર લાખ રૂપિયાનો માણહ તેની ના નહીં પણ મારે મન શાંતિલાલ હવા લાખનો તેનું શું?'

'હરખામણીનું તો એવું બેટા કે આ કંઈ ચીભડું છે જે ચાખી જોવાય! એમાં તો થોડીક હમજણ, થોડુંક તકદીર ને થોડીક લેણદેણ. બાકી એટલું ચોક્કસ કે ગાંડો પટેલ તને દુ:ખી ન થવા દે. બીજી વાત એ કે આ સંબંધ ફોક થાય પછી આખી વાત એવી રવાડે ચડે કે....'

'તે કાકા! મનગમતો મરદ ન મળે તો હું કુંવારી રહેવાય....'

'બેટા! ડોસો કુંવારો મરે પણ ડોસી કુંવારી જાણી છે? આવું તારાથી બોલાય?'

'માસ્તર વગર વિચાર્યું કરે ખરા? મારું માન ને સમજી જા.'

'લખમી! તું સવિતાને સમજાવ. તારા બાપુ સાથે બેસીનેય બહુ વિચાર્ય કર્યો. આ સંબંધ તૂટે પછી અમને અંધારું જ દેખાય છે.'

'કાકા! તમે શાંતિલાલને ત્યાં દાણો ચાંપી જુઓ તો કેમ?' લક્ષ્મીએ વાતને બીજે પાટે વાળી.

'લખમી, તને શું કહું! ગાંડો પટેલ નારાજ થશે એમ માનીને પછી શાંતુનો બાપ પણ આ વાતમાં હાથ મૂકવા નહીં દે. બાકી શાંતુ છોકરો સારો એમાં ના નહીં,' પિસ્તોલે લક્ષ્મી તરફ જોઈને કહ્યું.

'શાંતિલાલની મરજી જેવું કંઈ ખરું, કાકા?' સવિતાએ પિસ્તોલકાકાની આંખ સામે જોઈને પૂછ્યું.

'જો બેટા! અમારી વાત તમને નૈ ગમે એ જાણું છું. બાકી વળી લગન કરવામાં તમને વળી પૂછવાનું કેવું! માસ્તર રાંદેર પરણવા ગૈલા ત્યારે કેટલી ઉંમરના હશે! તારી બા પણ છેક નાંધલી ઊતી. માબાપને પૂછ્યાગાછ્યા વગર સગાંવહાલાં જ બારોબાર ગોઠવી દેતા. સવલી! એક સવાલ પૂછું? તારા બાપુ કોઈ વાતે દુ:ખી હતા? અરે! તારી મા આજે જીવતી હોત તો તારો કાન પકડીને કહેત: 'મૂઈ ગાંડી! નખરાં કેમ કરતી છે? આવું મજાનું ઘર તને ન ગમે તે તારે કાજુ શું રાજકુંવર આવવાનો છે?'

'કાકા! તમારી વાતનો સાર તો એટલો જ ને કે મને ગમે કે ન ગમે, મારે હા પાડવી!'

'પણ આમાં નૈં ગમે એવું છે શું?'

'કાકા! તમને ન સમજાય. આ લખમીને સુધીર ગમે છે. એને વળી કોઈક બીજો જ ભટકાડશો ને?'

'તમને ભણેલાંને ન પહોંચાય. બાકી ખરું કહું? ગાંધી ડોહાને કસ્તૂરબાઈ હું ખોટી પડી? કસ્તૂરબાઈને પૂછીને એના બાપે લગન ગોઠવેલાં કે?'

'તે કસ્તૂરબાઈને પરણ્યાં ત્યારે ગાંધીજી કંઈ ડોહા ન હતા, હં કે!' લક્ષ્મીએ ટકોર કરી.

'વાત હાચી પણ ખાઈ ડોસાની પાછળ-પાછળ કેવી ચાલી? એ જો ભણેલી હોત ને તો ગાંધી ડોહો દુ:ખી દુ:ખી થઈ જાત.'

'તે કાકા! મરદ દુ:ખી ન થાય તેથી બૈરાંઓએ અભણ જ રહેવાનું એમ ને?'

'બીજું શું ત્યારે? તું મૅટ્રિક સુધી પહોંચી તેથી આ માથાફોડ ઊભી થઈ ને!'

'કાકા! તમે ધારો તો બધું કરી શકો તેમ છો. હજી મોડું નથી થયું. મારો

માંહ્યલો આ વાતમાં રાજી નથી.'

'સવલી! તને મારે શું કહેવું? હજી તો અબઘડી ગાંડા પટેલને ત્યાંથી ચાલ્યો આવું છું. સવારના પહોરમાં સુધીર મને બોલાવવા આઈવો અને હું ગિયો. ગાંડો પટેલ તો ઓણ સાલ દિવાળી પર લગન લેવાની વાત કરે છે ને તું...'

'કાકા! તમારે મને બીજી જે સજા કરવી હોય તે કરો પણ...' સવિતા આટલું બોલીને જોરથી રડી પડી.

'જો બેટા! માસ્તરની ખોટ ન વર્તાય તેથી હું, ગઘેડી ને પાવલી કોઈ વાતે કસર રાખવાના નથી. તને જબરદસ્તીથી માંહ્યરામાં ખેંચી જવાનું નથી. વાત વણસી ન જાય તેથી બધું કળેવળે પતાવવું પડશે. સાપ મરે નહીં ને લાકડી ભાંગે નહીં એવું કંઈક ગોઠવવું પડશે. અત્યારે તો હું જાઉં છું પણ મારી વાત પર તમે બેઉ જણ વિચાર કરજો. માસ્તરનો આત્મા કોચવાય તેવું આપણે કંઈ જ કરવું નથી. બેટા! આ માસ્તર સાથે માયા લાગી ગયેલી. બાકી હું તારો કોઈ સગો નથી.

પણ માસ્તર મને હગો ભાઈ ગણતા. એ આજે જીવતા હોત તો મારે આ માથાફોડી...'

આટલું કહેતાં તો પિસ્તોલની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

પિસ્તોલકાકાના ગયા પછી ક્યાંય સુધી સવિતા અને લક્ષ્મી હીંચકે સૂનમૂન બેસી રહ્યાં. થોડી વાર પછી એક ઊંડો નિસાસો નાખીને સવિતાએ કહ્યું: 'લખમી! છોકરીની જાતને કુંવારી રહીને જીવવાની કે મરવાની છૂટ નહીં!'

ઘણા વખતથી તેલ નહોતાં પામ્યાં તેથી હીંચકાનાં કડાં કિચૂડ કિચૂડ અવાજથી વચલી પરસાળના અંધારાને પજવી રહ્યાં હતાં.

૭

બાવાની ટેકરી પર સૂર્યાસ્ત!

વાડામાં બધાં કામો પતાવીને સવારે સવિતાએ આગલું બારણું ખોલ્યું. જાણે રાહ જોઈને બેઠું હોય એમ મહોલ્લાનું એક કૂતરું ઓટલા પરથી ઊભું થયું અને ઘરમાં દાખલ થઈ ધીમે પગલે ઠેઠ વાડા સુધી દોડી ગયું. પોતીકું લાગે ત્યાં જ આવો રુઆબ દેખાડી શકાય ને! દેખાતું બંધ થયું ત્યાં સુધી સવિતા એ રુઆબભેર ઘરમાંથી પસાર થઈ ગયેલા પ્રાણીને જોતી રહી. આવું તો વારંવાર બનતું; પરંતુ આજે સવિતા આવા ગામઠી રુઆબ પર મનમાં ને મનમાં હસી પડી. આખી રાતનો ઉજાગરો ઘડીભર હળવો બની ગયો. લક્ષ્મી હજી જાગી નહોતી.

જાણે અંદરથી ધક્કો વાગ્યો હોય એમ એ વચલી પરસાળમાં આવેલા કબાટ પાસે ગઈ. આ કબાટમાં બાપુની બધી ચીજો એમ ને એમ પડી હતી; કપડાં, પુસ્તકો, દોરીવાળી ગજવાઘડિયાળ, ચશ્માં અને ચાંદીનો કંદોરો. બાપુના મૃત્યુ પછી આ કબાટ સવિતા ભાગ્યે જ બોલતી. આજે કબાટ ખોલીને એ થોડી વાર ઊભી રહી. જ્યારે આ રીતે કબાટ ખોલવાનું બનતું ત્યારે એ રડી પડતી. આજે એમ ન બન્યું. ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા પછી જાણે જાગી ગઈ હોય એમ એણે કબાટમાંથી એક નાનો ઇસ્કોતરો કાઢ્યો જેમાં બાપુ ઇન્ડિપેન, પોસ્ટકાર્ડ, કવર અને અગત્યના કાગળો મૂકતા. સવિતાએ ઇન્ડિપેન લીધી અને લખવાની શરૂઆત કરી. બાપુની આંગળીને સ્પર્શે ઇન્ડિપેનનો મોઢિયા આગળનો ભાગ સાવ સુંવાળો બની ગયો હતો. બાપુ ઇન્ડિપેનની માવજત કરતા અને શાહી પણ ‘કેમલ’ની જ વાપરતા. બાપુના મરોડદાર અક્ષર પણ સવિતાને વારસામાં મળ્યા હતા. લખતી વખતે રોમરોષથી એ બાપુને પામતી રહી.

પરમ પૂજ્ય બાપુ.

શું લખવું તે સમજાતું નથી. કશી ગમ પડતી નથી. તમારા વિના મને નથી સોરવતું. આ કાગળ તમને નથી પહોંચવાનો; પરંતુ મારી લાગણી તો તમે જ્યાં હશો ત્યાં પહોંચવાની. આખું ગામ તમને બહુ યાદ કરે પણ મારી દશા તો સૂરજ વગરની પૃથ્વી જેવી છે. મને થાય છે કે તમે કોઈ દૂરના તારા પર પહોંચી ગયા છો અને મને જોઈ રહ્યા છો. રાતના ઓચિંતું જાગી જવાય છે ને થાય છે કે તમે હમણાં બોલશો: ‘કેમ બેટા! ઊંઘ નથી આવતી?’ એક-બે વાર તો તમે મને સ્વપ્નમાં પણ આવેલાં. સ્વપ્નું પૂરું થાય અને સમજાય કે એ તો સ્વપ્નું હતું. દિલ ભરાઈ આવે અને આખો દિવસ તમારા વિચાર આવ્યા કરે.

હમણાં થોડાક દહાડાથી મારા હૃદય પર ભાર રહે છે. સમજાતું નથી કે શું કરવું. તમે મારો સંબંધ ગાંડાકાકાને ત્યાં બાંધતા ગયા પણ મારું મન માનતું નથી. મારા મનની વાત હું કોને કહું? તમે હોત તો હું મનાવી લેત પણ, હવે કરવું શું? મન વગર

કોકને પરણવું એ સામેના પાત્રને પણ દુ:ખી કરવા બરાબર છે. પિસ્તોલકાકા, ગોવનકાકા અને પરમાનંદકાકા વ્યવહારુ છે, સમજુ છે પણ મારી વાત તેઓને ગળે ઊતરતી નથી. બાપુ! તમે મને એક દિવસ પથારી નીચેથી રૂપિયા અઢી હજાર લઈને કબાટમાં મૂકવા કહેલું. એ વખતે તમારી હાલત નાજુક હતી. શું તમને એ રૂપિયા ગાંડાકાકાએ આપેલા? કદાચ એમણે ભાવથી એ રકમ આપી હોય તોય તમે ઉપકારવશ બનીને મારો સંબંધ ત્યાં ગોઠવ્યો હોય એવી આશંકા મને રહ્યા કરે છે. પિસ્તોલકાકા તો કહેતા હતા કે મારા લગ્ન માટે પૂરા બે હજાર રૂપિયા તૈયાર રાખ્યા છે. લગ્નમાં પરણનારાં બે જણ અને બેઉ વચ્ચેની લાગણી કરતાંય લેવડ-દેવડ અગત્યની બની રહે એ કેવું વિચિત્ર કહેવાય!

હજી લખ્યા જ કરું એમ થાય છે પણ ગમે તેટલું લખું તોય મનમાં છે તે બધું થોડું લખી શકવાની છું! આવું ગાંડુંઘેલું લખીને હું તો મારું હૈયું ઠાલવી રહી છું. તમે જ્યાં હો ત્યાંથી મને આશીર્વાદ આપશો. મને સાચો રસ્તો તમે જ બતાવજો. મને તો કાંઈ જ સમજ પડતી નથી. તમારી ઇચ્છા જાણવાની એક યુક્તિ મેં વિચારી રાખી છે. કબાટના ઇસ્કોતરામાં સંબંધ ચાલુ રાખવો કે તોડવો એ માટેની બે કાપલીઓ તૈયાર કરીને મૂકવાની છું. સાંજે હનુમાનદાદાને પગે લાગી આવ્યા પછી આરતી થઈ જાય પછી ઘરે આવીને બેમાંથી એક કાપલી ઉપાડીશ. જે કાપલી હાથમાં આવે તેમાંના લખાણને તમારી ઇચ્છા ગણીને તે પ્રમાણે કરીશ. બાપુ! જે કંઈ કરો તે વિચારીને કરજો. તમારી વહાલી સવિતાના જીવનમરણનો સવાલ છે. એક વાતની ખાતરી રાખજો કે તમારી આજ્ઞા હું માથે ચડાવીશ. મારાં લાખલાખ વંદન, બાપુ!

તમારી દીકરી

સવિતા

સવિતા ભાવવિભોર બની ગઈ. જાણે બાપુ સદેહે મળ્યા હોય એવી લાગણીને કારણે એ થોડીક હળવાશ પણ પામી. કાગળની ગડી વાળીને એણે ઇસ્કોતરામાં મૂકી દીધો. કોરા કાગળની બે નાની કાપલીઓ તૈયાર કરી. એક પર લખ્યું: સંબંધ ફોક કરવો. બીજી પર લખ્યું: સંબંધ ચાલુ રાખવો. ચાર-પાંચ ગડી વાળીને એણે બંધ ખોબામાં બંને કાપલીઓ લઈને થોડી વાર સુધી હલાવ્યા કરી. પછી બંને કાપલીઓને ઇસ્કોતરામાં મૂકીને ઇસ્કોતરો કબાટમાં રાખેલી બાપુની છબી પાસે ગોઠવી દીધો. કબાટ બંધ કરીને એ લક્ષ્મીની પથારી પાસે પહોંચી ત્યારે હજી તો સવારના સાડાસાત થયા હતા.

લક્ષ્મીને પોતે ગોઠવેલી યોજનાની વાત કરવી કે નહીં તે અંગે વિચારતી હતી ત્યાં તો લક્ષ્મીએ જ પથારીમાં પડ્યા પડ્યા વાત માંડી:

'સવલી! મને એક સ્વપ્નું આવ્યું ને તેય પાછલી રાતે.'

'સ્વપ્નામાં શું જોયું?'

'બાવાની ટેકરી પર ગાંડાકાકા ને પિસ્તોલકાકા લડી પડ્યા અને પછી પિસ્તોલકાકાએ તારી નામરજીની વાત કહી દીધી. પછી તો ગાંડાકાકા ધૂંઆપૂંઆ થતા ચાલ્યા ગયા. એટલામાં સુધીરે ઘરે આવીને તને કહ્યું: "હું તને ફૂલની જેમ રાખીશ." તેં એને સમજ પાડી કે: "આ લખમીને તું બહુ ગમે છે. તમે બેઉ પરણી જાવ." સુધીરે ના પાડી ને ચાલ્યો ગયો. પછી તો પિસ્તોલકાકા છગન પરભુને ત્યાં શાંતિલાલ માટે તારી વાત મૂકવા જાય છે પણ ઘસીને ના પાડે છે અને કહે છે: 'સવલીને હું ઘરમાં ન ઘાલું. એને ભણતરનું અભિમાન છે અને માસ્તરે લાડમાં ફટવી મારી છે." પછી

પિસ્તોલકાકા ગોવનકાકાને લઈને મારા બાપુ પાસે જાય છે અને પોક મૂકીને રડી પડે છે.'

'પછી?'

'પછી જાગી ગઈ અને આ તને જોઈ, સવલી! આપણે બેઉ કુંવારી રહી જઈએ એવો ઘાટ છે.'

'આજે રાત સુધીમાં બધું સમજાઈ જશે.' સવિતાએ નિરાંતે જવાબ આપ્યો અને પોતે જે ગોઠવણ કરી હતી તે આખી વાત લક્ષ્મીને કરી. લક્ષ્મીને એ વિચાર ગમી ગયો. બંને જણ બધી બાજુએથી ઘેરાઈ ગયાં હતાં તેથી આટલી નાઠાબારી મળી એટલે રાજી થયાં. હવે બંને બહેનપણીઓ પાસે સાંજની આરતી થાય ત્યાં સુધી રાહ જોયા સિવાય બીજું કામ ન હતું.

* * *

સાંજ પડવાને થોડીક વાર હતી ત્યાં સવિતા અને લક્ષ્મી બાવાની ટેકરીએ પહોંચી ગયાં. ઓટલા પરના છાંયામાં બેસી બંને ક્યાંય સુધી તળાવમાં ખીલેલાં કમળો જોતાં રહ્યાં. સવિતાનું મન શાંત હતું; પરંતુ બાપુનો નિર્ણય શો હશે એ અંગેની અનિશ્ચિતતા એની શાંતિને પજવી રહી હતી. આજે એના જીવનનો સૌથી મોટો નિર્ણય થવાનો હતો અને વળી એ નિર્ણય હનુમાનદાદા અને બાપુ મળીને લેવાના હતા. હવે એણે કશું જ કરવાનું ન હતું, કેવળ આદેશને અનુસરવાનો હતો. દીવાબત્તીનો સમય થવા આવ્યો એટલે પૂજારીએ આરતીની તૈયારી કરવા માંડી. બંને બહેનપણીઓ મંદિરમાં આવીને ઊભી રહી ગઈ. દિવસ અને રાત એકબીજામાં ઓતપ્રોત થઈ ગયાં ત્યારે આરતી શરૂ થઈ. પૂજારીએ આરતીનો થાળ ધર્યો ત્યારે સવિતાએ ભાવપૂર્વક આસકા લીધા અને એક આનો મૂક્યો. પ્રસાદ લઈને સવિતા અને લક્ષ્મી ગામમાં દાખલ થયાં ત્યારે કેટલાક લોકો તો વાળુપાણી કરીને પરવારી જઈને ઓટલે બેઠા હતા. સવિતા સાવ મૌન હતી અને તેથી લક્ષ્મી પણ મૂગી રહી.

બંને ઘરે પહોંચ્યાં ત્યારે ઓટલા પર પિસ્તોલકાકા, ગોવનકાકા અને પરમાનંદ બેઠા હતા. ઝટ ઝટ ઘરમાં જઈને સવિતાએ ફાનસ પેટાવ્યું અને વચલી પરસાળની આગલી બારસાખ પર સાંકળ ભેરવવાના ગોળ ખીલા પર ભેરવી દીધું. લક્ષ્મીએ સૌના માટે ચા બનાવી અને બધાં વચલી પરસાળમાં ગોઠવાયાં. ક્યાંય સુધી કોઈ કશું બોલ્યું નહીં. છેવટે ગોવનકાકાએ વાતની માંડણી કરી:

'સવિતા! અમે ત્રણે જણાએ બધી બાજુથી વિચારી જોયું. આ પિસ્તોલ તો રાતે ઊંઘવાનું ભૂલી ગિયો છે. તું બધી રીતે સુખી થાય એમાં અમે હૌ રાજી. અમે જે કંઈ કરવાના તે તારા ભલા માટે જ હોય. બધાં વતી તને એટલું કહું કે તારું ભલું ગાંડા પટેલને ત્યાં જ દેખાય છે! પિસ્તોલ! મારી વાત ખોટી હોય તો કહે.'

'તારી વાત હત્તર આના ને ચાર પાઈ.' પિસ્તોલે ટૂંકમાં પતાવ્યું.

'તમે બંને બહેનપણીઓ સમજી જાવ અને અમારા પર ભરોસો રાખો.' પરમાનંદે ટાપશી પૂરતા કહ્યું.

'બાપુ! સવિતાને તમારા પર સૌંમાં પૂરો વિશ્વાસ છે એમાં શંકા નો રાખતા. એનું મન માનતું નથી એ વાત જુદી છે.' લક્ષ્મીએ સવિતા વતી જવાબ વાળ્યો.

'તમે બંને હવે ખાઈ-પીને પરવારો પછી વાત કરીએ. ત્યાં લગણ અમે બેઠા

છીએ.' પિસ્તોલે વાત તૂટી ન જાય એ આશયથી મધ્યાંતર પાડ્યો.

'સવિતાને આજે ઉપવાસ છે.' લક્ષ્મી બોલી.

'આજે પાંચમ ને રવિવાર છે. 'આજે ઉપવાસ શેનો?' ગોવનથી પુછાઈ ગયું.

'એમ જ, અમથું.' લક્ષ્મીએ કહ્યું.

સવિતા ગંભીર વદને નીચું ઘાલીને બેઠી હતી. એ શું કહે છે તે સાંભળવા સૌ વડીલો આતુર હતા અને ચિંતિત હતા. કશુંય બોલ્યા વગર સવિતા ઊભી થઈ અને ફાનસના અજવાળે કબાટ પાસે ગઈ. કબાટ ખોલીને એના દરવાજાની ઓથે એ થોડીક વાર ઊભી રહી. કબાટના અંધારામાં જ એનો ધ્રૂજતો હાથ ઇસ્કોતરા પર ગયો. ઇસ્કોતરો ખોલીને સવિતાએ બે કાપલીઓને પોતાની આંગળીઓના સ્પર્શે જુદી તારવી. બાપુની છબીને મનોમન વંદન કરીને એ ધીમેથી બોલી: 'જે હનુમાનદાદા.' એક કાપલી ઉપાડી લઈને એણે ઇસ્કોતરો બંધ કર્યો. કબાટ બંધ કરીને એણે કાપલી પર લખાયેલા મરોડદાર અક્ષરો ફાનસના આછા અજવાળામાં વાંચી લીધા અને બધાં બેઠાં હતાં ત્યાં આવીને પોતાની જગા પર ચૂપચાપ ગોઠવાઈ ગઈ. આ બધું ખૂબ જ ઝડપથી બની ગયું. સવિતા કબાટ પાસે શા માટે ગઈ, ત્યાં જઈને શું કર્યું એ અંગે લક્ષ્મી સિવાય કોઈને કશો અણસાર ન આવ્યો. લક્ષ્મીનું હૃદય જોરથી ધબકી રહ્યું હતું. સવિતાનો ચહેરો ગંભીર હતો. એના ચહેરા પરથી લક્ષ્મીને પરિણામ શું આવ્યું તેનો કશો ખ્યાલ ન આવ્યો. વચલી પરસાળમાં સૌ શાંત બેઠાં હતાં, પરંતુ સૌના હૈયામાં ઉચાટ હતો. લક્ષ્મીની તો એક એક પળ હૃદયના ધબકારા જાણે બંધ પડી જશે એવા ફફડાટમાં વીતી રહી હતી.

છેવટે સવિતાએ પોતાનું મૌન તોડ્યું. અત્યંત સ્વસ્થતાપૂર્વક પિસ્તોલકાકા તરફ જોઈને એણે કહ્યું:

'કાકા! મને તમારા સૌની વાત મંજૂર છે. દિવાળી પર લગ્નની તૈયારી કરો. મારા બાપુ પણ આ વાતે રાજી થશે.'

બારસાખ પર લટકતા ફાનસાના મ્લાન અજવાળામાં સવિતાના ગંભીર ચહેરા સામે સૌ જોઈ રહ્યાં. એકાએક શું બની ગયું તેનો ખરો ખ્યાલ લક્ષ્મી સિવાય કોઈને નહોતો. એ રડુંરડું થઈ રહી હતી અને છતાં રડી પડવાની હિંમત એનામાં ન હતી.

ગામના અંધારાને વચલી પરસાળના આછા અજવાળામાં જે કંઈ બની ગયું તેની ગંધ પણ આવી નહીં.

૮

ભૂતિયા પીપળાની છાયામાં

સવિતાએ જીવનના કઠોર સત્યને સ્વીકારી લેવાનો સંકલ્પ કરી લીધો. લગ્ન પછી સુધીરને પોતાના અણગમાનો અણસાર પણ ન આવે એ માટે લગ્ન પહેલાં જ પોતાના મનને કેળવી લેવાનો નિર્ધાર એણે કરી લીધો. આમે સુધીર માટે કોઈ પૂર્વગ્રહ એના મનમાં ન હતો. પ્રશ્ન હતો શાંતિલાલને ભૂલવાનો અને એની મૂર્તિની જગ્યાએ ધીરે ધીરે સુધીરની મૂર્તિ ગોઠવવાનો. આ કામ કપરું હતું; પરંતુ હજી લગ્નને ત્રણેક મહિનાની વાર હતી. આટલા ગાળામાં પોતે પૂરેપૂરી સ્વસ્થ થઈ જશે એવી શ્રદ્ધા હતી. પોતે બાપુની ઇચ્છાને અનુસરી રહી છે એ વાતનું આશ્વાસન પણ એની વસમી મથામણને સહેજ હળવી બનાવી રહ્યું હતું.

લક્ષ્મી આ મથામણને ઉદાસ બનીને નીરખી રહી. સવિતા સાથે જીવનભરનાં બહેનપણાં નિભાવવા એ કૃતનિશ્ચયી હતી. મૈત્રી માટે એ ગમે તે કિંમત ચૂકવવા તૈયાર હતી. સવિતા એની સખી જ નહીં, સગી બહેન બની ગઈ હતી. સવિતાએ જે કઠોર વાસ્તવિકતાને બાપુની ઇચ્છા સમજીને સ્વીકારી લીધી હતી તે વાસ્તવિકતા હજી લક્ષ્મીને ગળે ઊતરતી ન હતી. પણ સમાજ આગળ અને ખાસ તો સવિતા આગળ એ સાવ લાચાર હતી. આ લાચારી જ એની ઉદાસીનું કારણ હતી. સવિતા શાંતિલાલને પામે એવું એ હૃદયથી ઇચ્છતી હતી અને એ ઇચ્છા સવિતાની સંમતિથી ભોંયભેગી થતી હતી તેનું એને દુ:ખ હતું. સવિતાનાં શમણાં નંદવાઈ રહ્યાં હતાં તે એનાથી જોયું જતું ન હતું.

કોણ જાણે કેમ પણ લક્ષ્મી આજે સવિતા કરતાં વહેલી ઊઠી ગઈ. ચાંદરી અંગેનાં જે જે કામો સવિતા પતાવતી તે સઘળાં આજે એણે પતાવ્યાં. સવિતાને એણે જ્યારે હળવી ટપલી મારીને જગાડી ત્યારે છ થવા આવ્યા હતા. સવિતા ઘણા દિવસો પછી બરાબર ઊંઘવા પામી હતી. લક્ષ્મીની સ્ફૂર્તિનું કારણ એને ન સમજાયું. એ ઊઠી ત્યારે લક્ષ્મીએ એને માટે કોઈ જ કામ બાકી રાખ્યું ન હતું. બંને જણાં થોડી વાર હીંચકે બેઠાં.

'લખમી! આજે તારે મારું માથું ચોળી આપવાનું છે. અરીઠાં બોળીને તૈયાર રાખ્યાં છે.'

'જરૂર. આજે લોટે જઈએ ત્યારે દૂર સુધી ચાલવું છે. મને વિલાતી આમલી ખાવાનું મન થયું છે. ઓણસાલ એ ધરાઈને ખાધી નથી'

'હું તું કહે ત્યાં સુધી ચાલવા તૈયાર છું. આવીને રોટલા ટીપીશું ને માથું ધોઈશું.'

'આજે તો આરિયાં પણ ખાવાં છે ને જમરૂખ પણ ખાવાં છે. બાપુ કાલે જમરૂખ લાવેલા પણ આપણે જાતે ઝાડ પરથી પાડીને ખાઈએ ત્યારે એ ખાવાની મજા બહુ આવે.'

'હું દાતણ કરી લઉં એટલી વાર. પછી ઊપડીએ.'

બંને બહેનપણીઓ હાથમાં કળશિયો લઈને ચાલવા માંડી. ઘણા દિવસો પછી સવિતા થોડીક હળવી બની હતી. મંદિરિયે પહોંચ્યાં ત્યારે શેઢાઓ પર મંજરિયાળું ઘાસ પવનમાં ડોલી રહ્યું હતું. વાયરાને કારણે સૂકા ઘાસમાં લહેર ઊઠતી હતી. કળશિયા બાજુએ મૂકીને બંને જણાં વિલાતી આમલીના દેંક એકઠાં કરવા માંડ્યાં. થોડાક દેંક એકઠાં થયાં હશે ત્યાં સવિતાએ ચોંકીને કહ્યું:

'લક્ષ્મી! ભૂતિયા પીપળા આગળના તકિયા પાસેથી કોઈ આવતું જણાય છે. મને તો લાગે છે કે શાંતિલાલ છે.'

'મને ખબર છે.' લક્ષ્મીએ ઠંડે કલેજે કહ્યું.

'આપણે જે યોજના ઘડેલી તે....'

'એ બધી વાત પછી. હવે તો શાંતિલાલ સાથે વાત કર્યે જ છૂટકો. તારે એને જે કહેવું હોય તે કહેજે. હું આમતેમ ચાલી જઈશ, પણ એટલું યાદ રાખજે કે એ આપણો બોલાવ્યો આવે છે અને તારી ગાડી બીજે પાટે ચડી ગઈ તેની એને ખબર નથી.'

'સમજી, પણ તેં મને પહેલાં કહ્યું કેમ નહીં?' સવિતાએ ગુસ્સો ઠાલવ્યો.

'તે ઘરે જઈને મારું અથાણું કરજે પણ હમણાં બાજી સમાલી લે.'

'હું તો કંઈ નથી બોલવાની.'

'તને મારા સમ છે.'

હવે શાંતિલાલ નજીક આવી પહોંચ્યો એટલે વધારે ચર્ચા કરવાની છૂટ ન હતી.

'શાંતુભાઈ! તમે આવ્યા ખરા. મને ખાતરી હતી જ.' લક્ષ્મીએ બાજી સંભાળી લેતાં કહ્યું.

'મને હરિગંગાએ તારો સંદેશો આપ્યો.' શાંતિલાલે સ્પષ્ટતા કરી.

'સવિતા, હવે તું વાત કર. હું તકિયા પાસેની જમરૂખી આગળ ઊભી છું. શાંતુભાઈ તને મળવા આવ્યા છે, મને નહીં, હં કે!' લક્ષ્મીએ બધી વાત ખુલ્લી કરી દીધી.

લક્ષ્મી થોડેક દૂર ગઈ એટલે શાંતિલાલે વાતની શરૂઆત કરી. સવિતા નીચું જોઈને એ સાંભળી રહી.

'મને ખબર છે કે તારી સગાઈ સુધીર સાથે થઈ છે. મને એ પણ ખબર છે કે તારી બહુ મરજી નથી. મને તો ત્યાં સુધી અણસાર મળ્યો છે કે તું મને પરણવા રાજી હતી અને કદાચ હજીયે છે. જો આ વાત સાચી હોય તો મારે એટલું જ કહેવાનું કે હુંય રાજી છું. જરૂર પડે ઘરનો, કુટુંબીઓનો અને સમાજનો વિરોધ વહોરીનેય તારી સાથે જોડાવા તૈયાર છું.'

સવિતા નીચું ઘાલીને હાથમાં ઝાલેલી ઘાસની સળી વડે ભોંય ખોતરતી રહી. એની આંખો આંસુથી છલકાઈ ઊઠી. એ ક્યાંય સુધી એક શબ્દ પણ બોલી ન શકી. સવિતાના મૌનને કારણે શાંતિલાલ થોડો મૂંઝાયો. એય થોડી વાર માટે શાંત થઈ ગયો. પોતે કશોક બફાટ કરી બેઠો છે એમ માનીને એણે કહ્યું:

'મારી વાત ખોટી હોય તો હું દિલગીર છું. મારે તો એટલું જ કહેવું છે કે તું તૈયાર હોય તો હું તૈયાર છું. એક વાર મારા બાપુજીએ મને વાત કરેલી ત્યારે જ મેં હા પાડેલી પણ પછી કોણ જાણે....'

'તમારે દિલગીર થવાની શી જરૂર? બધો નસીબનો ખેલ છે. બાપુએ મને તમારા અંગે પહેલી વાર વાત કરી ત્યારે હુંય ખુશ હતી. જો વડીલો ન હોય, ગામ ન હોય અને સમાજ ન હોય તો હું અબઘડી તમારી સાથે ચાલી નીકળું. પણ હવે તો દૂધ ઢોળાઈ ગયું.' સવિતા આટલું બોલતાં ફરી રડી પડી.

'હું સમજ્યો નહીં.'

'આ ભવ આપણે ચૂકી ગયા. હવે તો....'

'હું દબાણ તો નહીં કરી શકું પણ હજીય તું જો હિંમત બતાવે તો હું પાછો નહીં પડું.'

'દબાણ તો જ્યાં મરજી ન હોય ત્યાં કરવું પડે. હું તો ચાલવાને બદલે દોડવા તૈયાર હતી પણ બાપુના ગયા પછી સાવ એકલી પડી ગઈ હોઉં એવું લાગ્યા કરે છે. એટલું નક્કી કે જીવનભર તમને ન પામ્યાનો વસવસો મનમાં રહેશે. હવે લગ્નની વાત બંને ભૂલી જઈએ. રોજ નાહીને દીવો કરું ત્યારે એક પળ હું તમારા ભલા માટે પ્રાર્થના કરી લઈશ. તમે પણ ક્યારેક મને યાદ કરી લેજો. આપણા નસીબમાં આટલું જ લખ્યું જણાય છે.' આટલું બોલતાં સવિતા રડી પડી.

શાંતિલાલ એકી નજરે સવિતાના ચહેરાને જોતો રહ્યો. વહેતાં આંસુ એ ચહેરાને અધિક રૂપાળો બનાવી રહ્યાં હતાં. નસીબે પોતાની સાથે કેવી ક્રૂરતા આચરી છે એ ખ્યાલ એને શૂળની માફક પીડી રહ્યો. કશુંય બોલ્યા વગર એ સૂનમૂન બેસી રહ્યો. વગડાના શાંત વાતાવરણમાં બંને જણનું મૌન ક્યાંય સુધી સચવાઈ રહ્યું. બંને મૌન હતાં અને તોય એકબીજાને ઘણુંબધું કહી રહ્યાં હતાં.

'જો વાંધો ન હોય તો એક અરજ છે.' સવિતાએ દૂરથી લક્ષ્મીને આવતી જોઈને વાત શરૂ કરી.

'ફરમાવ.'

'આ લક્ષ્મી અંગે વિચારી જોજો.'

'સવિતાના વિચારોમાંથી છૂટું તો ને!'

'જો તમારા બંનેનું ગોઠવાય તો મારું દુ:ખ થોડુંય હળવું થશે.'

'હું ખાતરી નથી આપતો પણ....'

'મારે ખાતરી નથી જોઈતી. મને એ માગવાનો હક પણ નથી. મેં તો લખમીને પૂછ્યું પણ નથી. આ તો મારા હૈયામાં હમણાં જ ઊગેલી વાત છે.'

'હું હવે જાઉં છું પણ જતા પહેલાં એક વાત કહું? આજે આપણે મળ્યાં તે પણ જીવનભર મને તો યાદ રહી જશે. આજે વૈશાખી પૂનમ એટલે બુદ્ધપૂર્ણિમા. ભગવાન બુદ્ધનો જન્મદિન! આપણા પહેલા અને કદાચ છેલ્લા મિલનની યાદમાં દર વર્ષે આ દિવસે એક પુસ્તક મોકલતો રહીશ. આ વાત આપણે બે જ જાણીએ. તું જ્યાં પણ હશે ત્યાં તને પુસ્તક મળી જશે. એના પર મારું નામનિશાન નહીં હોય પણ એને પાને પાને હું તારી આંગળીઓનો સ્પર્શ પામીશ. હું એ પુસ્તક વાંચીને જ મોકલીશ એટલે તને પણ પ્રત્યેક પાને સૂક્ષ્મ રીતે મને મળતી હોય એવી લાગણી થશે.

હવે આપણે આ જ રીતે મળી શકીશું. તું એ ભેટ સ્વીકારીશ ને?' શાંતિલાલે ગળગળા માટે કહ્યું.

'એ ભેટ સ્વીકારવાનો પ્રશ્ન જ નથી. દર વૈશાખી પૂનમે હું એ ભેટની કાગને ડોળે રાહ જોઈશ. દર વર્ષે ભેગી થતી એ ચોપડીઓને જીવની જેમ સાચવીશ અને વારંવાર વાંચીશ. તમે આ વચન પાળજો. ને ફરીથી કહું છું કે લક્ષ્મી અંગે વિચારજો.' સવિતાએ આંખોને લૂછતાં લૂછતાં કહ્યું.

લક્ષ્મી આવી પહોંચી ત્યારે બંને જણાં ફરીથી મૂંગાં બની ગયાં. લક્ષ્મીની વિદાય લઈને શાંતિલાલે ભૂતિયા પીપળાની ઘરેડને રસ્તે ગામ ભણી ચાલવા માંડ્યું. સવિતા, દેખાતો બંધ થયો ત્યાં સુધી શાંતિલાલને જોતી રહી. લક્ષ્મી અને સવિતા ફરીથી એકલાં પડ્યાં. લક્ષ્મી પાસે જમરૂખ હતાં અને સવિતા પાસે આમલી હતી પણ બેમાંથી કોઈનું ચિત્ત આમલી કે જમરૂખમાં ન હતું.

જે કાંઈ બની ગયું તેનાથી સવિતા એવી તો અભિભૂત થઈ ગઈ હતી કે આખાય ષડ્યંત્રની જાણ આગળથી ન કરવા બદલ લક્ષ્મીને ઠપકો આપવાનુંય ભૂલી ગઈ. એ તો જે બની ગયું તેના અહોભાવમાંથી જ હજી બહાર આવી ન હતી. જે શાંતિલાલને પામવાની એને ઊંડી ઝંખના હતી તે ઝંખના ઝાંઝવાનું જળ બનીને, દૂરથી તરસતા રહેવાનું નિમિત્ત બની ગઈ હતી. સમગ્ર ઘટના આઘાતનજક હતી; પરંતુ આઘાતની સાથોસાથ કશુંક કોમળ, હૃદયરમ્ય અને જીવનભર સાચવી રાખવું ગમે એવું એ પામી હતી. અત્યાર સુધી એના મનમાં શાંતિલાલ માટે આકર્ષણ હતું. આ મુલાકાત પછી એ આકર્ષણ ઊંડા આદરમાં પલટાઈને એના ભાવજગતનો કાયમી અંશ બનીને હૃદયના એક ખૂણામાં ગોઠવાઈ ગયું.

ઘરે પહોંચીને લક્ષ્મીએ માથું ચોળવા માટેની તૈયારી કરવા માંડી તોય સવિતા હજી શાંતિલાલની ભાવસૃષ્ટિમાંથી બહાર આવી ન હતી. લક્ષ્મીએ ઘરને પાછલે અને આગલે દરવાજે અંદરથી સાંકળ વાસી દીધી અને તાંબાકૂંડી ઉપરાંત બે બાલદીઓ પાણીથી ભરીને નાવણિયામાં ગોઠવી દીધી. નાવણિયું ઉપરથી સાવ ખુલ્લું હતું અને ત્રણ બાજુએ પાંચેક ફૂટ ઊંચી પાળની વચ્ચે કપડાં ધોવા માટેનો ખરબચડો પથ્થર જડેલો હતો. નાવણિયાની પાળી પર લક્ષ્મીએ અરીઠાંની તપેલી, દૂધ અને ચણાના લોટના મિશ્રણની વાટકી, પીઠ પર ઘસવા માટેનું સૂકું ગલકું તથા ભાંગેલા નળિયાનું સુંવાળું ઠીકરું – એમ બધી સામગ્રી ગોઠવી દીધી. સવિતા હજી વિચારોમાં જ ખોવાયેલી હતી. લક્ષ્મીએ સાદ પાડ્યો ત્યારે અર્ધાંપર્ધાં વસ્ત્રો પહેરીને એ નાવણિયામાં આવી અને બાજઠ પર ગોઠવાઈ ગઈ. લક્ષ્મીના મનમાંય ગડમથલ તો ચાલતી જ હતી. સવિતાના લાંબા વાળને પલાળવા સાથે એણે જ વાત શરૂ કરી:

'સવલી! હું જાણું છું કે તું મારાથી નારાજ છે પણ તું જ કહે, હું શું કરું?'

'હવે તો હું નારાજ થવા માટેય સ્વતંત્ર નથી.'

'બહુ હુંશિયારી ન માર. તું નારાજ છે અને તેથી મારી સાથે બરાબર બોલતી નથી.'

'એવું નથી.'

'એવું જ છે.'

'જે બની ગયું તે ઠીક થયું.'

'વાત એમ બની કે તે દિવસે આપણે યોજના ઘડી કાઢી તેને બીજે જ દિવસે મને શાંતિલાલની બહેન હરિગંગા મળી ગઈ. મેં એને કામ સોંપ્યું અને એણેય વાત પકડી લીધી. ભાઈનું મન પણ એ જાણતી હતી. છેક ગઈકાલે વાત પાકી કરીને એણે મને જણાવ્યું. અહીં આપણી વાત તો પતી ગયેલી પણ હું એને ના પણ કેવી રીતે પાડું? મેં તો તને પૂઈછાગાઈછા વિના હા પાડી દીધી. હવે તું જ કહે કે તું મારી જગાએ હોય તો....'

'પણ મને ક્યાં વાંધો પડ્યો? સારું થયું, બધી વાત પતી ગઈ.'

'તે સવલી! એણે તને....'

'આપણી ગણતરી સાચી હતી. એની પૂરી તૈયારી હતી જ પણ હવે એ ભૂલી જા. હવે તો બાપુની ઇચ્છા....'

'સવલી! હજી મોડું નથી થયું. તારી પાકી ઇચ્છા હોય, એની પૂરી તૈયારી હોય તો આખી દુનિયા જખ મારે છે. મારા બાપુને હું સમજાવું, પિસ્તોલકાકાને તું સમજાવ અને બે જણા માની જાય તેમાં ગોવનકાકા આવી ગયા. બોલ તૈયારી છે?'

'લખમી! હવે દૂધ ઢોળાઈ ગયું.'

'તું ગાંડી તે ગાંડી જ રહેવાની.'

'અરે! હું ડાહી થઈ ગઈ છું તેથી તો સુધીર સાથે જોડાઈ રહી છું ને!'

'હજી બગડેલી બાજી સુધરી શકે તેમ છે.'

'મારે બાજી નથી સુધારવી. હવે તો મારે કોકનું જીવન જાળવી લેવું છે. હવે કશું ઊંધુંચત્તું થાય તો બાપુનો આત્મા જ્યાં હોય ત્યાં કોચવાય.'

'તું મનગમતા આદમીને પરણે તેમાં ગણપતકાકાનો જીવ કોચવાય કેવી રીતે?'

'પાંચ દિવસ પહેલાં મેં પણ એમ જ કહ્યું હોત. પણ લખમી! બાપુને અને કુદરતને આ જ મંજૂર છે. જો મારા હાથમાં બીજી ચિઠ્ઠી આવી હોત તો તુંય જોતી રહી જાત કે હું કેટલી મક્કમ....'

'તારા આ ગાંડપણને કારણે શાંતિલાલ દુ:ખી થશે, બિચારો સુધીર દુ:ખી થશે અને તુંય દુ:ખી થઈશ. તું દુ:ખી એટલે હુંય દુ:ખી!'

'સુધીર દુ:ખી નહીં થાય એની ખાતરી રાખજે.'

'અરે સવલી! જરાક વિચાર તો કર કે....'

'હવે હું કંઈ જ વિચારવાની નથી. જે માણસ વિચારે તે દુ:ખી થાય. જે વિચારે નહીં તેને કોઈ દુ:ખ નહીં!'

'તું ઢીલી પડી ગઈ તે મને ન ગમ્યુ.'

'બહેન મારી! હું ઢીલી નથી પડી, નસીબ ઢીલું પડ્યું.'

'નસીબનો વાંક શેની કાઢે છે વળી! શાંતિલાલ તૈયાર ન હોય તો નસીબનો વાંક કઢાય. આ તારો જ વાંક ગણાય.'

'તારે એમ માનવું હોય તો એમ માન. પણ હવે હું ઝાઝું વિચારવાની નથી.'

'તું પહેલાં નંબરની જક્કી છે.'

'આજે તું ગાળ દે તોય સાંભળી લઈશ. તું મારે બરડે ઠીકરું ઘસતા લોહી તો નહીં કાઢે ને? ભારે ગુસ્સામાં જણાય છે.'

'તને તારા બરડાની ફિકર છે ને ત્યાં શાંતિભાઈ બચારો....'

'એય! એક વાત પૂછું?'

'બોલ.'

'ગુસ્સે નહીં થાય?'

'ખાતરી નથી આપતી.'

'તો નથી કહેવાની જા.'

'હવે કહેતી હોય તો કહે ને નહીં તો...'

'શાંતિલાલ તને કેવો લાગ્યો?'

'એટલે?'

'તું એને માટે તૈયાર ખરી?'

'તું મારી વાત છોડ અને એમ પૂછ કે શાંતિલાલ મારે માટે તૈયાર ખરો?'

'એ વાત વિચારવી પડે પણ....'

'પણ ને બણ. ડાહી સાસરે નહીં જાય અને ગાંડીને શિખામણ આપે તેવો ઘાટ.'

'ડાહી સાસરે જવાની અને ગાંડીને પણ સાસરે રવાના કરવાની, સમજી.'

'સવલી! હજી મારું માની જા.'

'ગાંડી હોય તે ડાહીનું માને. તું ગાંડી છે એમાં તનેય કોઈ શંકા ખરી!'

'હા, હા! તું ડાહી ને હું ગાંડી, બસ!'

'તો પછી મારું માનવું પડશે.'

'હવે શાંતિલાલ થોડો માનવાનો છે?'

'હવે બહેન-બા ઠેકાણે આવ્યાં ને!'

માથું ચોળાઈ રહ્યું તોય વાતચીત તો ચાલુ જ રહી પણ આગલા બારણાની સાંકળ ખખડી અને લક્ષ્મી બારણું ખોલવા ગઈ. સામે ટપાલી ઊભો હતો. માસ્તરના પેન્શનના છેલ્લા હપ્તાનો મનીઑર્ડર આવ્યો હતો. એ કહેતો હતો કે માસ્તરની સહી વગર રકમ આપી ન શકાય. લક્ષ્મી નાવણિયા પાસે ગઈ અને ટપાલીએ જે કહ્યું તે સવિતાને કહી સંભળાવ્યું. સવિતાએ કહ્યું: 'એને કહી દે કે અમારે રકમ નથી જોઈતી.'

સાંકળ વાસીને લક્ષ્મી પાછી નાવણિયામાં આવી અને સવિતાને બરડે ઠીકરું ઘસવા માંડી. એ ઠીકરું ઘસી રહી હતી ત્યારે એના ચિત્તમાંય એક શબ્દ ઘસરકો પાડી ગયો હતો.

એ શબ્દ હતો: શાંતિલાલ.

૯

ઠીકરાં તોય બરણીનાં!

સવિતા અને સુધીર પરણી ગયાં. સવિતાનું તો જાણે આખું જીવન જ બદલાઈ ગયું. એના ઘરે તો બાપુ અને પોતે એમ બે જ જણાં હતાં જ્યારે અહીં તો આખું ઘર ભરેલું ભરેલું લાગે! ઘરમાં ચાર જણ અને અવરજવર પણ ઘણી. અત્યાર સુધી જેમને 'ગાંડાકાકા' કહેલા તેમને 'બાપુજી' કહેવાનું શરૂ કર્યું. 'મંછીકાકી' રાતોરાત 'બા' બની ગયાં. 'સુધીર' જોતજોતામાં 'એ' બની ગયો. લક્ષ્મી રાતદિવસ સાથે રહેતી તે હવે અઠવાડિયે એક-બે વખત મળતી થઈ ગઈ. હનુમાનદાદાને પગે લાગવા જતી વખતેય, 'બા જરા બાવાની ટેકરીએ જઈ આવું?' – એમ પૂછીને જવાનું શરૂ થયું. સૂરત નોકરીએ જતા સુધીરને રોજ સવારે સાડાનવ વાગે જમાડીને સાઈકલ પર વિદાય કરવાની તૈયારી કરવાનો અને સાંજે સાડાછના અરસામાં એ પાછો આવે ત્યારે જમવાનું તૈયાર રાખવાનો રિવાજ પણ સવિતાએ સાચવી લીધો હતો.

જે ઘરને ખૂણેખાંચરે બાપુની સ્મૃતિ સચવાયેલી હતી, તે ઘર હવે આ નવા જીવનમાં લગભગ નેપથ્યમાં ચાલી ગયું હતું. એક નવું ઘર ધીરે ધીરે પોતીકું બની રહ્યું હતું. બાપુને ઘરેથી એ જે કંઈ લાવી હતી તેમાં થોડીક જણસ, થોડાંક કપડાં, બાપુની છબી અને બાપુએ ભેટ આપેલું પુસ્તક મુખ્ય હતાં. સાસરે આવ્યા પછી કામ વધી પડ્યું હતું તોય સવિતાને વાંચવાનો સમય તો મળી જ રહેતો. બીજું બધું તો ઠીક પણ સવિતા ચાંદરીનેય સાસરે લેતી આવી હતી. બાપુને ત્યાં તો કોઢારમાં ચાંદરી સાવ એકલી હતી. જ્યારે અહીં તો એ ચાર ચાર બળદો, ત્રણ ભેંસો અને એક ઘોડા વચ્ચે રહેતી હતી. ચાંદરીને કદાચ આવો ફેરફાર કઠ્યો હશે, કે પછી બીજા કોઈ કારણસર એનું દૂધ ઘટી ગયું હતું. હઠવાર થઈ જવાને કારણે સવિતા સિવાય એ કોઈને દૂધ દોહવા દેતી ન હતી. સવિતા નવરી પડે ત્યારે ચાંદરી પાસે જતી. ચાંદરી પણ સવિતાને જોઈ જ રહેતી. ગમાણમાં ઘાસની પૂળી નાખતી વખતે, કપાસિયા કે ગુવારનો ટોપલો મૂકતી વખતે સવિતા ચાંદરીની શ્યામલ પીઠ પર હાથ ફેરવી લેતી અને એમ કરતી વખતે જેને પોતે પાછળ મૂકતી આવી હતી તે ઘરને, ઘરમાં ગાળેલા જીવનને અને બાપુને પામ્યાની લાગણી અનુભવતી. સાસરામાં સવિતા કોઈ વાતે દુ:ખી ન હતી પણ તોય એ જ્યારે ચાંદરીને નિરાંતે મળતી ત્યારે એની આંખમાંથી આંસુ ટપકી પડતાં.

સાસરે આવ્યા પછી એક નાની ઘટના બની. અહીં ગમાણમાં ઘાસ નીરતી વખતે બળદની ગમાણમાં હંમેશાં નવા ઘાસની પૂળી છોડવાનો રિવાજ હતો અને બળદની ગમાણમાં વધેલું ડૂચું ભેંસની ગમાણમાં ઠલવાતું. ડૂચું પૂરતું ન હોય તો જ ભેંસની ગમાણમાં ઘાસની પૂળી છોડવામાં આવતી. ભેંસને ભારોભાર અન્યાય કરનારો આ રિવાજ સવિતાને ખૂબ કઠતો. એક દિવસ આ અંગે એણે લક્ષ્મી સાથે લાંબી ચર્ચા પણ કરી. ગામમાં બધાને ત્યાં આવો રિવાજ હતો. સાસરે આવ્યા બાદ ના છૂટકે એણે પણ ઘાસ

અને ડૂચા વચ્ચેનો તફાવત સમજી લઈને બળદ પ્રત્યેનો પક્ષપાત સ્વીકારી લીધેલો. આમ છતાં ચાંદરીની ગમાણમાં સવિતા કદી ડૂચું નાખતી નહીં. ચાંદરીને પણ ડૂચું ખાવાની ટેવ ન હતી. પોતાને મળતી આ ખાસ સવલતની જાણ ચાંદરીને ન હતી એ ખરું. પરંતુ આખી કોઢારની એક માત્ર સ્વામિની મટી ગયાનું દર્દ ભૂલી ન હોય એમ એ સવિતાને એકી નજરે જોઈ રહેતી. મંછીબહેને સાસુ તરીકે ચાંદરી તરફ બતાવવામાં આવતા આ પક્ષપાતની નોંધ ક્યારનીય લઈ લીધી હતી; પરંતુ પિયેરિયાં તરફ આવી અમીનજર તો હોય જ એવું એ પોતાના અનુભવોમાંથી પામ્યાં હતાં. સવિતાએ થોડા જ દિવસોમાં સાસુ-સસરાને પોતાના વર્તન અને વિવેકથી જીતી લીધાં હતાં. સુધીરને કોઈ ભાઈ ન હતો પણ કુટુંબીઓમાં સવિતાને ‘ભાભી’ કહેનાર પાંચ-છ દિયર તો હતા જ. એ સૌ ભાભીથી ખુશ હતા. છતાંય સવિતાને સતત લાગ્યા કરતું હતું કે કશુંક ખૂટે છે. શું ખૂટે છે તેનો સ્પષ્ટ ખ્યાલ એનેય ન હતો.

સુધીર પણ સવિતાથી બધી રીતે ખુશ હતો. સોમથી શનિ સુધી લગભગ આખો દિવસ એ બહાર રહેતો, પણ રવિવારે બાકીના બધા દિવસોનું સાટુ વળી જાય એટલું વહાલ સવિતા પર વરસાવતો. સવિતા સુધીરની બધી સગવડ સાચવતી અને ઉમળકાભેર સહકાર આપતી. થોડા જ દિવસોમાં સવિતાએ જોઈ લીધું કે, સુધીર એક સશક્ત, હિંમતવાન, સાહસપ્રેમી અને સુખી થવાની ઉત્કટ ઈચ્છાથી ઊભરાતો યુવાન છે. એ થોડોક ગણતરીબાજ અને અર્થપ્રેમી હતો પણ લોભી ન હતો. એ પૈસા કમાવવામાં અને ખર્ચવામાં માનતો હતો. જરૂર પડે કોઈ માટે ઘસાઈ છૂટવા માટેય એ તૈયાર રહેતો. વળી એ દેખાવડો પણ હતો. એના વ્યક્તિત્વમાં એવું કશુંક હતું જેથી કોઈ ઑફિસમાં કે કોઈ અજાણ્યા માણસ આગળ પોતાની વાત રજૂ કરીને ધાર્યું કામ કઢાવી શકતો. મામલતદાર, કલેક્ટર કે જિલ્લા લોકલબોર્ડની ઑફિસમાં ગામના કોઈનું કામ અટવાઈ પડ્યું હોય તો સુધીર રસ લઈને આંટાફેરા કરીનેય કામનો નિકાલ થાય તે માટે મથતો. છેલ્લા કેટલાક સમયથી સુધીરના મનમાં એક નવી યોજના આકાર લઈ રહી હતી કશીક જબરી મથામણ ચાલી રહી હતી. જેનો અણસાર સવિતા, ગાંડા પટેલ કે મંછીબહેનને ન હતો.

ગાંડા પટેલ પાંચમાં પુછાતા ખાનદાન પટેલિયા હતા. કોઈને માટે પાંચ પૈસા ખર્ચી છૂટે તો બીજા કોઈને એ વાતનો અણસાર પણ ન આવે એવી મોટપ એમની પાસે હતી. રામલીલાવાળા, ભવાઈવાળા, કથાકારો, કાર્યકર્તાઓ કે નેતાઓ માટે ગાંડા પટેલનું ઘર સદાય ખુલ્લું રહેતું. દર ત્રીજે કે ચોથે દિવસે ઘોડાગાડી જોડી એ સૂરત જતા. ઘણુંખરું ગોવન ગધેડી સૂરત એમની સાથે જતો. કોઈ જ કામ ન હોવા છતાં પોતે ગાંડાભાઈ સાથે સૂરત કેમ જાય છે એવો પ્રશ્ન ગોવનને કદી સતાવતો નહીં. ગોવનને પોતાની નવરાશ કઈ રીતે સહ્ય બને તેની ફિકર રહેતી. ગાંડા પટેલે એને દોઢ વાગે આવી રહેવાનું કહ્યું હોય તો ગોવન એક વાગે પહોંચી જતો અને મંછીબહેન સાથે બેસીને ચાનો ‘કોપ’ પીતો. ગાંડા પટેલ જ્યારે વચલી પરસાળના અંધારામાં બપોરની ઊંઘ માણતા હોય ત્યારે ગોવન ઘોડાને ચણા ખવડાવીને તૈયાર કરતો. સૂરત ઉપરાંત આજુબાજુનાં ગામોમાં પણ નાતના વ્યવહારો સાચવવા માટે ગાંડા પટેલને વારંવાર જવાનું બનતું. તેઓ પટેલિયા હતા પણ તે જરાક જુદી જાતના. તેઓ ઘડેલું ભાંગવાવાળા ઘડભાંજિયા ન હતા પણ ભાંગેલું ઘડવાવાળા ભાંજઘડીઆ પટેલ હતા. તેઓ જોડવાનું કામ કરી આપવા પણ જ્યાં તોડવાની વાત આવે કે દૂર ખસી જતા. સ્વભાવે થોડાક સુધારક વૃત્તિના હતા અને આર્યસમાજનો રંગ પણ એમને લાગ્યો હતો. લગ્નના ખોટા ખર્ચાનો તેઓ વિરોધ કરતા ને મરણ પાછળના ખર્ચાળ વ્યવહારો તો એમણે સદંતર ત્યજી દીધા હતા. આખી નાતમાં

સૌથી પહેલું ટ્રેક્ટર એમને ત્યાં આવ્યું હતું. તેઓ જે કામ કરતાં કે નિર્ણય લેતા તેમાં મંછીબહેનની સંમતિ અને સાથ મળી જ રહેતાં. પોતાને ન ગમતી વાત હોય ત્યારે મંછીબહેન ગાંડા પટેલને માત્ર એટલું જ કહેતાં કે: 'તમને ગમ્યું એ ખરું.' ગાંડા પટેલ આ વિધાનનો સૂચિતાર્થ સમજી જતા અને ક્યારેક નિર્ણય બદલતાય ખરા. ગાંડા પટેલ નિર્ણય ન બદલે તોય મંછીબહેન મોં મચકોડ્યા વગર જે કાંઈ જરૂરી હોય તે કરતા અને ગાંડા પટેલના ચાસમાં ચાસ નાખતાં.

સવિતા પોતાનું સૂનું પડી ગયેલું ઘર છોડીને એક ભર્યાભાદર્યા ઘરમાં વહુ બનીને આવી હતી. દીકરી મટીને વહુ બની ગયાનું દર્દ એને ઝાઝું સતાવતું ન હતું, કારણ કે ગાંડા પટેલ અને મંછીબા વહુને દીકરી ગણવાની વૃત્તિ ધરાવનારાં સાસુ-સસરા હતાં. લાજ કાઢવાની ઝાઝી ટેવ ન હતી તેથી સવિતાને થોડીક મુશ્કેલી પડી. સસરાનું માથું ઢાંકવાના રિવાજની તો એને ખબર હતી જ; પરંતુ સાસુની હાજરીમાં સુધીર હોય તો તે વખતેય માથું ઢાંકવું પડે એ વાતની એને ખબર ન હતી. પિસ્તોલકાકા, ગોવનકાકા કે પરમાનંદકાકાની લાજ કાઢવાનો પ્રશ્ન જ ન હતો; પરંતુ તેઓને સસરાજીની હાજરીમાં મળવાનું થાય ત્યારે લાજ કાઢવી પડતી. કૂવે પાણી ભરવા જતી વખતે અને ઓટલો વાળતી વખતે માથું ઢાંકવું પડતું. વળી ઢાંકેલા માથા પરથી લૂગડાનો છેડો સરી જાય ત્યારે તરત એ પાછો માથા પર ગોઠવી દેવો પડતો. સવિતા મંછીબાની માફક કાયમ કાછડો ન વાળતી; પરંતુ કોઈ કામ હોય ત્યારે જ વાળતી. કામ વખતે કાછડો વાળવાનું સવિતા માટે નવું ન હતું; પરંતુ ગાંડા પટેલની હાજરીમાં કાછડો વાળીને કામ કરવામાં એને બહુ સંકોચ થતો. મંછીબા નાનીનાની બાબતોની કેળવણી એને સગી માતાની માફક આપી રહ્યાં હતાં.

જીવનમાં આવેલું આ મહાન પરિવર્તન સવિતા સુંદર રીતે પચાવી રહી હતી. સુધીર અંગે લગ્ન પહેલાં એના મનમાં જે અભાવ હતો તેય ઝડપભેર ઘટી રહ્યો હતો. સુધીરને સમગ્રપણે સ્વીકારવાનો નિશ્ચય કરી લીધા પછી જ એણે લગ્ન માટે હા પાડી હતી. એ નિશ્ચય નવી પરિસ્થિતિને અનુકૂળ થવામાં એને ખૂબ જ મદદરૂપ થયો. એ સુધીરનું મન જાળવી લેતી અને સુધીર પણ એને ખુશ રાખવા બનતું બધું જ કરી છૂટતો. જેમ જેમ એ સુધીરનો પ્રેમ પામતી ગઈ તેમ તેમ પેલો અભાવ ઓસરતો ગયો અને સુધીર પ્રત્યેની લાગણી કેળવાતી ગઈ. આમ છતાં કશુંક ખૂટી રહ્યાની લાગણી સવિતાને સતાવતી હતી. સુધીર માસે ઊંચા વિચારોની કે ઉન્નત જીવન માટેની ઝંખના ન હતી. એ એક સાદોસીધો પણ વીર્યવાન જુવાન હતો. એની પાસે કશુંક કરી નાખવાની તમન્ના અને પૈસો પ્રાપ્ત કરી સુખી થવાની ઉત્કટતા હતી. એ જ્યારે મૂડમાં આવી જાય ત્યારે સવિતાને કહેતો: 'સવિતા! હું એટલા પૈસા કમાવા માગું છું કે તને ઘરની મોટરગાડીમાં ફેરવી શકું અને ફૂલની જેમ રાખી શકું.' સવિતા કાયમ એક જ જવાબ આપતી: 'મને મોટરગાડી વગર ચાલશે પણ ઘરમાં સંસ્કારિતા નહીં હોય તો નહીં ચાલે. મારે મન મોટરગાડી કરતાં તો ચાંદરી અગત્યની.' જવાબ સાંભળીને સુધીર, પોતે એક સુલક્ષણા પત્ની પામ્યો છે એ વાતે અંદરથી હરખાતો. સવિતાના મનમાં છાને ખૂણે પડેલી અપર્યાપ્તતાની લાગણીનો અણસાર પણ સુધીરને આવ્યો ન હતો.

એક રવિવારે સુધીર અને સવિતા સુરત ફરવા ગયાં. ત્રણથી છના શોમાં બંનેએ 'સંગમ' જોયું અને પછી ગાંધીબાગમાં લટાર મારી હોપપુલ પર જઈને બેઠાં. તાપીને આથમણે કિનારે આવેલા તાડવનમાં સૂરજ આથમી રહ્યો હતો. સુધીર ખૂબ જ ખુશ હતો. સવિતા સાથે શહેરમાં આવીને પિક્ચર જોવાનો આ પહેલો પ્રસંગ હતો. ઉત્સાહમાં આવી

જઈને એણે સવિતાને પૂછ્યું:

‘તને સંગમ ગમ્યું?’

‘ઠીક.’

‘કેમ ઠીક?’

‘અંત બહુ કરુણ લાગ્યો.’

‘એ ખરું, પણ પિકચર ખોટું ન કહેવાય. મજા તો પડી.’

‘મને બહુ ન ગમ્યું.’

‘કઈ બાબત ન ગમી?’

‘નાયિકા પોતાના ખરા પ્રેમીને બદલે બીજાને પરણી ગઈ તે.’

‘એવું ન બને તો પિક્ચર ચાલે ખરું?’

‘ન ચાલે.’

‘તું પિક્ચર ઉતારે તો વાર્તાને અંતે શુ લાવે?’

‘બધી સ્મષ્ટતાઓ કરી લીધા પછી નાયિકા મનગમતા આદમીને પરણે તે.’

‘તો તો પિક્ચર ચાલી રહ્યું.’

‘પિક્ચર પણ ન ચાલે અને કદાચ જીવન પણ....’

‘પિક્ચરમાં તો બધું જ ચાલે.’

‘જીવનમાંય બધું ચાલે છે ને!’

‘સવિતા! એક ખાસ વાત તને કહેવી છે.’

‘બોલ.’

‘કોઈનેય કહેવાની નથી.’

‘નહીં કહું.’

‘મારે પરદેશ જવું છે.’

‘એકદમ?’

‘એક એજન્ટ કેનેડામાં નોકરીની વ્યવસ્થા કરી આપવા તૈયાર છે.’

‘પણ ત્યાં શા માટે જવું પડે?’

‘પૈસા કમાવા.’

‘તે આપણી પાસે છે, તે ઓછા છે?’

‘આપણે ખાધેપીધે સુખી ખરાં પણ....’

‘પણ શું?’

‘પણ બીજું ખાસ કશું નહીં.’

‘તે બીજું જોઈએ પણ શું?‘

‘મોટર, બંગલો....’

‘પછી?’

'પછી પૈસા ખૂબ હોય એટલે કાયમની નિરાંત.'

'તે અત્યારે નિરાંત નથી?'

'છે પણ પૈસા હોય તો ફેર પડે.'

'જવાનું થાય તો ક્યારે થાય?'

'છ-આઠ મહિના પછી.'

'બા-બાપુજી એ માટે રજા આપે ખરાં?'

'તેઓને વાત કરી નથી પણ તેઓ તો ના જ પાડશે.

'મારે શું કરવાનું?'

'વાત ખાનગી રાખી મને સાથ આપવાનો.'

'તું જે કરે તેમાં મારો સાથ હોય જ.'

'મારે એટલું જ જોઈએ.'

'કહે, શું કરવાનું છે?'

'હું જઉં અને બે વર્ષમાં જ તને બોલાવી લઉં.'

'મંજૂર.'

'પણ જતાં પહેલાં પૂરા વીસેક હજાર રૂપિયા જોઈએ.'

'વીસ હજાર રૂપિયા?'

'એજન્ટના સાતેક હજાર, વિમાનભાડું બારેક હજાર અને બીજા પરચૂરણ ખર્ચના.'

'એજન્ટ સાત હજાર શાના લે?'

'વીસાની તો જરૂર નથી પણ નોકરી માટે ખટપટ કરીને આપણને ત્યાં કશુંક ગોઠવી આપે તેના બદલામાં એ આટલા રૂપિયા લે.'

'આટલા પૈસા ક્યાંથી લાવવાના?'

'પંદરેક હજારની વ્યવસ્થા મેં કરી છે. તારી પાસે કેટલા નીકળે?'

'અઢી હજાર પૂરા.'

'તું આપી દે ખરી?'

'કેમ નહીં?'

'તો તો બાકીની રકમ હું ગમે ત્યાંથી ઊભી કરી લઈશ.'

'પંદર હજારની વ્યવસ્થા કેવી રીતે કરી?'

'છેલ્લાં ચાર-પાંચ વર્ષથી પગારમાંથી સો ઊંચા મૂકતો હતો. વળી પગારમાંથી પી. એફ. કપાય તે રાજીનામું આપું એટલે મળે. લગ્ન વખતે કેટલાક ખર્ચા ટાળીને મેં બાપુજીને ખબર ન પડે એમ રૂપિયા બે હજાર બચાવેલા. મને પરદેશ જઈ કમાવાની પહેલેથી જ હોંશ હતી. મને ધાક હતો કે તું વિરોધ કરશે. આજે મારો ભાર હળવો થઈ ગયો.'

'એક વાત કહું?'

'જરૂર.'

'હું તો સાથ આપું જ પણ પૈસાને આટલું બધું મહત્ત્વ મળે એ મને નથી

ગમતું.'

'સવિતા! હવે હું શું કરું છું તે જોયા કર. હવે મને કોઈ વાતે રોકીશ નહીં. એટલું જ કે આપણે બે વર્ષ છૂટાં રહેવું પડશે. જીવનમાં કશુંક પામવું હોય તો તકલીફ તો વેઠવી જ પડે.'

'હું તને રોકીશ નહીં અને તકલીફથીય ડરતી નથી, પરંતુ બા-બાપુજીને દુભવીને તું કશુંક કરે તે મને પસંદ નથી.'

'મારો વિચાર પૂરી તૈયારી થઈ જાય પછી એમને વિશ્વાસમાં લેવાનો છે.'

'તે કેનેડામાં મારા આવ્યા પછી કેટલુંક રહેવું પડશે?'

'જો નસીબ યારી આપે તો હું કેનેડાથી અમેરિકા ચાલ્યો જઈશ.'

'તે કેનેડા તું એકલો જ જશે કે?'

'ના, મારી સાથે ચાર જણ છે.'

'કોણ કોણ?

'એક અડાજણનો કણબી છે; બીજો અંભેટાનો કોળી છે; ત્રીજો સૂરતનો અને ચોથો ઈચ્છાપોરનો છે. પરદેશમાં સાથે કોઈ હોય એ જરૂરી. મેં અંગ્રેજી પાકું કરવા માંડ્યું છે, પણ હજી જીભે વળગતું નથી. એ તો ત્યાં પહોંચ્યાં પછી સૌ થઈ રહેશે.'

'પાછા ક્યારે આવવાનું?'

'પૈસા એકઠા થઈ રહે પછી.'

'કેટલા પૈસા એકઠા થાય ત્યારે એવું લાગે?'

'પાંચ-દસ વર્ષ તો લાગી જ જાય.'

'એટલાં બધાં?'

'પણ આવીએ પછી ફિકર જ નહીં.'

'તે અત્યારે આપણે શું....'

'જો ફરી પાછી એ જ વાત! કહું છું, અત્યારે આપણું ઘર રોટલે પહોળું ગણાય પણ પાંચેક હજાર ખર્ચવા હોય તો સત્તર વાર વિચારવું પડે.'

'તે ખર્ચ તો વિચારીને જ કરવો જોઈએ ને!'

'એ ખરું પણ લાગલગાટ બે વર્ષ નબળાં જાય કે તાણમાં આવી પડીએ.'

'એ વાત ખરી પણ પૈસા આવે તે સાથે બીજી ઘણી ઉપાધિ લેતાં આવે.'

'આપણે ચેતીને ચાલવાનું, બીજું શું?'

'મને પરદેશમાં લાંબું રહેવાનું ન ગમે.'

'એ તો શરૂઆતમાં એવું લાગે પણ પછી તો એવું ફાવી જાય કે અહીં આવીએ ત્યારે અહીં ન ગમે.'

'એ વાતમાં માલ નથી.'

'હજી જવા તો દે! પછી જોયું જશે.'

'તારે કાગળ લખવા પડશે.'

'મને તારા જેવું લખતાં ન આવડે.'

'તેં કેમ જાણ્યું કે મને લખતાં સારું આવડે છે?'

'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે.'

'તું તો મારા કરતાં વધારે ભણેલો છે.'

'પણ તોય તું ગણપત માસ્તરની દીકરી.'

'મારા બાપુ તે બાપુ હતા.'

'આપણી સગાઈ થઈ ત્યારે મારા બાપુજીએ શું કહેલું તે ખબર છે?'

'શું?'

'કહેલું કે: ઠીકરાં તોય બરણીનાં.'

'એટલે શું?'

'એટલે એમ કે ભલે છોકરી માબાપ વગરની છે પણ એનું કુળ ઊંચું છે.'

'તે હું તને ગમતી હતી કે?'

'ખૂબ જ.'

'હું ગમતી ન હોત અને બા-બાપુજી તને મારે માટે દબાણ કરત તો તું શું કરત?'

'સાફ ના પાડી દેત. તારી સાથે સગાઈ થઈ તેના થોડાક મહિના પહેલાં બાપુજીએ પરમાનંદ પાવલીની લક્ષ્મીની વાત પણ મને કરેલી. મેં ના પાડી દીધેલી.'

'તે મારી બહેનપણીમાં તને શી ખામી લાગી?'

'ખામીનો સવાલ નથી. મનમાં ન બેસે એટલે વાત ખતમ.'

'ખરું છે.'

'તારી વાત પહેલાં શાંતિલાલ સાથે ચાલતી હતી પણ પછી એ વાત આગળ ન ચાલી અને આપણે પરણી ગયાં!'

'એ હું જાણું છું.

'અંદરની વાત ખબર છે?'

'ના.'

'તારા બાપુ શાંતિલાલ અંગે વિચારી રહ્યા હતા ત્યાં ગધેડી કાકાએ મારા બાપુજીના કાનમાં ફૂંક મારી. તારાં ખૂબ વખાણ કર્યાં. કાકાએ સૂરતથી ગામ જતી વખતે બાપુજીને કહેલું કે: "સવિતા જેવી છોકરી તો તમારે ત્યાં જ શોભે." તારાં વખાણ સાંભળીને બાપુજીએ મારી વાત કરી. બાએ મને કરી અને બીજે જ દિવસે બાપુજી માસ્તરકાકા પાસે પહોંચ્યા અને પાકું કરતા આવ્યા.'

'ગોવનકાકા ઘંટ નીકળ્યા.'

'મને એમણે એક વાત ખાનગીમાં કરેલી.'

'શું?'

'તારું મન શાંતિલાલમાં હતું તેની. પણ પછી કાકાએ કહેલું કે, એક વાર લગ્ન થઈ જાય પછી બધું સીધું થઈ જાય.'

‘તને શું લાગે છે?’

‘કાકાની વાત સાવ સાચી નીકળી.’

બસ પકડવા માટે બંને જણ ઊઠ્યાં ત્યારે સવિતા શાંત હતી. એના મનમાં ગડમથલ ચાલી રહી હતી. સુધીર એનાથી બધી રીતે ખુશ હતો એ જાણીને એને સંતોષ થયો હતો. વળી સુધીરે એને પોતાની ખાનગી યોજના જણાવીને વિશ્વાસમાં લીધી તેથી એના હૃદયની ખોટ પુરાઈ રહી હોય એવી લાગણી એ અનુભવી રહી હતી. બસ તાપીનો પુલ વટાવી જ્યારે સોંસકને માર્ગે પડી ત્યારે સુધીરની લગોલગ બેસીને એ વિચારી રહી હતી. એક વ્યક્તિ સતત એના મનમાં ચકરાયા કરતી હતી જે વ્યક્તિએ, ખબર ન પડે એમ, એના જીવનનો પાટો બદલી નાખ્યો હતો. એ વ્યક્તિનું નામ હતું: ગોવન ગધેડી.

૧૦

ગામડિયો ગગને ઊડ્યો

કેનેડા જવાના પ્રયત્નો કરવામાં દોઢ વર્ષ નીકળી ગયું પણ સુધીર હાર્યો નહીં. 'હવે વધારે વાર નહીં લાગે' એમ કહી કહીને એજન્ટે ઘણા મહિના લગાડ્યા. સુધીર આંટા ખાતો જ રહ્યો. વિલંબને કારણે થોડાક વધારે પૈસા એકઠા કરી લેવાની એને તક મળી. આ ગાળા દરમિયાન સુધીર પરદેશ જવાનો છે એ વાત ધીરે ધીરે ગામમાં ફેલાતી રહી. બા-બાપુજીએ શરૂઆતમાં વિરોધ તો કર્યો; પરંતુ સુધીરે ગમે તેમ કરીને એમને સમજાવી લીધાં. 'વહુને બે વર્ષમાં બોલાવી લેવાનો હોય તો જ જજે' એવી શરત મંછીબાએ મૂકી. સુધીરને એ સ્વીકારવામાં શું વાંધો હોય? એનું ચાલે તો સવિતાને સાથે જ લઈ જાય પણ એ શક્ય જ ન હતું. પોતે જે ગોઠવણ કરી રહ્યો હતો તે નિયમ મુજબની હતી. મોન્ટ્રિયાલના ઍરપૉર્ટ પરથી કેનેડામાં પ્રવેશ કર્યા પછી એ ત્યાં ગેરકાયદેસર રીતે રહી પડવાનો હતો. આ રીતે કેનેડામાં ઘૂસી જઈને મજૂરી કરીને પાંચ પૈસા રળી ખાનારા બે-ત્રણ ગુજરાતી કુટુંબો સાથે એણે પત્રવ્યવહાર પણ કર્યો હતો. ખરેખર તો એ એક લાંબી સાહસયાત્રાની તૈયારી કરી રહ્યો હતો. આ યાત્રા થોડીક જોખમકારક હતી અને વળી અજાણી ધરતી પર કરવાની હતી. સુધીરે પોતાના સાહસની અવળી બાજુનો ખ્યાલ કોઈને આવવા દીધો ન હતો – સવિતાનેય નહીં. સુધીરને પોતાની શક્તિમાં અને પરદેશ પહોંચી ગયા પછી બાવડાના બળે કશુંક પ્રાપ્ત કરવાની શક્યતામાં ભારોભાર શ્રદ્ધા હતી. કેવળ આ શ્રદ્ધાને જોરે એ પોતાની યોજનામાં આગળ વધતો જ રહ્યો.

ઘણા વખતથી જેની રાહ જોઈને બેઠો હતો તે દિવસ છેવટે આવી પહોંચ્યો. સવિતા જેવી પ્રેમાળ પત્નીને છોડીને જવાનું સાવ સહેલું ન હતું. બધી દોડધામ વચ્ચેય લાંબા વિયોગની તૈયારી કરતો હોય એમ સવિતાને એ વધારે વહાલ કરતો રહ્યો. સાથોસાથ પોતાની ગેરહાજરીમાં સવિતા ભાંગી ન પડે તેટલા માટે જરૂરી સૂચનો અને આશ્વાસનો એ આપતો રહ્યો. સવિતા એના ઉત્સાહને હેતપૂર્વક નિહાળતી રહી અને વધારતી રહી. બા-બાપુજીની ફિકર ન કરવા એણે સુધીરને જણાવ્યું ત્યારે સુધીરે એટલું જ કહ્યું: 'સવિતા! હું જાળવું એના કરતાંય બા-બાપુજીને તું વધારે જાળવે છે. મને એમની કોઈ ચિંતા નથી કારણ કે તું એમની સાથે છે. મને માત્ર તારી ચિંતા છે.'

સુધીરને મુંબઈ સુધી મૂકવા જવા માટે ગામમાંથી ઘણા જણા તૈયાર થયા પણ સુધીરે સૌને સમજાવીને ના પાડી. મુંબઈ જવામાં નાહક ખર્ચ થાય અને વળી મુંબઈથી ઊપડવામાં કોઈ અડચણ ઊભી થઈ તો! સુધીર જ્યારે સૂરત સ્ટેશનેથી ફ્લાઈંગ રાણીમાં બેઠો ત્યારે અડધું ગામ સ્ટેશને આવ્યું હતું. આ રીતે પરદેશ જનારો ગામનો એ પહેલો માણસ હતો. સવિતાએ એના કપાળ પર તિલક કર્યું અને હાર પહેરાવ્યો. મંછીબા જેમતેમ આંસુ ખાળી રહ્યાં હતાં. પ્રત્યેક વડીલે સુધીરને કોઈ ને કોઈ શિખામણ આપી. પિસ્તોલકાકાએ સુધીરને બાજુ પર લઈ જઈ ખભે હાથ મૂકીને ગળગળે સાદે કહ્યું: 'બેટા

સુધીર! સવલીને વહેલી તકે બોલાવી લેજે. એણે તો બિચારીએ થોડા વખત પર બાપની હૂંફ ગુમાવી ને માંડ ઠેકાણે પડી ત્યાં તું પરદેશ ચાલ્યો!'

સુધીરે કહ્યું: 'કાકા! બિલકુલ ફિકર ન કરતાં. સવિતાને ફૂલની માફક જાળવીશ.'

ગાડી ઊપડી. સૌની આંખમાં ઝળહળિયાં હતાં. સુધીરનો હાથ દબાવી સવિતાએ ગળગળા સાદે કહ્યું: 'મારી ફિકર ન કરતો. ત્યાં ખાવાપીવામાં કાળજી રાખજે અને પૈસાને કારણે તકલીફમાં નથી રહેવાનું. જરૂર પડે હું બીજા મોકલીશ. ગાડી ધીરે ધીરે આગળ વધી. નજર પહોંચી ત્યાં સુધી સુધીર ગાડીના દરવાજામાંથી થોડોક નમીને સૌને જોતો રહ્યો અને હાથ હલાવતો રહ્યો. બધા હાથ હાલતા બંધ થયા તોયે એક હાથ છેક છેવટ સુધી હાલતો રહ્યો. એ હાથ સવિતાનો હતો. ગાડી પ્લૅટફૉર્મ વટાવીને ઉધના પહોંચી ત્યારે સુધીર દરવાજો છોડીને પોતાની જગા પર આવીને બેસી ગયો. એના મનને એક વિચાર પજવી રહ્યો હતો: 'એવામાં મારું આ ગાંડું સાહસ નિષ્ફળ ગયું તો!'

સુધીર મુંબઈ પહેલી વાર જઈ રહ્યો હતો. નિર્ધારિત જગ્યાએ અને સમયે ચાર સાથીઓ અને એજન્ટને મળીને પરદેશ જવાની ઔપચારિકતાઓ પતાવી. ટી. ડબલ્યુ. એ.ની ફ્લાઈટમાં બીજે દિવસે છેક રાત્રે સાન્તાક્રુઝ ઍરપૉર્ટ પરથી વિમાનયાત્રા શરૂ કરે તે પહેલાં મળેલાં છત્રીસ કલાકમાં એણે મુંબઈને બરાબર જોઈ લીધું. મુંબઈની રોનક જોઈને એ અભિભૂત થયો. એને મનમાં થયું કે, જો મુંબઈ આવું હોય તો ન્યુયોર્ક અને મોન્ટ્રિયાલનો ભભકો કેવો હશે!

રાત્રે કસ્ટમ, ઈમિગ્રેશન, પાસપોર્ટ અને બીજી વિધિ પતાવવામાં પૂરા બે કલાક પછી જ્યારે બેચાર મિત્રો સાથે વિમાનમાં દાખલ થયો ત્યારે એના અહોભાવનો પાર ન હતો. એ અહોભાવમાં, સાવ અજાણી ભોમકા પર ડગ માંડતી વેળાએ અનુભવાય તેવો ચિંતામિશ્રિત રોમાંચ પણ ભળેલો હતો. એણે પહેલાં કોઈ દિવસ વિમાનને અંદરથી જોયું ન હતું. બરાબર દોઢ વાગ્યે રાત્રે જ્યારે વિમાન ધરતીથી અધ્ધર થયું ત્યારે બારીમાંથી નીચે દેખાતા બત્તીઓના ખેતર જેવી મુંબઈનગરીને એ જોઈ રહ્યો. ભયમિશ્રિત અનિશ્ચિતતાના ભાવથી એ મનોમન પ્રાર્થના કરતો રહ્યો. ગામના હનુમાનદાદા એની આંખ આગળ ઊભા હોય એ રીતે એ મનોમન તેમને નમી રહ્યો. પરિચયની ભોંય છોડીને અપરિચયના આકાશમાં ઊડી રહ્યો હોવાની લાગણી વચ્ચે એ સવિતાએ ગાડી ઊપડી એ પહેલા કહેલા શબ્દોનું સ્મરણ કરતો રહ્યો. અત્યાર સુધી સચવાઈ રહેલું દૃઢ મનોબળ એક પળ માટે ઢીલું પડ્યું અને એની આંખ ભરાઈ આવી.

પાંચે મિત્રો પાસપાસે બેઠા હતા; પરંતુ પાંચે મૌન હતા. સૌ પોતપોતાની અનિશ્ચિતતા અને અસલામતીની લાગણીની સાથે જાણે લડી રહ્યાં હતા. પાંચે જણા ગામડાના હતા; પાંચે ભૂમિપુત્રો હતા અને બધા જ પરણેલા હતા. બીજા ઘણા મુસાફરો બેઠકને નમાવીને નિરાંતે ઊંઘી રહ્યા હતા; પરંતુ આ પાંચ ગામડિયા તો વિસ્મિત નયને, આવતી-જતી ઍર હૉસ્ટેસને તથા અવરજવર કરતા પરદેશી મુસાફરોને, વિમાનની અંદરના સુશોભનને, આગલી બેઠકના પાછલા ભાગમાં મૂકેલી વાચનસામગ્રીને અને બારીની બહાર પથરાયેલા અંધારાના વનમાં આગિયાની માફક ઝબૂકતી વિમાનની પાંખ પરની ઝબૂકિયા લાઈટના ચમકારાને જોવામાંથી ઊંચા આવે તો ઊંઘે ને! પાંચે જણાને એક જ વાતનું આશ્વાસન હતું અને તે એ કે આ સાહસયાત્રામાં તેઓ સાવ જ એકલા ન હતા. કડકડતી ટાઢમાં એકબીજાને વળગી રહીને ગરમાટો પામતા આદમીઓની માફક કેવળ એકબીજાની હૂંફે અવનવા પ્રદેશમાં એ બધા જઈ રહ્યા હતા.

સુધીર અવનવા વિચારે ચડી ગયો હતો. જે ભાવ પ્રદેશ એ પોતાની પાછળ મૂકીને ચાલી નીકળ્યો હતો તે એની આંખ સામે તરવરતો હતો. એ ભાવપ્રદેશની સામ્રાજ્ઞી હતી સવિતા. હવે પોતે સવિતાને પાછો ક્યારે મળશે, ક્યાં મળશે અને કઈ સ્થિતિમાં મળશે એની ખબર માત્ર ઉપરવાળાને હતી. પોતાના વિના બા-બાપુજી કેવો ખાલીપો અનુભવશે તે એ જાણતો હતો. માબાપથી આ પહેલા એ ક્યારેય વિખૂટો પડ્યો ન હતો. પિસ્તોલકાકા, ગોવનકાકા, પરમાનંદકાકા, છનિયો, બાવાની ટેકરી, હનુમાનદાદા – સૌ એને અત્યારે યાદ આવી રહ્યાં હતાં. આખું ગામ જાણે એની આંખો સામે રહ્યું હતું. એવામાં એના મનમાં એક ઓચિંતો ઝબકારો થયો. એણે મનોમન સંકલ્પ કર્યો કે જો નસીબ યારી આપે તો ગામના તમામ દૂબળાઓને શિખંડ-પૂરી જમાડવાં. વળી એ સૌને જમાડતી વખતે પોતે સવિતાની સાથે ભોજન પીરસે એવો નિર્ણય પણ એણે મનમાં કરી લીધો. ગામનું સૌ કોઈ યાદ આવ્યું તે સાથે સુધીરને શાંતિલાલ પણ યાદ આવ્યો. એ સ્ટેશને આવ્યો ન હતો અને ઘરે મળવા પણ આવ્યો ન હતો. શું શાંતિલાલ સવિતાને મળવાનું ટાળવા માટે જાણી જોઈને દૂર રહ્યો હશે? શું શાંતિલાલ હવે સવિતાને મળશે ખરો? શું સવિતા શાંતિલાલ સાથે અસ્વસ્થ થયા વગર વાત કરી શકશે ખરી? શું સવિતાના મનમાં શાંતિલાલ માટે હૃદયને એક ખૂણે કૂણી લાગણી હજી બચી નહીં હોય? એમ ન બને કે પોતાની લાંબી ગેરહાજરી દરમિયાન સવિતા અને શાંતિલાલ નજીક આવે અને....????

ફ્રેંકફર્ટ અને લંડન હવાઈમથકે પોરો ખાઈને કલાકો બાદ જ્યારે વિમાને ન્યુયોર્કના હવાઈમથકે ઊતરાણ કર્યું ત્યારે સુધીરના વિસ્મયનો કોઈ પાર ન હતો. પાંચે જણા થાક્યા હતા. ત્રણસો જેટલા મુસાફરોનું એક ધાડું ઍરપૉર્ટની સ્વચ્છ, ચળકતી, લીસી ફરશ પર એક દિશામાં ઝડપભેર ચાલવા માંડ્યું. સૌના હાથમાં એક બૅગ હતી. ઈમિગ્રેશનના કાઉન્ટરો આગળ સૌ ચાર હારમાં વહેંચાઈ ગયા. ગંભીર વદને બેઠેલા ઈમિગ્રેશન ઑફિસરો એક પછી એક પેસેન્જરોના પાસપોર્ટ તથા બીજા કાગળો તપાસતા હતા અને સવાલો પણ પૂછતા હતા.

સુધીરના હૃદયના ધબકારા વધી રહ્યા હતા. ચાર સાથીઓ લાઈનમાં એની પાછળ ઊભા હતા. નંબર લાગ્યો ત્યાં સુધીમાં તો સુધીરને ઘણા અશુભ વિચારો આવી ગયા. એજન્ટે બધાં કાગળિયાં બરાબર તૈયાર કર્યાં હશે? કેનેડામાં ગેરકાયદેસર રહી પડવામાં ક્યાંક ભેરવાઈ જવાયું તો? અમેરિકા થઈને કેનેડા જવાનું છે પણ અમેરિકાથી જ ડીપોર્ટ કરી મેલે તો! તો પોતે ગામવાળાઓને શું મોં બતાવે? એક પૈસો કમાતા પહેલાં રૂપિયા વીસ હજાર ખોયા બદલ એની હાંસી જ થાય ને! અને ફરીથી નોકરી મળે ખરી? સવિતા શું વિચારે?

ઑફિસરે પૂછ્યું: ‘હાવ લૉન્ગ ડુ યુ વિશ ટુ સ્ટે ઈન અમેરિકા?’

સુધીરે હિંમતભેર સાવ ભળતો જવાબ આપ્યો: ‘ઈન્ડિયા’. ઑફિસરે એ કાચા અંગ્રેજીમાં અપાયેલો સ્મિતપૂર્વક સ્વીકારી લીધો અને પૂછ્યું: ‘વૉન્ટ ટુ ગો ટુ કેનેડા?’ સુધીરે તો પ્રશ્નાર્થના ભાવ સાથે બોલાયેલો કેનેડા શબ્દ જ સાંભળ્યો અને ઝાઝો વિચાર કર્યા વગર જ જવાબ વાળ્યો. ‘યસ.’ આમ ને આમ બીજા ચાર સાથીઓએ પણ અમેરિકામાં પ્રવેશ કર્યો. કસ્ટમના ચેકિંગમાં જતાં પહેલાં પાંચે જણાએ હાથ મેળવ્યા. સૌને એક બાબત સમજાઈ ગઈ. આવનારા દિવસોમાં એમના ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીની કસોટી થવાની હતી. કેનેડા જઈને ખોરાક ન ફાવ્યો તેથી દેશ પાછા ફરેલા એક દેશી ભાઈએ એ પાંચે જણાને એક સલાહ આ પ્રમાણે આપેલી: “જુઓ લ્યા! કોઈ કંઈ અંગ્રેજીમાં બબડે ને

આપણને કશું જ ન સમજાય ત્યારે ‘યાહ’ કહીને ચલતી પકડવી. વળી જ્યારે પણ અંગ્રેજી બોલવામાં ફાંફાં પડે અને જીભ થોથવાય ત્યારે ત્રણચાર શબ્દો લાગ જોઈને વારાફરતી બોલ્યે રાખવા: ‘યાહ, થેંક યુ, સૉરી અને કરેક્ટ.’ કોઈ સામું મળે ત્યારે પૂછવું, ‘હાવ આર યુ?’ અને વળી આવું ગોટપીટ બોલીને પૂછે ત્યારે આંખ મીંચીને જવાબ આપવો. ‘ફાઈન.’

પાંચે જણાએ નિશ્ચય કરી લીધો કે હવે ‘યસ’ની જગ્યાએ ‘યાહ’ બોલવું. કસ્ટમનું ચેકિંગ પૂરું થયું એટલે પાંચમાંથી એકે ડાયરી કાઢીને એક ઓળખીતાનો ટેલિફોન નંબર શોધી કાઢ્યો. સુધીરે એક અમેરિકનની મદદથી ટેલિફોન જોડ્યો ને હાથમાં રિસીવર ઝાલ્યું. બાકીના ચારે જણ ધ્યાનથી ટેલિફોન પર થતી વાતચીત સાંભળવા લાગ્યા:

‘હલો! કોણ ઘેલુ?’

‘...............’

‘હા હું સુધીર. કાગળ મળેલો કે?’

‘..................’

‘આવી પહોંચ્યા, બીજું શું યાર?’

‘...............’

‘તું લેવા આવે તો ઠીક બાકી અમને તારું ઘર ન મળે. આ કંઈ સૂરતની કણપીઠ છે જે....’

‘...........’

‘તો તો બહુ સારું. અમે તો એવા થાક્યા છીએ કે આંખના પોપચે મણમણિયા લટકે. ભાભીને કહેજે કે દાળભાત જ બનાવે. વિમાનમાં ખાવાનું તો મળ્યું પણ યાર આપણને એમાં સંતોષ ન થાય.’

‘...
....’

‘તે તું આવ. અમે રાહ જોઈને અહીં બેઠા છીએ.’

‘...............................’

‘યાહ........ વેરી ગૂડ......... યાહ.’

ચારે જણાને વાતચીતની એક તરફની વાતો સાંભળીને એટલું તો સમજાઈ ગયું કે કોઈ ઘેલું મોટર લઈને સૌને તેડવા આવી રહ્યો છે. હવે તો પાંચે જણાં લગભગ ગેલમાં આવી ગયા. સુધીરને પણ હવે નિરાંત થઈ. થોડીક મિનિટો માટે ન્યુયોર્કના હવાઈમથકે સૌ સૂરતમય બનીને ઘેલુની રાહ જોવા લાગ્યા. ઘણા કલાકોના થાક પછી સૌને થોડીક હળવાશ મળી. સુધીર પણ ઘેલુની રાહ જોઈ રહ્યો હતો. ઘેલુની રાહ જોતી વખતે પણ ચાર અક્ષરનો એક શબ્દ એના મનને જાણે ટાંકણી ભોંકી રહ્યો હતો. એ શબ્દ હતો: ‘શાંતિલાલ.’

૧૧

કેનેડાની કઠણાઈ

ન્યયોર્કમાં દોઢ દિવસ રહ્યા પછી પાંચે જણાં ઍર કેનેડા દ્વારા મોન્ટ્રિયાલ આવી પહોંચ્યા. છેલ્લા કેટલાય મહિનાઓથી સુધીરના મનમાં જેના નામનું રટણ ચાલ્યા કરતું હતું તે શહેરમાં આવી પહોંચ્યાનો હરખ તો એને થયો, પણ ખરી મુસીબત હવે શરૂ થવાની હતી. અગાઉથી નક્કી કર્યા મુજબ ઈમિગ્રેશન કાઉન્ટર પર સુધીરનો વારો પહેલો આવે એ રીતે પાંચે સૂરતીઓ ધડકતે હૈયે લાઈનમાં ગોઠવાઈ ગયા. અંગ્રેજી બરાબર ન આવડે તેથી એ સૌ જાણે લગભગ અભણ બની ગયા હતા! અભણ તો એ પાંચે જણા હતા; પરંતુ તોય એ સૌમાં સુધીર સૌથી ઓછો અભણ હતો કારણ કે એની પાસે થોડીક સ્માર્ટનેસ હતી. એજન્ટે તો સાત હજાર રૂપિયા લઈને એમને મોકલી આપ્યા હતા પણ અહીં કશુંક અળવીતરું બને તો એ કોઈની મદદે આવે તેમ ન હતો. પાંચે જણાંએ એને ભરોસે ભર દરિયે ઝુકાવ્યું હતું.

સુધીરનો નંબર આવ્યો ત્યારે ખાસી પૂછપરછ ચાલી. એજન્ટે સમજાવી રાખેલું તે પ્રમાણે ‘માત્ર બે અઠવાડિયાં માટે ફરવાના હેતુથી આવ્યા છીએ’ એવું ભાંગ્યાતૂટ્યા અંગ્રેજી વાક્યોમાં સુધીરે ઑફિસરને સમજાવ્યું. ઑફિસરે જ્યારે ‘ઓ. કે.’ કહ્યું ત્યારે સુધીરનો જીવ હેઠો બેઠો. ઑફિસરના દેખતાં જ એણે પોતાના સાથીઓને ગુજરાતીમાં કહ્યું: ‘હવે દુનિયા જખ મારે છે.’ પાંચે જણાંના પાસપોર્ટ પર ફટાફટ સિક્કા લાગી ગયા. કસ્ટમની વિધિ જલદી પતી ગઈ અને જ્યારે સૌ ઍરપૉર્ટની લાઉન્જમાં આવ્યા ત્યારે એમને એજન્ટનો માણસ લેવા આવ્યો હતો. એનું નામ હતું કાદર. કાદરે સૌને કોકાકોલા પિવડાવ્યું. ટૅક્સી કરીને સૌ કાદર સાથે એક ગુજરાતીને ઘરે પહોંચ્યા. નાહી-પરવારીને સૌએ ભાવતું ગુજરાતી ભોજન લીધું. ઈમિગ્રેશનવાળા ક્યારેક ઓચિંતા તપાસ કરવા આવી પહોંચે તેથી બધા સાથે રહે તેમાં જોખમ હતું. એનાથી બચવા સૌએ છૂટા પડી જવાનું હતું. બે અઠવાડિયાં પછી આ પાંચે જણ ગેરકાયદેસર કેનેડામાં રહેવાના હતા અને નોકરી કરવાના હતા. વાત એમ હતી કે જેમને ત્યાં એ સૌ ભાવતું ભોજન જમ્યા એ આખું કુટુંબ પણ આ જ ઢબે કેનેડાની સરકારની પરવાનગી વગર જ રહી પડ્યું હતું. એક જ દિવસ પછી સૌ સાથીઓ છૂટા પડી ગયા. સુધીર સુરત બાજુના જ એક કુટુંબ સાથે રહેવા ચાલી ગયો.

બે-ત્રણ દિવસ તો પરદેશી શહેરની સ્વચ્છતા, રોનક અને નવીનતામાંથી જન્મેલા અહોભાવને પચાવવામાં જ નીકળી ગયા. રોજ ડૉલર ખૂટી રહ્યા હતા. જે કુટુંબમાં એ રહેતો હતો તે લોકો પણ ફેક્ટરીમાં આખો દિવસ મજૂરી કરીને ડૉલર બનાવી રહ્યા હતા. ઘરભાડું તથા ભોજનના ખર્ચ પેટે સુધીરનું મીટર ચાલુ થઈ ગયું હતું. એણે હવે કોઈ પણ હિસાબે કામ શોધીને મંડી પડવાનું હતું. હજી એણે ઘરે પત્ર લખ્યો ન હતો. કશુંક કામ મળે પછી પહેલી કમાણીમાંથી પત્ર ખરીદીને લખવાનું એણે યોગ્ય માન્યું.

સુધીરે શહેરમાં ઘૂમવા માંડ્યું. હોટેલો, દુકાનો અને ફેક્ટરીઓમાં જઈ જઈને એણે ગોખી રાખેલો અંગ્રેજી પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યું: 'એની જોબ ફોર મી, સર?' બધેથી એક જવાબ મળ્યો: 'સૉરી' બે-ત્રણ દિવસ આ રીતે રખડી રખડીને સુધીરના પગનું પાણી થઈ ગયું પણ કોઈ કામ ન મળ્યું. શનિ-રવિની રજા પડી ત્યારે જેની સાથે એ રહેતો હતો તે ભાઈએ એને કહ્યું: 'હું આજે તારી સાથે રખડવા આવું છું. આજકાલમાં કોઈ ને કોઈ કામ શોધી જ કાઢીએ.' શનિવારે સવારે દસ વાગે બંને મોન્ટ્રિયાલની સડકો પર નીકળી પડ્યા. ઑફિસો અને દુકાનો તો બંધ; પરંતુ હોટેલો ચાલુ હતી. ત્રણેક કલાકની રઝળપાટને અંતે એક હોટેલમાં સુધીરને કપ-રકાબી તથા ડીશ ધોવાની નોકરી મળી ગઈ. એકાએક એ 'ડીશ-વૉશર' બની ગયો અને એ માટે પોતાને નસીબદાર ગણવા લાગ્યો! ત્રણ કલાકના કામના સાડાપાંચ ડૉલર નક્કી થયા. હવે સુધીરના પગમાં જોર આવ્યું. આ કામ કરતાં રહીને બીજું સારું કામ શોધતાં રહેવાનો એણે નિશ્ચય કર્યો. કેનેડામાં પગ મૂક્યા પછી પહેલા અઠવાડિયામાં, બીજું કાંઈ નહીં તો પેટિયું રળવાનું તો શરૂ થઈ ગયું! જીવનમાં ક્યારેય એણે થાળી-વાટકા માંજ્યાં ન હતાં. એ કામ ઘરે છનિયાની વહુ છીમકી જ કરતી. એકલો પડ્યો ત્યારે એક લાંબો નિસાસો નાખીને સુધીરે પોતાની જાતને કહ્યું: 'બેટમજી! છીમકી કરે તે કામો કરવા માટે આટલે દૂર આવવાની તે શી જરૂર હતી?'

પહેલે દિવસે મળેલા સાડાપાંચ ડૉલર લઈ એ સીધો પોસ્ટ ઑફિસે પહોંચ્યો. થોડાક કલાકો પહેલાં જ મળેલા આત્મવિશ્વાસને કારણે જે હૈયાધારણ પ્રાપ્ત થઈ હતી તેને આધારે એણે એક પત્ર ઘરે લખ્યો:

Sudhir G. Patel
7839, Mountain Sight
Apt-89
MONTRIAL H4P-2BI-PQ

પૂજ્ય બાપુજી, બા,

સૌ. સવિતા,

હું સુખરૂપ કેનેડા આવી ગયો છું. અહીં બધી રીતે ફાવી ગયું છે. એક હોટેલમાં નોકરી મળી ગઈ છે. થોડા જ દિવસોમાં બીજું સારું કામ મળશે એવી આશા છે. ન્યુયોર્કમાં સુરત બાજુના એક કુટુંબમાં દોઢ દિવસ રોકાઈને અમે પાંચ ભાઈબંધો અહીં આવી પહોંચ્યા હતા.

મારી કોઈ વાતે ફિકર કરશો નહીં. અહીં ઘણા ગુજરાતીઓ રહે છે. વળી કેટલાક તો સુરત બાજુના પણ છે. બધા એકબીજાને મદદ કરવા તૈયાર હોય છે. નવો દેશ ને અજાણ્યા લોકો તેથી થોડીક અડચણ લાગે પણ અહીંના લોકો બહુ સારા સ્વભાવના છે. હસીને વાતો કરે અને બનતી મદદ પણ કરે. અંગ્રેજીમાં થોડું થોડું બોલવાની ટેવ પડતી જાય છે. ચાર-પાંચ દિવસ પછી સવિતાને જુદો પત્ર લખીશ. તમે સૌ અહીં ખૂબ યાદ આવો છો. ક્યારેક એકલું પણ લાગે છે. તમારા સૌના આશીર્વાદથી બધું પાર પડશે એમ લાગે છે. ત્યાં ગોવનકાકા, પરમાનંદકાકા, પિસ્તોલકાકા તથા અન્ય સૌ વડીલોને વંદન.

ઉપરને સરનામે જવાબ લખશો.

લિ.
સુધીરના વંદન

કેનેડામાં આવ્યાને પૂરાં બે અઠવાડિયાં થઈ ગયાં. રોજના સાડાપાંચ ડૉલરની કમાણીમાંથી ખર્ચ બાદ કરતા સુધીરે આટલા દિવસોમાં એકવીસ ડૉલર અને ચાલીસ સેંટ બચાવ્યા હતા. આ બચત નાની હતી; પરંતુ એ રકમને રૂપિયામાં ફેરવ્યા પછી જે આઠ-નવ ગણી રકમ થતી હતી તેનું આશ્વાસન અદ્ભુત હતું. અહીં રહેતાં સૌ દેશી કુટુંબો આવા અદ્ભુત આશ્વાસનને આધારે જ જીવી રહ્યાં હતાં. આવા ડૉલરિયા આશ્વાસન વચ્ચેય સુધીરને એક વાતનું ભાન થયું કે બે અઠવાડિયાં પૂરાં થઈ ગયાં હોવાથી હવે એ કેનેડામાં રહી પડેલો ગુનેગાર હિંદી નાગરિક હતો. કેનેડામાં એક ઘૂસણખોર અને બિનકાયદેસર આદમી તરીકે જીવવાનું હવે શરૂ થતું હતું. પોલીસ ગમે ત્યારે ઘરે આવીને પાસપોર્ટ માગે અને પકડી જાય એ શક્ય હતું. એ રીતે એકાદ વખત પણ પકડાઈ જવાય તો જેલમાં જવું પડે અને સીધા દેશભેગા થવું પડે એવી પરિસ્થિતિમાં ઘણા દેશીઓની માફક એ પણ કેનેડામાં રહી પડ્યો હતો. ઘણા દેશીઓ 'અઠે દ્વારકા' કહીને અહીં રહી પડ્યા હતા તેથી કોઈને પોતાનો ગુનો બહુ કઠતો નહીં. એક વાર ગુનો કોઠે પડી જાય અને કઠે નહી પછી સૌ અહીં રહી પડતા અને પૈસા કમાવા માટે વૈતરું કરવામાં લાગી જતા. આ રીતે રહી પડનારાઓનો ધ્યાનમંત્ર એક જ રહેતો અને તે ડૉલર. યેનકેન પ્રકારેણ ડૉલર કમાવા એ જ લક્ષ્ય રહેતું. સૌનો એક માત્ર સગો ડૉલર, સૌનો એક માત્ર દેવ ડૉલર અને સૌની એક માત્ર પૂજા એટલે ડૉલરની પૂજા! સુધીર પણ પૂરી તન્મયતાથી ડૉલરદેવની પૂજામાં લાગી ગયો. અજાણી આબોહવામાં એ ધીરે ધીરે ગોઠવાઈ રહ્યો હતો. પોલીસ ઓચિંતો પાસપોર્ટ માગે ત્યારે એક જ જવાબ આપવાની સલાહ રીઢા મિત્રોએ એને આપી રાખી હતી. એ જવાબ હતો: 'પાસપોર્ટ ખોવાઈ ગયો છે.'

એક મહિનો વીતી ગયો. આ એક મહિનામાં એ જેટલું ચાલ્યો હતો એટલું કદાચ આખી જિંદગીમાં ચાલ્યો ન હતો. બસનું ભાડું માંડ પચ્ચીસ સેંટ થાય પણ એ તો ચાલી નાખવાનું જ પસંદ કરતો. ચાલી નાખ્યા બાદ એ મનમાં બબડતો: 'અઢી રૂપિયા બચ્યા.' બધી જ સુખસગવડ અને ચાતરમ છોડીને એ રખડતો રહ્યો. લાંબી રઝળપાટને અંતે એને સમજાયું કે જો નિટર(Knitter)ની જોબ મળે તો પૈસા વધારે મળે. એક ફેક્ટરીમાં પહોંચીને તેણે એ કામ માટે વિનંતી કરી ફેક્ટરીના માલિકે પૂછ્યું: 'કામ આવડે છે?' સુધીરે 'હા' પાડી દીધી. કામ મળી ગયું પણ મશીન ચલાવતાં ન આવડ્યું તેથી પોલ પકડાઈ ગઈ અને નોકરી ગઈ.

પણ સુધીર એમ હારે તેવો ન હતો. દેશી મિત્રોની મદદથી એણે મશીન ચલાવતાં થોડુંક શીખી લીધું. આ કામમાં ઓવરટાઈમ પણ મળે અને રજાને દિવસે પણ ઇચ્છા હોય તો કામ થઈ શકે. સુધીર રાતદિવસ એક કરવા તૈયાર હતો. સખત કામ કરવા માટે અને વળી ગમે તેવું 'હલકું' કામ કરવા પણ એ તૈયાર હતો. એક વાર જો નિટરની જૉબ મળી જાય તો ડૉલર એકઠા કરવામાં મંડી પડવા એ ઉત્સુક હતો. હોટેલની નોકરી પાર્ટ-ટાઈમ હતી અને વળી વળતર પણ ઓછું હતું. વધારે મહેનત કરીને વધારે પૈસા રળવાની શક્યતા એ કામમાં મર્યાદિત હતી. સુધીરે પ્રયત્નો ચાલુ જ રાખ્યા. થોડા જ દિવસોમાં એક ફેક્ટરીમાં એને નિટરની નોકરી મળી ગઈ. એ ફેક્ટરીમાં બે ગુજરાતી ભાઈઓ અને ત્રણ ગુજરાતી બહેનો કામ કરતાં હતાં. સુધીરને અહીં ફાવી ગયું. એણે તો રાતદિવસ જોયા વગર અને શનિ-રવિનો ખ્યાલ કર્યા વગર રોજના તેર-ચૌદ કલાક કામ કરવા માંડ્યું. એક દિવસ એ ઘેર પહોંચ્યો ત્યારે ટપાલમાં સવિતાનો પત્ર આવ્યો હતો. હોંશભેર પત્ર ખોલીને એ વાંચવા બેસી ગયો. શરૂઆતમાં બાપુજીએ બે લીટી લખી હતી પણ પછી સવિતાએ લખીને એ પત્ર પોસ્ટ કર્યો હતો:

પ્રિય સુધીર,

તારા પત્રની બહુ રાહ જોયેલી તેથી એ મળ્યો ત્યારે બહુ આનંદ થયેલો. ચિંતામાં રહેતી હતી તે પત્ર વાંચીને થોડીક હળવી થઈ. અહીં તો ગામમાં જેમ ચાલતું હતું તેમ ચાલે છે.

તું ત્યાં ગોઠવાઈ ગયો તે જાણીને નિરાંત થઈ. બહુ કામમાં રહેતો હશે; પરંતુ રાત્રે તો મને યાદ કરવાનો સમય મળે છે ને? તું મને ક્યારે બોલાવશે તે હું જાણતી નથી પણ હું એ દિવસની રાહ જોતી રહીશ. ત્યાંની પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય લાગે ત્યારે જ મારે આવવાનું બને; બાકી હું તો કાલે આવવા તૈયાર છું. બા-બાપુજીને ખૂબ સાચવું છું. બાથી ક્યારેક રડાઈ જાય છે, પણ હું જાળવી લઉં છું. ગામમાં સૌ તને યાદ કરે છે. ત્યાં પૈસા ભેગા કરવાની ધૂનમાં ખાવાપીવામાં કરકસર નથી કરતો ને? તબિયત જાળવીને જ બધું કરવાનું રાખજે. અહીં છનિયો કાલે જ કહેતો હતો: ‘ભાઈ વના નથી ગમતું.’ મારું પણ એવું જ છે, પણ હું કોને કહું? મારા બાપુ જીવતા હોત તો તને પરદેશ જતો જોઈને ખુશ થાત.

પત્ર લખતો રહેજે. રોજ ટપાલી આવે ને થાય કે તારો પત્ર આવ્યો હશે. કાલે સુરત ગઈ હતી. ત્યાં દર મહિને ‘અખંડ આનંદ’ મળ્યા કરે તે માટે પૈસા ભરી આવી છું. વાંચતી વખતે તને કશું યાદ કરવાનું બહાનું મળી રહેશે. હુંય નવરી પડું ત્યારે કશુંક વાંચતી રહું છું. લક્ષ્મી અવારનવાર મળતી રહે છે તેથી બહુ એકલું લાગતું નથી. બા-બાપુજી મને સાસુ-સસરા જેવાં લાગતાં જ નથી. મને ખૂબ જ સાચવે છે.

નવી નોકરી મળી? એમાં તારે કરવાનું શું તે લખજે. તારે ગયાને દોઢ મહિનો થઈ ગયો પણ જાણે એવું લાગે કે દોઢ વર્ષ થઈ ગયું. બસ ત્યારે, પત્રની રાહ બહુ નહીં જોવી પડે ને?

સવિતાની
વહાલભરી યાદ.

પત્ર વાંચી રહ્યા પછી સુધીરને એવું લાગ્યું જાણે દહાડો સુધરી ગયો. આંખમાં આંસુ ઊમટી આવ્યાં તેથી એ ઓરડો છોડીને બાથરૂમમાં ચાલી ગયો. બાથરૂમમાં જઈને સવિતાનો પત્ર એણે ફરીથી વાંચ્યો. પત્ર વાંચીને એ રડી જ પડ્યો. આવી સમજુ પત્ની મળ્યા બદલ એને આનંદ થયો તે સાથે ખોટી શંકા કરવા બદલ એને પસ્તાવો થવા માંડ્યો. શાંતિલાલ અંગે જે ખોટા વિચારો એના મનમાં આવી ગયેલા તેને યાદ કરીને એ મનોમન દુ:ખી થતો રહ્યો. સવિતાને અન્યાય કર્યાનો રંજ એને પીડી રહ્યો હતો. રડી લીધા પછી હળવો થયો અને મોં ધોઈને એ બાથરૂમની બહાર આવ્યો. બહાર આવીને એ અત્યાર સુધીમાં કેટલા ડૉલર બચ્યા તેનો હિસાબ કરવા બેઠો. અત્યંત કાળજીથી ગડીબંધ મૂકેલા ડૉલરને એ ગણવા લાગ્યો. આવું એ વારંવાર કરતો. ખર્ચના બધા જ પૈસા એણે ચૂકવી દીધા હતા તેથી હવે જે ડૉલર બચ્યા હતા તે એની કમાણી જ હતી. આટલા ટૂંકા ગાળામાં એની પાસે છસો એકોતેર ડૉલર બચ્યા હતા તે એના મનમાં એક ઝબકારો થયો. ઘર છોડીને સીધો એક ગુજરાતી મિત્રને ત્યાં પહોંચી ગયો. એની પાસે થોડાંક ડૉલર ઊછીના લઈને એણે પૂરા આઠસો ડૉલરની રકમ બાપુજીને રવાના કરી. એક જ ધડાકે આવડી મોટી રકમ મળવાથી બા-બાપુજી તથા સવિતા કેટલાં રાજી થશે એનો વિચાર કરીને એ મનોમન નાચી ઊઠ્યો. કદાચ આખા ગામમાં વાત ફેલાઈ જશે. સવિતા શું માનશે? ઘડીભર આંખો બંધ કરીને એ સવિતામય બની રહ્યો. કેનેડાની કડકડતી ઠંડીમાંય એ

પસીનો પાડી રહ્યો હતો. આવું સખત વૈતરું એ દેશમાં ન જ કરે; પરંતુ અહીં તો એ આળસ છોડીને એવી રીતે મંડી પડ્યો હતો જાણે ચાંચવા વડે ભોંય ખોદીને ડૉલરનાં ચોસલાં પાડી રહ્યો ન હોય!

પોસ્ટ ઑફિસેથી એ ઘરે આવ્યો ત્યારે વાતાવરણ ગમગીન હતું. પડોશમાં જ રહેતા દેશીઓને ત્યાં પોલીસ આવીને પૂછપરછ કરી ગઈ હતી. કેનેડામાં રહી પડેલા એશિયાવાસીઓની શોધમાં પોલીસના માણસો આવ્યા હતા; પરંતુ ઘરે તાળું હોવાથી આફત ટળી ગઈ હતી. અવનવી અટકળોને કારણે સુધીર અંદરથી ધ્રૂજી ઊઠ્યો. એનો સ્વપ્નમહેલ તૂટી પડે તો! પોલીસ લત્તો ભાળી ગઈ હતી તેથી મુસીબત ગમે ત્યારે આવે એવી શક્યતા હતી. તે જ દિવસે સુધીરે પોતાની જે કાંઈ ઘરવખરી હતી તે લઈને બીજા એક મિત્રને ત્યાં ચાલી જવાનું યોગ્ય ધાર્યું. બીજે દિવસથી એ નવા ઘરની શોધમાં લાગી ગયો. ફેક્ટરીથી બહુ દૂર નહીં હોય એવું ઘર એ શોધી રહ્યો હતો.

રાતદિવસ એના માથા પર ડિપાર્ટેશનની તલવાર લટકી રહી હતી. આ રીતે સાવ લાચાર બનીને કે અપમાનિત થઈને ગામભેગો થવા એ તૈયાર ન હતો.

બધું ઉપરવાળાના હાથમાં હતું.

૧૨

જોખમની ધારે ધારે

આટલા દિવસોના અનુભવે સુધીરને એક વાત સમજાઈ ગઈ. પોલીસની તપાસથી બચવાનો સૌથી સારો માર્ગ કોઈ એવા કુટુંબ સાથે રહેવાનો હતો જેની પાસે કેનેડામાં રહેવાનો અધિકાર હોય. અહીં એવાં ગુજરાતી કુટુંબો હતાંય ખરાં. ફેક્ટરી પાસેનાં જ એક લત્તામાં કેનેડાનું નાગરિકત્વ ધરાવતા એક ગુજરાતી કુટુંબ સાથે રહેવાની ગોઠવણ થઈ ગઈ. એ ઘરે સૂવા પૂરતો જ જતો. વળી પોતાનો પાસપોર્ટ એ હંમેશાં બીજા કોઈને ત્યાં રાખતો જેથી ક્યાંક પકડાઈ જવાય તો પાસપોર્ટ ખોવાઈ ગયો છે એવું ગપ્પું મારી શકાય.

સુધીરને કામનો થાક નહોતો લાગતો. ડૉલર એકઠા કરવાના ઉત્સાહમાં થાક તો ક્યાંય ગાયબ થઈ જતો પણ પકડાઈ જવાની બીકને કારણે એ સતત તાણ અનુભવતો. અંદર અંદરના ઝઘડાને કારણે કેટલાંક ગુજરાતી જુવાનિયા પકડાઈ જઈને દેશભેગા થયેલા હોય એવા બનાવો પણ બન્યા હતા. કેટલાંક દેશી જુવાનિયા બિનસલામતી અને કામના બોજથી કંટાળીને પાછા ચાલી ગયેલા. પાછા ચાલી ગયેલાઓમાં મોટે ભાગે ઓછું ભણેલા લોકો હતા. સુધીર જુદી માટીનો બનેલો હતો. એ પાછો જવા માટે અહીં આવ્યો ન હતો. દેશમાં હતો ત્યારે જ કેનેડાથી પાછા ફરેલા લોકોને મળીને બધી મુસીબતોનો અંદાજ મેળવી લીધો હતો.

મોન્ટ્રિયાલમાં પોલીસનો ભેટો થઈ જાય એવી શક્યતા વધારે છે એવું લાગતાં એણે એક નવો તુક્કો અજમાવવાનો નિર્ણય કર્યો. એક ઓળખીતા ગુજરાતી ડૉક્ટર સેંટ જોનમાં રહેતા હતા. એમને ત્યાં પહોંચવા માટે ટ્રેનની બાર કલાકની મુસાફરી કરવી પડે તેવું હતું. સુધીરે રાતની ટ્રેન પકડવાનું નક્કી કર્યું જેથી સવારે પહોંચી જવાય. ટ્રેન ઊપડી અને સુધીરે તો લંબાવ્યું. ઘણા દિવસનો થાક ચડેલો હતો તેથી એને તો પડતાંની સાથે ઊંઘ આવી ગઈ. રાત્રે બે વાગ્યા હશે અને એક ઑફિસરે સુધીરને ભરઊંઘમાંથી જગાડ્યો.

'તમારો પાસપોર્ટ ક્યાં છે?' ઑફિસરે પૂછ્યું.

'પાસપોર્ટ નથી, માત્ર સોશિયલ સિક્યુરિટી કાર્ડ છે. મારા ડૉક્ટર મિત્રને મળવા જઈ રહ્યો છું.' સુધીરે ગપ્પું માર્યું. ઑફિસર માની ગયો અને સુધીર પાછો સૂઈ ગયો. એક ઘાતમાંથી એ ઊગરી ગયો હતો. એને ખબર ન હતી કે સેંટ જોન જતાં રસ્તે અમેરિકન સરહદ આવે છે તેથી ચેકિંગ થશે. પછી તો એ આખી રાત ઊંઘી જ ન શક્યો. પરદેશનો પહેલો શિયાળો એને માટે આકરો હતો જ; પરંતુ શિયાળા કરતાંય વધારે આકરો શબ્દ હતો: 'ઈમિગ્રેશન'. સેંટ જોનમાં એણે એક ખેડૂતને ઇન્ડિયન વેજીટેબલ્સ ઉગાડવાનો નુસખો બતાવ્યો અને 'ડેરી હેલ્પર' તરીકે કામ મેળવી ઈમિગ્રેશન માટે પ્રયત્ન કર્યા પણ એમાં એને સફળતા ન મળી. સેંટ જોનમાં પણ બાર બાર કલાક કામ કરીને એણે થોડાક

ડૉલર તો બનાવ્યા. થોડાક દિવસ સેંટ જોન રહીને એણે બને તેટલા ડૉલર એકઠા કર્યા. અને ધડકતે હૈયે રાતની ટ્રેનમાં બેસી ઈમિગ્રેશનની હેરાનગતિ વગર પાછો મોન્ટ્રિયાલ આવી ગયો.

મોન્ટ્રિયાલમાં ફરી નિટરની જોબ એને મળી ગઈ. બે-ત્રણ વખત ઘરે ઈમિગ્રેશનવાળાઓએ તપાસ કરી તેથી જેને ત્યાં એ રહેતો હતો તે કુટુંબ અકળાવા લાગ્યું. બીજા મિત્રોએ પણ ઝાઝી દાદ ન આપી તેથી એક નાની રૂમ રાખીને સુધીરે અલગ રહેવાનું પસંદ કર્યું. અત્યાર સુધીમાં એણે બીજા દોઢેક હજાર ડૉલર બાપુજીને મોકલ્યા હતા. હવે તેને કોઈ આર્થિક ચિંતા ન હતી. ઈમિગ્રેશનની સતત લટકતી તલવારને કારણે એના મન પર ભાર રહેતો હતો એટલું જ.

ગમે ત્યારે દેશભેગા થવું પડે એવી માનસિક તૈયારી સુધીરે કરી રાખી હતી. એનો ઇરાદો સ્પષ્ટ હતો કે જેટલો સમય ખેંચાય તેટલો ખેંચીને વધારેમાં વધારે ડૉલર બચાવી લેવા. જેથી દેશ જવું પડે તો એવું ન લાગે કે ફેરો ફોગટ થયો. એની ગણતરી એવી હતી કે ઈમિગ્રેશનની નજરમાંથી હજી બીજા છ મહિના બચી જવાય તોય પૂરા ચાલીસ-પચાસ હજાર રૂપિયા લઈને દેશભેગા થવાય. કોઈને ડીપોર્ટ કરવામાં આવે ત્યારે વિમાનભાડું લેવામાં નથી આવતું એટલું એ જાણતો હતો. ઓચિંતું જવું પડે તો બચેલા ડૉલર કોને આપતા જવા એ અંગે પણ એણે વિચારી રાખ્યું હતું. વળી થોડે થોડે દિવસે એ પોતાની ઓરડી બદલતો હતો જેથી કોઈની નજરમાં આવી ન જવાય. પોતાનું ઠેકાણું નહોતું પડ્યું તોય એ ભારતથી બીજા મિત્રોને બોલાવવાની વાતો કરતો હતો. એના સ્વભાવમાં જ કશુંક એવું હતું કે જે નિષ્ફળતાનો ઝટ સ્વીકાર કરી ન શકે. હજી તો સવિતાને બોલાવવાનું બાકી હતું. ગમે તે ભોગે પંદર હજાર રૂપિયા ખર્ચીનેય એ સવિતાને આ નવી દુનિયા દેખાડવા ઈચ્છતો હતો. પણ હજી એ માટે સમય પાક્યો ન હતો.

જોતજોતામાં એક વર્ષ પુરું થયું. નવી દુનિયા જોવા ઉપરાંત ઘરે રૂપિયા પચ્ચીસ હજાર મોકલ્યા પછીયે એની પાસે ૨૨૦૦ ડૉલર જમા થયા હતા. આટલી કમાણી દેશમાં કરવા માટે કેટલાં વર્ષ જોઈએ! આ સમય દરમિયાન એક સેંટ પણ એણે મોજશોખ કે વ્યસન પાછળ ખર્ચ્યો ન હતો. ખરા પરસેવાની આ કમાણી હતી. બસમાં જવાને બદલે એ ચાલ્યો હતો; કોકાકોલા પીવાની જગ્યાએ એણે ઠંડું પાણી પીવાનું જ પસંદ કર્યું હતું અને કેટલીયેવાર સેંડવીચ ખાઈને ચલાવી લીધું. આખા વર્ષમાં એ એક જ વાર સિનેમા જોવા ગયો હતો અને તેય હિંદી પિક્ચર હતું તેથી. અન્ય કુટુંબો સાથે ટેલિવિઝનના પડદા પર જે કંઈ જોવા મળે તેનાથી એ સંતોષ માનતો. હજી સુધી એણે એક પણ વખત છાપું ખરીદવાનું જરૂરી માન્યું ન હતું. એ છાપા વાંચતો પણ તે બીજાઓનાં. આવા કપરા શિયાળામાં પણ તબિયત બગડી ન હતી. વીમો ઊતરાવવાનો પ્રશ્ન જ ન હતો. માંદગી આવે તો બધી કમાણી ચપટીમાં સાફ થઈ જાય એ શક્ય હતું. એક વર્ષ તો વીત્યું પણ સુધીરને લાગ્યા કરતું હતું કે નસીબ જોઈએ એટલું જોર કરતું નથી, આટલી બધી અનિશ્ચિતતા જો ચાલુ રહે તો આવતા વર્ષને અંતે પણ સવિતાને બોલાવવાનું મુશ્કેલ જણાતું હતું. હવે એને સવિતાનો વિયોગ ખરેખર આકરો લાગતો હતો. દર મહિને 'અખંડ આનંદ' આવતું ત્યારે એને એવું લાગતું જાણે સવિતા તરફથી કોઈ ભેટ આવી છે.

એક દિવસ એના હાથમાં 'ટાઈમ' મૅગેઝિનનો અંક આવી ગયો. તેમાં કેનેડા અને અમેરિકા વચ્ચેની સરહદ ઓળંગીને દર વર્ષે હજારો લોકો અમેરિકામાં ઘૂસી જાય છે તેનો હેવાલ છપાયો હતો. એમાં જણાવાયું હતું કે સરહદ પર ચોકીપહેરો હોય છે છતાંય લોકો

અમેરિકામાં ઘૂસી આવે છે, પકડાય છે અને પાછા ઘૂસી આવે છે. આખો લેખ વાચ્યા પછી સુધીરને લાગ્યું કે પકડાવું એ કંઈ બહુ મોટો ગુનો નથી. આ હેવાલ વાંચીને સુધીર અવનવા વિચારે ચડી ગયો. એના મનમાં અનેક સંકલ્પો-વિકલ્પો ઘૂમરી ખાવા લાગ્યા.

એક દિવસ પોતાની ઓરડીમાં એ ઊંઘીને ઊઠ્યો ત્યારે સવારના ચાર વાગ્યા હતા અને અજવાળું થઈ ગયું હતું. પથારીમાં પડ્યા પડ્યા એણે ફરીથી પેલો લેખ વાંચવાનું શરૂ કર્યું. કેનેડા તથા અમેરિકાના નકશાઓ ભેગા કરીને 'ટાઈમ'ના લેખના આધારે સરહદ ક્યાં આવી તેનો ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કર્યો. તે દિવસે એ નોકરીએ ગયો પણ એનું ચિત્ત કામમાં ચોંટ્યું નહીં. એના મનમાં હવે અમેરિકા પહોંચી જવાની ધૂન સવાર થઈ હતી. અહીંથી ગમે ત્યારે દેશ ચાલી જવું પડે તેમ હતું. તો પછી જતાં પહેલાં શા માટે અમેરિકા અજમાવી ન જોવું! નવરાશના સમયમાં એણે નાની નાની માહિતી એકઠી કરવા માંડી. હવે એણે નિર્ણય કર્યો કે દેશ પૈસા મોકલવાને બદલે ડૉલર એકઠા કરવા. કેનેડિયન ડૉલરને અમેરિકન ડૉલરમાં ફેરવવાનું તો જરાયે મુશ્કેલ ન હતું. ત્રણચાર હજાર ડૉલર લઈને એક વાર જો અમેરિકા જેવા વિશાળ દેશમાં દાખલ થઈ જવાય તો બેડો પાર થઈ જાય. અમેરિકામાં સ્થાયી થયેલા લોકોનો ફોન પર સંપર્ક કરીને એણે પરિસ્થિતિનો ખ્યાલ મેળવવાનું શરૂ કર્યું. એનો એક ઓળખીતો કેનેક્ટિકટ રહેતો હતો. સરહદ પાર કર્યા પછી જો એ ત્યાં પહોંચી જાય તો નાનુંમોટું કામ મળી રહે એ વિશે એના મનમાં કોઈ શંકા ન હતી.

અનુભવે એને સમજાયું હતું કે ડૉલરનો ગરમાટો ન હોય તો મિત્રોય મોં મચકોડતા હોય છે. સવિતાને એણે પત્રમાં લખ્યુંય ખરું કે કેનેડા કરતાં અમેરિકામાં એને બોલાવી લેવાની તક વધારે રહેશે. સવિતાએ જવાબમાં જણાવ્યું કે: 'બા-બાપુજીને આ ઇરાદાની જાણ કરી નથી પણ મને પોતાને ખૂબ ચિંતા થાય છે. મને ઘણી વાર થાય છે કે આવી મુશ્કેલી વેઠીને જીવન ગાળવા કરતાં તો દેશ આવી જવું સારું. અહીં સુખેથી રોટલો ને છાશ ખાઈશું અને આનંદ કરીશું. ખરેખર અહીં કોઈ વાતની ખોટ નથી. તો પછી ઝાંઝવાના જળ પાછળ દોટ મૂકવાનો શો અર્થ? ખરો આનંદ દૂર રહીને પૈસા કમાવામાં કે મોકલવામાં નથી. આપણે બે સાથે હોઈએ અને વળી બા-બાપુજીની સાથે રહીએ એમાં શું ઓછો આનંદ છે? જો આવવાનું યોગ્ય ન જ લાગતું હોય તો હવે મને બોલાવી લેવાનું ગોઠવાય તો ગમે. હું હવે દેશમાં કે પરદેશમાં તારી સાથે રહેવા માટે આતુર છું."

સુધીર હમણાં તો દેશ જવાનો વિચાર કરવાના મૂડમાં ન હતો. લાગ જોઈને સરહદ પાર કરીને અમેરિકામાં દાખલ થઈ જવાની તૈયારી એણે કરવા માંડી. પોતાની યોજના એણે મિત્રો આગળ રજૂ કરી. મિત્રોએ એમાં રહેલા જોખમ તરફ આંગળી ચીંધી. પણ જોખમથી ડરીને ભાગે તો સુધીર શેનો! એણે પોતાના સાહસ અંગે છેલ્લા કેટલાક દિવસોમાં કરેલી તૈયારીઓનો ખ્યાલ મિત્રોને આપ્યો. મિત્રોને પણ ખાતરી થઈ કે સુધીર હવે અમેરિકા જઈને જ રહેશે. સુધીરની મુખ્ય દલીલ આટલી જ હતી: 'ઇમિગ્રેશનવાળાઓને હાથે ઝડપાઈને ડીપોર્ટ થવું તેના કરતાં અમેરિકાનો દાવ ખેલી લેવો એમાં જ ડહાપણ છે. જો પકડાઈ જવાય તો માનવાનું કે કેનેડા છોડવાનું જ હતું તે છૂટ્યું. જો સરહદ ઓળંગવામાં સફળતા મળે તો માનવું કે નસીબ ખૂલી ગયું!'

એક-બે મિત્રોએ સહકારની ખાતરી આપી. આવો સહકાર આપવામાં કોઈ જોખમ ન હતું. જોખમનો બધો જ ભાર સુધીરે ઉપાડવાનો હતો. સુધીર એ માટે તૈયાર જ હતો. એની પ્રતિભા સાહસની ખરી પળોમાં સોળે કળાએ ખીલી ઊઠતી. અત્યારે જાણે એ પૂરી

માત્રામાં જીવી રહ્યો હતો.

જાણી જોઈને સુધીરે બે મહિના જવા દીધા. સરહદ ઓળંગવા માટે શિયાળો બહુ અનુકૂળ ન હતો. સામાન મર્યાદિત લેવાનો હતો અને જરૂર પડે દોડવાની તૈયારી પણ રાખવાની હતી. વળી બે મહિના રોકાઈ જવાય તો થોડાંક ડૉલર પણ બચે એવી ગણતરી હતી. અમેરિકા પહોંચે ત્યારે પાંચેક હજાર ડૉલર હાથ પર હોય તો સારું રહે એવું એ માનતો હતો.

એક દિવસ એક ગુજરાતી કુટુંબની મોટરગાડીમાં બેસીને બે મિત્રો સાથે એ સરહદની નજીક જઈ આવ્યો. મોટર ઊભી રાખીને આમતેમ ફરીને એણે જગ્યાનું નિરીક્ષણ કરી લીધું. હાથમાં નકશાઓ રાખીને એમણે દિશાનો અંદાજ પણ મેળવી લીધો અને અગત્યના મુદ્દા નોંધી લીધા. મોટરગાડી ચેકપોસ્ટથી થોડે દૂર હાઈવે પર થોભાવીને કેટલી અવરજવર રહે છે તેનું અવલોકન પણ એણે કરી દીધું. ચેકપોસ્ટ પર ક્યારે ડ્યૂટી બદલાય અને કેટલીવાર બદલાય તેની વિગતો એણે અગાઉથી જ મેળવી લીધી હતી.

નિર્ધારિત દિવસ આવી પહોંચ્યો. ત્રણ મિત્રો મોન્ટ્રિયાલથી કાર લઈને નીકળી પડ્યા. સુધીરના મનમાં અવનવા ભાવ ઊઠતા હતા. એ પોતાના ઘરની આગલી બારસાખમાં માથું ઢાંકીને ઊભેલી સવિતાના સોહામણા ચહેરાને, મહોલ્લામાંથી કોટના બટન માર્યા વગર ખુલ્લી છાતીએ ચાલી જતા પિસ્તોલકાકાને, ઘોડાગાડી જોડીને સુરત જવા માટે તૈયાર થયેલા બાપુજી તથા ગોવનકાકાને અને છીમકી સાથે ઘરના ચોકમાં તુવેર વીણતી બાને અહીં બેઠો બેઠો જોઈ રહ્યો.

થોડાક માઈલ છેટે એક રહસ્ય ગૂંચળું વળીને પડ્યું હતું. એના નસીબમાં શું લખાયું હતું એની એને ખબર ન હતી. સરહદ પાર કરતી વખતે જો એ પકડાઈ જાય તો કેનેડા પણ છોડવું પડે એમ હતું. જો એ ન પકડાય તો! એના જીવનમાં અવનવી શક્યતાઓનો પ્રદેશ છતો થવાનો હતો. કાર કલાકના સો કિલોમીટરની ઝડપે હાઈવે પર દોડી રહી હતી. અને સુધીરનું મન તો એથીય વધારે ઝડપે હાઈ- વેના નિયમો પાળ્યા વગર ગમે તે દિશામાં દોડી રહ્યું હતું.

થોડી જ વારમાં એની એકલયાત્રા શરૂ થવાની હતી. એ યાત્રા એવી હતી જેમાં પાછું વળીને જોવાનો પ્રશ્ન જ રહેતો ન હતો. કાર પૂર ઝડપે દોડી રહી હતી. સુધીરના ચિત્તમાં એક શબ્દનો અજપા જાપ ચાલ્યા કરતો હતો: અમેરિકા... અમેરિકા... અમેરિકા...!

અમેરિકા ખૂબ દૂર હતું અને છતાંય એ હવે ખૂબ જ નજીક આવી પહોંચ્યું હતું. માનવીએ દેશદેશ વચ્ચે ઊભી કરેલી કૃત્રિમ સરહદ ઓળંગવાનો જ પ્રશ્ન હતો. થોડી વારમાં સુધીરને જેની પ્રતીક્ષા હતી તે સાહસની ખરી પળ આવી પહોંચી.

દૂર ચેકપોસ્ટની બંગલી દેખાતી હતી.

૧૩

ડોલરિયા દેશમાં

કાર હાઈ-વે પર બાજુએ ઊભી રહી. અજવાળું હતું પણ તે રસ્તો જોઈ શકાય એટલું જ. એકાદ કિલોમીટર છેટે ચેકપોસ્ટની બંગલી દેખાતી હતી. આ હાઈ-વે અને ચેકપોસ્ટ પસંદ કરતાં પહેલાં સુધીર હાઈ-વે નંબર ૮૭ પર આવેલ ચેકપોસ્ટનું નિરીક્ષણ કરી આવ્યો હતો. એના પર ચોવીસે કલાકનું ચેકિંગ રહેતું હતું જ્યારે આ બંગલી પર આઠ કલાકનું ચેકિંગ હતું. વળી ઢળતી સાંજના સમયે બંગલીથી થોડે દૂર હાઈ-વેથી ફંટાઈ જવામાં વધુ અનુકૂળતા રહેશે એવી ગણતરી સુધીરે માંડી હતી.

ત્રણે જણા કારમાંથી ઊતર્યા. વારાફરતી સુધીરને ભેટીને, મૂકવા આવેલા બંને મિત્રોએ સુધીરને શુભેચ્છા પાઠવી. સુધીર જાય પછી પંદર-વીસ મિનિટ સુધી ‘કાર સ્ટાર્ટ થતી નથી’ એવા બહાના હેઠળ બંને જણા ત્યાં જ ઊભા રહે એવું નક્કી થયું હતું. હાઈ-વે પર સાધારણ અવરજવર તો હતી જ પણ પોલીસના પેટ્રોલિંગ સિવાય કોઈને ઊભા રહીને તપાસ કરવાની ફુરસદ ન હતી. બંને બાજુએ દૂર સુધી નજર નાખીને પોલીસ કાર નથી દેખાતી – એની ખાતરી સુધીરે કરી લીધી.

એક હાથમાં સૂટકેસ લઈને સુધીર હાઈ-વેની બાજુએ નક્કી કરેલી ત્રાંસી દિશામાં ચાલવા માંડ્યું. આછું અજવાળું ધીરે ધીરે ઓસરતું જતું હતું. આસપાસ ચારે તરફ નિર્જન જંગલ હતું. પરંતુ જંગલી પ્રાણીઓનો કોઈ ભય ન હતો. રસ્તે કાંટા, ઘાસ અને કાદવ નડ્યાં ખરાં પણ આવી નાની મૂસીબતોની પરવા કરવાનું સુધીરના સ્વભાવમાં ન હતું. મિત્રો દેખાતા બંધ થાય તે પહેલાં પોતાનો રૂમાલ ફરકાવીને એણે એમને પાછા વળવાનો સંકેત મોકલી દીધો. એ આગળ એક જ દિશામાં ડગ માંડતો રહ્યો. થોડુંક ચાલ્યા પછી એને એવું લાગવા માંડ્યું કે પોતે હવે અમેરિકાની સરહદમાં દાખલ થઈ ચૂક્યો છે. હવે પોતાને મૂકવા આવેલા મિત્રો પણ આલી ગયા હતા. હવે તો એણે અમેરિકામાં દાખલ થયા સિવાય છૂટકો જ ન હતો.

થોડેક આગળ ગયો ત્યાં દૂરથી એક ગોરો માણસ પોતાની તરફ આવતો હોય એવું સુધીરને લાગ્યું. એ પોલીસ જેવો લાગતો ન હતો. નજીક આવ્યો ત્યારે જણાયું કે એ આધેડવયનો, ભલો જણાતો સજ્જન હતો. સુધીરને એક પળ માટે તો દોડીને દૂર ચાલી જવાનો વિચાર આવી ગયો; પરંતુ એમ કરવાથી બાજી બગડે એવો સંભવ હતો. અજાણ્યા માણસ સાથે વાત કરવી કે ન કરવી એવી ગડમથલમાં હતો ત્યાં પેલાએ સામેથી સુધીરને હસીને કહ્યું: ‘ગુડ ઈવનિંગ’ સુધીરે પણ ઝાઝા ગભરાટ વિના સ્મિત વેરીને જવાબ આપ્યો: ‘ગુડ ઈવનિંગ.’ સુધીરને થયું કે હવે પોતે કેનેડામાં છે કે અમેરિકામાં તે જાણી લેવું જોઈએ. પણ આ પ્રશ્ન પૂછવાથી કોઈ મુસીબત તો ઊભી નહીં થાય! કાંડું પકડીને પેલો ગોરો પોતાને પોલીસને હવાલે તો નહીં કરી દે ને! પણ પ્રશ્ન પૂછ્યા વગર છૂટકો જ ન હતો. છેવટે બધી હિંમત એકઠી કરીને સુધીરે પૂછ્યું: ‘આર વી મીટીંગ ઈન

કેનેડા ઓર અમેરિકા?' પેલાએ હસીને જવાબ આપ્યો, 'કેનેડા.'

જવાબ સાંભળીને સુધીરના હોશકોશ ઊડી ગયા. આટલું ચાલ્યા પછી હજી પોતે કેનેડાની ધરતી પર જ છે એવું માનવાનું એને માટે મુશ્કેલ હતું. સુધીર પાસે હવે એ માણસની મદદ લીધા સિવાય બીજો વિકલ્પ ન રહ્યો. પોતે જે જગ્યાએથી આવ્યો હતો ત્યાં પાછા જઈને ફરીથી ચાલુ કરવા સિવાય બીજો રસ્તો ન હતો. હવે તો મિત્રો પણ ચાલી નીકળ્યા હતા. સુધીર ખૂબ મૂંઝાયો પણ પેલો માણસ ખૂબ ભલો નીકળ્યો. એ સુધીરને ઊંધી દિશામાં થોડે સુધી પાછો લઈ ગયો અને ત્યાં આગળ આવેલા માછલી પકડવા માટેના તળાવ (Fishing pond) આગળથી બિલકુલ સીધા ચાલી જવા માટેની દિશા બતાવી દીધી. સુધીરે ફરીથી ચાલવાનું શરૂ કર્યું.

આઠ વાગી ગયા હતા અને અંધારું થઈ ગયું હતું. સુધીરને આ જંગલના અંધારામાં વાઘ-વરુની બીક ન હતી; બીક કેવળ પોલીસની. હિંમત હાર્યા વગર હનુમાનદાદાનું સ્મરણ કરીને સુધીર દિશા ચૂક્યા વગર નાકની દાંડીએ ચાલતો જ રહ્યો. એક બાબતની એને ખાતરી હતી કે અહીં કોઈને કોઈની પડી ન હતી. કોઈને પૂછવામાં આવે તો પ્રેમથી રસ્તો બતાવે એવી આ પ્રજા હતી.

સુધીર ઝડપભેર ચાલી રહ્યો હતો. રસ્તો નિર્જન હતો અને કાંટાંઝાંખરાં ઘણાં હતાં. કોઈ નિર્ધારિત કેડી જેવું હતું નહીં અને વધારામાં ઘોર અંધારું. તારાઓનો ઉજાસ કોને કહે તેનો ખ્યાલ જીવનમાં પહેલીવાર સુધીરને આવ્યો. દિશા ચૂકી જવાય અને આડા ફંટાઈ જવાય એવી પૂરી શક્યતા હતી. ખાડો ઓળંગ્યા પછી કે કાદવ વટાવ્યા પછી સહેજ પણ ફંટાઈ જવાય તો મુસીબત ઊભી થાય. અંધારામાં પણ દિશા ચૂકી ન જવાય તેની બને તેટલી કાળજી રાખીને સુધીર ચાલી રહ્યો હતો. આ દેશોમાં મૂળે વસ્તી ઓછી અને એમાંય આ તો વળી જંગલ! અહીં કોણ મળે? સુધીરના હૃદયના થડકારા વધી રહ્યા હતા. એને એક વાર તો વિચાર આવી ગયો કે, ત્રણેક કલાક ચાલ્યા પછી કોઈ જ વસ્તી ન આવે તો આખી રાત જંગલમાં જ ગાળવી પડશે કે શું!

આમ ને આમ એકાદ કલાક ચાલ્યો હશે ત્યાં એણે દૂર એક દીવો જોયો. ઘનઘોર અંધારાનું વન ચીરીને જ્યારે એ દીવાની થોડેક નજીક પહોંચ્યો ત્યારે સફેદ મકાન જેવું પણ દેખાયું. આટલો અંધકાર વેઠ્યા પછી દીવો એટલે શું તેનો ખ્યાલ એને બરાબર આવી ગયો. દીવો છે એટલે ઘર હશે, ઘર હશે એટલે માણસ હશે અને માણસ હશે એટલે.... ધીમે પગલે એ ઘરની નજીક પહોંચ્યો. ડોરબેલ કોલબેલ દબાવીને એ ઠાવકાઈથી ઊભો રહ્યો. એક ગોરી યુવતીએ દરવાજો ખોલ્યો અને હસીને આવકાર આપ્યો. એ યુવતી એને દીવાનખાનામાં દોરી ગઈ. ત્યારે એક આદમી પિયાનો વગાડી રહ્યો હતો. સુધીરને લાગ્યું કે એ આદમી યુવતીનો પતિ હતો. આદમીએ પણ સુધીરને આવકાર્યો અને સોફા પર બેસાડ્યો. યુવતી એક ગ્લાસમાં કોકાકોલા લઈને આવી અને સુધીરને ગ્લાસ આપીને સામેની ખુરશી પર બેસી ગઈ. કોકાકોલા પીતી વખતેય સુધીરના મનમાં એક જ પ્રશ્ન ભોંકાયા કરતો હતો: પોતે હજી કેનેડામાં તો નથી ને?' છેવટે એણે ખૂબ જ વિનયથી યુવતીને પૂછ્યું: 'આર વી ઈન અમેરિકા ઓર કેનેડા?' યુવતીએ સ્મિતપૂર્વક કહ્યું: 'ધીસ ઈઝ અમેરિકા.' જવાબ સાંભળીને સુધીરને જે આનંદ થયો તે કોલંબસ સિવાય બીજા કોઈને નહીં થયો હોય. એ જો એકલો હોત તો જરૂર આનંદથી નાચી ઊઠત.

બંને જણનો આભાર માનીને સુધીરે એમની રજા લીધી. હવે તે અમેરિકામાં આવી ચૂક્યો હતો. પેલી યુવતી થોડે સુધી આવી અને બસસ્ટોપ પર પહોંચવાનો રસ્તો બતાવીને

પાછી વળી ગઈ. એ પાછી વળતી હતી ત્યાં સુધીરે એને રોકી. સુધીરને એકાએક યાદ આવ્યું કે પોતાની બૅગમાં સુખડની નાની માળા છે. સુધીરે સૂટકેસ ખોલીને માળા કાઢી અને યુવતીના હાથમાં માળા મૂકીને કહ્યું: 'ધિસ ઈઝ એ ગિફ્ટ ફ્રોમ યોર ઈન્ડિયન બ્રધર.' યુવતી એ માળા જોઈને ખુશ થઈ ગઈ. એ માળામાંથી આવતી સુગંધ એને ગમી. સુધીરનો આભાર માની એણે વિદાય લીધી.

થોડી વાર પછી બસ આવી જેના પર લખ્યું હતું 'Chateaugay .' સુધીર બસમાં ચડી ગયો અને દોઢેક કલાકની મુસાફરી બાદ એક નાના શહેરમાં આવી પહોંચ્યો. પબ્લિક ટેલિફોન બૂથ પર જઈ એણે મિશિગન સ્ટેટના ઈસ્ટ લોસિંગ શહેરમાં રહેતા મિત્રને કલેક્ટ કૉલ જોડ્યો:

'હલો! કોણ અનંત?....હું સુધીર... હું અમેરિકામાં આવી ગયો છું અને એકબે દિવસમાં તારે ત્યાં આવી પહોંચીશ...વધુ ત્યાં આવું ત્યારે...ભાભી કેમ છે? હવે જમવાનું તૈયાર રાખે એમ કહેજે...પાંચ હજાર ડૉલરનો ચેક મળી ગયો?....હવે તારી સલાહ પ્રમાણે આગળ ચાલવું છે..ઓ.કે.?...'

* * *

ગ્રેહાઉન્ડની બસમાં અનેક પ્રદેશો વટાવીને સુધીર ઈસ્ટ લોસિંગ પહોંચી ગયો. અનંત અને ઊર્મિ બસસ્ટોપ પર એને લેવા આવ્યાં હતાં. રાત પડવા આવી અને સૌ જમવા બેઠાં. ત્યારે ડાઈનિંગ ટેબલ પર ગરમાગરમ ભજિયાં, શિખંડ તથા પાપડ-અથાણાં જોઈને સુધીરે કહ્યું: 'ભાભી! આજે જેટલું રાંધ્યું હોય એટલું ખૂટી પડવાનું છે. ઘણા દિવસોનો ભૂખ્યો છું એટલે આ વાનગીઓ પર તૂટી પડવાનો છું.'

'તમે ખુટાડો ત્યારે ખરા! નિરાંતે ખાવ, કારણ કે મેં એવું વિચારીને બેગણું જ રાંધ્યું છે. વધે તો ફ્રીઝમાં મૂકી દઈશ. કાલે ચાલશે.' ઊર્મિએ કહ્યું.

'કહું છું, આજે નહીં વધે, ભાભી!' સુધીર બોલ્યો.

'તે ન જ વધવું જોઈએ ને!' અનંતે કહ્યું.

* * *

અનંત ફૂટડો દેસાઈ યુવાન હતો. એ મૂળે અમલસાડનો હતો અને છેલ્લાં કેટલાંક વર્ષોથી ઊર્મિ સાથે મળીને ઈસ્ટ લાન્સિંગમાં પ્રોવિઝન સ્ટોર ચલાવતો હતો. ઊર્મિ મૂળે પિપલગભાણની હતી અને એના પિતા કેલિફોર્નિયામાં મોટેલ ચલાવતા હતા. પિતાએ દેશમાં રહેતી દીકરીને બોલાવી લીધી અને દીકરીને કારણે જમાઈ અનંતને પણ ગ્રીન કાર્ડ મળી ગયું. ઊર્મિના પિતા અંબેલાલ દેસાઈ ગાંડા પટેલને સારી રીતે ઓળખે એટલે સુધીરને અનંતની ઓથ મળી ગઈ.

અહીં આવ્યા પછી સુધીરને ખાતરી થઈ ગઈ કે પુરુષાર્થ કરવા માટેની યોગ્ય જગ્યાએ પોતે આવી પહોંચ્યો છે. અહીં ઈમિગ્રેશનવાળાઓનો દરોડો પડવાની શક્યતા જ ન હતી અને વળી અનંતનો ટેકો હતો. ત્રણ દિવસ સુધી એ અનંત સાથે રોજ દુકાને ગયો અને દુકાન સાથે જોડાયેલી રીતરસમો અને જરૂરી તરકીબો શીખી લીધી. દુકાનમાં આવતા અમેરિકી ગ્રાહકોને સસ્મિતપૂર્વક આવકારવાનું, એમની સાથે બે વાતો કરવાનું અને સભ્યતાપૂર્વક વ્યવહાર જાળવી પૈસા લેવાનું એને આવડી ગયું. ઊર્મિને તો દુકાને જઈ અનંતને મદદ કરવામાંથી જાણે ત્રણ દિવસની મુક્તિ મળી ગઈ આટલા અનુભવે સુધીરને

એક વાત સમજાઈ ગઈ કે કેનેડામાં ગદ્ધામજૂરી કરી તેની સરખામણીમાં આ કામ વધારે સરળ, આનંદપ્રદ અને નફાકારક છે.

એક દિવસ દુકાનમાં ઝાઝી ઘરાકી ન હતી ત્યારે સુધીરે અનંત સાથે ગપ્પાં મારવાનું શરૂ કર્યું:

'મારે અહીં ધંધો કરવો છે, નોકરી નથી કરવી.' સુધીરે કહ્યું.

'હું પણ એમ જ માનું છું. ધંધામાં જલદી ઊંચે અવાય. નોકરીમાં આપણું કામ નહીં.' અનંતે કહ્યું.

'મને દુકાનનું કામ ગમ્યું.'

'મળતર પણ સારું.'

'મારે શું કરવું તે અંગે...'

'મારું માને તો ધંધો જ કરવો સારો.'

'તૈયાર છું.'

'રોકાણ કરવું પડે.'

'મારી પાસે કેટલા ડૉલર છે તે તો તું જાણે છે.'

'એટલા ઓછા પડે.'

'કેટલા જોઈએ?'

'પંદરેક હજાર જોઈએ અને બાકીના ડાઉન પેમેન્ટથી આપવા પડે.'

'તો કરવું શું?'

'ભાગમાં ધંધો કરવો છે?'

'હું તો તૈયાર જ છું.'

'તું પાંચ હજાર કાઢ. હું દસ હજાર કાઢું અને બાકીના બધા ડાઉન પેમેન્ટથી ચૂકવાય. કોઈ ચાલુ દુકાન ગુડવિલ સાથે ખરીદી લઈએ અને તે તું ચલાવે. રોકાણમાં એક જેમ બેનું પ્રમાણ પણ દુકાન તું ચલાવે એટલે નફામાં અડધો-અડધો ભાગ.'

'પણ દુકાન મળે ખરી?'

'એક પાર્ટી ધ્યાનમાં છે.'

'તો હવે રાહ કોની જુએ છે?'

'મેં દુકાનની હિસ્ટરી માગી છે. વકીલની સલાહ લેવાની બાકી છે. અહીં આ બાબતમાં ચોકસાઈ ન રાખીએ તો ફસાઈ જવાય અને દેવાળું નીકળે.'

'એક વાત પૂછું...? સવિતાને અહીં બોલાવવી હોય તો..'

'હોય તો શું? બોલાવવી પડે. બૈરાંની મદદ વગર દુકાન ન ચાલે. દુકાનમાં બે જણ તો જોઈએ જ.'

'પણ એને અમેરિકામાં શી રીતે ઘુસાડવી?'

'તું આવ્યો તે જ રીતે.'

'એ રીત મને હવે આવડી ગઈ. એ જ હાઈ-વે, એ જ ચેકપોસ્ટની બંગલી, એ જ ફિશિંગ પોન્ડ. એ જ સફેદ મકાન.... બધું લખી લીધું છે.'

'તો કાલે જ ભાભીને કાગળ લખ.'

'કાલે નહીં, આજે જ લખું છું.'

*   *   *

સુધીરના આનંદનો પાર ન હતો. એની સાહસયાત્રા આજે એક શકવર્તી વળાંક પર પહોંચી હતી. મોડી રાતે એણે સવિતાને એક પત્ર લખ્યો. પત્ર સાવ નાના અક્ષરે લખાયેલો હતો અને વળી ખાસો લાંબો હતો. સાથે એણે સુરતના પેલા એજન્ટને એક ચિઠ્ઠી લખીને પરબીડિયામાં મૂકી હતી. પાસપોર્ટ અને કેનેડામાં બે અઠવાડિયાં માટે મુસાફર તરીકે સવિતાને દાખલ કરવાની વિધિ શરૂ કરવાની એમાં સૂચના હતી. સવિતા પરના પત્રમાં આવતી વખતે દેશથી કઈ કઈ ચીજો સાથે લાવવી એની યાદી પણ સુધીરે લખી હતી. એ યાદીને અંતે લખ્યું: હનુંમાનદાદાનો પ્રસાદ.

પત્ર લખીને, ટેબલલૅમ્પની સ્વિચ ઑફ કરીને એણે પથારીમાં લંબાવ્યું પણ એને ઊંઘ ન આવી. એક જ અઠવાડિયામાં બધું બદલાઈ ગયું હતું. વળી સવિતાના આગમનની શક્યતાને કારણે એ એટલો તો ખુશ હતો કે અંતરમાં અટવાતા રાજીપાને કારણે એ ઊંઘી ન શક્યો. સવિતાને બે વર્ષમાં બોલાવી લેવાનું વચન એણે બાને આપ્યું હતું. હજી બીજું વર્ષ તો શરૂ થયું હતું ત્યાં સવિતાને બોલાવતો પત્ર એ લખી રહ્યો હતો! બેડરૂમના અંધારામાંય સવિતાનું સ્મરણ એના મનમાં અજવાળું પાથરી રહ્યું હતું.

શું સવિતાને મારા વગર ગમતું હશે ખરું? એ ક્યારેક છાનું રડી લેતી હશે ખરી? મારો પત્ર મોડો પડે ત્યારે રાહ જોઈને થાક્યા પછી બેચેન બની જતી હશે ને? આ પત્ર મળશે ત્યારે એ કેવી આનંદથી નાચી ઊઠશે? બા-બાપુજી સાવ એકલાં પડી જશે તેનું શું? ગામલોકો જાણશે કે સવિતા પણ જઈ રહી છે ત્યારે આખું ગામ પોતાની વાહવાહ કરશે કે? છનિયો અને છીમકી પણ ભાભી જશે એમ જાણીને હરખાઈ ઊઠશે ને? સવિતાને લેવા માટે મારે ફરીથી સરહદ ઓળંગી કેનેડા જવું પડશે. ઘણે વખતે એ મને જોશે ત્યારે લાગણીથી એનું હૈયું ભરાઈ જશે. એ અહીં આવે ત્યાં સુધીમાં તો મારી દુકાન શરૂ થઈ ગઈ હશે. એ આવશે ત્યાં સુધીમાં તો વૈતરું કરીને અને રઝળપાટથી થાકીને નબળી પડી ગયેલી મારી તબિયત પણ ઠીક થઈ ગઈ હશે અને મોં પર લાલી આવી ગઈ હશે. એની તબિયત કેવી હશે? મારી ગેરહાજરીમાં એ થોડી લેવાઈ ગઈ હશે! એ અહીં આવી જાય પછી અમે બે જ્યારે સાથે મળીને દુકાન ચલાવતાં હોઈશું ત્યારે જીવવાની મજા કંઈ ઓર હશે. એ આવશે ત્યારે...

બેડરૂમના એકાંતમાં અને રાતની નીરવ શાંતિમાં એમના હૃદયના ધબકારા એક જ શબ્દનું રટણ કરી રહ્યા હતા: સવિતા... સવિતા... સવિતા.

૧૪

સવિતાનો સથવારો

જેમ જેમ સવિતાને મળવાનો દિવસ નજીક આવતો ગયો તેમ સુધીરની પ્રતીક્ષા તીવ્ર બની ગઈ. કૅલેન્ડર પર છપાયેલી તારીખો પર એનો કાબૂ હોત તો એણે થોડીક ગોલમાલ કરીને સવિતા આવે એ તારીખ થોડી વહેલી લાવી દીધી હોત. કોઈ કામમાં એનું ચિત્ત ચોંટતું ન હતું. પ્રત્યેક રાત એને લાંબી લાગતી હતી અને દિવસે એવું લાગતું જાણે સૂરજ થંભી ગયો ન હોય! પોતાની શૌર્યકથા સવિતાને વિગતે એ કહેવા આતુર હતો. પોતાનું તમામ સુખ બાજુએ મૂકીને એણે પોતાના ભવ્ય સ્વપ્નમહેલનો પાંયો નાખ્યો હતો અનેક વિટંબણાઓ વેઠીને, વૈતરું કરીને અને જોખમો ખેડીને એણે સવિતાને બોલાવી લેવાનું વચન મુદત વીતે તે પહેલાં પાળ્યું હતું. આ ગાળામાં શું શું મેળવ્યું અને તે મેળવવા માટે કેવો પ્રચંડ પુરુષાર્થ કર્યો તેની બધી વાતો વિગતે કર્યા પછી અભિભૂત થયેલી સવિતાની સોહામણી આંખોમાં ઊછળતાં સમંદર પર સવારી કરવા માટે એ બેચેન બની રહ્યો.

આખરે એ દિવસ આવી પહોંચ્યો. સવિતાને લેવા માટે ફરીથી સરહદ ઓળંગીને એ કેનેડા ગયો. સવિતાએ સૂરત સિવાયનું કોઈ શહેર આ પહેલાં જોયું ન હતું. સવિતા પણ કેનેડાની બે અઠવાડિયાંની ટુરિસ્ટ પરમિટ લઈને મોન્ટ્રિયાલ આવી રહી હતી. પોતે જે કાંઈ કરી રહ્યો છે તે ગેરકાયદેસર છે એવો અણસાર એણે સવિતાને આવવા દીધો ન હતો. કેનેડાથી અમેરિકા જતાં સરહદ ઓળંગવામાં રહેલા જોખમની અને પકડાઈ જવાય તો બીજે દિવસે અપમાનજનક રીતે દેશ ભેગા થવાની શક્યતાની સવિતાને ખબર ન હતી. એ જાણતો હતો કે સવિતાને બધી ખબર હોય તો કદાચ આવવાનું માંડવાળ કરે અથવા તો ગભરાઈ જાય. મનમાં સહેજે ખ્યાલ ન હોય અને જોખમ પસાર થઈ જાય પછી એની ગંભીરતાનો ખ્યાલ આવે ત્યારે પ્રગટતું સુખદ આશ્ચર્ય આદમીને રોમહર્ષથી ભરી દેનારું હોય છે. સુધીર આવા રોમહર્ષની સઘળી રેખાઓ સવિતાના ચહેરા પર અંકિત થયેલી જોવા માંગતો હતો.

એ જ હાઈ-વે.

એ જ ચેકપોસ્ટની બંગલી.

એ જ જંગલ, એ જ અંધારું અને ઉબડખાબડ રસ્તો.

સવિતા તો નિરાંતે સુધીરનો હાથ ઝાલીને જંગલના અંધારામાં ચાલી રહી હતી. સુધીર અંદરથી ચિંતાગ્રસ્ત; પરંતુ બહારથી સવિતાગ્રસ્ત હતો. બંને વાતો કરતાં રહ્યાં પરંતુ સુધીરનું ચિત્ત એ વાતોમાં ન હતું. કશુંક અણધાર્યું બની જાય અને પકડાઈ જવાય તો સવિતા આગળ પોતે કોડીનો થઈ જાય એ વિચાર જ એને ધ્રુજાવી મૂકે એટલો વિકરાળ હતો. એકાદ નાનકડી ભૂલ એણે મહામહેનતે રચેલા સ્વપ્નમહેલને જમીનદોસ્ત કરી શકે તેમ હતી. જોખમની આવી બોજલ પળોમાં સ્વસ્થતા જાળવી લેવાની ત્રેવડ એનામાં હતી.

એકાદ કલાક ચાલ્યા પછી જ્યારે દૂર એક દીવો બળતો દેખાયો ત્યારે એનો જીવ હેઠો બેઠો. થોડી વારમાં બંને જણાં સફેદ મકાન પાસે આવી પહોંચ્યા. કોલબેલ દબાવ્યો કે તરત બારણું ખૂલ્યું.

'ગુડ ઈવનિંગ, મિસિસ એગર્ટ્સન!'

'ગુડ ઈવનિંગ સુઢીર..હાવ ડુ યુ ડુ સવિટા?'

સવિતા આશ્ચર્યમાં ડૂબી ગયેલી તે બોલે ક્યાંથી? કેવળ સ્મિત દ્વારા જ એણે મિસિસ એગર્ટસનના અભિવાદનનો પ્રતિભાવ આપ્યો. મિસ્ટર એગર્ટસન બહાર ગયા હતા. બંનેને સોફા પર બેસાડીને મિસિસ એગર્ટસન કિચનમાં ગયાં એટલે સુધીરે સવિતાની હથેળી દાબીને કહ્યું: 'તને લેવા આવ્યો ત્યારે અહીં કહેતો ગયેલો કે મારી પત્નીને સાથી લઈને આવું છું. હું જ્યારે થોડાક વખત પર કેનેડા છોડીને અમેરિકા ગયેલો ત્યારે પણ અહીં થોભેલો.'

કોકાકોલા સાથે બીજી ડિશમાં બિસ્કિટ લઈને મિસિસ એગર્ટ્સન આવ્યાં. થોડીકવાર થોભીને સુધીર અને સવિતા ચાલી નીકળ્યાં અને બસસ્ટોપ પર પહોંચી ગયાં. બસમાં ગોઠવાઈ ગયાં પછી સુધીરે સવિતાને ખભે હાથ મૂકીને કહ્યું: 'હાશ! હવે દુનિયા જખ મારે છે!' સવિતાને આ વાક્યનો સુચિતાર્થ ન સમજાયો. થોડાક આશ્ચર્ય સાથે એણે પૂછ્યું: 'કેમ એમ કહે છે?'

'સવિતા! હવે આપણે અમેરિકામાં છીએ. કેનેડા છોડી અમેરિકાની હદમાં ચાલીને આપણે દાખલ થયાં તે ચોરીછૂપીથી અને અમેરિકામાં નિરાંતે રહીશું તે પણ બિનકાયદેસર...'

'શું કહે છે તું?'

'હા, હજારો લોકો આ રીતે અમેરિકામાં દાખલ થાય છે અને પછી અઠે દ્વારકા...'

'પણ પકડાઈ જવાય તો?'

'આપણને ભારત રવાના કરી દે, બીજું કશું જ નહીં.'

'તેં મને અંધારામાં રાખી, બાકી...'

'હવે અંધારું ખતમ થયું. હવે તો બસ...'

'હવે તો બસ શું?'

'લીલા લહેર અને કમાણી અને...'

'અને શું?'

'જીવનભર નિરાંત'

'તે ગામમાં નિરાંતની ખોટ હતી કે?'

'હતી પણ તે આવી નહીં! હવે તું બસ જોયા કર અને હું કહું તેમ કર્યા કર. પછી જો, કે આવતાં દસ વર્ષમાં હું તને ક્યાંથી ક્યાં પહોંચાડું છું.'

'હાય બા! દસ વર્ષ? દસ વર્ષ તે કેમ જશે?'

'દસ વર્ષ તો ચપટીમાં ચાલ્યાં જશે પણ પછી આખી જિંદગી આરામ.'

'પણ બા-બાપુજી...'

'એમને પણ અહીં બોલાવીશું.'

'આવી જ રીતે, ચોરીછૂપીથી?'

'ના, એમને સીધાં અમેરિકા જ ઉતારીશું.'

'તેઓ નહીં આવે.'

'શા માટે ન આવે?'

'હું નીકળી ત્યારે બાપુજીએ કહેલું તે પરથી કહું છું.'

'શું કહેલું?'

'કે દીકરો તો અમને છોડીને ગયો પણ દીકરી, તું ત્યાં રહી ન પડતી. બને તો એને અહીં તાણી લાવજે. અમારે પૈસા નથી જોઈતા, વસતી જોઈએ છે.'

'તું એ ચિંતા મારા પર છોડી દે.'

'સુધીર! હું તો અહીં તારી સાથે દસ વર્ષ ખેંચી કાઢીશ પણ બા-બાપુજીનાં દસ વર્ષ કેમ જશે? આપણે થોડાક જલદી ગામ ન જઈ શકીએ?'

'જઈ તો શકીએ પણ પાછા અહીં ન આવી શકીએ.'

'તે ન જ આવીએ. પાછા આવવાની જરૂર પણ શી છે?'

'દસેક વર્ષ તો જોઈએ જ. બા-બાપુજીને અહીં જરૂર બોલાવીશું અને એમને આખું અમેરિકા બતાવીશું.'

'એ તો મહિના કે ત્રણ મહિના માટે. પણ પછી એમને ગામ યાદ આવે જ. સાચું કહું? બંને તારા વગર ત્યાં બેઠાં ઝૂર્યાં કરે છે. ને તું દસ વર્ષની વાત કરે છે! બા-બાપુજી તારા-મારા વગર દસ વર્ષ નહીં ખેંચી શકે.' સવિતાની આંખમાં આટલું બોલતાં ઝળઝળિયાં આવી ગયાં.

સુધીર મૌન રહ્યો. એનું હૈયું પણ ભરાઈ આવ્યું પણ એ સ્વસ્થ રહ્યો. સવિતાનો પહેલો પ્રતિભાવ આવો જ આવશે એની એને ખબર હતી. એને ખબર હતી કે સવિતાને સ્વપ્નમહેલના મિનારાઓમાં ઝાઝો રસ ન હતો. એ અમેરિકા તો આવી પણ સાથે આખું ગામ ઉપાડીને લેતી આવી હતી. કેવળ પોતાનું શરીર લઈને અમેરિકા આવી હતી. ગામમાં હતી ત્યારે એ સતત સુધીરના અને અમેરિકાના ખ્યાલોમાં ખોવાઈ જતી અને અમેરિકાની ધરતી પર બસમાં બેઠી બેઠી એ ગામ જઈ પહોંચી હતી! સુધીર વિચારપૂર્વક વર્તી રહ્યો હતો. એ જાણી જોઈને મૂંગો રહ્યો. સવિતાને આશ્ચર્ય અને આનંદમાં ડુબાડીને અભિભૂત કરવાનું તો ઠીક, એને પોતાની વાત ગળે ઉતારવામાં પણ એ નિષ્ફળ બની રહ્યો હતો. પણ લીધેલી વાત છોડવાનું એના લોહીમાં ન હતું. પેલો સ્વપ્નમહેલ એને સાદ દઈ રહ્યો હતો. સમય જતાં સવિતા આપમેળે સમજી જશે અને પોતાની વાતમાં સાથ આપશે એવી એને શ્રદ્ધા હતી.

બંને મૌન હતાં; પરંતુ બંનેના મૌનમાં આભજમીનનું અંતર હતું. સવિતાના મૌનમાં ભારોભાર નિર્વેદનો બોજ હતો, બા-બાપુજી પ્રત્યેની અનુકંપા હતી અને જે કાંઈ બિનકાયદેસર રીતે થઈ રહ્યું હતું એનો અણગમો હતો. સુધીરના મૌન પાછળ ગણતરી હતી. અરમાનો હતાં અને સવિતાના વલણને કારણે જન્મેલી ચિંતા હતી. બંને અડખે-પડખે બેઠાં હતાં અને છતાંય એકનું મન દૂર દૂર આવેલા ગામમાં બેઠેલાં બા-બાપુજીના ચહેરાઓના ભાવ વાંચી રહ્યું હતું, જ્યારે બીજું મન અમેરિકામાં રહીને આવતાં દસેક

વર્ષમાં તૈયાર થનારા સ્વપ્ન મહેલના ઝગારા મારતા મિનારાઓ પર સ્થિર થયું હતું. વાતનો વિષય બદલવાને ઈરાદે સુધીરે ગામની વાત કાઢવાનો વિચાર કર્યો.

'ગામમાં બધા કેમ છે?'

'આખું ગામ મજામાં છે. ઓણસાલ વરસાદ ખેંચાયો તેથી ખેતીમાં મજા નથી. લક્ષ્મીનું હજી ગોઠવાયું નથી. પિસ્તોલકાકાની તબિયત નરમગરમ ચાલ્યા કરે છે. ગોવનકાકા રોજ ઘરે આવે છે. પરમાનંદકાકાને ત્યાં હું પગે લાગવા ગઈ ત્યારે એમણે કહ્યું કે, સુધીરને લીધા વગર પાછી જ ન આવતી.'

'તે આપણે હવે સાથે જ જઈશું ને?'

'બા-બાપુજી બોલાવે તો મારાથી ન થોભાય, બાકી હું દસ વર્ષ ખેંચી કાઢવા તૈયાર છું.'

'ખેંચી કાઢવાની વાત કેમ કરે છે?'

'ત્યારે બીજું શું?' અમીરીના વલોપાત કરતાં તો ગરીબીની નિરાંત સારી.'

'શાંતિલાલ કેમ છે?'

'ઠીક છે.'

'સવિતા! તું તો મારાં સ્વપ્નાં પર પાણી ફેરવી રહી છે. મને તો હતું કે તું અહીં આવીને રાજી રાજી થઈ જશે અને મને પ્રેમથી નવરાવી દેશે પણ આ તો....'

'હું વચન આપું છું કે દસ વર્ષ તારા કામમાં પૂરા મનથી મંડી પડીશ. પણ એટલું ચોક્કસ કે આ દસ વર્ષ ક્યારે પતે તેની હું સતત રાહ જોતી રહીશ. તને કોઈ વાતે ખોટ નહીં પડવા દઉં, પણ જ્યારે ગામ જવાનું થાય ત્યારે મારા હરખનો પાર નહીં હોય. આજથી જ હું એ દિવસની રાહ જોવાનું શરૂ કરું છું.'

'તે તું એમ માને છે કે મને ગામ યાદ જ નહીં આવતું હોય?'

'હું કયાં એમ કહું છું? પણ તને જીવન કરતાંય પૈસા વધારે વહાલાં લાગે છે. મનેય પૈસા ગમે ખરાં પણ એ મેળવવા હું આવા ઉધામા ન જ કરું.'

'હજી તો તેં મારી પૂરી કહાણી સાંભળી નથી, બાકી તો...'

'તેં ભારે વૈતરું કરીને ડૉલર ભેગા કર્યા છે તેની મને ખબર છે.'

'તને કોણે કહ્યું?'

'મોન્ટ્રિયાલમાં હું જેમને ત્યાં રહી તે લોકોએ મને બધી વાત કરી. એ લોકો તારાં બે મોઢે વખાણ કરતાં હતાં અને હું મનોમન ફુલાતી હતી. મારે મુગલ ને ફુલાય પીંજારા!'

'ને હવે મળીને પસ્તાય છે, એમ ને?'

'ના, ના, ના!'

'હાશ! હવે મને થોડીક રાહત થઈ.'

'સુધીર!'

'બોલ.'

'દસ વર્ષમાં તારે જેટલા પૈસા કમાવા હોય તેટલા કમાઈ લે. હુંય તારી સાથે ગમે તે મજૂરી કરવા તૈયાર છું. પણ પછી આપણે સાથે એકવગા દેશ ચાલ્યા જઈશું.'

‘તારી વાત કબૂલ છે.’

‘તો મનેય તારી આ દસ વર્ષની નજરકેદ મંજૂર છે.’

બા-બાપુજી સાજાંસમાં હોય તો હું જવાનું નામ પણ નહીં લઉ. પણ પછી એક દિવસ વધારે નથી રહેવું.’

‘મંજૂર છે, મેડમ! તમારી આ વાત સેવકને મંજૂર છે.’

‘તું સેવક નથી, મારો વહાલો સ્વામી છે.’

‘ઘણે દિવસે તું મળી તેનો આનંદ ઓછો થાય એવું મારે કશું નથી સાંભળવું. તારા વગર મેં અહીં દિવસો કેમ ગાળ્યા છે તેનો ખ્યાલ તને નહીં આવે, સવિતા!’

‘તે હુંય ત્યાં એકલી સુખી હોઈશ કે? લક્ષ્મી જ્યારે મળવા આવે ત્યારે હું રડી પડતી. અહીં તારી પાસે હુંય હોંશભેર દોડી આવી છું. ગામ કોને ન ગમે? પણ તું ન હોય અને ગામ હોય તોય શું? અહીં તું છે અને વળી ગામ નથી. તું અને ગામ એકસાથે હોય પછી સ્વર્ગ કેટલું છેટું?’

હાઈ-વેની આસપાસ પથરાયેલા અંધારામાં બસની હેડલાઈટ પ્રકાશના ચાસ પર એકધારી દોડી રહી હતી. સવિતા ખુશ હતી, પણ એની ખુશીમાં કશુંક ખૂટતું હતું. વળી શું ખૂટતું હતું તેની એને સમજ પડતી ન હતી. સુધીરનું મન પૂરઝડપે દોડી રહ્યું હતું, પણ જે કેડી પર એ દોડતું હતું એના પર કાંકરાખૂંપરા, ખાડાં-ટેકરા અને કાંટા- ઝાંખરાં ઘણાં હતાં.

પણ હવે કેડી પર ચાલવામાં એ સાવ એકલો ન હતો. સવિતા એની સાથે હતી. આસપાસ અંધારું હતું તોય બસનો રસ્તો સાફ હતો અને સ્પષ્ટ દેખાતો હતો. સુધીરના જીવનમાર્ગનું પણ એવું જ હતું!

૧૫

જૂઈનાં ફૂલની વેણી

સવિતા અને સુધીર ઘણા વખતે મળ્યાં હતાં એટલે બંને વચ્ચેની વાતો ખૂટતી ન હતી. સુધીરે કરેલાં અનેક પરાક્રમોની વિગતો સાંભળીને સવિતાને એક બાબતનો ખ્યાલ આવી ગયો. સુધીરે આગળ વધવા માટે કોઈ ભડવીરને છાજે એવો પુરુષાર્થ કર્યો હતો. લગ્ન પછી બંને સાથે રહ્યાં હતાં; પરંતુ વિયોગ પછીનું આ મિલન લગ્ન પછીના શરૂઆતના દિવસોમાં એવી ઉત્કટ મુગ્ધાવસ્થાનું નિમિત્ત બની રહ્યું. સુધીરની વાતોમાં બહાદુરી અને સાહસનાં તત્ત્વો પડેલાં હતાં તેથી સવિતા બહારવટિયાની કથા સાંભળતી હોય એવા રસથી બધી વાતોને માણી રહી હતી. સુધીરે બધું જ ગેરકાયદેસર કર્યું હતું એ વાતનો અણગમો ઘડીભર સાવ દૂર ધકેલાઈ ગયો અને સવિતા મુગ્ધ બનીને સુધીરની વાતો સાંભળતી રહી.

નવી પરિસ્થિતિને સવિતાએ પૂરા મનથી સ્વીકારી લીધી. સુધીરના પ્રયત્નોમાં બધી રીતે સહાયરૂપ થવાનો એણે નિશ્ચય કરી લીધો. સંકલ્પબળથી શોભતા સુધીરમાં રહેલા પુરુષ તત્ત્વ પર એ અંદરથી ઓળઘોળ થઈ ગઈ. સુધીર સવિતાના સથવારાને કારણે ખૂબ જ ખુશ હતો. સવિતા માત્ર રૂપાળી સ્ત્રી જ ન હતી; અમેરિકનો જેને 'પૂર્ણ સ્ત્રી' કમ્પીલટ વુમન કહે તેવી મજાની સ્ત્રી હતી. એની આંખોમાં માતૃત્વ છલકાતું હતું. એની લાગણીઓમાં નાજુકાઈ હતી અને કામ કરવામાં તો એ સુધીરની છાયા બનીને ઊભી રહી જતી.

ગામ દૂર રહી ગયું હતું. વળી સમાજની કોઈ રોકટોક નહીં તેથી બંનેની લાગણીઓ ઝરણાની માફક નિર્બંધપણે વહેવા લાગી. સમય અને અવકાશ એકાકાર બની રહ્યા અને સંવેદનાનો સેતુ રચાઈ રહ્યો. આ સેતુ પર આદમ અને ઈવની જોડી જેવાં સુધીર અને સવિતા વિલીન થઈને એકબીજાને પામતાં રહ્યાં.

એક વર્ષમાં તો ઘણું બધું બની ગયું.

અનંત અને ઊર્મિ સાથે એક મહિનો ભેગાં રહીને સુધીર અને સવિતાએ અમેરિકાની જીવનશૈલીના ઘણા પાઠ શીખી લીધા. ઓર્ચાડ સ્ટ્રીટમાં લીધેલી નવી દુકાને સવિતા રોજ સમયસર પહોંચી જતી. અમેરિકન ગ્રાહકો દુકાનદાર પાસે માત્ર વસ્તુની નહીં, સ્મિતની પણ અપેક્ષા રાખતી હોય છે, એવું અનંતે સવિતાને શરૂઆતથી જ કહી રાખ્યું હતું. થોડા જ વખતમાં આ જ લત્તામાં આવેલા એક નાના ઘરમાં સવિતા અને સુધીર ગોઠવાઈ ગયાં. ઘર અને દુકાન વચ્ચે ઝાઝું અંતર ન હતું તેથી આવવા-જવામાં સરળતા રહેતી. સુધીરે સઘળો પુરુષાર્થ દુકાન જમાવવા માટે કામે લગાડ્યો. શરૂઆતમાં અનંતનું માર્ગદર્શન ખૂબ ખપ લાગ્યું. થોડા જ સમયમાં દુકાન અંગેની બધી બાબતો સુધીરે સમજી લીધી. દુકાન પર આવતા અમેરિકન ગ્રાહકો સાથે કામ પાર પાડવા માટે જરૂરી એવા અંગ્રેજી શબ્દો

સવિતાએ પાકા કરી લીધા. ડૉલર અને સેંટનું ચલણ તો એક જ દિવસમાં સવિતાએ સમજી લીધું. સવિતાને અહીં એનું ગણિત ખૂબ જ કામ લાગ્યું. બધો સરવાળો ફટાફટ મોઢેથી ગણીને એ જ્યારે કુલ રકમ કહી દેતી ત્યારે ગ્રાહકના આશ્ચર્યનો પાર ન રહેતો. એક અમેરિકન ડોસીએ તો સવિતાનું નામ જ પાડી દીધું, 'મિસિસ કૉમ્પ્યુટર.'

એક દિવસ, રાતે દસેક વાગે અનંત ઊર્મિ સાથે મોટી અમેરિકન કાર લઈને આવી પહોંચ્યો. સુધીર અને સવિતા વાળુ કરી રહ્યાં હતાં. બંનેને આશ્ચર્યમાં ગરકાવ કરી દેવાને ઈરાદે અનંતે ધડાકો કર્યો અને કહ્યું: 'ભાભી! આ તમારી કારની ચાવી સંભાળી લો.'

'ખમારી કાર?' સુધીરે આશ્ચર્ય ઠાલવ્યું.

'હા, હા, તમારી કાર. સ્ટુડબેકર.' અનંતે કહ્યું.

'અમને ગાડી ન પોષાય.' સવિતાથી બોલાઈ ગયું.

'અમેરિકામાં ગાડી વગર રહેવાનું ન પોષાય, ભાભી!' અનંતે સવિતાની સામે ખુરશી પર બેઠક જમાવતાં કહ્યું.

'પણ એના પૈસા કયાંથી લાવવા?' સુધીરે કહ્યું.

'મારા તરફથી ભાભીશ્રીને ભેટ.' અનંતે બીજો ધડાકો કર્યો.

'અરે! આવી મોટી ભેટ હોય?' સવિતા હજી આવી પડેલા આશ્ચર્યને પચાવી શકી ન હતી.'

'ભેટ મોટી દેખાય છે ખરી, પણ ખરેખર એવું નથી, હોં ભાભી!' અનંતે રહસ્યને ચગાવ્યું.

'કંઈ સમજાયું નહીં.' સુધીર બોલ્યો.

'આ ગાડીના મેં માત્ર સાઠ ડૉલર ચૂકવ્યા છે.' અનંતે ફોડ પાડ્યો.

'શું કહો છો તમે!' સવિતાએ આશ્ચર્ય બતાવ્યું.

'સાચું કહું છું. અમેરિકામાં કશું અશક્ય નથી. આ જૂની ગાડી ચાલે ત્યાં સુધી ચલાવવાની અને બગડે એટલે જન્કયાર્ડમાં નાખી આવવાની.'

'પણ અનંત! સાઠ ડૉલરમાં તો હવે દેશમાં બળદગાડુંય નથી મળતું.' સુધીરે કહ્યું.

'સુધીર! અહીં મોટરગાડી એટલે બીજી પત્ની. 'ભાભીશ્રી! હવે સંભાળજો.'

'તે તમે દિયર થઈને ભાભીને માથે બીજી લાવવાનું કર્યું ને!' સવિતાએ ટોણો માર્યો.

'ના, જી. આ ગાડી એકલો સુધીર નથી ચલાવવાનો. હું તમને ડ્રાઈવિંગ શીખવી દઈશ પછી એ શૉક તમારા કહ્યામાં રહેશે.' અનંતે કહ્યું.

'ના રે બા! આપણને ગાડી ચલાવતાં નહીં આવડે.' સવિતા બોલી.

'અરે, શરૂઆતમાં ઊર્મિ પણ આવું જ કહેતી હતી. આ સુધીરને જ પૂછો, ઊર્મિ ગાડી કેવી ચલાવે છે?' અનંતે કહ્યું.

'અનંત કરતાં સારી.' સુધીરે ઊર્મિ તરફ જોઈને કહ્યું.

'તો મને ઊર્મિભાભી જ ડ્રાઈવિંગ શીખવશે.' સવિતાએ કહ્યું.

'ના! એ મારું કામ નહીં. આપણે તો ગાડી ચલાવી જાણીએ એટલું જ!'

ઊર્મિએ સ્પષ્ટતા કરી.

'અરે ભાભી! હું તમને બે-ત્રણ દિવસમાં શીખવી દઈશ. આ કંઈ દેશી ગાડી થોડી છે! ગિયર બદલવાની ખટપટ નહીં. વળી રસ્તા પહોળા, ભીડ ઓછી અને લોકો સમજુ. લાલ લાઈટ જોઈ એટલે ઊભા રહેવાનું અને લીલી જોઈ કે ચાલવા માંડવાનું.' અનંતે કહ્યું.

'સારું! જે ભેટ આપે તે પેટ્રોલ પણ ભરાવી આપે. અહીં તો અમે નિરાશ્રિત છીએ.' સવિતાએ મમરો મૂક્યો.

'એક વાર ગાડી તો શીખી લો, પછી વાત.' ઊર્મિએ જવાબ આપ્યો.

અનંત અને ઊર્મિ ગયાં પછી સુધીર ક્યાંય સુધી વિચારતો રહ્યો. ગાડી તો મફત મળી પણ પેટ્રોલના ખર્ચનું શું? આ દુકાનના નફામાંથી થોડીક રકમ એકઠી થાય પછી સવિતા માટે બીજી દુકાન ખરીદવાની યોજના એના મનમાં રમી રહી હતી. માત્ર પાંચ-સાત હજાર ડૉલર રોકડા ચૂકવીને ડાઉન પેમેન્ટ દ્વારા બીજી રકમ ચૂકવવાની ગોઠવણ દ્વારા પંદર-વીસ હજાર ડૉલરમાં કોઈ ચાલુ દુકાન ખરીદવાની એની ગણતરી હતી. અનંતને આ તબક્કે કોઈ વાતમાં ના પાડવાનું પણ મુશ્કેલ હતું. ખરે ટાણે એણે મદદ કરી હતી અને હજી કરી રહ્યો હતો. સવિતાને અનંત કાર ચલાવતાં શીખવે એ વાત પણ એને ગમતી ન હતી; પરંતુ એણે પોતાનો અણગમો સવિતાનેય જણાવ્યો નહીં.

અનંત ત્રણેક વખત સવિતાને ડ્રાઈવિંગ શીખવવા માટે લઈ ગયો. થોડેક દૂર આવેલી K માર્ટના પાર્કિંગ લોટમાં ગાડી લઈ જઈ સવિતાને એણે શરૂઆતની તાલિમ આપી અને ઓછી અવરજવરવાળા હાઈ-વે પર પ્રેક્ટિસ પણ કરાવી. થોડાક દિવસો પછી સવિતાએ ટેસ્ટ આપ્યો અને ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવી લીધું. સુધીરે તો ભારતમાં જ ગાડી ચલાવવાનું લાઈસન્સ મેળવી લીધું હતું પણ અહીં થોડોક પ્રયત્ન કરીને પછી ટેસ્ટ આપ્યો અને લાઈસન્સ મળી ગયું. સવિતાને ડ્રાઈવિંગ લાઈસન્સ તો મળ્યું પણ સુધીરના મનમાં ચાલતા તાણયુદ્ધનો ખ્યાલ એને ન હતો. જ્યારે જ્યારે અનંત સવિતાને ડ્રાઈવિંગ શીખવવા લઈ જતો ત્યારે સુધીર બેચેન રહેતો. એનું ચિત્ત દુકાનની લેવડદેવડમાંથી ઊઠી જતું. સવિતા અને અનંત અડોઅડ બેઠાં હશે, અનંતનો પગ સવિતાની સાથળ સાથે ભિડાઈને બ્રેક પર ગયો હશે, અનંતનો હાથ સ્ટિયરિંગ પર વળગેલી સવિતાની કોમળ આંગળીઓને અડ્યો હશે....વગેરે વિચારો સુધીરને વિહ્વળ બનાવી મૂકતા હતા. સવિતા ડ્રાઈવિંગ શીખીને પાછી આવતી ત્યારે એ અત્યંત ખુશ જણાતી. એને ખુશ થતી જોઈને સુધીર વળી વધારે ઉદ્વિગ્ન બની જતો. સવિતા સ્વભાવે હસમુખી તો હતી જ અને કાર ચલાવવાનો રોમાંચ એને વધારે હસમુખી બનાવી મૂકતો. સુધીરના હૈયામાં જે વિચારો વમળાતા હતા તેનાથી એ સર્વથા અજાણ હતી. ઘરે આવીને એ તો ઉત્સાહભેર બધી વાતો સુધીરને કરતી. અનંત દેખાવડો હતો અને વળી બોલવે-ચાલવે સ્માર્ટ હતો. સુધીરની ગ્લાનિનો અણસાર પણ એને આવ્યો ન હતો. સુધીર મનમાં ને મનમાં સમસમી રહેતો પણ બહારથી એ સાવ લાચાર હતો. સળગતું લાકડું ધુમાયા કરે પણ ભડકો ન થાય એ રીતે એ મનમાં ને મનમાં ધૂંધવાયા કરતો. સવિતાને અગ્નિનો તો ઠીક, ધુમાડાનો ખ્યાલ પણ ન હતો.

આમ ને આમ થોડાક મહિનાઓ વીતી ગયા. માત્ર હરવા-ફરવામાં જ નહીં, માલની હેરફેરી અને દુકાનનાં નાનાં મોટાં કામોમાં કાર ખૂબ જ ખપ લાગી. સુધીરને સમજાઈ ગયું કે અમેરિકામાં કાર બળદગાડાનું અને હળનું એમ બેવડું કામ આપનારી કામધેનુ હતી.

ઘણી વાર તો મોટા ઓર્ડરો પ્રમાણે ગ્રાહકોને ઘરે માલ પહોંચતો કરવામાં પણ કાર ઉપયોગમાં આવતી. આમ કાર એટલે બીજું ઘર એવું સુધીર અને સવિતાને સમજાઈ ગયું.

શિયાળો આવી પહોંચ્યો. શનિવારનો દિવસ હતો અને દુકાન બંધ હતી. સવિતાએ એ દિવસે પહેલીવાર બરફનાં ફોરાં વરસતાં જોયાં અને એના હર્ષનો પાર ન રહ્યો. કલાકો સુધી એ ઘરની બંધ બારીના કાચમાંથી રૂનાં પૂમડાંને આકાશમાંથી અવિરતપણે વરસતાં જોઈને બેસી રહી. સુધીર કોઈ કામે બહાર ગયો હતો. સવિતાને એકાએક ગામ યાદ આવી ગયું, લક્ષ્મી યાદ આવી ગઈ અને એની મનગમતી જૂઈની વેણી યાદ આવી ગઈ. ઓચિંતો એક ઝબકારો મનમાં થયો અને એણે ઊર્મિને ફોન જોડ્યો. ફોન પર આડીઅવળી વાતો કર્યા પછી ઊર્મિ અને અનંતને એણે ગરમાગરમ ભજિયાં ખાવા માટે આમંત્રણ પાઠવી દીધું. સુધીર બહારથી આવ્યો ત્યારે અનંત અને ઊર્મિ ડાઈનિંગ ટેબલ પર બેસીને ડુંગળીનાં ભજિયાં તથા મરચાં-લસણની તીખી ચટણીનો સ્વાદ માણી રહ્યાં હતાં. સુધીરે પણ ખુરશી પર પલાંઠી વાળીને આસન જમાવ્યું અને ડુંગળી-બટાકાનાં ઊતરતાં ભજિયાં થાળીમાં લઈને સવિતા પણ આવી પહોંચી. થોડીક ક્ષણો માટે ઈસ્ટ લાન્સિંગ સુરત બની રહ્યું. ચારે જણાં સુરતની વાતે ચડી ગયાં તે એવાં કે રાત ક્યારે પડી ગઈ તેનો ખ્યાલ પણ ન આવ્યો. ખીચડી-કઢી ખાતાં ખાતાં અને બીજે દિવસે બપોરે હિંદી પિક્ચર જોવા માટે ડિટ્રોઈટ જવાની દરખાસ્ત મૂકી. ઘણા દેશી લોકો મળશે એવું વિચારી સૌએ એ વાત વધાવી લીધી. અનંતની કારમાં જવાનું નક્કી કરીને અનંત અને ઊર્મિ રાત્રે સાડાબારે વિદાય થયાં. બીજે દિવસે રવિવાર હતો એટલે નિરાંતે ઊઠવાનો નિશ્ચય કરીને સવિતા અને સુધીર બેડરૂમમાં આડાં પડ્યાં.

સવિતાને તો થોડી જ વારમાં ઊંઘ આવી ગઈ પણ સુધીરને ઊંઘ ન આવી. બંને જણાં એક જ બેડ પર અડખેપડખે સૂતાં હતાં; પરંતુ સુધીરને એવું લાગી રહ્યું હતું કે જાણે સવિતા એનાથી જોજનના જોજન દૂર ચાલી નીકળી છે. જીવનમાં ક્યારેય ન આવ્યા હોય એવા ખરાબ વિચારો એને આવી રહ્યા હતા. કડકડતી ઠંડીમાં પણ એ અંદરથી શેકાઈ રહ્યો હતો. ભજિયાં પીરસતી વખતે અનંતને પ્રેમપૂર્વક આગ્રહ કરતી સવિતાનો ચહેરો બેડરૂમના અંધારામાં પણ એની આંખ સામે તરી રહ્યો હતો. અનંતનું ધ્યાન પણ પોતાને બદલે સવિતા તરફ રહેતું હતું એવું એને ઘણા વખતથી લાગ્યા કરતું હતું. સવિતા પણ છેલ્લા કેટલાક વખતથી એને પહેલાંના ઉમળકાથી વહાલ નહોતી કરતી એવું પણ એને લાગ્યા કરતું હતું. આજે પોતાને કહ્યામૂક્યા વગર જ સવિતાએ અનંત અને ઊર્મિને ભજિયાં ખાવાં બોલાવ્યા તેય એને ગમ્યું ન હતું.

શું સવિતા અનંતની નજીક જઈ રહી હતી? આવો વહેમ આણવામાં સવિતા જેવી સુશીલ પત્નીને પોતે અન્યાય તો નથી કરી રહ્યો ને? એવું ન બને, કે અનંતના મનમાં પાપ હોય અને સવિતા તદ્દન નિર્દોષ હોય? પોતે ઊર્મિ સાથે આવા ઉમળકાથી બોલે તો અનંત વહેમાય ખરો? ઊર્મિને અનંત અને સવિતા વધારે નજીક આવે તે ગમે ખરું? શું ઊર્મિના ધ્યાનમાં સવિતા અને અનંત વચ્ચે વધી રહેલો મનમેળ નહીં આવ્યો હોય? તો પછી એ ચૂપ બેસી રહે ખરી? ઊર્મિ બધું જાણતી હોય પણ અનંત આગળ એનું કશું ચાલતું ન હોય એવું બને ખરું? અનંતની નજીક જવામાં સવિતાય રાજી હોય એ અશક્ય ખરું? પોતે કોઈ કામે બહારગામ જાય અને અનંત ઘરે આવીને સવિતાને એકલો મળે તો! સવિતા એને છૂટ લેતો અટકાવે ખરી? બંને જણાં ઘરમાં હોય અને પોતે સાવ ઓચિંતો આવી પહોંચે તો!

અવનવા વિચારે પડી ગયેલો સુધીર પથારી છોડીને રસોડામાં ગયો. પાણી પીધા પછી રસોડાની લાઈટ ચાલુ રાખીને જ એ બેડરૂમના બારણા પાસે આવ્યો. સવિતા ડાબે પડખે નિરાંતે ઊંઘી રહી હતી. આછા પ્રકાશમાં પણ એ સવિતાના ચહેરાને સ્પષ્ટ જોઈ શકતો હતો. શું એ ચહેરો સાવ નિર્દોષ હતો? સુધીર પાસે આ પ્રશ્નનો કોઈ જવાબ ન હતો. ઊંઘતી સવિતાને હળવેકથી ઢંઢોળીને બધી ચોખવટ કરી લેવાનો વિચાર પણ એને આવી ગયો, પણ એમ કરવાની હિંમત એ કરી શક્યો નહીં. બીજી પળે સવિતાને જગાડીને પોતાના બાહુપાશમાં જકડી લેવાનું એને મન થઈ આવ્યું, પણ આખરે એ વિચાર પણ એણે માંડી વાળ્યો. રસોડાની લાઈટ બંધ કરીને એ પાછો પથારીમાં આવીને ગોઠવાઈ ગયો. પથારીમાં પડ્યો પડ્યો સવિતાના શરીરે હાથ ફેરવતો રહ્યો. પોતે જેટલી ઉત્કટતાથી સવિતાને ચાહતો હતો એટલી જ ઉત્કટતાથી સવિતા એને ચાહતી હતી ખરી? આ પ્રશ્નનો ઉત્તર સવિતા જ આપી શકે તેમ હતું; પરંતુ સવિતાને પૂછવું શી રીતે! સવિતા સાવ રાજીખુશીથી પોતાને પરણી હતી એવું ખરું? પોતાનાં બા-બાપુજીને સવિતા સગાં માબાપની જેમ જાળવતી હતી એ શું હકીકત ન હતી? સવિતા જેવી શાણી સ્ત્રી પતિને અંધારામાં રાખીને કોઈ પુરુષ સાથે સંબંધ બાંધે એવું બને ખરું?

આખી રાત સુધીર જાગતો જ પડી રહ્યો. સવારે ઊઠીને સવિતાએ ચા બનાવી તોય એ ઊંઘવાનો ડોળ કરતો પથારીમાં પડી રહ્યો. સવિતાએ એને જગાડીને ‘ચા તૈયાર છે’ એમ કહ્યું ત્યારે એ જાગ્યો. લાંબું બગાસું ખાઈને એણે કહ્યું: ‘સવિતા! ચાલ ગામ પહોંચી જઈએ.’ સવિતાને એક ક્ષણ માટે તો એવું થયું કે જાણે પોતે કોઈ સ્વપ્ન જોઈ રહી છે. તરત જ સ્વસ્થ બનીને એ બોલી: ‘અરે! એકાએક આજે કંઈ ગામ યાદ આવ્યું ને! કે પછી મને ચકાસી જોવાને ઈરાદે...’

‘સવિતા! સ્ત્રીના મનને અને સમયની લીલાને પામવાનું કોઈનું ગજું નહીં.’

‘પણ મારા મનની વાત કહી દઉં. કાલે ગામ પહોંચી જઈ તારે હાથે મારા માથામાં જૂઈની વેણી બંધાવું એમ થાય છે પણ હવે તને આપેલું વચન પાળ્યા વગર દેશ પાછા ફરે એ બીજા! સમજ્યો?’

‘તને જૂઈની વેણી ખૂબ ગમે છે?’

‘હા. મને જૂઈની ભીની, નાજુકાઈભરી, મીઠી મહેંક ખૂબ જ ગમે.’

‘કારણ?’

‘જૂઈનાં ફૂલ વેણીમાં ગૂંથાઈ જાય પછીય ખીલે. વીંધાઈ ગયા પછી કે પરોવાઈ ગયા પછીય કશુંક ખીલી શકે એ......’

‘તને અહીં હવે ગમવા માંડ્યું છે એ હું હવે જોઈ શકું છું. પણ અહીં જૂઈ ક્યાંથી લાવવી?’

‘ગમવા તો નથી માંડ્યું પણ મેં ગમાડવા માંડ્યુ છે ખરું. અહીં સગાં તો કોઈ નથી પણ....’

‘વહાલાં તો છે જ.’ સુધીરે વાક્ય પૂરું કર્યું.

‘તદ્દન સાચું!’ આ અનંતભાઈ અને ઊર્મિભાભીને કારણે એવું લાગે જાણે..’

‘અનંત અંગે તું શું માને છે?’

‘લાખ રૂપિયાના માણહ છે. આપણે તો એમનો જેટલો પાડ માનીએ એટલો ઓછો.’

બંનેની વાત ચાલતી હતી ત્યાં ટેલિફોનની ઘંટડી રણકી. સવિતાએ ફોન લીધો. સામેથી અનંત વાત કરી રહ્યો હતો. ફોન પર વાત કરી રહેલી સવિતાના ચહેરાના ભાવ સુધીર વાંચતો રહ્યો. સવિતાનાં વાક્યો એ ધ્યાનથી સાંભળી રહ્યો હતો:

'ગુડ મોર્નિંગ, અનંતભાઈ.'

'...............'

'હમણાં જ ઊઠ્યાં ને તમારી જ વાત કરતાં હતાં.'

'...............'

'ના એવું હોય? હું તો સુધીરને કહેતી હતી કે અનંતભાઈ લાખ રૂપિયાના માણસ છે. મારા સમ! આ વાક્ય હું બોલી ત્યાં તમારો ફોન આવ્યો.'

'...'

....

'હા, ભાઈ હા! લાખ ડૉલરના માણહ છો, બસ!'

'.....................................'

'પણ પિક્ચર કયું છે?'

'.....................................'

'નામ પણ ખબર નથી? ચાલો કાંઈ નહીં. પિકચર તો ઠીક, એ બહાને ફરી આવીશું. ઊર્મિભાભી જાગે કે ઊંઘે?'

'...'

'તે તમે રાતે ઊંઘવા નહીં દીધાં હોય!'

'..'

'હા, અમે બે વાગે તૈયાર રહીશું.'

'..'

'એ મારી સામે આ બેઠો. ફોન આપું?'

'...'

'સારું તો, બે વાગે મળીએ... બાય!'

સવિતા રિસીવર મૂકીને બાથરૂમમાં ગઈ અને સુધીર ખાટલામાં પડી રહ્યો. ફોન પર વાત કરતી વખતે સવિતાના ચહેરા પર રમતાં ભાવ અંગે એ વિચારતો રહ્યો. સવિતાના મોંમાંથી વાતચીત દરમિયાન નીકળી પડેલા પ્રત્યેક વાક્યને એણે પોતાના વહેમની એરણ પર ચકાસી જોયું. સવિતા અનંતનો ફોન આવ્યો તેથી ઘણી રાજી દેખાતી હતી. વળી અનંતે પણ સવિતાએ કહ્યું છતાં પોતાની સાથે વાત કરવાનું ટાળ્યું એની નોંધ સુધીરે લીધી. સવિતાએ ઊર્મિભાભીને 'તમે રાતે ઊંઘવા નહીં દીધાં હોય' એવો કટાક્ષ કર્યો તે પણ સુધીરના ધ્યાન બહાર ન રહ્યું. બહુ વિચારને અંતે સુધીરનો વહેમ પાકો બનતો ગયો.

દાંતમાં ભરાઈ ગયેલી વરિયાળી નીકળે નહીં ત્યાં સુધી જીભને ચેન ન પડે એવી જ દશા સુધીરની હતી. એનું મન અત્યારે અનંત અને સવિતાના સંબંધ સિવાય બીજું કશું જ વિચારી શકતું ન હતું. સવિતાના પ્રત્યેક વાક્યને, હાવભાવને અને વર્તનને એ પોતાની આશંકાના રંગે રંગી દેતો હતો. આ રંગ હવે ઘટ્ટ થતો જતો હતો.

કોઈક બહાનું કાઢી બપોરે છટકી જવું અને સવિતાને ડિટ્રોઈટ જવા દેવી એવો વિચાર સુધીરને આવી ગયો. સવિતા આ વાતને સહર્ષ વધાવી લે છે કે જવાનું માંડવાળ કરે છે તે જોવાની તક મળશે એમ માનીને એણે બહાનું શોધવા માંડ્યું. સવિતા નાહીને બાથરૂમમાંથી બહાર આવી ત્યાર છુટ્ટા, ભીના વાળમાં અત્યંત સુંદર લાગતી હતી. સુધીર એને એક પળ માટે જોઈ રહ્યો. બહુ વિચારને અંતે પણ એને કોઈ બહાનું જડ્યું નહીં. છેવટે પ્રવાસ દરમિયાન સવિતા અને અનંતના વર્તનને ઝીણવટથી જોવાની તક મળશે એવું વિચારી એણે સૌની સાથે ડિટ્રોઈટ જવાનો નિર્ણય કર્યો. ડિટ્રોઈટ જવા માટે ઘર છોડ્યું ત્યાં સુધી એ સવિતાના વર્તનને બારીકાઈથી જોતો રહ્યો. સવિતા લગભગ પિકનિકના મૂડમાં હતી. રસ્તે ખાવામાં ખપ લાગશે એ વિચારે એણે સેવગાંઠિયા બનાવી લીધાં અને થોડાંક થેપલાં પણ લઈ લીધાં. ઓરેન્જ જ્યુસનો ડબ્બો, બ્રેડ, માખણ અને ખારાં કાજુ પણ એણે બાસ્કેટમાં ગોઠવી દીધાં. લગ્ન પછી પહેલી જ વાર એણે આજ લાલ કિનારવાળું પાનેતર અને મેચિંગ બ્લાઉઝ પહેર્યું. અમેરિકા આવ્યા પછી એનો વાન પણ સહેજ ખૂલ્યો હતો અને શરીર પણ થોડું ભરાયું હતું. રોજ મેઈકઅપ કરવાનું એને ગમતું ન હતું; પરંતુ પ્રસંગોપાત એ હળવો મેઈકઅપ કરી લેતી. આજે જ્યારે બનીઠનીને એ સુધીર પાસે આવી ત્યારે એના મનમાં હતું કે ટેવ પ્રમાણે એ પોતાને આખી અધ્ધર જ ઊંચકી જ લેશે અને ચારપાંચ ચકરડી ફેરવ્યા પછી ભોંય પર મૂકશે. પણ એમ ન બન્યું. સુધીરે એને માટે પ્રશંસાનું એક વેણ પણ ન કાઢ્યું.

અનંત અને ઊર્મિ આવી પહોંચ્યાં ત્યારે સુધીર અને સવિતા તૈયાર જ બેઠાં હતાં. સવિતાને સુંદર પોષાકમાં સજ્જ થયેલી જોઈને અનંતે કહ્યું: 'ભાભી! આજે તો બસ તમારો વટ છે. ડિટ્રોઈટમાં બધા દેશી ભાયડા આજે તમને જ જોયા કરવાના. આ ઊર્મિ પણ દશ વર્ષ પહેલાં અહીં આવી ત્યારે તમારા જેવી જ રૂપાળી અને સુડોળ હતી પણ પછી સમય જતાં પીપ બની ગઈ!'

'મારાં ભાભીને પીપ શેનાં કહો છો, વળી!' સવિતાએ અનંતની સામે ત્રાંસું જોઈને છણકો કર્યો.

'તે પીપ હોય તેને પીપ જ કહેવાય. અહીં આપણાં બૈરાં આવે ત્યારે કોકાકોલાની બાટલી જેવાં હોય અને ચારપાંચ વર્ષ થાય એટલે મોટા બાકસ જેવાં બની જાય, તમેય એ જ માર્ગે છો, હં કે ભાભી!'

'ના રે, બા!' સવિતાએ ટૂંકમાં પતાવ્યું.

'તે તમે બાકસ જેવાં બની જાવ તેથી કંઈ મારા ભાઈ તમને થોડાં કાઢી મેલવાનાં છે?' ઊર્મિએ ટહુકો કર્યો.

'હવે કાઢી મેલે તો બા-બાપુજી મારા પક્ષમાં રહે એની મને ખાતરી છે.' સવિતાએ સુધીર સામે જોઈને કહ્યું.

આખે રસ્તે ગામગપાટાં અને ટોળટપ્પાં ચાલતાં રહ્યાં. સુધીર ઝાઝું બોલતો ન હતો, પણ કોઈનું ધ્યાન એની ગંભીરતા તરફ ગયું નહીં. પોતાની ગંભીરતા કોઈના અને ખાસ કરીને સવિતાના ધ્યાનમાં પણ આવતી નથી એ વિચારે સુધીર થોડો વધારે ગંભીર બની ગયો. વળી છેક ખરાબ ન લાગે તેથી વચ્ચે ખોટો હોંકારો એ પુરાવતો રહ્યો. રસ્તે ચાલુ ગાડીએ થેપલાં, ગાંઠિયા, સેવ, બ્રેડ ખવાતાં રહ્યાં અને જ્યૂસ તથા કોક પણ પીવાતો રહ્યો.

થિયેટર પર ઘણાં લોકો એકઠાં થયાં હતાં. એમાં ગુજરાતીઓની સંખ્યા ઠીક ઠીક હતી. ઘણી સ્ત્રીઓ કિંમતી સાડીઓ પહેરીને અને ભારે મેઈકઅપ કરીને આવી હતી.

અનંતની વાત ખોટી ન હતી. ઘણા લોકોનું ધ્યાન સવિતા ખેંચી રહી હતી. પોતાના ઓળખીતાઓ સાથે અનંતે અંગ્રેજીમાં તો ક્યારેક ગુજરાતીમાં સુધીર તથા સવિતાની ઓળખાણ કરાવી. અલ્પાહાર પછી સૌએ થિયેટરમાં પોતપોતાની બેઠકો સંભાળી લીધી. ચાર બેઠકોમાં સૌથી પહેલાં સુધીર બેઠો, પછી સવિતા બેઠી, પછી અનંત બેઠો અને છેવટે ઊર્મિ બેઠી.

પિક્ચર શરૂ થયું પણ સુધીરનું ધ્યાન પડદા પર ન હતું. અનંત સવિતાની બાજુમાં જ બેઠો હતો. એ વાત એને મન કેવળ અકસ્માત કરતાં કંઈક વિશેષ હતી. એણે એ નાની ઘટનામાંથી ઘણું બધું તારવવા માંડ્યું. એ પરદા પર જોવાનો ઢોંગ કરી રહ્યો હતો એટલું જ; પરંતુ એની નજર તો અનંત અને સવિતા વચ્ચે રહેલી ખાલી જગ્યામાં શું બની રહ્યું છે તેના પર જ હતી.

ઈન્ટરવલ પડ્યો ત્યારે સૌ બહાર ગયાં. પાછું પિક્ચર શરૂ થાય તે પહેલાં સુધીર સવિતાની સીટ પર બેસી ગયો અને સવિતા છેવાડે સુધીરની સીટ પર બેઠી. અનંત ઊર્મિની પાછળ ચાલતો હતો તેથી ઊર્મિ સુધીરની પાસે બેસી ગઈ. અનંત છેવાડેની ચોથી જગ્યા પર બેઠો. સુધીરની એકબાજુએ સવિતા હતી અને બીજી બાજુએ ઊર્મિ હતી. એ મનોમન થોડોક સભાન બન્યો, પણ એને લાગ્યું કે બીજા કોઈએ તો એ બાબતની નોંધ પણ લીધી ન હતી.

પિક્ચર પૂરું થયું; પરંતુ સુધીરના મનમાં જે તુમુલ સંઘર્ષ ચાલતો હતો તે ચાલુ જ રહ્યો. ઘરે પાછાં વળતી વખતે સતત એ પોતાની જાતને પૂછતો રહ્યો: ‘શું સવિતા પર વહેમ લાવવામાં પોતે કશો અન્યાય તો નથી કરી રહ્યો ને?’ કશો જવાબ જડતો ન હતો તેથી એની ઉલઝન વધુ ને વધુ તાવનારી બની રહી હતી.

છેવટે એના મનમાં એકાએક નવો વિચાર સ્ફુર્યો. સવિતા અને અનંત વચ્ચેના સંબંધ અંગે ચોક્કસ નિર્ણય થઈ શકે એ માટેનું કાવતરું એના મનમાં આકાર લઈ રહ્યું હતું. અનિર્ણાયકતાની કેદમાં પુરાઈ રહેવા કરતાં સાચી વાત જાણી લેવાનું ઓછું પીડનારું ગણાય એમ વિચારીને એણે કાવતરું ગોઠવવા માંડ્યું.

ઝેરનાં પારખાં કરી લેવા માટે હવે એ અધીરો બન્યો હતો.

૧૬

ઝેરનાં પારખાં

સુધીરના મનમાં વહેમની જ્વાળા ભડકી ઊઠી હતી. એ જ્વાળા એને પળે પળે પ્રજાળતી હતી તોય જાણે કશું બન્યું ન હોય એમ એ વર્તી રહ્યો હતો. અંદર ઊકળતી ચા પડી હોય તોય થર્મોસની શીશી બહારથી ગરમ ન જણાય એમ સુધીરની ભીતર જલતી હૈયાસગડીમાં પડેલા અંગારાનો અણસાર કોઈને ન આવ્યો. સવિતા સાથે ચોખવટ કરી લઈને સાચી વાત જાણી લેવાની કે તડ ને ફડ સંભળાવી દેવાની ગામઠી ઋજુતા એ ગુમાવી બેઠો હતો. એની સહજ ઋજુતા પર હોશિયારીના થર બાઝી ગયા હતા. પોતાની હોશિયારી આગળ એ સાવ લાચાર હતો.

સવિતા પોતાની અને કેવળ પોતાની જ થઈને રહે એવા માલિકીભાવને કારણે સુધીર જ્યારે કવિતા કોઈ સાથે હસીને વાત કરે કે કોઈને ઉમળકાભેર આવકારે તે પણ સહી શકતો ન હતો. સ્મિત તો સવિતાના અસ્તિત્વનો એક અંશ બની ગયું હતું અને ઉમળકો એનો સ્થાયીભાવ હતો. સ્મિત અને ઉમળકા વગરની સવિતાને ‘સવિતા’ કહી જ ન શકાય એવી પરિસ્થિતિ હતી. ગણતરી એના સ્વભાવમાં ન હતી અને કંજૂસાઈ એટલે શું તેની એને ખબર જ ન હતી. એ કરકસર કરતી પણ તે પોતાને માટે; બીજાઓ માટે તો એનો હાથ થોડોક છૂટો જ રહેતો. સુધીરને સવિતાની આ ટેવ પણ ખૂંચતી; પરંતુ સવિતા પ્રત્યેના આકર્ષણ આગળ આ બાબત ગૌણ બની રહેતી. સવિતા અમેરિકા આવી પછીની મુગ્ધાવસ્થા પૂરી થઈ હતી અને મુગ્ધતાને કારણે ઢંકાઈ રહેલાં લક્ષણો હવે જાણે સપાટી પર આવી રહ્યાં હતાં.

સુધીરે કાવતરું વિચારી લીધું. એ કાવતરું ખરેખર તો અગ્નિપરીક્ષા જેવું આકરું હતું. એને અંતે કાં તો સવિતા સાવ નિર્દોષ બનીને બહાર આવવાની હતી કે પછી... સવિતાને તો સુધીરના મનમાં પ્રવેશી ચૂકેલા કળિનો ખ્યાલ સુધ્ધાં ન હતો. એની સ્થિતિ તો ધોધ બનીને થોડી જ વારમાં ખીણમાં પટકાવાનું છે, એવા ખ્યાલ વગર ખળખળ વહેતી નદી જેવી હતી.

ઉદરિયું ગોઠવાઈ ચૂક્યું હતું.

અમેરિકા આવી ગયા પછી સુધીરે અહીં કાયદેસર રીતે રહી શકાય તે માટેના પ્રયત્નો અમેરિકન વકીલ મારફતે શરૂ કરી દીધા હતા. વકીલે એને કહી રાખ્યું હતું: ‘ઓચિંતું કશુંક આવી પડે ત્યારે હું બેઠો છું.’ વકીલને મળવા અને દુકાન માટે પરચૂરણ ખરીદી કરવાને બહાને સુધીરે બે-ત્રણ દિવસ ડિટ્રોઈટ જવાનો ઇરાદો સવિતા આગળ વ્યક્ત કર્યો. સવિતાએ તરત એ વાતને ટેકો આપ્યો અને કહ્યું: ‘દુકાનની ફિકર ન કરીશ; હું બધું સંભાળી લઈશ.’

બે દિવસ પછી સુધીર ગાડી લઈને ડિટ્રોઈટ જવા નીકળી પડ્યો. સવિતાએ ખાસ

બનાવી રાખેલી ગોળપાપડી અને ખારી પૂરી પણ એણે સાથે લઈ લીધી. નીકળતાં પહેલાં એણે અનંતને ફોન કરીને પોતે બે-ત્રણ દિવસ માટે ડિટ્રોઈટ જઈ રહ્યો છે એની જાણ કરી. અનંતે ફોન પર જ એને જણાવ્યું: 'દુકાનની ફિકર ન કરતો હું. એકાદ આંટો મારી આવીશ અને ભાભીને હવે બધો ખ્યાલ આવી ગયો છે.'

સુધીર ગયો. જતી વખતે અમેરિકન ઢબે ચુંબન કરીને એણે સવિતાની વિદાય લીધી. એનું કાવતરું શરૂ થઈ ચૂક્યું હતું. ઘરેથી નીકળીને માંડ વીસેક કિલોમીટર દૂર આવેલી એક મોટેલ પર એ પહોંચી ગયો. મોટેલના કાઉન્ટર પર એક આધેડ વયની સ્ત્રીએ એને આવકાર્યો અને રૂમ ખોલી આપ્યો. રૂમ નાનો હતો પણ અત્યંત સ્વચ્છ હતો. ટૉઇલેટની સ્વચ્છતા પણ આંખે ઊડીને વળગે એવી હતી. એક સેકન્ડ માટે તો સુધીરને દુકાન વેચીને મોટેલના ધંધામાં ઝંપલાવવાનો વિચાર આવી ગયો પણ એ માટે ઘણું રોકાણ કરવું પડે અને અત્યારે એ શક્ય ન હતું. મોટેલના ધંધા અંગે થોડુંક જાણવા મળશે એમ વિચારીને એ છાપું વાંચવાને બહાને ગ્રાહકોની અવરજવર તથા એમની સાથે કામ પાડતી પેલી અમેરિકન સ્ત્રીનું અવલોકન કરતો રહ્યો. થોડીક વાર પછી એ જ્યારે નવરી પડી ત્યારે વાતચીત કરીને સુધીરે ઘણી બાબતો એની પાસેથી જાણી લીધી. એ સ્ત્રી મોટેલની માલિકણ ન હતી તોય ખાસી જાણકાર હતી.

બૅગમાં ખારી પૂરી અને ગોળપાપડી પડી હતી, પણ સુધીરનું ચિત્ત આજે ખાવામાં ન હતું. એ તો ખાટલામાં પડ્યો પડ્યો સવિતાના જ વિચારો કરી રહ્યો હતો. સવિતા એનું સર્વસ્વ હતી એ ખરું, પણ સવિતાને મન એ સર્વસ્વ હતો ખરો? આ પ્રશ્ન એને પ્રતિક્ષણ પ્રજાળી રહ્યો હતો. સવિતા ઘરમાં સાવ એકલી છે એવું અનંત જાણતો હતો અને જો એ ધારે તો આ પરિસ્થિતિનો લાભ લેવાના ઇરાદે ગમે ત્યારે એકલો ઘરે પહોંચી જશે એવું સુધીરની ગણતરી હતી. મોટેલ પરથી ઘરે પહોંચતાં માંડ અરધો કલાક થાય એટલું અંતર હતું. પોતાના તથા અનંતના ઘરની હિલચાલ સૂંઘતા રહેવામાં એને ફોનની મદદ મેળવવાની હતી.

રૂમમાં પડ્યા પડ્યા એનો વખત જતો ન હતો. સાંજના ચારેક થવા આવ્યા એટલે સુધીરે પોતાના ઘરનો નંબર ડાયલ કર્યો. ઘંટડી ક્યાંય સુધી વાગતી રહી, પણ કોઈએ રિસીવર ઉપાડ્યું નહીં. સવિતા હજી ઘરે આવી ન હતી અને ઘર બંધ છે એવું અનુમાન તારવીને સુધીર થોડોક સમય ખાટલામાં પડી રહ્યો. બીજું કશું કામ ન હોવાને કારણે એનો સમય જલદી પસાર થતો ન હતો. સાડાચાર થવા આવ્યા અને એણે ખાલી એમ જ અનંતના ઘરનો નંબર ડાયલ કર્યો. ત્યાંય કોઈ ન હતું. એ જાણતો હતો કે સવિતા સાડાછ વાગ્યા પહેલાં ઘરે જવાની ન હતી. જાણે પોતાના કંટાળાને પંપાળતો હોય એમ પાંચને દસે એણે ફરી પોતાના ઘરનો નંબર ડાયલ કર્યો. એને ખાતરી હતી કે કોઈ જ રિસીવર ઉપાડવાનું નથી; પરંતુ આ વખતે એ ખોટો પડ્યો. સામેથી અનંતનો અવાજ સંભળાયો અને એણે કશુંય બોલ્યા વિના આંગળી વડે બટન દબાવીને રિસીવર મૂકી દીધું. એના ચિત્તમાં ઉપરથી શાંત જણાતા જ્વાળામુખીના જડબામાંથી હવે એકાએક ગરમ લાવા વહેવા માંડ્યો. એની ગણતરી સાચી પડી હતી! એનો વહેમ પાકો થઈ રહ્યો હતો. દુકાન બંધ થવાને હજી સવા કલાકની વાર હતી અને અનંત તથા સવિતા ઘરે પહોંચી ગયાં હતાં! એ અંદરથી સમસમી ઊઠ્યો. એનો વહેમ હવે હકીકતનો દરજ્જો પ્રાપ્ત કરી રહ્યો હતો.

મારતી ગાડીએ ઘરે પહોંચી જઈને અનંતની હાજરીમાં જ સવિતાને બે લપડાક ચોડી દેવાનો વિચાર એને આવી ગયો; પરંતુ થોડી જ વારમાં એનો આવેગ શમી ગયો. થોડીક

હોશિયારીથી કામ લેવાનું વિચારીને એણે અનંતના ઘરનો નંબર ડાયલ કર્યો. પોતાને ઘરે અનંત ઊર્મિની સાથે ગયો છે કે એકલો તે જાણવા માટે એ આતુર હતો. અનંતના ઘરે ઘંટડી વાગી પણ કોઈએ રિસીવર ઉપાડ્યું નહી એટલે ઊર્મિ દુકાનેથી ઘરે આવી નહીં હોય એમ વિચારી બટન દબાવવાનું એ વિચારતો હતો ત્યાં રિસીવર ઊંચકાયું. સામેથી ઊર્મિએ 'હલો...હલો...હલો' કહ્યા કર્યું પણ સુધીર મૂંગો જ રહ્યો. અડધી મિનિટ વીતી હશે અને સુધીરે જોરથી રિસીવર ક્રેડલ પર પછાડ્યું.

અનંત અને સવિતાના ઇરાદાઓ અંગે હવે એના મનમાં કોઈ જ શંકા રહી નહીં. ઊર્મિને ઘરે મૂકીને અનંત એકલો સવિતા પાસે પહોંચી ગયો હતો. એ વાત દીવા જેવી સાફ હતી. સવિતાને પોતે કેટલા ઉમળકાથી અમેરિકા તેડાવી હતી! સવિતાએ એના ઉમળકા પર કેવો આકરો પ્રહાર કર્યો હતો! અનંતે એના પર બહુ મોટો ઉપકાર કર્યો હતો; પરંતુ ઉપકારની આટલી મોટી કિંમત ચૂકવવા એ તૈયાર ન હતો. એનો ખરો ઝઘડો અનંત સાથે ન હતો. અનંત તો ગમે તે કહે પણ સવિતાએ જે કર્યું તે અક્ષમ્ય હતું. વહેમની આગમાં હવે વેરનું ઘી હોમાયું અને સુધીરના ક્રોધની સીમા ન રહી.

ક્રોધથી ધ્રૂજી રહેલા સુધીરે હેન્ડબૅગ ઉઠાવી અને કાઉન્ટર પર પંદર ડૉલરનું બીલ ચૂકવીને ઈસ્ટ લાન્સિંગ ભણી કાર હંકારી મૂકી. આટલી ઝડપથી કાર હાંકવાની એને ટેવ ન હતી; પરંતુ આજે એ ભારે ઉતાવળમાં હતો. સ્પીડોમીટરની સિત્તેર માઈલનો આંક વટાવી ગયો હતો. એનું મગજ કારની ગતિ કરતાંય અનેકગણી ઝડપે દોડી રહ્યું હતું. ઘરના લેચની ચાવી તો એણે વિચારપૂર્વક સાથે લઈ રાખી હતી. ઘેર જલદી પહોંચી જઈને કોલબેલ દબાવ્યા વગર જ હળવેકથી દરવાજો ખોલીને બિલ્લીપગે એ ઘરમાં દાખલ થવા માગતો હતો; જેથી અનંત અને સવિતાને રેડ-હેન્ડેડ પકડી શકાય. અનંત અને સવિતા એને એકદમ ઓચિંતો આવી પડેલો જોઈને ગભરાઈ જશે અને શિયાવિયા થઈ જશે એ અંગે એના મનમાં કોઈ જ શંકા ન હતી. રસ્તા પર આવતી લાલ ટ્રાફિક લાઈટ આજે એને દુશ્મન જેવી લાગતી હતી. આજે એ પોતાના જીવનનો સૌથી મોટો જુગાર ખેલી રહ્યો હતો. એ એવો જુગાર હતો જેમાં જીત અને હાર બંને અકથ્ય પીડાને દોરડે ગંઠાયાં હતાં.

શહેરમાં દાખલ થયા પછી સુધીરે કારને ધીમી પાડી દીધી. થોડોક સમય ગયો તેથી એનો ક્રોધ થોડોક ઠંડો પડ્યો હતો. હોશિયારીપૂર્વક પરિસ્થિતિ સાથે કામ પાડવાનો સંકલ્પ કરીને એણે પોતાની કાર ઑરચાર્ડ સ્ટ્રીટ તરફ વાળી અને ઘરથી થોડેક દૂર આવેલા પાર્કિંગ લોટમાં જઈને ઊભી રાખી. અત્યંત ધીમે પગલે એ પોતાના ઘરના દરવાજા પાસે પહોંચ્યો, અને હાથમાં તૈયાર રાખેલી ચાવી લેચમાં હળવેકથી દાખલ કરી.

દરવાજો ધીમેથી ઉઘાડીને એ ઘરમાં દાખલ થયો. ડ્રોઈંગરૂમમાં કોઈ ન હતું અને બેડરૂમનું બારણું બંધ હતું. એક મિનિટ માટે એ ડાઈનિંગ ટેબલ આગળ ઊભો રહી ગયો. એના જીવનની અત્યંત નાજુક અને નિર્ણાયક પળ આવી પહોંચી હતી. પોતે બેડરૂમનું બારણું ખોલે ત્યારે અનંત અને સવિતાને ગમે તે સ્થિતિમાં પડેલા જોવાની માનસિક તૈયારી એણે કરી લીધી.

બિલાડીનેય અણસાર ન આવે એટલી સાવચેતીથી એ બેડરૂમના બારણા પાસે પહોંચ્યો. બારણે કાન માંડીને એ થોડી વાર ઊભો રહ્યો. માંડ અડધી મિનિટ થઈ જશે ત્યાં એણે ધીમેથી બારણું ખોલી નાખ્યું. બેડરૂમમાં કોઈ જ ન હતું. સુધીરના આશ્ચર્યનો પાર ન રહ્યો. સવિતા અને અનંત ક્યાં ગયાં હશે? પોતે ફોન જોડ્યો અને અનંતે 'હલો' કહ્યું ત્યારે ફોન કટ કર્યો તેથી એ બંને જણાં ચેતી ગયાં હશે? જો એમ હોય તો અનંત ચાલી જાય;

પરંતુ સવિતા એની સાથે જાય ખરી? શું અનંત સવિતાને પોતાને ઘરે લઈ ગયો હશે? ઝાઝો સમય ગુમાવવાને બદલે સુધીરે અનંતને ઘરે પહોંચી જવા વિચાર કર્યો. પણ પછી એણે વિચાર બદલ્યો અને અનંતને ઘરે ફોન જોડ્યો. ઊર્મિએ ફોન પર ‘હલો’ કહ્યું ત્યાં તો સુધીરે ફોન કટ કરી નાંખ્યો.

હવે સુધીરની મૂંઝવણનો પાર ન હતો. એ કશું જ તારવી શકતો ન હતો. પરિસ્થિતિ સાવ અસ્પષ્ટ હતી અને સુધીરની ઉલઝન વધતી જતી હતી. શું ઊર્મિ ઘરમાં એકલી હશે? અનંત અને સવિતા ઘરમાં હોય અને ઊર્મિએ ફોન ઉપાડ્યો હોય એમ ન બને? જો અનંત અને સવિતા એ બંનેમાંથી એકે ઘરે ન હોય તો ક્યાં હોઈ શકે? એ બંને ઊર્મિની આંખમાં ધૂળ નાખીને કોઈ મોટેલમાં ઊપડી ગયાં હશે? એ લોકોએ થોડાક કલાકો કોઈ એકાંત સ્થળે ગાળવાનું નક્કી જ કર્યું હોય એમ ન બને? હવે કરવું શું? અનંતને ઘરે જવું કે અહીં જ પડી રહેવું? સવિતા રાત્રે મોડે સુધી ઘરે પાછી ન ફરે તો શું?

બહુ વિચાર્યા પછી સુધીરે ઘરમાં જ રહીને સવિતાની રાહ જોવાનો નિર્ણય કર્યો. સવિતા જ્યારે પણ આવી પહોંચે ત્યારે પોતાના વહેમ અંગે સાફસાફ સંભળાવી દેવાની તૈયારી એણે કરી લીધી. સવિતા તદ્દન નિર્દોષ હોય એવું એ માનતો ન હતો; પરંતુ એવું હોય તોયે અનંત સાથે એ વધારે હળેમળે તે પોતાને પસંદ નથી તેવું સ્પષ્ટ કહી દેવાના દૃઢ નિર્ધાર સાથે એ એકલો બેસી રહ્યો. સાચી વાત ગમે તે હોય તોય આજે એ સવિતાને બધું જ કહી દેવા માંગતો હતો.

ત્રણેક કલાક વીતી ગયા તોય સવિતા ન આવી. રાહ જોઈને અને માઠા વિચારો કરી કરીને એનું મગજ સાવ થાકી ગયું હતું. રાતના અગિયાર થવા આવ્યા અને એણે ફરી અનંતને ઘરે ફોન જોડ્યો. રિંગ વાગતી રહી પણ કોઈએ રિસીવર ઉપાડ્યું નહીં. ઊર્મિ ઊંઘી ગઈ હશે? કે પછી ઘરમાં કોઈ જ નહીં હોય? એની વિચારમાળા લાંબી ચાલે તે પહેલાં ઘરનું બારણું ખૂલ્યૂં અને સવિતા દાખલ થઈ. દાખલ થતી વખતે ઘરમાં કોઈ હશે એની કલ્પના ન હોવાને કારણે સુધીરને જોઈને પહેલાં તો સવિતા એકદમ ચોંકી જ ગઈ.

‘કેમ! પાછો આવી ગયો?’ સવિતાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘હું પાછો આવી ગયો તે તને નથી ગમ્યુ ને? યુદ્ધની જાહેરાત કરતો હોય એ રીતે સુધીરે સામું પૂછ્યું.

‘મને તું આવે તે કેમ ન ગમે?’

‘તે તું જાણે; હું શું જાણું?’

‘તું કહેવા શું માગે છે?’

‘એ જ કે જે તું જાણે છે અને મારાથી છુપાવી રહી છે.’

‘કંઈ સમજ પડશે તેવું બોલશે, હવે?’

‘સમજ પડવામાં હવે બાકી શું રહ્યું છે?’

‘તું કહેવા શું માગે છે?’

‘બોલ! તું અનંત સાથે ક્યાં ગઈ હતી?”

‘ઓ હો! એમ વાત છે!’

‘ઘણાં દિવસોથી હું તમારા બંનેનાં ચેનચાળાં જોઈ રહ્યો છું અને આજે તે પૂરાં જોઈ લીધાં.’

'ક્યાં ચેનચાળાં તેં જોયાં તે તો કહે! આ હિસાબે અનંતભાઈએ ફોન ઉપાડ્યો અને કટ થઈ ગયો તે ફોન તેં જ જોડ્યો હશે!'

'હા, હા! મેં જ એ ફોન જોડ્યો હતો.'

'ઊર્મિભાભીએ પણ ફોન ઉપાડ્યો અને કશુંક કહે ત્યાં તો એ કટ થઈ ગયો.'

'એ ફોન પણ મેં જ કર્યો હતો.'

'તો વાત એમ છે કે તેં મારી સાથે પતિને બદલે છૂપી પોલીસનો વ્યવહાર કર્યો. તારા મનમાં વહેમ પડ્યો કે તરત તેં મને પૂછી લીધું હોત કે મને ધમકાવી હોત તો એમાં કશું ખોટું ન હતું પણ આ રીતે કાવતરું ગોઠવાની શી જરૂર હતી?'

'હું સાચું શું છે તે જાણવા માંગતો હતો.'

'તેં હવે સાચું શું છે તે જાણી લીધું ને?'

'હા...હા...હા.'

'તો સાંભળ હવે. હું તારી સાથે આ દેશમાં એક ઘડી પણ રહેવા તૈયાર નથી.'

'તે હું તને રાખવા પણ તૈયાર નથી, સમજી?' આટલું કહીને સુધીરે સવિતાને ગુસ્સામાં જોરથી એક લપડાક ચોડી દીધી.

સવિતા સમસમી ઊઠી. સુધીરના સાચા સ્વરૂપનું દર્શન તેને આજે થયું હતું. એની આંખોમાં આંસુ ઊભરાયાં અને ચહેરો ક્રોધને કારણે લાલચોળ બની ગયો. પોતાનું માથું ભીંત સાથે અફાળીને એ બેડરૂમમાં ચાલી ગઈ અને ખાટલામાં ઢગલો થઈને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી.

ઘણા વખત સુધી સુધીર શૂન્યમનસ્ક થઈને બેસી રહ્યો. આ બધું શું બની ગયું તે એને સમજાતું ન હતું. લપડાક ચોડી તો દીધી; પરંતુ ગુસ્સો ઠંડો પડ્યા પછી એને એમ કરવા બદલ થોડો પસ્તાવો થયો. સવિતા પર એને ગુસ્સો ચડ્યો હતો એ ખરું, પણ એ સાવ સ્નેહ વગરનો લુખ્ખો ગુસ્સો ન હતો. બે-ત્રણ કલાકમાં એણે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. સવિતાને શાંત પાડવાના આશયથી એ બેડરૂમમાં ગયો. સવિતા અંધારામાં ખાટલા પર ઊંધી પડી હતી. પાસે બેસી જઈને એણે થોડીકવાર સુધી સવિતાની પીઠ પર હાથ ફેરવ્યા કર્યો. સવિતા સાથે વાત શરૂ કરવાની હિંમત એનામાં રહી ન હતી.

સવિતા પણ કશું ન બોલી.

સવારે બંને ઊઠ્યાં; પરંતુ બંને વચ્ચે કશી વાતચીત થઈ નહીં. આઠેક વાગ્યા હશે અને ફોનની ઘંટડી વાગી. સુધીરે ફોન લીધો. સામેથી અનંત વાત કરી રહ્યો હતો. એક સેકન્ડ માટે તો સુધીરને જોરથી રિસીવર મૂકી દેવાનું મન થયું; પરંતુ એણે એમ ન કર્યું.

'અરે, સુધીર! તું ક્યારે આવી ગયો?'

'કાલે રાતે.'

'કામ પતી ગયું?'

'થોડુંક પત્યું.'

'ઠીક, ભાભીએ બધી વાત કરી કે નહીં?'

'શેની વાત?'

'હવે હોંશિયારી બાજુએ રાખ અને પાર્ટીની ગોઠવણ કર.'

'શેની પાર્ટી?'

'હવે અજાણ્યો ન થા. તું બાપ બનવાનો તેની પાર્ટી.'

'મને કશી જ ખબર નથી.'

'કાલે કમાલ થઈ યાર! ભાભીને દુકાનમાં ઓચિંતા ચક્કર આવ્યા અને ઊલટી થઈ. હું અને ઊર્મિ દુકાન બંધ કરીને ત્યાં પહોંચ્યાં. ઊર્મિને ઘરે મૂકીને હું ભાભીને મૂકવા ગયો પણ ઊર્મિ તો સમજી ગઈ કે સવિતાને મહિના જાય છે. મેં અહીં એક સિંધી ડૉક્ટર રહે છે તેને ફોન જોડ્યો તો તેણે હૉસ્પિટલ જઈ કોઈ ગાયનેકને બતાવી લેવાની સલાહ આપી. એટલે હું ભાભીને લઈ હૉસ્પિટલ ઊપડ્યો. પૂરા દોઢ-બે કલાક થોભવું પડ્યું. ડૉક્ટરે ઊર્મિની વાતને કન્ફર્મ કરી. એટલે સારા સમાચાર લઈને હું ને ભાભી મારા ઘરે ગયાં. પછી જમી કરીને હું ભાભીને મૂકી ગયો. મને ખબર નહીં કે તું આવી ગયો છે નહીં તો હું અંદર આવત. પણ ભાભીએ તને હજી આ વાત કેમ ન કરી? તું ભાભીને ફોન આપ. એમની ખેર નથી આજે..'

'એ બાથરૂમમાં છે. હું એને ફોન કરવા કહું છું. સાંજે દુકાનેથી ત્યાં સીધો ઘરે આવીશ... ઓ.કે.?'

ફોન મૂકીને સુધીર રસોડામાં કામ કરતી સવિતા પાસે ગયો. એક પ્રગાઢ ચુંબન કરીને એણે સવિતાને કાનમાં કહ્યું, "આઈ એમ વેરી સૉરી.' સવિતા કશું જ ન બોલી. સુધીરે એને મનાવવાના, પટાવવાના બહુ ફાંફાં માર્યા પણ સવિતાનું મૌન ન છૂટ્યું; અગ્નિપરીક્ષામાંથી હેમખેમ બહાર આવેલી સીતાને પરીક્ષામાંથી પાર ઊતર્યાનો હર્ષ ન હોય એવી સવિતાની મનોદશા હતી. જે રીતે સુધીર એની સાથે વર્ત્યો તે એ ઝટ ભૂલી શકે તેમ ન હતી. એના મૌનમાં એક અપમાનિતાનું દર્દ હતું. સુધીરના સંતાનની માતા બનવાનો હરખ તો ક્યાંય બાષ્પીભૂત થઈ ગયો હતો. આવો જ બનાવ ગામમાં બન્યો હોત તો બા-બાપુજીએ પોતાનો પક્ષ લીધો હોત તેની એને ખાતરી હતી. અહીં તો એ સાવ લાચાર હતી. પોતાનું દુઃખ જેની આગળ ઠાલવી શકાય અને છૂટે હૈયે રોઈ શકાય એવું એકે સ્વજન અહીં ન હતું. અહીં બા-બાપુજી ન હતાં, પિસ્તોલકાકા, ગોવનકાકા અને પરમાનંદકાકા ન હતા અને જેને ખોળે માથું મૂકીને છૂટી પડાય એવા બાપુ પણ હવે ક્યાં હતા!

સુધીર દુકાને ગયો ત્યારે એણે એટલું જ કહ્યું કે પોતે થોડી વાર રહીને આવશે. ઘરનાં બારીબારણાં બંધ કરીને એ એકલી ધરાઈને રડી લેવા માગંતી હતી. રડતી વખતે એના મનમાં એક જ શબ્દ ઘૂંટાયા કરતો હતો, 'બાપુ.' આજે બાપુ હોત તો! આખી દુનિયાની લપછપ છોડીને એ બાપુ પાસે પહોંચી ગઈ હોત. બાપુની છબી પેટીમાંથી કાઢીને ક્યાંય સુધી એના ચહેરાને એ એકી નજરે જોતી રહી. જેના સંતાનની પોતે માતા બનવાની હતી એ સુધીર એક જ રાતમાં એને માટે જાણે પરપુરુષ બની ગયો! જેને સુખી કરવા એણે પોતાના ગમાઅણગમા બાજુએ ધકેલી મૂક્યા હતા તે સુધીરે એને લપડાક મારી હતી! જેને બધી રીતે સુખી કરવા પોતે હૈયું કઠણ કરીને અમેરિકા રહી પડી હતી તે સુધીરે પોતાની સાથે છૂપીપોલીસ જેવો વર્તાવ કર્યો હતો!

હજારો વીંછીઓના ડંખની વેદના એના હૈયાને કોરી ખાતી હતી. પોતે ગામથી કેટલે દૂર ચાલી નીકળી હતી! એ અહીં આવી ત્યારે સાથે ઝંખનાનું એક સરોવર લઈને આવી હતી. એ સરોવરનું પાણી આજે ઝેરી બની ચૂક્યું હતું. રડી લીધા પછી પાણી પીને એ સ્વસ્થ બની અને દુકાને જવા માટે બહાર નીકળી ત્યાં રસ્તાની સામે બાજુએ નંબરવાળા

ટપાલના ડબ્બાઓમાં ગોરો ટપાલી કાગળો ગોઠવી રહ્યો હતો. સવિતાએ ચાવી કાઢી પોતાનો ડબ્બો ખોલ્યો. એમાં એક પાર્સલ આવ્યું હતું. પાર્સલ લક્ષ્મીએ મોકલ્યું હતું. પાર્સલ લઈને સવિતા પાછી ઘરમાં આવી. ગામથી પાર્સલ આવે એટલે સવિતાને તો થતું જાણે ગામ જ આવી પહોંચ્યું! એણે ઝડપભેર પાર્સલ ખોલ્યું, પાર્સલમાં એક ચોપડી આવી હતી; નામ હતું: ‘બુદ્ધનું જીવનદર્શન.’ હરખભેર ચોપડી ઉઘાડીને સવિતાએ એનાં પાનાં ઉથલાવવા માંડ્યાં. અંદરના પાન ઉપર મથાળા પાસે અત્યંત મરોડદાર અક્ષરે લખ્યું હતું: ‘બુદ્ધપૂર્ણિમા, તા. ૨૧મી જૂન.’ સવિતાએ અક્ષર ઓળખી કાઢ્યા. એ શાંતિલાલના અક્ષરો હતા.

એક નાનકડા પાર્સલમાં આખું ગામ આવી પહોંચ્યું હતું!

૧૭

ગ્રીન કાર્ડ કે ગ્રીન વાડી?

સવિતા અંદરથી સાવ ભાંગી પડી. લોહી નીગળતું ન હોય એવા ઘા તરફ બીજાઓનું ધ્યાન ઝટ જતું નથી. સવિતાને મૂઢ માર વાગ્યો હતો. સુધીરે એનો અસલ મૂડ પાછો આવે એ માટે ઘણા પ્રયત્નો કર્યા. સવિતાની દશા પેલા ઘાયલ પંખી જેવી હતી જેના પર પથ્થરનો ઘા થયો હતો અને ફેંકનારો પસ્તાતો હતો તોય પંખીનું હૈયું તો....સુધીર સાથે સવિતાએ કોઈ એવું વર્તન ન કર્યું કે સુધીર સતત મનાવતો રહે. સવિતાના વર્તન પરથી તો સુધીરને એમ લાગ્યું કે સવિતાના મનમાં હવે કોઈ ડંખ રહી નથી ગયો. રિસાઈ જઈને કે અબોલા લંબાવીને સવિતા સુધીરને નમાવી શકી હોત; પરંતુ સવિતાના સ્વભાવમાં આ રીતે રિસાવાનું ન હતું.

દિવસો વીતતા ગયા. સગર્ભા સવિતાની સંભાળ રાખવામાં સુધીર કશી કચાશ રાખતો ન હતો. સવિતા પણ માતા બનવાની ઘડીની હોંશભેર પ્રતીક્ષા કરી રહી હતી. સુધીરે એને પૂરો આરામ મળી રહે એવી ગોઠવણ કરી હતી. બંને જણાં હવે ડૉક્ટરે આપેલી તારીખના આગમનની રાહ જોઈ રહ્યાં હતાં. સવિતાના હૃદયમાં માતા બનવાના કોડ હતા; પરંતુ હૃદયને એક ખૂણે શૂળ ભોંકાયા કરતી હોય એવી પીડાનો અનુભવ થતો હતો. એ શૂળને કારણે એકલી પડે ત્યારે એ સાવ ઉદાસ થઈ જતી અને ભાંગી પડતી. સુધીરને સવિતાના હૃદયમાં પડેલા આ દર્દનો ખ્યાલ પણ આવતો નહીં. ઘરમાં અને દુકાનમાં બધું રાબેતા મુજબ ચાલ્યા કરતું હતું અને સવિતાની અંદરની પીડા પણ રાબેતા મુજબ પજવતી રહેતી હતી. સુધીર પ્રત્યે એના મનમાં કોઈ અભાવ ન હતો. હાથ ઉગામ્યો તેથી સુધીર હવે એના મન પરથી ઊતરી ગયો હોય એવું પણ ન હતું. સવિતા ક્યાંક કોઈના ખોળામાં માથું મૂકીને ધરાઈને રડી લેવા માગતી હતી. અમેરિકામાં એવો એકે ખોળો મળે તેમ ન હતો. એ ગામ છોડીને સુધીર પાસે દોડી આવી ત્યારે સુધીરને બધી રીતે સુખી કરવાના સંકલ્પ સાથે આવી હતી. અહીં આવ્યા પછી એ સંકલ્પ પાર પાડવા માટે બનતું બધું કરી છૂટવા એ તત્પર રહેતી હતી. આવા પ્રયત્ન પછીય એ સુધીરને સંપૂર્ણ સંતોષ ન આપી શકી, તે વિચારે એ દુ:ખી હતી. સુધીરને પોતાના પર વહેમ પડ્યો એ વાતને એણે પોતાની નિષ્ફળતા માની લીધી હતી.

નવરાશના સમયમાં એણે બુદ્ધ પરની ચોપડી વાંચવાનું રાખ્યું. ચોપડી હાથમાં ઝાલે કે જાણે ગામને પામી રહી હોય એવી લાગણી એને થતી. ગામની સાથે ઘણું બધું આવી પહોંચતું – લક્ષ્મી, શાંતિલાલ, પિસ્તોલકાકા, ગોવનકાકા, પરમાનંદકાકા, બા, બાપુજી, હનુમાનદાદા અને ચાંદરી! બુદ્ધ ભગવાનની વાતો વાંચીને એનું મન શાંત થઈ જતું. જીવન, જીવનની ક્ષણભંગુરતા, દુ:ખ, સુખ અને તૃષ્ણાથી ભરેલા સંસારની અસારતા અંગે તથાગતનું દૃષ્ટિબિંદુ એને સ્પર્શી ગયું. અંધારિયા કૂવામાં બપોરે સૂર્યનાં કિરણો પ્રવેશે અને થોડુંક અજવાળું થાય તે રીતે બુદ્ધ ભગવાનની વાતો એના મનમાં જાણે નવો પ્રકાશ

પાથરી રહી હતી. કોઈ દૂરથી જાણે એના ઘટમાળિયા જીવનને ઢંઢોળી રહ્યું હતું. થોડીક પળો માટે બધી પીડા, બધા ઉધામા અને હરખનાં પોટલાંય અલોપ થઈ જતાં અને બધું બુદ્ધમય બની રહેતું. પરંતુ આવી સ્થિતિ લાંબી ટકતી નહીં. એકાંતની પળોમાં ચોપડીમાં મથાળાના પાન પરના મરોડદાર અક્ષરો એ વાંચતી અને શાંતિલાલની સૌજન્યમુદ્રા એની આંખ આગળ રચાઈ રહેતી. ક્યારેક એકાદ આંસુ આંખને ખૂણે આવીને અટકી જતું અને એ પેલા મરોડદાર અક્ષરોને ભીંજવે તે પહેલાં તો સવિતા એને પોતાની આંગળી વડે લૂછી નાખતી.

* * *

સવિતાને બાબો આવ્યો છે એવા સમાચાર મેટરનિટી વૉર્ડની બહાર અધીરાઈથી આંટા મારતા સુધીરને ઊર્મિએ આપ્યા ત્યારે પોતે આખી દુનિયાની ટોચ પર ઊભો હોય એવી લાગણીથી એનું મન ભરાઈ ગયું. એ અંદર જઈને સવિતા પાસે સૂતેલા દીકરાને જોવા માટે આતુર હતો. થોડી વારે ઊર્મિએ પરવાનગી આપી પછી એ અંદર ગયો. સવિતા શાંતિથી ખાટલા પર પડી હતી અને પાસે કુમાશની નાજુક ઢગલી જેવો દીકરો આંખો મીંચીને સૂતો હતો. સુધીરે દીકરાના પોચાપોચા લોચા જેવા ગોરા ગાલ પર એક હળવું ચુંબન કર્યું અને સવિતાની સામે વહાલભરી નજર નાખીને કહ્યું: ‘ડાર્લિંગ! આનું નામ શું રાખીશું?’

‘તું જે રાખે તે મને મંજૂર છે.’

‘પણ હું એ તારા પર છોડું છું.’

‘એ અધિકાર મારે નથી જોઈતો.’

‘એવું કેમ?’

‘અધિકાર ભોગવવા કરતાં ભૂલી જવામાં મને વધારે મજા આવે છે.’

‘માસ્તરની દીકરી મને સમજાય તેવાં વાક્યો ક્યારે બોલશે?’

‘આજે બાપુ જીવતા હોત તો!’

‘એમના હરખનો પાર ન રહેત.’

‘તું નામ તો કહે પછી...’

‘મને એક વિચાર આવે છે.’

‘બોલ.’

‘આપણો દીકરો અમેરિકામાં જન્મ્યો છે માટે એનું નામ લિંકન રાખીએ?’

‘મને વાંધો નથી, પરંતુ બા-બાપુજીને....’

‘એક દેશી નામ પાડીએ પણ બોલાવીશું લિંકન કહીને!’

‘ચાલે.’

‘તો પછી દેશી નામ તારે જ પાડવું પડશે.’

‘કહ્યું ને કે....’

‘મેં તો હુલામણું નામ આપી દીધું. હવે રજિસ્ટરમાં નોંધાવવાનું નામ તારે જ પસંદ કરવાનું છે.’

‘એક નામ મને ગમે છે પણ....’

'તે ઝટ કહી દે ને!'

'તને એ ગમશે?'

'તું કહે તો ખરી?'

'સિદ્ધાર્થ.'

'મને પસંદ છે, સવિતા! હું તારા જેટલો સંસ્કારી ન ગણાઉં પણ તારી આ પસંદગી ગમી ગઈ. અમેરિકન રેકોર્ડમાં આ નામ ચડશે. બીજી એક વાત સમજી લે. હવે અમેરિકન સરકાર આપણને બેઉને કાઢી મૂકે તોય સિદ્ધાર્થ સુધીર પટેલને અમેરિકાનું નાગરિકત્વ મળી ગયું ગણાય. કદાચ હવે આપણને ગ્રીન કાર્ડ મળે એ પણ અશક્ય ન ગણાય.'

'હું મારા દીકરાને અમેરિકામાં નથી રાખવાની.'

'કેમ?'

'ડૉલરની દુર્ગંધથી મારે એને બચાવી લેવો છે.'

'તું તો ગાંડી જ રહેવાની. લોકો જેને માટે ફાંફાં મારે તેમાં તને દુર્ગંધ આવે અને ગામની ગમાણ પાસે છાણના પોદડાની પીમર આવે તેને તું સુગંધ ગણે!'

'લોકો જેને માટે ફાંફાં મારતાં હોય એ ચીજ ભાગ્યે જ મૂલ્યવાન હોઈ શકે.'

'પેલી ચોપડીમાં ભગવાન બુદ્ધે આવું કશુંક કહ્યું લાગે છે.'

'ચોપડી વાંચવાથી બુદ્ધની ભાષા ન આવડે.'

'તો તારાં દસ વર્ષ હજી ક્યાં પૂરાં થયાં છે?'

'હજી તો સાડા સાત વર્ષ અને દસ દિવસ બાકી છે.'

'અરે વાહ! તું તો દિવસ પણ ગણવા લાગી ને!'

'દસ વર્ષ પછી તો હું આ દેશમાં એક કલાક પણ રોકાવાની નથી.'

'કદાચ ત્યાં સુધીમાં તો આપણને ગ્રીન કાર્ડ મળી પણ જાય. વકીલ કહેતો હતો કે...'

'સુધીર! મારે ગ્રીન કાર્ડ નથી જોઈતું. મારે તો ગામની ગ્રીન વાડી જોઈએ છે.'

'દસ વર્ષ પછી હું તને નહીં રોકું.'

'હું તો ઇચ્છું છું કે ગ્રીન કાર્ડ ન મળે.'

'કેમ વળી?'

'જો ગ્રીન કાર્ડ મળે તો તું દેશ જઈને પાછો અહીં જ આવી જાય. હું તો હવે એકવગી જવા માગું છું. જો જઈને પાછું આવી શકાતું હોત તો હું દર વર્ષે એક વાર જઈ આવત.'

'તે દર વર્ષે હજાર ડૉલર લાવત કયાંથી?'

'વધારાનું વૈતરું કરીને. કશુંક મનગમતું મળતું હોય તો વૈતરુંય વહાલું લાગે.'

'હુંય તને ન રોકત, પણ એ શક્ય નથી.'

'હું જાણું છું.'

'આપણી પાસે ડ્રાઈવિંગ લાઇસન્સ છે. બૅન્કમાં આપણું ખાતું છે, કાર મારા નામ પર છે અને છતાંય આપણને અહીં રહેવાની છૂટ...'

'સુધીર! તને સાચું કહું? તું દસ વર્ષ પૂરાં થાય એટલે મને જવા તો દેશે પણ તું સાથે નહીં આવે. તને ડૉલરિયો રોગ લાગ્યો છે.'

'પણ હું બા-બાપુજીને એક-બે વર્ષમાં જ બોલાવી લેવા તૈયાર છું.'

'એક-બે વર્ષ પણ શા માટે? આજે જ કાગળ લખ. દીકરાના દીકરાને રમાડવાનો લોભ નહીં હોય તો તેઓ અહીં નહીં આવે. વળી બા-બાપુજી આવે તો મનેય ગમે.'

'કેમ? મારી વિરુદ્ધ કશી ફરિયાદ કરવાનો ઇરાદો છે?'

'ના. તેઓ તને મારા કરતાંય વધારે ઓળખે છે.'

'અને હું ફરિયાદ કરું તો?'

'તો એ લોકો મારો જ પક્ષ લેશે, કારણ કે તું મને સમજે તેના કરતાં તેઓ મને વધારે સમજે છે.'

'વાત સાચી છે, પણ એમાં તું રડવા કેમ લાગી?'

'ખાલી, અમથી!'

'બા-બાપુજી જોડે બીજા કોને બોલાવીશું?'

'મુશ્કેલ છે, બાકી હું તો લક્ષ્મીને પણ...'

'અરે! તને એક વાત કહેવાની તો રહી ગઈ.'

'શું?'

'લક્ષ્મી અને શાંતિલાલની સગાઈ થઈ ગઈ.'

'શું કહે છે તું!'

'સાચું કહું છું. કાલે મોન્ટ્રિયાલથી સુરત બાજુના એક પટેલનો ફોન હતો. એને ત્યાં સુરતથી ફોન આવ્યો હશે તેથી એણે જાણ્યું. લક્ષ્મી તો તને લખશે જ ને!'

'એની મજાલ છે કે ન લખે!'

'હું બા-બાપુજીને આ શુભ સમાચાર આપી દઉં છું. એમને બોલાવવા માટે અનંતને નામે બધાં કાગળિયાં કરવાં પડશે. આજથી વિધિ શરૂ કરીએ તોય મહિના નીકળી જશે.'

'ગમે તેમ કરીને બા-બાપુજીને બોલાવવાનાં છે.'

'હા... જી. તું કહે તો લક્ષ્મીને પણ...'

'ના. એ સમય હજી પાક્યો નથી.'

'થૅન્કસ. ડાર્લિંગ! હું વચન આપું છું કે દસ વર્ષ પછી હું થોડોક વધારે સમય અહીં રહીં જાઉં તોય તું ગામ જાય તેમાં વચ્ચે નહીં આવું.'

'બસ, મારે એટલું જ જોઈએ છે.'

*   *   *

સવિતા સિદ્ધાર્થને લઈને સુધીર સાથે ગાડીમાં ઘરે પહોંચી ત્યારે અનંત અને ઊર્મિ ફૂલ લઈને એનું સ્વાગત કરવા ઘરનો દરવાજો ખોલીને ઊભાં હતાં. સુધીરના મનમાંથી પેલો વહેમ લગભગ નીકળી ગયો હતો; પરંતુ અનંત સાથેના વ્યવહારમાં સવિતા થોડીક

વધારે સભાન બની ગઈ હતી. અનંતને તો કશી જ ખબર ન હતી તેથી એ તો હતો તેવો જ આનંદી જણાતો હતો. એને કશી જ ખબર નથી તે વાતની સુધીરને ખબર હતી. ઊર્મિએ સુવાવડના દિવસોમાં માત્ર સવિતાની જ નહીં, સુધીરની પણ કાળજી રાખી હતી. સવિતાના મનમાંય સુધીરના ગેરવર્તન અંગે કશી કટુતાનો ભાવ ન હતો. પરંતુ પેલો ખટકો મનમાંથી જતો ન હતો. સુધીર એનો પતિ હતો, લાગણીશીલ પતિ હતો અને એના સંતાનની પોતે માતા હતી તોય મનને એક ખૂણે કશુંક બળી ગયું હતું. એ સંબંધમાં કશુંક અત્યંત સૂક્ષ્મ એવું ખોવાઈ ચૂક્યું હતું. બંને જણને કાયમને માટે જોડનારો સેતુ સિદ્ધાર્થ દ્વારા રચાઈ ચૂક્યો હતો; પરંતુ એ સેતુની નીચે બે કાંઠા વચ્ચે વહેતી નદીનું વહેણ જાણે અટકી ગયું હતું! પુલ પરની અવરજવરને નદીના વહેણ સાથે શું સંબંધ!

સિદ્ધાર્થના આગમનને કારણે સુધીરનો મૂડ જ બદલાઈ ગયો હતો. છેલ્લા કેટલાય દિવસથી એના મનમાં એક નવી યોજના આકાર લઈ રહી હતી. એ ગમે તેમ કરીને મોટેલના ધંધામાં ઝુકાવવા માંગતો હતો. અનંત દુકાન ખંડી લે અથવા કોઈને વેચી દઈ ભાગે પડતા પૈસા મળી જાય તો નાખી દેતાં વીસેક હજાર ડૉલર મળે તેમ હતું. વળી કરકસર કરીને એણે દસેક હજાર ડૉલર બચાવ્યા હતા. મિત્રો પાસેથી પંદરવીસ હજાર ડૉલર ઊછીના લઈને જો એ પચાસેક હજાર ઊભા કરી શકે તો નોર્થ કેરોલિનામાં આવેલી મોટેલનો સોદો થઈ શકે તેમ હતું. એ મોટેલની ઝીણી વિગતો એણે મેળવી લીધી હતી. પોતે ગ્રાહક તરીકે એ મોટેલમાં રહી આવ્યો હતો, જેથી ઘરાકી તથા બીજી બધી બાબતોની જાતમાહિતી મેળવી શકાય. સિદ્ધાર્થના આગમનને એ શુકનવંતુ ગણતો હતો અને એનામાં રહેલો સાહસવીર એને આ નવા પરાક્રમ માટે સાદ પાડી રહ્યો હતો. અનંતે પણ સાતઆઠ હજાર ડૉલર ઊછીના આપવાની તૈયારી બતાવી હતી. ડાઉન પેમેન્ટના લાખેક ડૉલર આવતાં બાર વર્ષમાં ચૂકવવાના હતા. ન કરે નારાયણ અને મોટેલ બરાબર ન ચાલે તો એણે ચૂકવેલા હપ્તાની ગણતરી કરીને જ વેચી દેવાનું અશક્ય ન હતું!

સાહસ મોટું હતું; પરંતુ સુધીરના ખમીરને અનુરૂપ હતું. પોતે બિનકાયદેસર રીતે અમેરિકામાં ઘૂસી આવ્યો હતો એ વાત આ સોદો પાડવામાં નડતરરૂપ બને તેમ ન હતી. એની ગણતરી હતી કે મોટેલ એકંદરે બરાબર ચાલે તો સવિતા સાથે પોતે પણ એકવગો દેશ જઈ શકે અને સહેજે રૂપિયા પચાસ લાખ બચાવી શકે. આ મોટેલ પાસે નવસારી બાજુના બીજા પટેલોની મોટેલો ૨૦-૨૫ માઈલના અંતરે આવેલી હતી. એ લોકોએ પણ થોડાક ડૉલરની મદદ કરવાનું વચન આપ્યું હતું. એ સૌની સલાહ હતી કે સોદો ખોટો ન હતો.

બધી ગણતરીને અંતે સુધીરે આ નવા સાહસમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. એણે સૌ પ્રથમ સવિતાને પોતાના ઇરાદાની જાણ કરી. સવિતાએ પૂરા મનથી હા પાડી તેથી તેને થોડીક નિરાંત થઈ. હવે સુધીરનું સઘળું ખમીર કામે લાગી ગયું અને સોદો થઈ ગયો. અનંત અને ઊર્મિ થોડાંક નારાજ હતાં, કારણ કે નવી જગ્યા સેંકડો માઈલ દૂર હતી. જવાની ધમાલ ચાલતી હતી ત્યાં છેક છેલ્લે દિવસે લક્ષ્મીનો પત્ર આવી પહોંચ્યો. સવિતાએ હોંશભેર પત્ર ખોલ્યો અને ઝડપભેર વાંચવા માંડ્યો.

સોંસક
જૂન-૨૨

વહાલી બહેન સવિતા,

અહીં સૌ કુશળ છીએ. તમે સૌ સુખરૂપ હશો. ઘણા દિવસથી લખવાનું

વિચારતી હતી પણ રહી જતું હતું. આજે પૂજ્ય ગાંડાકાકાને મળવા ગઈ ત્યારે બાબો આવ્યો જાણી ઘણી રાજી થઈ. ગાંડાકાકાએ આખા ગામમાં પેંડા વહેંચ્યા; દૂબળવાડે પણ સૌનું મોં મીઠું કરાવ્યું.

સવિતા! એક ખાસ વાત કહેવાની તે એ કે મારી સગાઈ શાંતિલાલ જોડે થઈ છે. બધું પિસ્તોલકાકા તથા ગોવનકાકાએ વચ્ચે પડીનું કરાવ્યું. ગાંડાકાકાએ પણ એમાં ટેકો કરી આપ્યો. મેં તને બુદ્ધની ચોપડી મોકલેલી તે મળી ગઈ હશે. ગમી કે નહીં તે પત્રમાં જણાવજે. તને તો એ ખૂબ ગમી હશે, ખરું ને! દર વર્ષે વૈશાખી પૂનમે હું ચોપડી મોકલતી રહીશ, સમજી?

હું તો તને રાતદિવસ યાદ કરું પણ તું મને ભૂલી ગઈ લાગે છે. લોકો કહે કે અમેરિકા જાય તે પાછું ન આવે. તું પણ નહીં આવે કે? દિવાળી પર મારા લગ્નમાં તું નહીં આવે તે ચાલે ખરું? મારે વળી કેટલીક બહેનપણી છે તે! સુધીરભાઈને ખાસ ભલામણ જે મારી સવિતાને મોકલી જ આપે. મને તારા વગર નથી ગમતું. ગાંડાકાકા તથા કાકીને ઘણી વાર મળવા જાઉં છું. એ લોકોય તમારા બેઉ વગર હિજરાય છે. તમે લોકો અહીં આવો તો એમને શેર લોહી ચડે. હવે ગાંડાકાકાની ઉંમર વરતાય છે. કાકી પણ ઢીલાં પડી ગયાં છે. પિસ્તોલકાકા કાલે ઘરે આવેલા. કહેતા હતા જે સવલી તો ગામને સાવ ભૂલી ગઈ કે શું! ગોવનકાકાને લકવો થઈ ગયેલો તે માંડ ચાલતા થયા.

બીજી કંઈ ખાસ નવાજૂની નથી. મારા વતી ભાણકાને ખૂબ રમાડજે. માસી વતી બે બચી વધારે કરજે. એ તો માસીને જોશે ત્યારે ઓળખશે પણ નહીં! અહીં હોત તો હું એને પેટ ભરીને રમાડતે અને લાડ લડાવતે. તને ઘણા વખતથી મળાયું નથી તેથી આટલું લખતાંય રડવું આવી જાય છે.

છેલ્લે એક માઠા સમાચાર લખું છું. તારી વહાલી ચાંદરી સાતઆઠ દિવસ પર આ દુનિયા છોડીને ચાલી ગઈ. અને તેના પર બહુ હેત હતું તે ગાંડાકાકા જાણતા હતા. એમણે મને કહ્યું કે મારી સવિતા ચાંદરી ગઈ તે જાણીને અમેરિકામાં રડશે. એ મરી ત્યારે મને તો ગણપતકાકા ખૂબ યાદ આવ્યા.

પત્ર લખે ત્યારે ભાણકાનું નામ લખજે.

લિ.
લક્ષ્મીની યાદ

સવિતા પત્ર વાંચી રહી ત્યાં સુધીમાં તો એની આંખોમાંથી ડળક ડળક આંસુ પડવા માંડ્યાં અને પત્રને ભીંજવી રહ્યાં. બે લીટીઓ વચ્ચે અને બે શબ્દો વચ્ચે રહી ગયેલી કોરી જગ્યામાં વેરાયેલી લાગણીઓ પણ એણે વાંચી લીધી. પત્ર પૂરો કરીને પોતાનું મોં ધોવા જ્યારે એ બાથરૂમમાં ગઈ ત્યારે એની પાંપણ પર આખું ગામ ઊમટી આવ્યું હતું. એનું ચાલે તો બીજી પળે ઊડીને ગામ પહોંચી જઈ લખમીને વળગી પડે અને કહે: ‘લખમી! હવે તારી સવલી તને છોડીને ક્યાંય નહીં જાય.’ હવે એ ગામ જાય ત્યારે ચાંદરી નહીં હોય! ગામમાં ચાંદરી નહીં હોય, બાપુ નહીં હોય પછી શું હોય! અમેરિકામાં ગામનું કોઈ જ ન હોત અને માત્ર ચાંદરી જ હોત તો! એનું ચાલે તો આખા અમેરિકાની સમૃદ્ધિ એક ચાંદરી માટે જતી કરે!

બાથરૂમમાંથી બહાર આવીને સવિતા રસોડામાં ગઈ. ઘરનો અડધો સામાન બંધાઈ ચૂક્યો હતો. સવિતાએ રસોડાના પ્લૅટફૉર્મ ઉપર રૂની વાટ માખણમાં બોળીને પિત્તળની દીવી પર ગોઠવી અને દીવો કર્યો. દીવા સામે જોઈને બે હાથ જોડીને એ ઊભી રહી ગઈ.

નવા ઘરે જતાં પહેલાં એ બાપુના આશિષ માગી રહી હતી. એમ કરતી વખતેય એના મનમાંથી ચાંદરી ખસતી ન હતી. પોતે ઇસ્ટ લાન્સિંગ છોડીને બીજે રહેવા જઈ રહી હતી, જ્યારે ચાંદરી દુનિયા છોડીને બીજી દુનિયામાં પહોંચી ગઈ હતી. સવિતા આમે આટલે દૂર એકલી પડી ગઈ હતી. ચાંદરી ગઈ તેથી એકલાં પડી ગયાની લાગણી વધારે તીવ્ર બની રહી. એક સ્વજન ગુમાવ્યાનો નિર્વેદ સવિતાને પજવી રહ્યો હતો.

સ્ટુડબેકરમાં સામાન ગોઠવાઈ ગયા પછી અનંત અને ઊર્મિની વિદાય લઈ સુધીરે અને સવિતાએ જ્યારે ઈસ્ટ લાન્સિંગ છોડ્યું ત્યારે લિંકન તો ઊંઘી ગયો હતો. સવિતાએ સુધીરને ચાંદરીના સમાચાર આપીને એટલું જ કહ્યું: ‘સુધીર! આપણી! આ ગાડીને હવે આપણે “ચાંદરી” કહીશું.’

૧૮

બરફના સફેદ રણમાં

નોર્થ કૅરોલિનામાં બે હાઈ-વેના મિલનસ્થાન આગળ ત્રીસ રૂમ ધરાવતી સ્કાય-વે મોટેલમાં સુધીર, સવિતા અને સિદ્ધાર્થ ગોઠવાઈ ગયાં. સુધીર તો આ નવા ધંધાની આંટીઘૂંટીને સમજવામાં ગરકાવ થઈ ગયો. સવિતા પણ પૂરા મનથી સુધીરના આ નવા પરાક્રમમાં જોતરાઈ ગઈ. સિદ્ધાર્થની પાછળ એનો ઠીક ઠીક સમય જતો; પરંતુ બાકીનો બધો વખત એ મોટેલ સાથે જોડાયેલાં નાનાંમોટાં અનેક કામોને આપતી. વાતવાતમાં એ સુધીરને કહેતી: 'મારે બે સંતાન છે; એક દીકરો ને બીજી દીકરી; લિંકન અને મોટેલ.'

અમેરિકાના પ્રત્યેક હાઈ-વે પર ઠેર ઠેર પટેલો મોટેલ રાખીને બેસી ગયા હતા. આફ્રિકાના દેશોમાંથી ઘણા પટેલો અહીં આવીને આ ધંધામાં પડ્યા હતા. ચરોતર અને બારડોલીના પટેલોએ તો આ ધંધામાં એવી જમાવટ કરી હતી કે 'પટેલ' અને 'મોટેલ' એકબીજાના પર્યાય બની રહ્યા હતા. એક પટેલ કોઈ મોટેલ રાખે અને સ્થિર થાય. પછી આસપાસમાં કોઈ મોટેલ વેચવાની હોય કે આફ્રિકા, ઈંગ્લૅન્ડ કે અમેરિકામાં રહેતા પોતાના સાળા, બનેવી, મામા, ભાણેજ, ભાઈ કે ભત્રીજાને ખબર આપે. ત્રણચાર પટેલો ગાડી લઈને ઊપડે અને કેવળ કોઠાસૂઝને આધારે નફાનુકસાનનો અને ક્યાં સુધીનો સોદો પરવડે એનો ખરબચડો અંદાજ માંડે. સૌ અંદરઅંદર ચર્ચા કરીને નિર્ણય કરે. જામી ગયેલો પટેલ બીજાને બનતી મદદ કરે અને જરૂર પડે ઊછીના ડૉલર આપે. હાઈ-વેના એકાંતમાં નજીક બીજો પટેલ ઠેકાણે પડે તો વસતી થાય એમ સમજીને પણ સૌ એકબીજાને સહાયરૂપ બને. એક વાર ધંધો હાથમાં આવે એટલે પટેલ અને પટલાણી એવી રીતે મંડી પડે કે જાણે બંને ગામની સીમમાં રીંગણાં વીણતાં ન હોય! ફેર એટલો જ કે અહીં રીંગણની જગ્યાએ ડૉલર વીણવાનાં હોય!

થોડા જ વખતમાં સુધીરે મોટેલના ધંધામાં પડેલી શક્યતાઓનો ક્યાસ કાઢી લીધો. એણે જોઈ લીધું કે ચોવીસ કલાકનો, સાતે દિવસનો અને બારે માસનો ધંધો છે. બીજા ધંધાઓની માફક એમાં શનિ-રવિ કે બીજી રજા હોય તેવું નથી. ઊલટાનું શનિ- રવિ અને ઉનાળાની રજાઓમાં તો ખરી કમાણી રહે એવો ઘાટ હતો. વળી એ ધંધામાં નાની નાની કરકસર માટે જો દૃષ્ટિ હોય તો કમાણીની સુંદર તકો રહેલી છે એ વાત સુધીરને સમજાઈ ગઈ. પ્રત્યેક નવો ગ્રાહક રૂમમાં દાખલ થાય ત્યારે સાબુની તદ્દન નવી બે ગોટી આપવાની હોય. ગ્રાહક એક કે બે રાત રહીને ચાલ્યો જાય ત્યારે એ ગોટી ઘણુંખરું છોડતો જાય. નવા ગ્રાહકને એ ગોટી તો આપી ન જ શકાય. આવી વધેલી અનેક ગોટીઓ સવિતા ભેગી કરતી અને ચાદરો તથા ઓશીકાના ગલેફ ધોતી વખતે એ ગોટીઓને છૂંદીને ભૂકો કરીને ગરમ પાણીમાં નાખી દેતી. આવી ઝીણી બાબતો સુધીરના ધ્યાનમાં ઝટ આવતી અને સવિતા સુધીરના સૂચનનો અમલ કરતી. એક વર્ષમાં તો બંને જણાં નવા ધંધામાં પાવરધાં બની ગયાં અને મોટેલ ઠીક ઠીક જામી ગઈ.

સુધીરને હજી અમેરિકામાં રહેવાની કાયદેસર છૂટ મળી ન હતી. વકીલે એને ધરપત આપી હતી કે કશુંક આવી પડે તો એકાદ વર્ષનો સ્ટે કોર્ટમાંથી મેળવીને કેસને વિલંબમાં નાખીને સમય કાઢી શકાય. પાંચસાત વર્ષ નીકળી જાય અને ધંધો ચાલે છે એવું બતાવી શકાય. તો લિંકન અહીં જન્મ્યો તે હકીકતને જોરે પણ ગ્રીન કાર્ડ મળી શકે એમ બને. જોકે સુધીરનું ગ્રીન કાર્ડ વગર કશુંય અટકતું ન હતું. એક જ તકલીફ હતી અને તે એ કે દેશમાં જઈ પાછા આવવાનું બને તેમ ન હતું. સુધીરે તો આ તકલીફ પોતાની ધ્યેયપ્રાપ્તિના નશામાં સ્વીકારી લીધી હતી; પરંતુ સવિતાને અકળામણ રહ્યા કરતી હતી. લક્ષ્મીના લગ્નમાં ન જવાયું તેનો એને રંજ હતો; પરંતુ તે અંગે સુધીરની મજબૂરી એ સમજતી હતી.

સુધીર એક વહેમી પતિ હતો. એની પ્રતીતિ સવિતાને વારંવાર થયા કરતી હતી. કદાચ એ વહેમી હતો તેના કરતાંય વધારે પઝેસીવ હતો. અનંત અંગેનો બનાવ બની ગયા પછી એ સવિતાને કશું સ્પષ્ટ કહી શકતો ન હતો; પરંતુ સવિતા સાવ સહજ રીતે કોઈ પુરુષ સાથે બહુ હસીને વાત કરે કે પછી એ જરાક વધારે ગણે ત્યારે સુધીર અસ્વસ્થ બની જતો. આવું કશુંક બને ત્યારે સવિતાનો મૂડ ખરાબ થઈ જતો અને ક્યારેક બંને વચ્ચે થોડાક કલાકોના અબોલા રહેતા. અબોલાના અંતે સુધીર કાયમ સવિતાને મનાવી લેતો અને કહેતો: ‘સવિતા! હું સમજું છું કે તારા મનમાં કોઈ પાપ નથી; પરંતુ તું માત્ર મારી જ થઈને રહે એવી ઇચ્છાને કારણે મારાથી આવું થઈ જાય છે.’ સવિતા એને વળતો સવાલ કરતી: ‘તું મારી પૂરી ચોકી કર અને એકાદ ભૂલ પણ જડે પછી વહેમ રાખે તે હું સમજી શકું; પરંતુ કોઈ જ આધાર વગર વહેમાયા કરે અને વંકાયા કરે તે હું શી રીતે વેઠી શકું?’ સવિતાના પ્રશ્નના જવાબમાં સુધીર ક્યારેક રડી પડતો. એને રડતો જોવાનું સવિતા માટે અશક્ય બની રહેતું અને એમ બંનેનો સંસાર યથાવત્ ચાલુ રહેતો.

સવિતા માટે સુધીરનો અર્થલોભ સહ્ય હતો પણ એનો માલિકીભાવ અને એમાંથી જન્મતો વહેમ અસહ્ય બની રહેતો. સુધીર નાહક બેચેન બનશે એવું વિચારીને એ ઘણી વાર અન્ય પુરુષો સાથે વાત કરવાનું અને ભળવાનું ટાળતી. એક વાર એક અજાણ્યો અમેરિકન યુવાન મોટેલમાં આવીને પૂરા પાંચ દિવસ રહ્યો. એ હસમુખો હતો અને વાતોડિયો હતો. સવિતા જોડે એણે ઘણાં ગપ્પાં માર્યાં. એ ભારતમાં ક્યાં ક્યાં જઈ આવેલો અને શું શું જોયેલું તેની ઘણી વાતો એણે સવિતાને કહી, જતી વખતે સવિતાને ખભે હાથ મૂકીને બોલ્યો: ‘સવિટા! નાઈસ ટુ હેવ સ્ટેઈડ યોર વન્ડરફુલ મોટેલ. યુ આર એ ગ્રેટ લેડી. આઈ વુડ લવ ટુ કમ હીઅર અગેઈન.’ પછી એ યુવાને સુધીર તરફ ફરીને કહ્યું: ‘સુધીર! યુ આર એ લકી ડૉગ! ઓ.કે.? આઈ ટેઈક યોર લીવ! બાય!’

જે કાંઈ બન્યું તેમાં સવિતા સાવ નિર્દોષ હતી. પેલા અમેરિકનને છોભીલો પાડીને એ દૂર ખસી જઈ શકી હોત પણ એમ કરવાનું એના સ્વભાવમાં ન હતું. વળી અમેરિકન જીવનશૈલીમાં તો આ ઘટના સાવ સામાન્ય હતી. પોતાને ખભે ક્ષણાર્ધ હાથ મૂકવા પાછળ અમેરિકનનો કોઈ બદઈરાદો ન હતો એટલું એ સમજતી હતી. એ અજાણ્યો યુવાન તો સવિતાને સ્મિત આપીને અને સવિતાનું સ્મિત લઈને ચાલી ગયો પણ જતાં જતાં તાણ, ત્રાસ અને ઉદ્વેગનું પોટલું સવિતા માટે છોડતો ગયો. સુધીરે તે દિવસે ખાધું પણ નહીં. સવિતાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો ત્યારે સુધીરે સવિતાને એક તમાચો ચોડી દીધો. સવિતાએ પણ સુધીરને સામો ધબ્બો લગાવ્યો. સિદ્ધાર્થ સામે જ ઊભો ઊભો બાઘાની માફક આ ખેલ જોતો રહ્યો.

પૂરા સાત દિવસના અબોલા પછી મામલો ઠેકાણે પડ્યો. આવો એકાદ બનાવ બની જતો ને સવિતાનો તો આખો મહિનો ખારો બની જતો. આ ખારાશ માંડ હળવી થાય ત્યાં કશુંક એવું બની જતું કે સવિતાને જીવતર ખારું લાગવા માંડતું. આવી વિષાદની પળોમાં દર વર્ષે વૈશાખી પૂનમને દિવસે આવી પહોંચેલી ચોપડીઓને શરણે જતી. એનું દુઃખ થોડુંક હળવું બનતું. એ હવે જીવતરની આટલી ખારાશથી ટેવાઈ ગઈ હતી. પોતાના વિષાદને સાક્ષીભાવે જોવા એ મથતી પણ એમાં એને ઝાઝી સફળતા મળતી નહીં. વળી ખારાશ પણ મીઠી બની રહે એવું કશુંક લિંકનની આંખોમાં હતું. લાડકા લિંકનને જોતી ત્યારે એ ઘડીભર બધું જ ભૂલી જતી. ઊંડા નિર્વેદની બોજલ પળોમાં એ ક્યારેક સુધીરને દયાભાવથી નિહાળતી. માત્ર પતિને નહીં; પરંતુ એક ઘાયલ પુરુષને જોઈ રહી હોય એમ એ સુધીરને જોઈ રહેતી. લગ્નજીવનનાં રહસ્યને પામવા એ મથતી. બે જણાંનાં સ્નેહને તાંતણે બાંધનારું કયું તત્ત્વ પતિપત્ની વચ્ચે હોઈ શકે? આવા કોઈ તાંતણાં વગર બે જણાં જીવનભર સાથે રહી શકે એ કેવું? શું શાંતિલાલ સાથે એ વધારે સુખી હોત ખરી? કે પછી ઘેર ઘેર માટીના ચૂલા? આવા તો અનેક પ્રશ્નો સવિતાના મનમાં મોજાંની માફક ઊઠતા અને પછી શમી જતા. સંસાર ચાલ્યા કરતો, મોટેલ ચાલ્યા કરતી, ઋતુઓ બદલાયા કરતી, ઝઘડા થતા રહેતા. ઝઘડાને અંતે મેળાપ થયા કરતો, પત્રો આવતા રહેતા, આંખો ભીની થયા કરતી, ઝંખના ઝૂર્યા કરતી. ડૉલર એકઠા થયા કરતા અને જીવન પસાર થયા કરતું.

મોટેલની ગતિવિધિ જોયા પછી એમાં રાતવાસો કરીને ચાલતા થતાં ગ્રાહકોને જોઈને સવિતાને એવી લાગણી થઈ આવતી કે માણસનું જીવન એટલે મોટેલનો રાતવાસો. રહેવાનું એક રાત પણ તેમાંય લાગણીની ફૂલદાની અને અણગમતા ઉધામાનો ઉકરડો! સંતોએ આને જ માયા કહી હશે ને! આ માયાનગરીમાં વસતી સવિતાએ જીવનના ઘણાં બધાં રંગો જોઈ લીધાં હતાં. આ રંગો ક્યારેક મેઘધનુષી પ્રસન્નતાનું આકાશ ઠાલવીને અદૃશ્ય થઈ જતાં તો ક્યારેક હોળીની દોડધમાલની બાલદીઓ ઠાલવીને રવાના થતા.

બધી ધમાલ વચ્ચેય એક બાબત ધૂપસળીની ધૂમ્રસેર બનીને સવિતાના જીવનમાં મહેંકી રહી હતી. વૈશાખી પૂનમ નજીક આવે એટલે સવિતા ગામથી આવનારા પાર્સલની રાહ જોવા માંડતી. અને પાર્સલ અચૂક આવી પહોંચતું! એ પાર્સલ લક્ષ્મી રવાના કરતી; પરંતુ એમાં લખાયેલા મરોડદારો અક્ષરો લક્ષ્મીના ન હતા તે સવિતા જાણતી હતી. એ પાર્સલ સવિતાના જીવતરનો થાક હળવો કરી મૂકતું અને દૂર રહી ગયેલા ગામને સ્કાઈવે મોટેલના આંગણા સુધી તાણી લાવતું. પાર્સલમાં ચોપડી આવી છે એવું જાણ્યા પછી સુધીરને એ ચોપડી ખોલીને વાંચવાનો ઝાઝો ઉમળકો થતો નહીં. ક્યારેક એ પાનાં ઉથલાવતો ખરો પણ એકબે પાનાં વાંચ્યા પછી ચોપડી પડતી મેલતો. ‘અખંડ આનંદ’ પણ દર મહિને આવતું પણ તેય સવિતા જ વાંચતી.

શિયાળામાં દિવસો સુધી ચોપાસ બરફ પથરાયેલો રહેતો અને વૃક્ષો કાળાં ઠૂંઠાં બની જતાં. ઘરમાં બેસીને ટી.વી. જોયા કરવા સિવાય બીજું કામ બહુ રહેતું નહીં. ઘરાકી પણ ઠંડી રહેતી. આવા દિવસોમાં જીવન એકધારું અને કંટાળાજનક બની રહેતું ત્યારે સવિતા ખૂબ ઉદાસ બની જતી.

ઉદાસીની આવી પળોમાં એક દિવસ સવિતા બેડરૂમની બારીએ બેઠી હતી. બંધ બારીને કાચમાંથી બરફના સફેદ રણને એ કલાકો સુધી જોતી જ રહી. ક્યાંય જીવનનો ઉલ્લાસ ન હતો, લાગણીના ધબકારા ન હતા અને હૂંફાળો ગરમાટો ન હતો. વસતી જેવું કશું જ ન હતું. ક્યારેક હાઈવે પરથી કોઈ મોટરગાડી ફંટાઈને મોટેલ બાજુ આવીને પસાર

થઈ જતી એ જ. ઓરડાનું હીટર ચાલુ હતું પણ તેય કડકડતી ઠંડી સામે હારી જતું હોય એમ લાગતું હતું. કેટલાય દિવસો સુધી સૂરજનાં દર્શન નહોતાં થયાં. સવિતાને થતું કે ક્યાં આવું ટાઢું બોળ, શુષ્ક અને નિષ્પ્રાણ અમેરિકા અને ક્યાં જીવનથી થનગનતું ગામ! સવિતા બેઠી હતી બારીએ પણ એનું મન તો પહોંચી ગયું હતું બાવાની ટેકરીએ!

એ દેશી નળિયાનાં ચાસમઢ્યાં છાપરાં, એ ગારમાટીની હૂંફાળી ભીંતો, એ કમળનાં ફૂલોથી છવાઈ ગયેલું તળાવ, એ પિસ્તોલકાકા, એ લીલાંછમ ખેતરો, એ વાનીનો પોંક, એ પાપડીનું ઊંધિયું, એ રીંગણનાં રવીડાં, એ તાજાં લસણ-કોથમીરની ગંધ, એ ભેંસની કોઢાર, કોઢારમાં પડેલા છાણના પોદળા, એ વહેલી સવારનાં સંભળાતું પરભાતિયું, એ હવાડો ને હવાડે બળદ પાણી પીએ ત્યારે થતો ખાસ અવાજ, એ અવાજ સાથે બળદની સાથે આવનાર તરફથી બોલાતું ‘પહોઈ…પહોઈ…’ એ ‘કેસરિયો જાન લાઈવો, જાન લાઈવો રે’ જેવાં લગ્નગીતોમાં ઊભરાતી મસ્તી અને ચોમાસે છલકાતાં નેવાં સાથે ધરતીમાંથી વહી આવતી ખાસ સોડમ.! સવિતાને જાણે ગામનો નશો ચડ્યો હતો!

બારીએ બેઠી બેઠી સવિતા પોતાની મદહોશ ઉદાસી માણી રહી હતી. એ ઉદાસી હતી; પરંતુ પોતિકી હતી. અમેરિકામાં બધું હતું પણ પોતીકાપણું ખૂટતું હતું. બધું અડવું અડવું, પરાયું પરાયું, છૂટુંછૂટું જણાતું હતું. આખું અમેરિકા એને સૂકા મગના દાણા જેવું સાવ ભેજ વિનાનું લાગતું હતું. દેશમાં અને ગામમાં બધું ફણગાવેલા મગ જેવું જીવનમય, ભેજમય હતું. જીવનમાં મૂળસોતા ઉખેડીને દૂર દૂર રોપાયેલા કોઈ વૃક્ષની વેદનાને કારણે પ્રગટતી અપર્યાપ્તતા સવિતાને પજવી રહી હતી. એ અપર્યાપ્તતામાંથી પેદા થયેલો ખાલીપો, ઠંડી એકલતા અને કંટાળાને કારણે વધારે વેદનામય બની રહ્યો હતો. બધું હતું અને છતાં કશુંક ખૂટતું હતું. સવિતાની મદહોશ ઉદાસીમાં સુધીર આવ્યો ત્યારે જ ખલેલ પહોંચી. એણે આવીને સવિતાના હાથમાં ગામથી આવેલો પત્ર મૂકી દીધો.

વાતાવરણમાં સર્વત્ર મુકામ કરીને બેઠેલી કડકડતી ઠંડીમાં હૂંફ આપે તેવું અને સવિતાના ખાલીપાને ક્યાંય દૂર ફંગોળી મૂકે તેવું કશુંક આ પત્રમાં હતું. સવિતા પત્ર વાંચીને આનંદવિભોર બની ગઈ.

બા-બાપુજી પંદર દિવસમાં જ આવી રહ્યાં હતાં.

૧૯

લાડકવાયો લિંકન

બા-બાપુજી આવ્યાં અને જાણે ગૉળનું ગાડું લેતાં આવ્યાં. આખી મોટેલ પર જાણે દાદા, દાદી અને સિદ્ધાર્થ છવાઈ ગયાં. શરૂઆતમાં તો સિદ્ધાર્થે એ બંને અજાણ્યાં લોકો સાથે સાવ ઠંડું વલણ અપનાવ્યું પણ પછી તો દાદા એને થોડેક દૂર આવેલા ગૅસ સ્ટેશન (પેટ્રોલપંપ) પર ફરવા લઈ જવા માંડ્યા. સિદ્ધાર્થને મજા પડી ગઈ. દાદા-દાદી પણ એને લિંકનને નામે જ સંબોધવા લાગ્યાં. મંછીબા તો વળી ક્યારેક લિંકનિયો પણ કહેતા. દાદાજી ગૅસ સ્ટેશન પર આવેલી દુકાનેથી રોજ ચૉકલેટ અપાવે એટલે લિંકન દાદાજીને રોજ ત્યાં તાણી જતો. સવિતા ઘણુંય ના પાડતી, પણ ગાંડાભાઈની 'દાદાગીરી' આગળ એનું કશુંય ચાલતું નહીં. દાદીમા ગુજરાતીમાં વાર્તા કહેતાં તેમાં લિંકનને પૂરી સમજણ પડતી નહીં, પણ સવિતા એને સમજાય તેવી ભાષામાં દાદીમા શું કહે છે તે સમજાવતી અને કહેતી: 'એક વાર ટ્રી પર બેઠેલા પેરટે હાઈવે પરથી પાસ થતા કાવબૉય સાથે પોતાની મમ્મીને મેસેજ મોકલ્યો: આમ ગાડું ગબડતું અને આસપાસ ભાઈબંધ કે બહેનપણી વગરના લિંકનને દાદા-દાદી જેવાં બાળદોસ્તો મળી ગયાં.

દાદા-દાદી આવ્યાં ત્યારે સુધીરના લખ્યા પ્રમાણે અનંત અને ઊર્મિ માટે દેશથી થોડીક ભેટો લાવ્યાં હતાં. આગળથી ગોઠવણ કરીને એક વાર આખું કુટુંબ ઇસ્ટ લાન્સિંગ જઈ આવ્યું. સાઠ ડૉલરમાં મળેલી ચાંદરીની જગ્યાએ નવી ચાંદરી આવી ગઈ હતી. એ હતી જપાનીઝ ડેટસન મોટરગાડી. દાદા-દાદી તથા લિંકન સહિત સૌ એને ચાંદરી જ કહેતાં. લિંકનને મન તો બીજી કોઈ મોટરગાડી પણ 'ચાંદરી' જ હતી! ઇસ્ટ લાન્સિંગમાં દાદા-દાદીને વસ્તીને કારણ ખૂબ મજા પડી. બા-બાપુજીના સંબંધે જ સુધીરને અનંતની મદદ મળી હતી. સુધીર આ ઉપકાર ભૂલ્યો ન હતો. અનંત અને ઊર્મિ પણ એક વાર week end પર આવીને સ્કાય-વે મોટેલમાં રહી ગયાં હતાં.

દાદા પોતાની સાથે લક્ષ્મીએ આપેલી એક ખાસ ચિઠ્ઠી પણ સવિતા માટે લાવ્યા હતા. લક્ષ્મીને મહિના જતા હતા એ જાણીને સવિતાને હરખ થયો; પરંતુ એ હરખ ઝાઝું ટક્યો નહીં. લક્ષ્મીએ એક ખૂણે નાના અક્ષરે લખ્યું હતું: 'શાંતિલાલને ડાબા હાથે અને બંને પગે ક્યાંક ક્યાંક કોઢનાં ચાઠાં થયાં છે. રોગ આગળ ન વધે તે માટે રાંદેરના દાક્તરની દવા ચાલુ કરી છે પણ ફેર પડ્યો નથી.'

એક દિવસ સવિતાએ બાપુજી આગળ શાંતિલાલની વાત કાઢી. બાપુજીએ તેને જણાવ્યું: 'બેટા! તું ચિંતા કરે તેથી લખમીએ તને કહેવાની ના પાડેલી પણ હકીકત એ છે કે શાંતુના મોં પર પણ હવે ચાઠાં દેખાય છે.' આ સાંભળીને સવિતા સાવ મૂડલેસ બની ગઈ. લક્ષ્મી અત્યારે કેટલી મૂંઝવણ અનુભવતી હશે તેની કલ્પના કરવાનું તેને માટે મુશ્કેલ ન હતું. આવે વખતે જો પોતે લક્ષ્મીના પડખે હોત તો! બાપુ ગુજરી ગયા ત્યારે લક્ષ્મીએ ચોવીસે કલાક પોતાની કેવી સંભાળ રાખી હતી! એ લક્ષ્મી માટે પોતે કશું જ નથી કરી

શકતી એ વાતે સવિતાને રડવું આવી ગયું.

બા-બાપુજી સાથે ઇસ્ટ લાન્સિંગ જવાનું થયું ત્યારેય મોટેલ બંધ રહી ન હતી. પાસેના ગામમાં રહેતી એક અમેરિકન બાઈને જવાબદારી સોંપીને સુધીરે મોટેલ બંધ ન રહે તેવી ગોઠવણ કરી હતી. એ બાઈનું નામ હતું મિસિસ પૅરટ. ધણી સાથે છૂટાછેડા લીધા પછી એ પોતાના દીકરા બૉબ (રોબર્ટ) સાથે રહેતી હતી. અને ગામમાં ચાલતા બાળમંદિરમાં બાળકો માટે નાસ્તો બનાવવા ત્રણચાર કલાક જતી હતી. સુધીરે જ્યારે મોટેલ લીધી ત્યારે અગાઉના માલિકે સુધીર સાથે મિસિસ પૅરટની ઓળખાણ કરાવી હતી. મિસિસ પૅરટ મોટેલના કામથી પરિચિત હતી, તેથી સુધીરને શરૂઆતના દિવસોમાં ઘણી મદદરૂપ થઈ હતી. એ વિશ્વાસપાત્ર તો હતી જ અને વળી અમેરિકન ગ્રાહકો સાથે વાતચીત કરવામાં એને વધારે ફાવટ આવતી તેથી આવકની દૃષ્ટિએ પણ ઉપયોગી હતી. સુધીર જરૂર પડે એને અમુક કલાકો માટે બોલાવી લેતો અને કલાક લેખે ડૉલર ચૂકવતો. બાપુજી સાથે એને ફાવી ગયું હતું. બાપુજીએ તો એનું નામ ‘મેના’ પાડ્યું હતું. જ્યારે એણે સવિતાને ‘મેના’નો અર્થ પૂછ્યો ત્યારે સવિતાએ કહેલું: ‘મેના મીન્સ પૅરેટ્સ વાઈફ.’ તરત જ મેનાએ વળતો ફટકો મારીને કહેલું: ‘માઈ પૅરટ ઈઝ એ બ્લડી રાસ્કલ.’ એણે પણ પછી બાપુજીના નામનો અર્થ સવિતા પાસેથી જાણી લઈને વહાલથી એમને ‘મિસ્ટર મૅડ’ કહેવાનું શરૂ કરેલું. ‘મંછીબાને એ ‘મિસિસ મૅડ’ કહેતી.

છ મહિના ક્યાં નીકળી ગયા એની કોઈને ખબર ન પડી. સુધીર બા-બાપુજી આવ્યાં તેથી બહુ ખુશ હતો. ગામ જઈ એમને મળી આવવાનું એને માટે શક્ય ન હતું. સવિતા તો ખૂબ જ રાજી હતી કારણ કે બા-બાપુજીની હાજરી હોય ત્યારે પોતે જાણે ગામમાં જ રહેતી હોય એવી લાગણી એને રહ્યા કરતી. લિંકનની ખુશીનો તો પાર ન હતો કારણ કે રમવા માટે, વાતો કરવા માટે અને લડવા માટે દાદા-દાદી સિવાય અહીં બીજું કોઈ ન હતું. દાદાને એક રૂમમાં બેસાડી એ મોટેલના રીસેપ્શન પરથી એમની સાથે ફોન જોડતો. ફોન પર એ પપ્પાની અદાથી દાદાજી ગ્રાહક હોય એ રીતે ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં વાતો કરતો. અમેરિકન ગ્રાહકો પણ દાદા-દાદીને જોઈને અને એમના પોષાકને જોઈને ખુશ થતા.

હજી દેશ જવાને એકાદ મહિનાની વાર હતી ને ગાંડાભાઈ તથા મંછીબાએ સુધીર સાથે વાત માંડી. સવિતા પણ પાસે જ રસોડામાં કામ કરતી હતી.

‘ભાઈ જો! તું જ્યારે આવવું હોય ત્યારે આવજે પણ એક વાત કહી દઉં કે અમને હવે ત્યાં તમારા વગર જીવવાનું આકરું લાગે છે.’ ગાંડાભાઈએ શરૂઆત કરી.

‘હુંય સમજું છું બાપુજી! અમનેય અહીં ગમે છે એવું થોડું છે?’ સુધીરે કહ્યું.

‘અમે તો હવે ઘરડાં થયાં. અમારે તમારી જરૂર હોય, પૈસાની નહીં. તેં સવિતાને તેડાવી લીધી તો પછી અમને ભારે પડી ગયું.’ આટલું કહેતાં તો મંછીબાનો સાદ ફાટી ગયો.

‘અમારા મનમાં એવી હોંશ છે કે તમે બંને અહીં ફાવે ત્યાં સુધી રહો પણ લિંકનને અમે રાખીએ. એ બચારો અહીં ભાઈબંધ વગર મૂંઝાય છે અને અમારે વસ્તી નથી. એને અમે બધી રીતે સાચવીશું અને એને લહેર પડે તે રીતે રાખીશું. તું કહે તો અંગ્રેજીનો માસ્તર રોકીશું. અમારો ત્યાં વખત જતો નથી. આવડા મોટા ઘરમાં અમે બે જ જણાં! ગાંડાભાઈએ સવિતા તરફ જોઈને કહ્યું.

‘બાપુજી! અમને અહીં લિંકન વગર ગમે ખરું?’ સુધીરથી પુછાઈ ગયું.’

'તે તમારે તો આખો દિવસ કામ હોય તે ચાલી જાય પણ અમારું હું થાય?' મંછીબા બોલ્યાં.

'સવિતા! તું શું કહે છે, બેટા?' ગાંડાભાઈએ પૂછ્યું.

'બાપુજી!' તમે જાણો છો કે મને ગામ બહુ વહાલું છે. મને અહીં ગમતું નથી. એય સાચું પણ લિંકનને અળગો કરવાનું મારે માટે સહેલું નથી.' સવિતાએ ભોંય સામે જોતાં રહીને કહ્યું.

'જો બેટા! તું દીકરાને અળગો કરવા તૈયાર ન હોય તો તમને અમારી દશાનો ખ્યાલ કેમ નથી આવતો? આજે છતે દીકરે અને છતી વહુએ અમે કેટલાં વરહથી વાંઝિયાં હોઈએ એમ એકલાં ઝૂરી રહ્યાં છીએ અને તમે અહીં એવી રીતે પડ્યાં છો, જાણે અમે છીએ જ નહીં!' મંછીબાએ પુણ્યપ્રકોપ ઠાલવી દીધો.

'બા! તમે તમારા દીકરાને સમજાવો તો હું અહીંથી અબઘડી ગાંસડાં-પોટલાં બાંધીને નીકળી પડવા તૈયાર છું. હુંય એક મા છું એટલે તમારી વાત સમજું છું.' સવિતાએ ગળગળા સાદે બાની સામે જોઈને કહ્યું.

'તે બેટા! તું હજી કેટલુંક કમાઈને અમારી આંતરડી ઠારવા પાછો આવવાનો છે? અમે જીવીએ ત્યાં સુધીમાં આવહે કે ત્યાર પછી? અમારે તારા ડૉલરને શું ચાટવા છે? આ લિંકનિયાને જિંદગીભર ચાલે એટલા પૈહા તો તારી પાંહે આજેય છે. તો પછી આ લોહીઉકાળા કોને હારું? મંછીબાએ સુધીર ભણી જોઈને સાવ પેટછૂટી વાત કરી.

થોડી વાર માટે ઓરડામાં સન્નાટો છવાઈ ગયો. સુધીર પણ આકરાં વેણથી ઢીલો થઈ ગયો. લિંકન માટે આ ખેલ નવો હતો. પહેલાં ક્યારેક મમ્મી રડતી હતી ને આજે મમ્મી ઉપરાંત 'પપ્પાની મમ્મી' પણ રડતી હતી. આ સિવાયનો બીજો કોઈ તફાવત એની સમજમાં આવતો ન હતો.

છેવટે સુધીરે મૌન તોડ્યું.

'બા! જો તું રાજી રહેતી હોય તો હું સવિતા અને લિંકનને તમારી જોડે મોકલવા વિચારું.'

'પણ અહીં બે જણાં જોઈએ જ, અને મારે તને એકલો છોડીને જવું નથી.' સવિતાએ આંખો લૂછતાં જણાવ્યું.

'અમને તો સવિતા અને લિંકનિયો બેઉ આવે તે બહુ ગમે પણ સવિતા વગર તને કોણ રાંધી ખવડાવે?' મંછીબા બોલ્યાં.

'જો તમે સૌ મારી વાત સાંભળી લો. હું સવિતા નારાજ થાય એવી એક વાત સ્વીકારવાનો નથી. સવિતાની મરજી વગર અમે લિંકનને પણ નથી લઈ જવાનાં. તું અમારો દીકરો છે એ ખરું, પણ અમે સવિતાને વહુ નથી ગણતા. એના બાપને મરણપથારીએ મેં વચન આપેલું કે તમારી દીકરીને હું મારી દીકરી ગણીને ફૂલની જેમ જાળવીશ. એ વચન હું પાળવાનો છું. તારી બા તો કહ્યા કરે પણ આખરી નિર્ણય મારે કરવાનો છે. હમજ પડી? હું સવિતાની ઉપરવટ જઈને કશું નથી કરવાનો તે લખી રાખજો. એ દીકરીએ તો અમારી બહુ સેવા કરી છે. એને પગલે જ તું બે પૈસા કમાયો છે.' ગાંડાભાઈએ છેલ્લો સપાટો લગાવ્યો અને વાત ત્યાં અટકી.

*   *   *

સવિતા અને સુધીરે વાત પર બહુ વિચાર કરી જોયો. બા બાપુજીની વ્યથા તો સાચી હતી પણ કોઈ ઉપાય જડતો ન હતો. સવિતા પણ એવું માનતી હતી કે મોટેલ હજી માંડ જામી હતી ત્યાં એને વેચી દઈને એકદમ ચાલી જવાનું બરાબર ન હતું. વળી સુધીરને આપેલું દસ વર્ષનું વચન પાળવા માટે એ મનથી તૈયાર હતી. સુધીરને આ નવી સાહસયાત્રામાં અધવચ્ચે છોડીને ગામ જવા માટે એ તૈયાર ન હતી. બા-બાપુજીની લાગણીનો લાભ લઈને ગામ જવાનું એને માટે શક્ય હતું; પરંતુ એવો લાભ એ લેવા માંગતી ન હતી. બધી મર્યાદાઓ સહિત એણે સુધીરને સ્વીકાર્યો હતો. ક્યારેક બંને વચ્ચે તકરાર થતી ખરી, પરંતુ સુધીરનાં પરાક્રમો અંગે એ ભારોભાર ગૌરવની લાગણી અનુભવતી હતી. સુધીર વહેમી પતિ હતો એ ખરું, પણ એનો વહેમ સવિતા પર માત્ર પોતાનો જ અધિકાર છે એવી આંધળી પ્રીતમાંથી જન્મ્યો હતો. સવિતા બે દિવસ ન બોલે ત્યારે એ સાવ લાચાર બની જતો. વળી સવિતાને પૂછ્યા સિવાય એ ભાગ્યે જ કશું કરતો. સવિતા અમથી મૂડલેસ બની જાય ત્યારે એ અડધોઅડધ થઈ જતો અને એને રાજી કરવા મથતો. એને પૈસા વહાલા હતા એ ખરું પણ સવિતા માટે ખર્ચ કરવાનો પ્રશ્ન આવે ત્યારે એ પૈસા સામું ન જોતો. સવિતા વગર એને કશું સૂઝતું નહીં. સવિતા પર હાથ ઊપડી જાય પછી એ ખૂબ પસ્તાતો અને પછી બાળકની માફક રડી પડતો. પોતાની નબળાઈ આગળ એ લાચાર હતો; પરંતુ એની સૌથી મોટી નબળાઈ સવિતા હતી.

સવિતા આ વાત સમજતી હતી.

થોડાક દિવસ સૌના મનમાં આ વાત ઘોળાયા કરતી હતી. સુધીર અને સવિતાના મનમાં તો જબરો સંઘર્ષ ચાલી રહ્યો હતો. સુધીરને કોઈ નિર્ણય કરવામાં ઝાઝી વાર લાગતી નહીં પણ આ વાતમાં શું કરવું તે એને સમજાતું ન હતું. એક બાજુ મા-બાપની પાછલી ઉંમરની અકથ્ય વેદના હતી અને બીજી બાજુ સવિતા વગરનું, લિંકન વગરનું અમેરિકાનું વેરાન જીવન હતું. મોટેલ હાઈવે પર હતી એટલે આસપાસ ઝાઝી વસતી ન હતી. વળી પરદેશી હોવાને કારણે પણ પરાયાપણું લાગે તેથી એકલતા વધારે ડંખે. સવિતા અને લિંકન બંને ગામ જાય તો પોતે સાવ એકલો પડી જાય. આ કલ્પના જ એને બિહામણી લાગતી. સુધીર જ્યારે પોતાની સ્થિતિ પર વિચાર કરતો ત્યારે એને ગામમાં એકલાં રહેતાં બા-બાપુજીની સ્થિતિનો ખ્યાલ આવી જતો. પાંચમાં પુછાતું, ભર્યુંભાદર્યું ઘર એકાએક ભેંકાર બની જાય તેથી બા-બાપુજીને કેટલું આકરું લાગતું હશે એનો ખ્યાલ એને આવી ગયો. એ જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ વધુ ને વધુ ગૂંચાતો ગયો. મોટેલ વેચીને ગામભેગા થઈ જવાનો વિચાર પણ એને આવી ગયો; પરંતુ એવું અંતિમ પગલું લેવાનું એને બહુ યોગ્ય ન લાગ્યું.

કશીક ખટપટ કરીને બા-બાપુજી હજી વધારે સમય અમેરિકા રોકાઈ જાય એવું ગોઠવવાનું એને માટે અશક્ય ન હતું, પરંતુ બા- બાપુજી એ માટે તૈયાર ન હતાં. તેઓનો સમય અહીં જતો ન હતો. ફળિયાને ઓટલે બેઠા હોય તો ચાલતો માણસ 'કેમ છે કાકા' કહીને બોલાવે. અહીં તો બધાં પોતપોતાના કામમાં વ્યસ્ત! કોઈ કોઈને ઓળખે નહીં અને કોઈને લાંબી વાત કરવાની ફુરસદ નહીં! અને વળી ગુજરાતીમાં બોલનારું લાવવું ક્યાંથી! લિંકન હોય નહીં અને દાદાદાદીનો સમય જાય નહીં.

બહુ વિચારને અંતે સુધીરે મનોમન એક કઠોર નિર્ણય કર્યો. એ નિર્ણય સવિતાને કહી દેવાને બદલે એણે કહ્યું: 'સવિતા! મેં બા- બાપુજીની વાત બધી બાજુથી વિચારી જોઈ,

પણ કશુંય સમજાતું નથી. એક વાત ચોક્કસ કે બા-બાપુજીને છેક એકલાં મોકલવાનું યોગ્ય ન ગણાય. એમનાં પાછલાં વર્ષો બગાડવાનું પાપ આપણે નથી કરવું. આપણા વિના એમણે પાછલાં વર્ષો એકલાં વિતાવ્યાં તેય ઓછું નથી. બીજી વાત એ કે આ તબક્કે આપણે મોટેલ વેચીને ચાલી નીકળીએ તેય બરાબર નથી. આટલાં વર્ષે જે કાંઈ પરસેવો પાડ્યો તેનાં ફળ મળવાની હવે માંડે શરૂઆત થઈ છે. આપણે ખાતર નહીં તો લિંકનના ભવિષ્ય ખાતર પણ આ મોટેલ હજી થોડાંક વર્ષ સંભાળી લેવી જોઈએ. આ બે બાબતો સાચવવાની છે તેથી શું કરવું તેની સમજ પડતી નથી.'

'મેં એક નિર્ણય કરી લીધો છે.' સવિતા બોલી.

'શેનો નિર્ણય?' સુધીરે ચિંતા વ્યક્ત કરી.

'તું જે કરે તે મને મંજૂર હશે.'

'વચન?'

'હા, વચન.'

'તો મારી વાત સાંભળ. તું અને લિંકન બા-બાપુજી સાથે ગામ ઊપડી જાવ. હું અહીંનું સંભાળી લઈશ. ખાવાનું રાંધતાં તો કેનેડામાં જ શીખી ગયો હતો અને અહીં ઘણુંબધું તૈયાર મળે તેથી વાંધો નહીં આવે.'

'પણ તું અહીં એકલો ક્યાં સુધી રહેશે?'

'તું પાછી આવે ત્યાં સુધી.'

'હું તો આવું જ પણ આવવાની છૂટ મળે તો ને!'

'ગ્રીન કાર્ડ મળે પછી વાંધો નહીં આવે.'

'ભેંસ ભાગોળે ને છાશ છાગોળે.'

'બીજો કોઈ જ ઉપાય નથી, ડાર્લિંગ!' સુધીરે ગળગળા સાદે કહ્યું.

'વાત તો સાચી છે.'

'સવિતા! હવે હું આપણે માટે પૈસા નથી કમાતો. હવે આપણે બેઉ લિંકન માટે પૈસા રળીએ છીએ.'

'ખરું છે.'

'તને કોઈ વચલો માર્ગ જડતો હોય તો કહે મા-બાપ અને મોટેલ એક સાથે સાચવવાં જોઈએ.'

'હું તો તું કહે તે કરવા વચન આપી ચૂકી છું છતાં વિચારવા ખાતર એક વાત કરું?'

'બોલ.'

'લિંકનને બા-બાપુજી સાથે મોકલી આપીએ. હું પછી છઆઠ મહિને કે વરસ પછી જાઉં તો?'

'તેથી શો ફાયદો?'

'અહીં તારે એટલો સમય તો નિરાંત.'

'બા-બાપુજીને આ વાત ગમશે?'

'એ જવાબદારી મારી. બા તો લિંકન સાથે જવા તૈયાર જ હતાં ને! એમના

મનમાં એમ કે લિંકનની માયાને કારણે આપણે પણ પછી ત્યાં જઈ પહોંચીશું. વળી બાપુજીએ તો હું કહું તેમ કરવાનું કે મારી મરજી વિના કશું ન કરવાનું કહ્યું જ છે.'

'તારી વાત વિચારવા જેવી ખરી.'

સુધીર અને સવિતાએ બા-બાપુજીને આ વાત કરી. ત્યારે બંને જણાં ખૂબ રાજી થયાં. બાએ તો ત્યાં સુધી કહ્યું કે લિંકન આવે પછી એનાં મા-બાપ ફાવે ત્યારે આવે.

ગાંડાભાઈ, મંછીબા અને લિંકન ન્યુયોર્કના જ્હોન કેનેડી ઍરપૉર્ટ પરથી રવાના થયાં ત્યારે બધાં જ ગંભીર હતાં. ગંભીર ન હતો એક લિંકનિયો.

સવિતાએ પિસ્તોલકાકા, ગોવનકાકા, પરમાનંદકાકા માટે ગરમ કોટ મોકલ્યા હતા. લક્ષ્મી માટે લવિંગ, એલચી, કેસર અને તજનાં પડીકાં મોકલ્યાં હતાં. શાંતિલાલ માટે બુદ્ધ પરનું એક ખાસ અંગ્રેજી પુસ્તક મોકલ્યું હતું. લિંકન માટેનાં રમકડાંનું એક ખાસ ખોખું એણે તૈયાર કર્યું હતું. વજનદાર પેટીઓમાં કેવળ સામાન ન હતો, એમાં તો લીલીછમ લાગણીઓ ઠાંસી ઠાંસીને ભરવામાં આવી હતી.

જમ્બો જેટ ધરતીથી અધ્ધર થયું ત્યારે સવિતા અને સુધીર ઍરપૉર્ટ પરની ભીડમાં ખોવાઈ ગયેલા મૌનનું અજવાળું શોધી રહ્યાં હતાં!

થોડાક મહિનાઓ માટે આવી પહોંચેલું ગામ પાછું વળી ગયું હતું અને વળી લિંકનને સાથે લેતું ગયું હતું.

બરફનાં બે પંખીડાં સ્કાય-વે મોટેલમાં પાછાં ફર્યાં ત્યારે ચારે તરફ સફેદ ઉદાસી નિઃસ્તબ્ધ બનીને પડી હતી. સવિતાને એક ચિંતા સતાવતી હતી: લિંકનને એના વગર ફાવશે ખરું?

૨૦

લખમણ જતિનો અવતાર!

બા-બાપુજી થોડા મહિના રહી ગયાં તેથી એક વાત જરૂર બની અને તે એ કે સવિતા અને સુધીર એકબીજાંને વધારે સમજતાં થયાં. આ ગાળા દરમિયાન બંને વચ્ચે એક પણ વખત ઝઘડો ન થયો. સવિતા મનોમન રાજી હતી કારણ કે દસ વર્ષ નહોતાં થયાં તોયે સુધીરે મનથી એને તથા લિંકનને બા-બાપુજી સાથે ગામ મોકલવાની તૈયારી બતાવી હતી. સુધીર ખુશ હતો કારણ કે પોતે સામે ચાલીને લિંકન સાથે ગામ મોકલવાની દરખાસ્ત મૂકી ત્યારે સવિતાએ સુધીરની મુશ્કેલી આગળ કરીને આનાકાની કરી અને વળી બાને તો સ્પષ્ટ ના પાડી. ગમતી વાત પકડી લેવાને બદલે એ અમેરિકા રોકાઈ ગઈ. સુધીરનો માલિકીભાવ આ દિવસોમાં લગભગ ગાયબ થઈ ગયો. સવિતાના મનમાં સુધીરની એ મર્યાદાને કારણે જામેલી ખારાશ આ મહિનાઓમાં ખાસી ઓગળી ગઈ. બંને વચ્ચે સમજણનો હેતુ રચાઈ રહ્યો. સુધીરને સમજાતું જતું હતું કે સવિતા જુદી માટીની સ્ત્રી છે અને જરૂર પડે ગમતી વાતની પરવા કર્યા વગર પોતાને પડખે અડીખમ ઊભી રહે તેવી છે. સવિતાનેય સુધીરના સંકલ્પબળનો અને સાહસ પ્રીતિનો પરચો મળી રહ્યો હતો. બીજા સાહસો તો એની ગેરહાજરીમાં થયાં હતાં, પરંતુ મોટેલનો સોદો તો એની હાજરીમાં થયો હતો. મોટેલ લીધા પછી જે રીતે એ મંડી પડ્યો હતો તે સવિતાએ નજરે જોયું હતું. બા-બાપુજીએ મૂંઝવણ રજૂ કરી ત્યારે મોટેલ સચવાય તે સાથે બા-બાપુજીની લાગણી સચવાય તે માટે એણે ગમે તે મુશ્કેલી વેઠી લેવાની તૈયારી બતાવી. પૈસા કમાવા માટે એણે બા-બાપુજીની લાગણી તરછોડી નહીં. જે કાંઈ બની ગયું તેને પરિણામે બંનેના મનમાં પરસ્પર આદર પેદા થયો અને ધીરે ધીરે એ આદર આકર્ષણના નવા ઉન્મેષમાં ફેરવાતો જતો હતો.

બા-બાપુજી અને લિંકન વગરની મોટેલ સાવ સૂની જણાવા લાગી. થોડાક મહિનાઓ માટે મોટેલમાં વહાલપ અને આનંદનાં ગાડાં ઠલવાયાં હતાં. હવે બધું ખાલી ખાલી લાગતું હતું. શિયાળો વિદાય થયો અને મોટેલની આસપાસના ઢાળ પર લીલેરું ઘાસ ઊગ્યું હતું અને છતાંય જીવનમાં વેરાન પથરાઈ ગયું હોય એવી લાગણી સુધીર અને સવિતાને થઈ રહી હતી. આવો સૂનકાર પણ સવિતા અને સુધીર વચ્ચેની સમજણને ઊંડી બનાવી રહ્યો હતો.

બંને જણાં ફરીથી મોટેલ પાછળ મંડી પડ્યાં. 'બા-બાપુજી જાય પછી કરીશું' એવું વિચારીને રાખી મૂકેલાં કામનો ઢગલો સવિતા માટે તૈયાર જ હતો. સુધીરે તો બા-બાપુજી હતાં ત્યારેય મોટેલના કામમાં કોઈ ઊણપ આવવા દીધી ન હતી.

દોઢેક મહિનો માંડ વીત્યો હશે ત્યાં રાત્રે અનંતનો ફોન આવ્યો. સુરતના એક મિત્રે એને ગાંડાકાકાનો સંદેશો પાઠવ્યો હતો. લિંકનને મમ્મી-પપ્પા વગર ગમતું ન હતું. સવિતા ગામ આવે તો સારું એટલો સાર એ સંદેશામાંથી મળતો હતો. લિંકનને ગામમાં ગમતું નથી એવું જાણીને સવિતા અને સુધીર બેચેન બની ગયાં. શરૂઆતમાં લિંકનને થોડુંક અતડું-

અજાણ્યું લાગશે એવી તૈયારી તો બંનેએ રાખી હતી, પણ આ સંદેશ તો દોઢ મહિને આવ્યો હતો! બંને જણાં ફરીથી વિચારે ચડી ગયાં. લિંકનને પાછો બોલાવી લેવાનું શક્ય ન હતું અને યોગ્ય ન હતું. બહુ વિચારને અંતે સુધીરે જ સવિતાને કહ્યું: 'ડાર્લિંગ! હવે તારે ગયા વગર છૂટકો જ નથી.'

*　　　*　　　*

સવિતાએ જ્યારે ઍરપૉર્ટની વિદાય લીધી ત્યારે ગળગળા સાદે પૂછ્યું: 'હવે ક્યારે મળીશું?' સુધીરે માત્ર એટલું જ કહ્યું: 'ગ્રીન કાર્ડ મળી જાય એટલી વાર.' સવિતાએ એની હથેળી સુધીરના હાથમાં મૂકીને કહ્યું: 'ગ્રીન કાર્ડ મળે કે તાર કરજે. હું ઘડીનાય વિલંબ વિના આવી પહોંચીશ. ગામમાંય મને તારા વિના નહીં ગમે. તબિયત સંભાળજે અને ખાવામાં કાળજી રાખજે. કોઈ આવતું-કરતું હોય તો હું ગોળપાપડી, પાપડ અને સૂકો પોંક મોકલી આપીશ. તારે થોડા દહાડા નિરાંત. ફ્રીઝમાં દસ દિવસ ચાલે એટલું તો મૂકીને આવી છું. બસ ત્યારે, હું જાઉં છું, પણ ના છૂટકે. તારા તારની રાહ જોઈશ, અને તાર મળે દોડી આવીશ. આવજે....બાય!'

સવિતાએ ઉતાવળમાં તૈયારી કરી હતી એટલે ઝાઝો સામાન લીધો ન હતો. એણે મોટેલ છોડી ત્યારે મિસિસ પૉરટે બે નાનાં પેકેટ આપ્યાં હતાં: એકમાં ટ્રાન્ઝિસ્ટર હતું જેના બહાર મજાના રંગીન કાગળ પર લખ્યું હતું: 'TO Mr. and Mrs. M A D, with Love from Mena .' બીજા પેકેટમાં લિંકન માટે રમકડું હતું અને પેકેટ પર લખ્યું હતું: 'To little Buddha, with Love from Bob .' બધી ઉતાવળ વચ્ચેય સવિતાએ આટલાં વર્ષોમાં એકઠી થયેલી બુદ્ધ પરની બધી ચોપડીઓ સાથે લઈ લીધી હતી. લક્ષ્મી માટે તો દોઢ મહિના પહેલાં જ એણે કાંઈ મોકલવા જેવું હતું તે મોકલી દીધું હતું તોય એક-બે નાયલોનની સાડીઓ લઈ લીધી. પિસ્તોલકાકા માટે એણે એક કાનટોપી પણ ખરીદી લીધી. બા-બાપુજી સાથે સામાન વધી જવાને કારણે છનિયા અને છીમકી માટે એ કશું જ મોકલી શકી ન હતી. આ વખતે છનિયા માટે બે ખમીસ, એક સ્વેટર અને છીમકી માટે એક સાડી લઈ લીધી. હનુમાનદાદાના મંદિરના પૂજારી માટેય એણે એક સ્વેટર બાસ્કેટમાં મૂકી દીધું. શાંતિલાલ માટે એણે પાર્કર પેનનો એક સેટ લઈ લીધો.

વિમાનમાં બેઠક લીધા પછીય એ બારીમાંથી સતત બહાર જોતી રહી. એ બારીમાંથી સુધીર દેખાય તેવી શક્યતા ન હતી તોય એ જોતી હતી. ટેઈક-ઑફ પછી જ્યારે વિમાને આકાશયાત્રા શરૂ કરી ત્યારે એના મનમાં બધી લાગણીઓ એકસામટી ઊભરાઈ આવી. બારીમાંથી આવતો તડકો એને વહાલો લાગ્યો. કારણ કે ઘણે દિવસે તડકાનો હૂંફાળો સ્પર્શ એ પામી હતી. ઘણાં વર્ષે ગામ જઈ રહી હતી તેનો આનંદ હતો તે સાથે એના મનમાં સુધીરને સાવ એકલો છોડીને જવું પડ્યું તેનો વિષાદ પણ હતો. ફરીથી હવે એ સુધીરને ક્યારે મળશે? ક્યાં મળશે? જવાબ વગરના આ પ્રશ્નો એના વિષાદને ઘેરો બનાવી રહ્યા હતા. વિચારો તો એને સતાવી જ રહ્યા હતા. શું એ એક મોટેલ છોડીને માયાનગરીની બીજી મોટેલમાં જઈ રહી હતી? માણસ પોતે જ પોતાની આસપાસ જાણે નજરકેદ સર્જે છે કે શું! કોઈ પંખીને એકાદ વૃક્ષ પર માળો બાંધ્યા પછી એ વૃક્ષની ડાળીઓ સાથે, એનાં લીલાં સૂકાં પાંદડાંઓ સાથે અને વૃક્ષને વીંટળાઈ વળેલા આકાશ સાથે માયા બંધાઈ જતી હશે ખરી? સતત વહી જતી નદીનેય કાંઠાની અને કાંઠે આવેલા ઓવારાની માયા વળગતી હશે ખરી? માત્ર વિમાન જ નહીં, સવિતાનું મન પણ આજે ધરતીથી અધ્ધર થઈને આકાશમાં ઊડી રહ્યું હતું. હજી તો ગામ ઘણા કલાકો જેટલું છેટું

હતું. સવિતાને લાગતું હતું જાણે વિમાન સાવ જ સ્થિર બનીને આકાશમાં આરામ કરી રહ્યું છે! એ સાવ થાકી ગઈ હતી તોય ઊંઘવા માટે એ તૈયાર ન હતી. એનું મન તો ક્યારનુંય પહોંચી ગયું હતું બાવાની ટેકરીએ! ટેકરી પર લક્ષ્મી ઊભી હતી અને લક્ષ્મી સાથે ઊભો હતો શાંતિલાલ!

*   *   *

લિંકનને ધરાઈને વહાલ કરી લીધા પછી સવિતા સીધી લક્ષ્મીને ત્યાં ગઈ. એના ખોળામાં રમતી બાળકીને એણે વહાલથી બચી કરી. લક્ષ્મી તો રડું રડું થઈ ગઈ તેથી થોડીકવાર માટે કશું બોલી જ ન શકી. સવિતાનેય ડૂમો ભરાઈ આવ્યો. બંને બહેનપણીઓએ રડી લીધું ત્યારે પાસે ઊભેલા પરમાનંદકાકાએ ટહુકો કર્યો: 'માસીબા જે નામ પાડશે તે નામ અમે રાખીશું.' લક્ષ્મીને ત્યાં દીકરી આવી એની ખબર તો પિસ્તોલકાકાએ સવિતાને સુરત સ્ટેશને જ આપી દીધી હતી. સવિતાએ તો નામ વિચારી જ રાખ્યું હતું: 'સુજાતા.' સૌને એ ગમી ગયું. શાંતિલાલે જ્યારે એ નામ સવિતાએ પાડ્યું છે એમ જાણ્યું ત્યારે એને ખૂબ પ્રસન્નતાનો અનુભવ થયો. કારણ કે સુજાતાનું નામ ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલું ગણાય. શાંતિલાલ રોજ એક વાર લક્ષ્મીને મળવા આવતો. લક્ષ્મી તો હજી પૂરા બે મહિના પિયર રહેવાની હતી.

બીજે દિવસે સવારે નાનાંમોટાં કામોથી પરવારીને સવિતા પોતાને ઘરે ગઈ. ઘણો વખત બંધ રહેવાને કારણે કચરાના થર જામ્યા હતા. સવિતાએ છીમકીની મદદથી આખા ઘરને વાળીઝૂડીને ચોખ્ખું કર્યું. સાફસૂફી કર્યા પછી જ્યારે એણે કબાટ ખોલ્યો ત્યારે દેવમંદિરનો દરવાજો ખોલી રહી હોય એવી લાગણીઓથી એનું હૃદય ભરાઈ આવ્યું. એ કબાટમાં પડેલી પ્રત્યેક ચીજને સ્પર્શ કરતી વખતે એ બાપુનો પ્રેમાળ સ્પર્શ પામી રહી. કબાટને એક ખૂણે પડેલી ડબ્બીમાં બાપુએ જેને વર્ષો સુધી છાતી સાથે રાખ્યું હતું એવું ગજવા ઘડિયાળ પડ્યું હતું. એની ચાવીને મથાળે જે ગોળાકાર દટ્ટો હતો તેને મરડીને સવિતાએ ઘડિયાળને ચાવી આપી અને ઘડિયાળના કાંટામાં જાણે જીવ આવ્યો. સવિતાએ ઘડિયાળને કાન આગળ રાખી અને થોડી વાર સુધી અવાજ સાંભળતી રહી. એક પળ માટે સવિતાને થયું જાણે હીંચકા પરથી ઊભા થઈને બાપુ હમણાં જ કહેશે: 'બેટા! તું આવી ગઈ?' કબાટના નીચલા ખાનામાં બાપુનાં કપડાં સળબંધ પડ્યાં હતાં. એક પછી એક કપડાં ઊંચકીને સવિતાએ ફરીથી હતાં તેમ ગોઠવી દીધાં. એ જ ઇસ્કોતરો, એ જ ઇન્ડિપેન, એ જ ચશમાં અને ચાંદીનો કંદોરો! સવિતાએ ગંભીર વદને ઇસ્કોતરો ખોલ્યો. એના જીવનને સૌથી મહત્ત્વનો વળાંક આપનારી બે કાપલીઓ નિરાંતે પડી રહી હતી. બંને કાપલીઓ પરનું લખાણ સવિતાએ ફરી ફરી વાંચ્યું. કબાટ બંધ કરીને એ વચલી પરસાળને હીંચકે બેઠી. એકાએક એને ચાંદરી યાદ આવી ગઈ. કોઢારમાં જઈને ચાંદરીની ગમાણ પાસે ઊભી રહી ગઈ. ગમાણ ખાલી હતી. કોઢાર ખાલી હતી, પરંતુ સવિતાને તો એવું થતું જાણે કે હમણાં ક્યાંકથી ચાંદરીનો ભાંભરડો સંભળાશે. ચાંદરી અને બાપુ વગરનું ઘર સવિતાને ભેંકાર લાગ્યું. કબાટ અને ઘર બંધ કરીને એ જ્યારે બહાર નીકળી ત્યારેય મનમાં તો બાપુની વાત્સલ્ય વરસાવતી મૂર્તિ જ રમતી હતી. પાંચ મિનિટ સુધી એ અમથી ઓટલે બેસી રહી.

બાવાની ટેકરીએ જઈને હનુમાનદાદાનાં દર્શન કર્યા પછી જ્યારે એણે પૂજારીને સ્વેટર આપ્યું ત્યારે આનંદાશ્ર્વર્યમાં ડૂબેલા પૂજારીએ કહ્યું: 'બેટા! તેં અમારા માસ્તર સાહેબની ખાનદાની નિભાવી. પ્રભુ તારું કલ્યાણ કરે.' એ જ્યારે ઘરે પહોંચી ત્યારે બા-બાપુજી ને

લિંકન તો એની રાહ જોઈને બેઠાં હતાં. સૌ જમી પરવાર્યાં પછી સવિતા સહેજ આડે પડખે થઈ અને તરત જ એને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. વિમાની મુસાફરીમાં દિવસ અને રાત ભેળસેળ થઈ ગયાં હતાં તેથી એ ખૂબ જ થાકી હતી.

એ બપોરે ઊઠી ત્યારે સાડાત્રણ થવા આવ્યા હતા. બા- બાપુજીને ચા પિવડાવીને એ લક્ષ્મીને ત્યાં ગઈ ત્યારે લક્ષ્મી આગલી પરસાળના ખાટલા પર બેઠી હતી અને હીંચકા પર શાંતિલાલ બેઠો હતો. કોણ જાણે શું બન્યું પણ કશાય વિચાર વગર, સાવ સહજ રીતે સવિતા શાંતિલાલની નજીક ગઈ અને વાંકી વળીને એણે શાંતિલાલને વંદન કર્યાં. શાંતિલાલ માટે આવું ભાવાક્રમણ સાવ જ વણકલ્પ્યું હતું અને તેથી થોડુંક અકળાવનારું હતું. બે મિનિટ સુધી તો કોઈ કશું ન બોલ્યું પણ પછી શાંતિલાલે વાતની શરૂઆત કરી:

'તેં મોકલેલી ચોપડી મને ખૂબ જ ગમી.'

'તમે મોકલાવેલી બધી જ ચોપડી હું તો સાથે લેતી આવી છું. એકે વખત તમે પાર્સલ મોકલવાનું ચૂક્યા નથી.'

'તમારી તબિયત કેમ છે?' સવિતાએ લક્ષ્મી પાસે બેસી જઈને પૂછ્યું.

'તબિયત આમ તો સારી છે. દિવસે દિવસે અંગ્રેજોને શરમ આવે એટલો ગોરો થતો જાઉં છું.'

'મને લક્ષ્મીએ ચિઠ્ઠીમાં લખ્યું હતું અને મને એ જાણીને ખૂબ દુ:ખ થયેલું.' સવિતાના અવાજમાં દર્દ હતું.

'હું સમજું છું. જો ચિંતા કરવાથી કોઢ જતો હોત તો મેં ચિંતા કરવાનો કાર્યક્રમ ગોઠવ્યો હોત. લક્ષ્મીને પણ હું સમજાવું છું પણ એ તો..'

લક્ષ્મીની આંખમાંથી ડળક ડળક આંસુ પડી રહ્યાં હતાં. સવિતાએ જ્યારે એના હાથમાં પાણીનો પ્યાલો મૂક્યો ત્યારે એ બોલી: 'સવલી! હું બધું વેઠવા તૈયાર છું પણ તું મારી સાથે હોવી જોઈએ. એમને ઓછું આવે એવું કદી પણ નહીં કરું પણ આ ગામલોકો એમને માટે "કોઢિયો" શબ્દ વાપરે તે મારાથી સહન નથી થતું.'

સવિતાએ લક્ષ્મીને છાની રાખી. શાંતિલાલ તો સ્વસ્થતાની મૂર્તિ બનીને લક્ષ્મીને જોઈ રહ્યો હતો. એણે સવિતા તરફ જોઈને કહ્યું: 'સવિતા! જીવનના બધા રંગો માણસે નીરખી લેવા જોઈએ. આ પણ એક રંગ છે. હું તો એ માણી રહ્યો છું.'

'મારે તમારી જોડે ઘણીબધી વાતો કરવી છે.' સવિતાએ જવાની તૈયારી કરતાં શાંતિલાલને કહ્યું.

'તે મારેય તને ઘણુંબધું કહેવાનું છે. જોકે મારે તને જે કહેવાનું છે તેમાંનું ઘણુંખરું તો કહેવાઈ જ ગયું છે.'

'હું સમજી નહીં.'

'તેં દીકરાનું નામ સિદ્ધાર્થ રાખ્યું અને વળી અમારી દીકરીનું નામ સુજાતા પાડ્યું એમાં ઘણું બધું આવી ગયું, ખરું ને!' શાંતિલાલે જતાં જતાં કહ્યું.

'તમે મહાન છો.'

સવિતા શાંતિલાલને ઓટલે સુધી વળાવવા ગઈ અને ક્યાંય સુધી શાંતિલાલને જતો જોઈ રહી. શાંતિલાલનો ચહેરો સાવ બદલાઈ ગયો હતો અને આંખો ઝીણી બની ગઈ હતી. પણ ભીતર કશુંક ખીલી રહ્યું હતું એવી લાગણી સવિતાને થઈ.

ઘરમાં આવીને લક્ષ્મીના હાથમાંથી સુજાતાને વહાલથી ઉપાડી લેતાં એણે સુજાતાની આંખોમાં આંખ પરોવીને કહ્યું: ‘અલી ગાંડી! આ તારો લખમણ જતિ છે કે શું!’

૨૧

સીમની શાંતિમાં બુદ્ધપૂર્ણિમા

ઘણો વખત અમેરિકામાં રહ્યા પછી સવિતાને ગામનો ઉનાળો થોડો આકરો તો લાગ્યો પણ એ સાવ પોતીકોય જણાયો. મરવા ખાવાની મજા આંબાવાડીમાં જઈને માણી અને વળી ઝાડ પર જ પાકેલું, કોયલના ટહુકે સહેજ ઘવાયેલું સાખિયું પણ ચાખ્યું. લિંકનને તો ગામડું આબાદ સદી ગયું. બા-બાપુજી લાડ લડાવે અને ગામમાં પણ સૌ એને થોડાક કૌતુકથી જુએ! એનું ગાંડુંઘેલું અંગ્રેજીય ગામમાં તો વટ પાડનારું! પિસ્તોલકાકાએ તો કોઈને કહ્યુંય ખરું કે, લિંકનિયો અંગ્રેજી બહુ ફાંકડું બોલે છે! લિંકનના અમેરિકી ઝભલાં-ચડ્ડી પણ ધૂળમાં ક્યારેક કપડાં પહેર્યાં વગર રમનારાં બાળકોમાં ભારે આકર્ષણ જમાવતાં. લિંકનને ગામ સાવ પોતીકું લાગતું પણ ગામલોકોને તો એ અચરજભર્યું રમકડું જ લાગતો.

દિવસો વીતતા ગયા તેમ સવિતાને સુધીરની ચિંતા થવા માંડી. એ ત્યાં સાવ જ એકલો અને વળી આખી મોટેલનો ભાર એને માથે! એ બરાબર સંતોષપૂર્વક ખાતો હશે કે? ગ્રીન કાર્ડ મળી જાય તો સવિતા બીજે દિવસે સુધીર પાસે પહોંચી જાય એવી સ્થિતિ હતી. જો ગ્રીન કાર્ડ ન મળે તોય હવે જવાય તેમ ન હતું કારણ કે કેનેડાનો વિસા પણ મુશ્કેલ બની ગયો હતો. દૂર રહ્યા રહ્યા સવિતા સુધીર માટે જીવ બાળતી હતી. હવે જો જવાનું થાય તો તત્કાલ લિંકનને લીધા વગર પણ ઊપડી જવાય એવી સ્થિતિ હતી. કારણ કે લિંકનને અહીં બરાબર ફાવી ગયું હતું.

ઘણા દિવસથી સવિતાના મનમાં એક અભરખો રહ્યા કરતો હતો.

એ બાપુના ઘરે, લક્ષ્મી પાસે માથું ધોવડાવવા માંગતી હતી. એ ઘરે લક્ષ્મી સાથે વિતાવેલા દિવસો અને એ દિવસોમાં અનુભવેલું મંથન સવિતા ભૂલી ન હતી. અમેરિકાથી આણેલા શેમ્પુ તો ઘરમાં પડ્યા જ હતા, પરંતુ સવિતાને તો અરીઠા વડે જ માથું ધોવડાવવું હતું. લક્ષ્મીને તો આવી વાતમાં વાંધો હોય જ નહીં એટલે એક સવારે બંને બહેનપણીઓ અસલ ઘરે પહોંચી ગઈ. માથું ધોવાતું રહ્યું અને બંને બહેનપણીઓ એકબીજાંને અપાર સ્નેહથી નવરાવતી રહી. અંતર ઠાલવવા માટે આવું એકાંત અને સામીપ્ય મળે પછી વાતો ખૂટે ખરી?

'સવલી! તારું શરીર ભરાયું છે, પણ તારા વાળ ધોળા થવા માંડ્યા.'

'ત્યાં જાતજાતનાં શેમ્પુ વાપરવા પડ્યા તે શું થાય! ત્યાં લખમી થોડી હોય જે મને કાળું મટોડું અને અરીઠાં ઘસી આપે!'

'કેમ! સુધીર નહીં ઘસી આપે વળી?'

'શૅમ્પુ વાપરવામાં કોઈની જરૂર જ ન પડે. ફીણ નીકળવા જ માંડે તે એટલું કે માથું દેખાય જ નહીં!'

‘એક કામ કરીએ. એક દિવસ તું મારે માથે એ શૅમ્પુ...’

‘ચોક્કસ.’

‘સવલી! એક વાત પૂછું?’

‘હું જાણું છું, તું શું પૂછવાની છે તે.’

‘બોલ, શું પૂછવાની છું?’

‘સુધીર ધણી તરીકે કેવો છે, એ જ ને?’

‘ખરી વાત કરી.’

‘જો સાંભળ. અમારી વચ્ચે ક્યારેક ચડભડ થતી પણ પછી બધું બરાબર થઈ જતું. સુધીરનું એવું હતું કે મારા વગર પાણી ન પીએ. સ્વભાવ આકરો ને કામગરો બહુ પણ મને દરેક વાતે પૂછે. ક્યારેક મિજાજ ગુમાવે પણ પછી બકરી બની જાય અને ખૂબ વહાલ કરે. પૈસા બહુ વહાલા લાગે પણ મારે માટે ખર્ચ કરવાનો સવાલ આવે ત્યારે ડૉલર સામું ન જુએ. ટૂંકમાં હું સુખી છું લખમી! જો ગ્રીન કાર્ડ મળી જાય તો હું ઊપડી જાઉં અને પછી મારે તને એક વાર તો મારી મોટેલ બતાવવી જ છે, સમજી!’

‘હું કદી નહિ આવું.’

‘કેમ?’

‘શાંતિલાલને એકલા મેલીને ન અવાય. હજી તો આંખ છે પણ...’

‘અરે ગાંડી! હું તમને બંનેને બોલાવીશ, પછી છે કંઈ!’

‘મારે તો ત્યાં નથી આવવું પણ તને અહીં રાખી પાડવી છે.’

‘હું ગમે ત્યારે ઓચિંતી જઈશ પણ પછી આવવા- જવાની મુશ્કેલી ન પડે.’

‘તું હમણાં જવાની વાત ન કર.’

‘લખમી! તારું કેમ ચાલે છે?’

‘એ તો મને ખૂબ સાચવે છે. વિવાહ થવાના હતા ત્યારે માત્ર ડાબા પગે એક ચાઠું હતું તેય મને બતાવી દીધેલું.’

‘આવા ભગવાનના માણસને કોઢ ક્યાંથી થયો?’

‘એ તો પરણવા માટેય ખાસ રાજી નહીં, પણ તેં તે દિવસે મારે માટે કહેલું...’

‘ક્યારે? મંદિરિયે મળેલા ત્યારે?’

‘હાસ્તો!’

‘વાત સાવ સાચી. મેં ભારપૂર્વક કહેલું.’

‘સવલી! પણ લોકો વાતવાતમાં ક્યારેક “શાંતુ કોઢિયો” કહે ત્યારે મારું મગજ ફાટી જાય છે.’

આપણા લોકોને શાંતિલાલ કોણ છે તે ક્યાંથી સમજાય?

વળી લોકોને તો આવી ભાષા ખરાબ ગણાય એવો ખ્યાલ પણ નથી હોતો. લોકો તો પિસ્તોલકાકાને પિસ્તોલ કહે, ગોવનકાકાને ગધેડી કહે અને પરમાનંદકાકાને પાવલી કહે! એનો અર્થ એવો થોડો છે કે ગામલોકોના મનમાં એમને માટે તુચ્છકારની

લાગણી છે! મારા બાપુને હજી ઘણા “માસ્તર” જ કહે છે, પણ તેથી શું?'

'વાત સાચી છે. આપણો કોઈ સંબંધ ન હોત તો આપણે પણ શાંતિલાલ માટે કદાચ આવા જ શબ્દો વાપર્યા હોત!'

'હું તને એ વાત કહેવા માગું છું.'

'સવલી! વાત નીકળી છે તેથી એક ખાસ બાબત મારે તને કહેવાની છે.'

'તે કહે ને!'

'ઘણા વખતથી તને કહેવાનો વિચાર કરતી હતી પણ રહી જતી હતી.'

'વાત શું છે તે તો કહે?'

આ પિસ્તોલકાકા હવે ઘરડા થયા. તને તો એ સગી દીકરી જ ગણે છે. તેં એમને માટે કોટ મોકલ્યો તે પહેરીને આખા ગામમાં કહેતા ફરે કે માસ્તરની સવિતાએ છેક અમેરિકાથી મારે સારું ડગલો મોકલ્યો છે.'

'સાચું?'

'તે હું તને કહેતી હતી કે હવે કાકા ભીખા લુહારને ઓટલે પડી રહે તે સારું નથી લાગતું. તડકો, ટાઢ અને વરસાદમાં એ ત્યાં બેઠા હોય ને આપણને દયા આવી જાય.'

'વાત ખરી છે. કાલે જ મારી સાથે બે કલાક ગપાટાં મારી ગયા પણ હવે ઉમરની અસર દેખાય.'

'મને થયું કે તારું આ ઘર આમે બંધ છે, તે એમને રહેવાનું કરી આપીએ તો કેમ?'

'એમાં શું વાંધો?'

'તું વિચારજે.'

'એમાં વિચારવાનું શું? તેં આ વાત મને પહેલાં કેમ ન કરી? આજે જ કાકાને મળીને વાત કરું છું. મારી છીમકી એમને બે વખત ખાવાનું પહોંચાડે એવી ગોઠવણ પણ કરું છું.'

'સવલી! આજે સાંજે આપણે બેઉ મંદિરિયે જઈશું?'

'આમલી ખાવા કે પછી શાંતિલાલને મળવા?'

'એ પણ ત્યાં આવી રહેશે.'

'તારા મોંમાં ખાંડ! મારે બહુ વાતો કરવી છે. આજે તો ચોકી કરવાની પણ જરૂર નથી. લખમી! તારી અક્કલને આવી બાબતમાં કોઈ ન પહોંચે, હં કે!'

'વાત પાકી?' કહેવડાવી દઉં?'

'હા, હા, હા.'

* * *

સીમ આખી શાંત હતી. વૈશાખી બપોરે લૂ ઠાલવીને થાકેલા સૂરજનો મિજાજ થોડોક ઠંડો પડ્યો હતો. તકિયા પાસેની જમરૂખી વટાવીને સવિતા અને લક્ષ્મી સહેજ આગળ ગયા ત્યારે શાંતિલાલ એમની રાહ જોતો બેઠો હતો. સવિતા ચારે તરફ નજર ફેરવીને સીમને જોતી રહી. એ જ સીમ, એ જ ઘરેડનો વળાંક અને એ જ જમરૂખીનું

ઝાડ જ્યાં લક્ષ્મીએ ઊભાં રહીને ચોકી કરેલી! આડીઅવળી અનેક વાતો થઈ પછી સવિતાએ વાત બદલી.

'તમે લક્ષ્મી સાથે લગ્ન કર્યાં અને મારી વાત માની તેનો પાડ...'

'પાડ તો મારે માનવાનો. લક્ષ્મી મને ખૂબ સાચવે છે.' શાંતિલાલે લક્ષ્મી તરફ ભાવથી નજર નાખીને કહ્યું.

'મને ખાતરી છે જ. એ બહેનપણી કોની?'

'વાત સાચી છે.' શાંતિલાલે કહ્યું.

'તમે મોકલેલી ચોપડીઓ વાંચતી ત્યારે તમને ઘણી વાર યાદ કરતી.' સવિતાએ કહ્યું.

'જ્યારે પણ તેં યાદ કર્યો ત્યારે હું હાજર હતો ને?'

'હું સમજી નહીં.'

'કોઈકને પામવાનો ઉત્તમ રસ્તો તેને યાદ કરવાનો છે. આ રીતે જેને પામીએ તે દૂર કે પાસે હોય, કોઈ ફરક નથી પડતો.'

'તમારી વાત ઝટ નથી સમજાતી, તોય સાંભળવી ગમે છે.' સવિતાએ મૂંઝવણ રજૂ કરી.

'તું હમણાં જ આંખો મીંચી દે અને લક્ષ્મીને યાદ કર. હવે લક્ષ્મીનું સ્મરણ કર. લક્ષ્મી હાજર થઈ કે નહીં?'

'હા, થઈ.'

'હવે લક્ષ્મી દૂર છે કે પાસે તેમાં શો ફરક પડે?'

'થોડુંક સમજાયું.'

'મારી મોકલેલી ચોપડી સાથે હુંય આ રીતે અમેરિકા આવી પહોંચતો હતો. ખરું કે નહીં?'

ખરું.'

'હું તને યાદ કરતો હતો ત્યારે મને કદી એવું નથી લાગ્યું કે તું ખૂબ દૂર હતી.'

'સાચું?' સવિતાએ કૌતુક વ્યક્ત કર્યું.

'જે નજીક ન હોય તેને દૂર ગણવાની અને જે દૂર ન હોય તેને નજીક ગણવાની આપણને ટેવ છે. સાચું કહું? આ લક્ષ્મી હાલતાં-ચાલતાં તારું સ્મરણ કરતી. એને માટે તું દૂર શી રીતે હોઈ શકે? જરાક વિચારી જોકે લક્ષ્મી ખરેખર તારાથી દૂર હતી ખરી? દૂર હોવું કે નજીક હોવું એને માઈલો સાથે સંબંધ ખરો?' શાંતિલાલે પોતાની વાત શિક્ષકની અદાથી રજૂ કરી.

'તમને સાંભળ્યા જ કરું એમ થાય છે.' સવિતાએ અહોભાવપૂર્વક કહ્યું.

'એક ડૉક્ટરે મારી આંખો પણ આવતાં ચાર-પાંચ વર્ષમાં જશે એવું મને કહ્યું છે. હું આંખ કામ આપે ત્યાં સુધી બાળકોને સંસ્કૃત ભણાવીશ. પછી નોકરી જશે અને થોડુંક પેન્શન મળશે. તું માનશે? હું રોજ બે-ત્રણ કલાક આંધળા રહેવાની પ્રેક્ટિસ કરું છું. હું એવાં ચશ્માં લાવ્યો છું જેના કાચમાંથી કશુંય ન દેખાય. લોકોને લાગે કે મેં ગોગલ્સ પહેર્યાં છે.' શાંતિલાલ આજે વાત કરવાના મૂડમાં હતો.

'શું કહો છો?' સવિતાએ ચોંકીને પૂછ્યું.

'કોઢને કારણે મારી ચામડીનો રંગ બદલાયો છે. મારા અસ્તિત્વને આખું ને આખું જોવામાં આવે તો આટલા ફેરફારની શી અસર? પણ આપણી વાત જુદી છે. કોઈની એક આંખ ન હોય એ માણસ અંગે પહેલો ખ્યાલ એ જ આવે કે એ કાણો છે. આખો ને આખો માણસ ભુલાઈ જાય અને એની ખોડ જ મહત્ત્વની બની જાય.'

'તમારી આંખોને બચાવી ન શકાય?'

'બચે તો ઠીક છે પણ ન બચે તો હું દુ:ખી નથી થવાનો.

આંખ ન હોય તોય હું લક્ષ્મીને, તને કે ઊગતા સૂરજને જોઈ શકીશ, મળી શકીશ અને પામી શકીશ. પછી વાંચવાનું નહીં બને પણ જે વાંચ્યું છે તેને વાગોળવાનું તો બનશે ને? પેલાં ખાસ ચશ્માં પહેરીને હું ચાલવાય જાઉં છું. એક વાર હું બાવાની ટેકરી સુધી ગયેલો પણ ઝાડ સાથે ધબ દઈને અથડાઈ પડેલો.'

'તમે મહાન છો.' સવિતા આટલું જ બોલી શકી.

'હું મહાન નથી. સંસ્કૃતનો માસ્તર તેથી થોડીક ફિલસૂફી, થોડોક આપણો વારસો પામ્યો છું. હવે એ બધું કેટલું પચ્યું છે તે જાણવાની વેળા આવી છે. મારે લીધે લક્ષ્મી દુ:ખી થવાની ખરી, પણ...' શાંતિલાલે વાત પૂરી કરી.

'તમે મને અંધારામાં રાખી લગ્ન કર્યાં હોત તો દુ:ખી થાત. કાલે ઊઠીને મારી આંખ જાય તો! હું સવિતા જેટલું ન સમજું પણ એક વાત લખી રાખજો કે હું દુ:ખી થવાની નથી અને તમને દુ:ખી થવા દેવાની નથી.' લક્ષ્મીએ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી.

વાતો પૂરી થઈ. સૂરજ આથમી ગયો હતો. આખી સીમ પર અંધારાના અણસારા પથરાઈ રહ્યા હતા. સવિતા શાંતિલાલના સાવ જ નવા સ્વરૂપને આદરભાવ સાથે જોઈ રહી હતી. વર્ષો પહેલાંનો શાંતિલાલ એક ઠાવકો, પ્રામાણિક, સમજુ અને વિવેકી શિક્ષક હતો. આજે જે શાંતિલાલ એણે જોયો તે પ્રેમાળ, વિચારવંત, સ્વસ્થ અને મૂઠી ઊંચેરો શાંતિલાલ હતો. આ થોડાંક વર્ષોમાં કશુંક મૂલ્યવાન કહી શકાય તેવું એ પામ્યો હતો. એની વાણીમાં પંડિતાઈ જ નહીં, ડહાપણ ડોકાતું હોય એની પ્રતીતિ સવિતાને થઈ. જે રીતે એણે પોતાના કોઢનો અને ભાવિ અંધાપાનો સ્વીકાર કર્યો હતો તે જાણીને તો સવિતા આભી જ બની ગઈ.

સવિતા સીમમાં વધતા જતા અંધારામાં જાણે પોતાના અંતરનું અજવાળું ખોળી રહી હતી. એને સંબોધીને શાંતિલાલે કહ્યું:

'સવિતા! આકાશમાં આજે પૂનમનો ચાંદ ખીલવાનો છે. હવે એને ઝાઝીવાર નથી. આ ચંદ્ર એકાએક નષ્ટ થઈ જાય તો પૃથ્વી પર અમાસ છવાઈ જાય. પણ આકાશને એથી શો ફેર પડે? સમગ્ર બ્રહ્માંડમાં આ ચંદ્ર શી વિસાતમાં? આવું જ મારી આંખોનું છે.'

'હવે તો ચંદ્ર ઊગે ત્યાં સુધી અહીં જ બેસી રહીશું. ઊઠવાનું મન જ નથી થતું.' સવિતા પૂર્વાકાશ તરફ જોઈને બોલી.

'સવિતા! આજે પૂનમ છે અને તેય વૈશાખી પૂનમ! બુદ્ધપૂર્ણિમા!' શાંતિલાલે કહ્યું.

'શી વાત છે? આજે વૈશાખી પૂનમ?' સવિતાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા, હા, હા.' શાંતિલાલે કહ્યું.

'તો મને ચોપડી મળવી જ જોઈએ.'

'તે હું ભેટ લઈને જ આવ્યો છું. આજે અહીં મળવાનું પણ લક્ષ્મીને કહીને મેં જ ગોઠવ્યું હતું. એક દિવસ તમે બંનેએ અહીં મને બોલાવ્યો હતો. આજેય કાવતરું મેં ગોઠવ્યું છે. વળી મેં મારો વાયદો પાળ્યો છે. આ રહી તારી ભેટ.'

આટલું કહીને શાંતિલાલે ધ્યાનમુદ્રામાં બેઠેલા ભગવાન બુદ્ધની ચોપડી સવિતાના હાથમાં મૂકી ત્યારે સવિતા કશું જ બોલી ન શકી. મનોમન એણે શાંતિલાલને વંદન કરી લીધાં.

આખી સીમ શાંત હતી અને એની શાંતિ પર ચાંદનીની શીતળતા પથરાઈ ચૂકી હતી. તથાગતની કરુણા વર્ષી રહી હતી- ચંદ્રની ચાંદની રૂપે!

૨૨

ગ્રીન કાર્ડ મળી ગયો

અમેરિકા હતી ત્યારે ગામને યાદ કરીને ઝૂરનારી સવિતા છેલ્લા કેટલાક વખતથી સતત પોતાની મોટેલને યાદ કર્યા કરતી હતી. આખી મોટેલ સુધીરને માથે હતી તેથી એને ચિંતા રહ્યા કરતી હતી. સુધીરના પત્રો નિયમિત આવતા હતા. લિંકન આખા ગામનો લાડકો કાનકુંવર બની ગયો હતો. લક્ષ્મીમાસી એને સૌથી વધારે લાડ લડાવતાં હતાં અને નાનકડી સુજાતા એની 'ગર્લફ્રેન્ડ' બની હતી. સવિતા એને એ, બી, સી, ડી કે એકડો શીખવવા મથતી હતી, પરંતુ એ કશુંય શીખવાના મૂડમાં ન હતો. દાદાજી સાથે ઘોડાગાડીમાં ફરવું, વાડીએ જવું, લખોટા ટીચવા અને લક્ષ્મીમાસીને ત્યાં જઈ હઠ કરીને ધારેલું કરવું! મનગમતી પ્રવૃત્તિઓમાં એનો એટલો સમય જતો હતો કે ABCD માટે ભાગ્યે જ કશો સમય બચતો.

સવિતાની નવરાશનો ઘણોખરો સમય વાંચવામાં જતો. શાંતિલાલ પાસેથી એને નવાં નવાં પુસ્તકો મળી રહેતા. ગામમાં કોઈ વાતે એને ખોટ ન હતી. પિસ્તોલકાકા હવે એના ઘરમાં રહેતાં હતાં અને છીમકી એમને ખાવાનું પહોંચાડતી હતી. બા-બાપુજી તો એને દીકરી જ ગણતાં હતાં. લક્ષ્મી વારંવાર ઘેર આવતી. લક્ષ્મી હવે સાસરે હતી, પરંતુ સવિતા અને શાંતિલાલને મળવા ક્યારેક જઈ પહોંચતી. અઠવાડિયે એકબે વખત સવિતા અને લક્ષ્મી બંને પિસ્તોલકાકાને મળવા જઈ પહોંચતાં. ગામમાં બધું હતું પણ સુધીર ન હતો. એની આવવાની કોઈ ચોક્કસ તારીખ નક્કી હોત તોય એ બાકી દહાડા ગણીને મન વાળત. સુધીરને હવે ક્યારે મળાશે એ બાબતની અનિશ્ચિતતા એને આકરી લાગતી હતી.

સવારે જ્યારે ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો ત્યારે ધરતીમાંથી આવતી સુગંધ એ ઓટલે બેસીને માણતી રહી. અમેરિકામાં વરસાદ પડતો અને બરફ પણ પડતો તોય ધરતીની આવી પહેંકનો અનુભવ એને ક્યારેય થયો ન હતો. ઓટલો છોડીને એ ઘરના ચોકમાં ગઈ અને વરસાદમાં ઊભી રહીને પલળતી રહી. લિંકન તો ક્યારનો મહોલ્લાના ધૂળિયા રસ્તા પર પલળતો પલળતો નાચી રહ્યો હતો. વરસાદમાં ધરાઈને તરબોળ થયા પછી સવિતા માળ પર ગઈ અને કપડાં બદલવા લાગી. નવાં કપડાં પહેરીને છૂટા, ભીના વાળ સાથે ચાંલ્લો કરવા માટે એ કબાટમાં જડેલા અરીસા સામે ઊભી ત્યારે એને પોતાની કાયા અધિક સુંદર લાગી રહી હતી. સુધીર અહીં અત્યારે હોત તો! આવા મજાના વાતાવરણમાં એ સખણો રહ્યો હોત ખરો? સવિતા સુધીરના વિચારોમાં સરકી ગઈ. ત્યાં તો નીચેથી બાપુજીનો સાદ સંભળાયો. દાદર ઊતરીને એ નીચે ગઈ એટલે બાપુજીએ એના હાથમાં સુધીરનો પત્ર મૂકી દીધો. સવિતા પત્ર લઈને ફરી માળ પર ચડી ગઈ અને ખાટલામાં પડી પડી સુધીરનો પત્ર વાંચવા માંડી.

સ્કાય-વે મોટેલ
તા. ૨૫ – જૂન

પ્રિય સવિતા,

આ વખતે પત્ર લખવામાં થોડો વિલંબ થયો. મોટેલનો બધો જ કારભાર મિસિસ પૅરટને માથે નાખીને હું વકીલને મળવા ડિટ્રોઈટ ગયો હતો. ગ્રીન કાર્ડનું હજી કશું પત્યું નથી. વકીલ આશાવાદી છે. પાછા વળતાં ઇસ્ટ લાન્સિંગ જતો આવ્યો અને અનંત-ઊર્મિને ત્યાં એક દિવસ ગાળતો આવ્યો. બંને મજામાં છે અને તને ખૂબ યાદ કરે છે.

તારા અને લિંકન વગર એક દિવસ એક મહિના જેટલો અને મહિનો વરસ જેટલો લાગે છે. ક્યારેક એવું થઈ આવે છે કે બધું વેચી મારીને ત્યાં તારી પાસે આવી પહોંચું; પરંતુ મનમાં લોભ રહ્યા કરે છે. ગ્રીન કાર્ડ મળે પછી જ લિંકનને અમેરિકન નાગરિકત્વનો ખરો હક પ્રાપ્ત થાય. અત્યારે પણ એને હક તો ખરો જ, પરંતુ બાપ જ ગેરકાયદેસર રહેતો હોય ત્યારે દીકરાને કાયદેસર હક મેળવવામાં થોડીક ગૂંચ પેદા થાય.

ગ્રીન કાર્ડ મળે કે તરત જ તું આવી શકે. મારા વહેમીલા સ્વભાવનું તને દુ:ખ છે ને? સાચું કહું? હજીય મારા મનમાંથી એક વહેમ જતો નથી. લિંકનને એક બહેન વગર નહીં ગમે એવો મને વહેમ છે. તને શું લાગે છે? મોટેલ બરાબર જામી છે. ગમે વર્ષે નોક્ષવિલેમાં ઈન્ટરનેશનલ મેળો હતો તેથી હાઈ-વે પર આવ-જા ખૂબ રહી અને આપણને સારો તડાકો પડ્યો. હજી હપ્તા બાકી છે પણ હવે થોડાક વખતમાં મોટેલ આપણી થઈ જશે. કારણ કે ઘણા હપ્તા ભરાય એટલી બચત થઈ છે. જાણવા ખાતર મોટેલના કેટલા ઊપજે તેની તપાસ હું કરું છું. બાકીના હપ્તા ભર્યા વગર વેચીએ તોય આપણને નાંખી દેતાં લાખેક ડૉલર મળે. આ જ આપણી ખરી કમાણી. હવે જેટલું ખેંચાય તેટલું ખેંચવું છે. પણ તેં દસ વર્ષની મુદત બાંધી તે તો પાળવી જ છે. તારા અને લિંકનના ફોટા મોકલજે. કશુંક જોઈતું કરતું હોય તો મંગાવજે. હવે લિંકન તો થોડોક મોટો થયો હશે. મા જેવો સમજણો છે કે બાપ જેવો અડબંગ? જણાવજે.

તને તો ત્યાં સ્નેહીઓ વચ્ચે મજા પડતી હશે. હું તો અહીં એકલો કંટાળું છું? આ કંટાળો મેં જ વેચાતો વહોરેલો છે તેથી કોઈ શું કરે? થોડાક ફોટાઓ મોકલું છું. ત્યાં સૌને યાદ. બા-બાપુજી માટે જુદી કાપલી આ જ પરબીડિયામાં મૂકી છે.

With love ,

સુધીરની યાદ

પત્ર વાંચીને સવિતાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. રંગીન ફોટાઓ બાપુજીએ જોયા અને તેમણે તે લિંકનને બતાવ્યા. આખું ઘર થોડીકવાર માટે સુધીરમય બની રહ્યું. બાપુજીએ લિંકનને ગાલે ચીમટી ભરીને કહ્યું: ‘અલ્યા લિંકનિયા! તારા પપ્પાનો પત્ર તો આવ્યો પણ તારો પપ્પો આવશે ખરો? પાસે જ બેઠેલા મંછીબા બોલ્યાં: ‘પપ્પો ત્યાં એકલો અને આપણે અહીં એકલાં!’ સવિતા મૌન રહી.

* * *

બીજે દિવસે સવિતાએ સુધીરને પત્ર લખ્યો. પત્ર લખતી વખતે એ રડી રહી હતી.

સોંસક.

૭ જુલાઈ,

પ્રિય સુધીર,

તારો પત્ર વાંચીને રડવું આવી ગયું. ફોટામાં પણ તું મને નબળો પડેલો જણાયો. લિંકન તો પપ્પાનો ફોટો જોઈને ખુશ થઈ ગયો પણ એની મમ્મી રડી પડી. બા-બાપુજી મજામાં છે અને ગામમાં પણ સૌ મજામાં છે. પિસ્તોલકાકા હવે મારા જૂના ઘરે રહે છે. એમની તબિયત હવે જોઈએ તેવી રહેતી નથી. લક્ષ્મી અને શાંતિલાલ મજામાં છે.

હવે તો ગ્રીન કાર્ડ મળી જાય તો સારું જેથી હું ત્યાં તરત આવી જાઉં. હવે તો હું ત્યાં આવવા માટે તલસી રહી છું એમ કહું તો તું નહીં માને. ત્યાં આવ્યા પછી તું સાથે ન આવે ત્યાં સુધી દેશ પાછી આવવાનું નામ નહીં લઉં, બસ! ત્યાં હતી ત્યારે ગામને યાદ કર્યા કરતી. હવે અહીં ગામમાં બેઠી બેઠી તને અને મોટેલને યાદ કરતી રહું છું. ગ્રીન કાર્ડ મળે કે તરત જ તાર કરજે. રોજ હું તારા આવા તારની રાહ જોતી રહીશ.

ગઈ કાલે જ ખરું ચોમાસું બેઠું. હું તો ચોકમાં જઈને ઘરાઈને વરસાદમાં પલળી. લિંકન તો મહોલ્લામાં નાચ્યો. આખા ગામને માથે લે છે, તારો દીકરો! લક્ષ્મી એને લાડ લડાવે છે. પલળીને હું કપડાં બદલાવા માળ પર ગઈ અને બાપુજીએ સાદ પાડ્યો. નીચે ગઈ કે તારો પત્ર મારા હાથમાં મૂક્યો. પત્ર વાંચીને થયું કે તું જો અહીં આવી સુંદર મોસમમાં મારી સાથે હોત તો!

ગ્રીન કાર્ડ મળે તે પહેલાં પણ જો મારાથી આવી શકાય તો આવવા તૈયાર છું. ફરીથી કેનેડા જઈ, હાઈ-વે પરથી, અંધારામાં ચાલીને સરહદ ઓળંગીને તારી પાસે આવી પહોંચવા હું તૈયાર છું. હવે તો તારી પાસે જ રહેવું છે. તારો વહેમ સાવ સાચો છે. મનેય એક દીકરી હોય તે ગમે, હં કે!

મોટેલની વાત જાણી આનંદ થયો. ડૉલરના રૂપિયા ગણીએ તો એમ જ કહી શકાય કે હવે તું લિંકનના સંતાનો માટે કમાઈ રહ્યો છે. બાપુજીએ તો મન વાળી લીધું છે પણ બાને થોડોક ઉચાટ રહે છે. હું એમને પટાવી લઉં છું. લિંકન છે એટલે બંને રાજી રાજી. તારી ખોટ એમને બહુ ન સાલે તે માટે હું બનતું બધું જ કરી છૂટું છું. પણ એમને દીકરાની ખોટ તો સાલે જ ને! તને લિંકનની ખોટ કેવી સાલતી હશે તેની કલ્પના હું કરી શકું છું. તે પરથી તું જ એમની તારા માટેની ઝંખના કલ્પી શકે.

ફોન કરે ત્યારે મારી યાદ અનંતભાઈ તથા ઊર્મિભાભીને આપજે. ક્યારેક હું પણ પત્ર લખું છું. આ શિયાળે તને થોડોક સૂકો પોંક પાર્સલથી રવાના કરવાની છું. તું એ ગરમ પાણીમાં બોળીને પછી મસાલો નાખીને ખાજે.

વરસાદ પડી રહ્યો છે પણ વરનો સાદ ક્યાં છે? એનો સાદ સંભળાય કે દોડતી ચાલી આવીશ; ખાતરી રાખજે.

તને મળવા માટે આતુર,

તારી સવિતા

* * *

પિસ્તોલકાકાને ઓચિંતા ચક્કર આવી ગયા તેથી તેઓ નાવણિયામાં જ પડી ગયા.

છીમકીએ આવીને આ સમાચાર સવિતાને આપ્યા એટલે સવિતા બધું કામ પડતું મેલીને કાકા પાસે પહોંચી ગઈ. આખું ગામ આગલી પરસાળામાં અને ઓટલે ભેગું થઈ ગયું. સુરતથી જ્યારે ડૉક્ટરની કાર આવી ત્યારે સવિતાને ઘણા માઠા વિચારો આવી ગયા. જુવાન ડૉક્ટરે કાકાને તપાસ્યા પછી સવિતાને કહ્યું: 'બ્લડપ્રેસર ખૂબ ઘટી ગયું હતું તેથી ચક્કર આવી ગયા. ચિંતાનું કોઈ જ કારણ નથી. દવા લખી આપું છું તે મંગાવી લેશો અને આરામ કરવા દેશો.' આ સાંભળીને સવિતાનો જીવ હેઠો બેઠો. એણે પૈસા ચૂકવી દીધા અને ડૉક્ટર ગયા. ગામનું લોક ધીમું ધીમું વિખરાઈ ગયું. સવિતાએ કાકા પાસે જઈને ધીમેથી કહ્યુ: 'કાકા! તમારે લિંકનના દીકરાને રમાડીને જવાનું છે, તે પહેલાં નહીં!' પથારીમાં પડ્યા પડ્યા પિસ્તોલકાકાએ સવિતાની સામે નજર માંડીને કહ્યું: 'બેટા! મને માસ્તર બોલાવી રહ્યા છે. મને પણ એમને મળવાની ઉતાવળ છે.' જે ખાટલામાં બાપુએ છેલ્લો શ્વાસ લીધો તે જ ખાટલામાં પડ્યા પડ્યા પિસ્તોલકાકાએ આવા શબ્દો કહ્યા તેથી સવિતા થોડીક વિહ્વળ બની ગઈ. એના મન પર અશુભનો ઓથાર ચડી બેઠો.

સાંજ પડી એટલે સવિતા લક્ષ્મીને ત્યાં જઈ પહોંચી. બંને બહેનપણીઓ બાવાની ટેકરીએ જઈને મંદિરના ઓટલે બેસીને તળાવના પાણી પર પથરાયેલા આથમતા સૂરજનાં કિરણોને જોઈ રહી. આરતી થઈ પછી પૂજારીએ હનુમાનદાદાનો પ્રસાદ આપ્યો. સૂરજ આથમી ગયો તોય સવિતા ઓટલેથી ખસવા તૈયાર ન હતી. લક્ષ્મીને ખ્યાલ આવી ગયો કે સવિતા કોઈ વિચારમાં પડી છે. ક્યાંય સુધી બંને શાંત બેસી રહ્યાં. થોડી વારમાં તો આખું ગામ અંધારામાં અલોપ થઈ ગયું; માત્ર વીજળીના દીવાઓ ક્યાંક દેખાતા હતા.

બંને બહેનપણીઓ ઊઠવાની તૈયારી કરતી હતી ત્યાં છનિયાએ દોડતા આવીને કહ્યું: 'ભાભી! બાપુજી તમને બોલાવે છે.' સવિતા અને લક્ષ્મી ઝડપભેર છનિયાની પાછળ પાછળ ચાલવા માંડ્યાં. સવિતાને ખ્યાલ આવી ગયો કે નક્કી પિસ્તોલકાકાની તબિયત ફરી બગડી.

મહોલ્લામાં દાખલ થાય ત્યાં જ બાપુજી લિંકનની જોડે સામેથી આવી રહ્યા હતા. લિંકને દોડીને સવિતાના હાથમાં સુધીરનો તાર મૂકી દીધો. તારમાં જણાવ્યું હતું:

GREEN CARD OBTAINED, LETTER FOLLOWS .

SUDHIR .

૨૩

મીઠી લાગણીનો સમંદર

સુધીરને ગ્રીન કાર્ડ મળી ગયું તેથી સવિતાના આનંદની સીમા ન રહી. પાસે ઊભેલા લિંકનને બાથમાં લઈ એણે કહ્યું: 'હવે આપણે પપ્પા પાસે અમેરિકા જઈશું.' પોતે હવે ધારે ત્યારે અમેરિકા જઈ શકશે અને સુધીર પણ ઇચ્છે ત્યારે ભારતનો ફેરો કરી શકશે એવી સ્થિતિ ઘણે વખતે નિર્માણ થઈ હતી. સુધીરના અવિરત પુરુષાર્થનું આ પરિણામ હતું. ખરેખર તો ગ્રીન કાર્ડ વગર સુધીરનું કામ અટકતું ન હતું; પરંતુ એણે મનમાં એક ગાંઠ વાળી હતી. ગુનેગાર તરીકે અમેરિકામાં દાખલ થઈને અને આટલાં વર્ષો ગાળીને પૈસા કમાયા બાદ એક ગુનેગાર તરીકે એ અમેરિકા છોડવા માગતો ન હતો. ગ્રીન કાર્ડ ખરેખર તો સુધીરની હઠનો સંકેત હતો; અેના સાહસની, પરાક્રમની અને પુરુષાર્થની ચરમસીમાનું પ્રતીક હતો.

સવિતાએ તો અમેરિકા જતી વખતે સાથે લઈ લેવાની ચીજોની યાદી તૈયાર કરવા માંડી. હજી એ ચીજોને પેટીમાં મૂકવાનો સમય આવ્યો ન હતો; પરંતુ ગમે ત્યારે ટિકિટ આવી પડે અને જવાનું થાય એવી શક્યતા હતી. હવે એ સુધીરના સ્વભાવને ઓળખી ગઈ હતી. તારમાં જણાવ્યા પ્રમાણે પત્ર રવાના થઈ ચૂક્યો હતો. સવિતાને ખાતરી હતી કે પત્ર સાથે ટિકિટ પણ આવશે. લક્ષ્મીએ જ્યારે આ વાત સવિતા પાસે જાણી ત્યારે એણે કહ્યું: 'સવલી! હવે તું પાછી અમેરિકા જવાની અને મને દુ:ખી કરવાની.' સવિતાએ જવાબમાં કહ્યું: 'લખમી! હવે તો તને અને શાંતિલાલને એક વાર અમેરિકા ન બોલાવું તો મારું નામ સવિતા નહીં.'

ગાંડા પટેલે ફરી આખા ગામમાં પેંડા વહેંચ્યા. પેંડા વહેંચવાનું કામ લિંકને કર્યું. ગ્રીન કાર્ડ એ કયા પ્રાણીનું નામ છે તેની ખબર ન તો પેંડા વહેંચનારને હતી કે ન તો એ પેંડા ખાનારાઓને. ગામ લોકોને તો એટલું સમજાયું કે ગાંડા પટેલનો સુધીરિયો અમેરિકામાં રહી પડ્યો છે, હજી વધારે રહેવાનો છે અને ખૂબ પૈસા કમાયો છે. પિસ્તોલ હવે ગામમાં લગભગ પહેલાંની માફક હરતોફરતો થઈ ગયો હતો. એણે સવિતા પાસેથી 'ગ્રીન કાર્ડ' એટલે શું તે જાણી લીધું હતું. પોતાને એમાંથી જેટલો સાર સમજાયો તેને ગામ લોકો સમક્ષ તે પોતાની રીતે રજૂ કરીને કહેતો: 'આપણો સુધીર અમેરિકા ગયેલો ત્યારે ઉંદર હતો, હવે એ બિલાડો બની ગયો છે.' મંદિરના પૂજારીએ તો સૌને એવું કહેવા માંડ્યું કે, 'સુધીરને અમેરિકાનો રેશન કાર્ડ મળી ગયો છે અને હવે સવિતા તથા લિંકન ત્યાં ચાલી જશે.' આખા ગામને એક નવો શબ્દ જાણવા મળ્યો પણ આનો અર્થ તો દરેક જણે પોતપોતાની સમજ પ્રમાણે જ તારવ્યો. ગામની અભણ ડોશીઓએ એક વાત સમજી લીધી કે ગાંડા પટેલે પૈસા તો મેળવ્યા પણ દીકરો ગુમાવ્યો. મંછીબાને તો આ સમાચારથી કોઈ આનંદ ન થયો. એમણે સમાચારનો સાર તારવીને મનને ઠસાવી દીધું કે, હવે દીકરો નહીં આવે અને કદાચ એ સવિતા તથા લિંકનને પણ ત્યાં તેડાવી લેશે. ગાંડા પટેલે એમને

બહુયે સમજણ પાડી પણ મંછીબાના મનનું સમાધાન ન થયું તે ન જ થયું.

સવિતાએ તૈયારી તો કરવા માંડી પણ એના મનમાં ઊંડે ઊંડે એક ખટકો રહ્યા કરતો હતો. પોતે લિંકન સાથે અમેરિકા ઊપડી જાય તો બા-બાપુજીને કેવું લાગે? પોતે હવે લિંકનને અહીં મૂકીને જઈ શકશે ખરી? વળી સુધીરને પણ લિંકન વગર ગમે ખરું? એક બાજુ સુધીર પાસે પહોંચી જઈને લાંબા વિયોગનું વળતર ચૂકવી દેવા ઉત્સુક હતી અને બીજી બાજુ બા-બાપુજીને ફરીથી એકલાં છોડી જવામાં ગમગીની અનુભવતી હતી. બાપુજીને સમજાવી લેવાશે એવી શ્રદ્ધા તો એને હતી પણ બા માનશે ખરાં? બા તો અત્યારથી જ નારાજ હતાં. બહુ મથામણને અંતે સવિતાએ લાગ જોઈને બાપુજી આગળ વાત કાઢી:

'બાપુજી! ગ્રીન કાર્ડ મળી ગયું એ સારું થયું.'

'સારું તો થયું પણ....

'હવે આવવા-જવામાં કોઈ તકલીફ નહીં રહે.'

'પણ હવે તમે બંને ચાલી જશો અને....'

'મને પણ એની જ ચિંતા છે....'

'જે થાય તે ખરું.'

'ધારો કે હું અને લિંકન જઈએ અને ચાર-છ મહિનામાં જ તમને અને બાને ત્યાં બોલાવી લઈએ તો!'

'મને જરાય વાંધો નથી. મારે હવે શું છે? આ લિંકનિયો સાથે હોય એટલે પત્યું.'

'તે લિંકનને પણ દાદાજી વગર ગમે ખરું?'

'પણ ખરી મુસીબત બીજી છે.'

'શું?'

'તારી બા.'

'લિંકનની પાછળ પાછળ બા જરૂર આવે.'

'બેટા, તને ખબર નથી. તાર આવ્યો ત્યારથી હું એને રોજ સમજાવું છું.' પણ એ તો કહે છે કે, 'પરદેશી મહાણમાં મારે બળવું નથી.'

'તે બા લિંકનને પરણાવ્યા વગર થોડાં મરવાનાં છે!'

'પણ એ સમજવા તૈયાર નથી તેનું શું?'

'બાપુજી! કોઈ ઉપાય ખરો?'

'ઉપાય એક જ. ત્યાં જઈને લિંકનની તબિયત નરમ છે એવો કાગળ લખવાનો. પછી હું એને નહીં ગાંઠું અને એય તૈયાર થઈ જાય, ફટાફટ!'

'પણ જૂઠો પત્ર મારાથી ન લખાય.'

'એ વિના છૂટકો જ નથી. મને તો લિંકન વગર અહીં રહેવા કરતાં ત્યાં સૌની સાથે રહેવાનું વધારે ગમે. મને અનંત કહેતો હતો કે ઉનાળામાં ત્યાં વાડામાં કોથમીર અને મેથીની ભાજી ઉગાડી શકાય છે. હું વાડામાં નાનુંમોટું કામ કરતો રહીશ. મારે શું? અહીં ગધેડી સાથે ગામગપાટાં મારતો રહું છું તે ત્યાં મેના સાથે વાતો કરીશ. હવે તું

જાય ત્યારે એને સારુ મારા તરફથી કશીક ભેટ લેતી જજે.'

'જરૂર લઈ જઈશ. બાપુજી! તમને ને બાને છોડીને અમેરિકા જવાની મને હોંશ નથી. પણ હવે ત્યાં એમને એકલા છોડવાનું બહુ ભારે લાગે છે. ત્યાં ખાવાનું કચવાય અને...' સવિતા આટલું બોલતાં તો રડી પડી.

'બેટા! તું બહુ ચિંતા ની કર. તું અને લિંકન પહોંચી જાવ! બાકીનું હું સંભાળી લઈશ. તારી મૂંઝવણ હું સમજુ છું. તારું મન કોચવાય તે અમને ની ગમે. હવે સુધીર એકલો રોટલા ટીપે એય ખોટું. ટિકિટ આવે એટલે તું ને લિંકન ઊપડી જાવ. લાગ જોઈને અમે પણ આવી રહેશું.'

* * *

તાર આવ્યાને સોળ દિવસ થઈ ગયા તોય સુધીરનો પત્ર ન આવ્યો લિંકનની વર્ષગાંઠ હતી એટલે સવિતા વહેલી પરવારીને બાવાની ટેકરીએ લિંકન સાથે જઈ આવી. સવિતાના કહેવા પ્રમાણે લિંકને હનુમાનદાદાને પ્રણામ કર્યાં અને પૂછ્યું: 'મન્કીદાદા આટલા બધા રેડ હોય?' સુધીર તરફથી કશો જ પત્ર ન આવ્યો તેથી સવિતાની અકળામણ વધી ગઈ હતી. આજે તો પત્ર કે પછી તાર આવશે જ એની એને ખાતરી હતી. છેવટે લિંકનની વર્ષગાંઠને કારણે નાનકડું ભેટ પાર્સલ પણ આવશે એવી એને આશા હતી. લાપસીનું આંધણ મૂકીને એ ઓટલે આવી. હજી ટપાલી આવ્યો ન હતો. એ રસોડા અને ઓટલા વચ્ચે અટવાતી રહી. પણ ટપાલી ન આવ્યો તે ન જ આવ્યો. સૌ જમી પરવાર્યા પણ સવિતાનું ચિત્ત બેચેન હતું. જીવનમાં ક્યારેય એણે ટપાલીની રાહ જોવામાં આટલી ઉત્કટતા અનુભવી ન હતી.

બારેક વાગ્યા હશે ત્યારે મહોલ્લાના નાકે આવેલા ઘરને ઓટલે બેસીને પત્રોના થોકડા કરી રહેલા ટપાલી પર એની નજર પડી. ઝટ ઓટલો ઠેકીને સવિતાએ ટપાલી ભણી ચાલવા માંડ્યું. ટપાલી ઘર સુધી આવે અને પત્ર કે પાર્સલ આપે ત્યાં સુધી થોભવાનું આજે એને પોસાય તેમ ન હતું. પ્રત્યેક પગલે એના હૃદયના ધબકારા વધી રહ્યા હતા. એ એટલી ઝડપથી ચાલી રહી હતી કે લગભગ દોડવાનું જ બાકી હતું. સુધીરના પત્રને નહીં, સુધીરને મળવા માટે દોડી રહી હોય એવા થનગનાટ સાથે એ ટપાલી પાસે પહોંચી ગઈ. ટપાલીએ ચશ્માંના જાડા કાચની ઉપરથી સવિતા સામે નજર કરી. સવિતા સમજી ગઈ કે ટપાલમાં કશું આવ્યું નથી. ટપાલી જાણતો હતો કે ઘણા દિવસથી સવિતા પત્રની રાહ જોઈ રહી હતી. એણે સવિતાને કહ્યું: 'ભાભી! હમણાં હમણાં ટપાલ મોડી પડે છે. તમારો પત્ર, કાલે રવિવાર છે એટલે, હવે પરમ દિવસે જરૂર આવશે.

સવિતા ઘરે પાછી વળી ત્યારે એના પગ સાવ ઢીલા પડી ગયા હતા. ઘરના ઓટલા સુધી પહોંચતા તો એ રડું રડું થઈ ગઈ. માળ પર જઈને એ ખાટલામાં પડી અને મોકળે મને રડી પડી. આખું ગામ જમી પરવારીને વચલી પરસાળના અંધારાની ઠંડકમાં નિરાંતે નસકોરાં બોલાવતું હતું. સવિતાના ઉચાટનો પાર ન રહ્યો. શું કરવું તે એને સમજાતું ન હતું. સુધીર એનાથી હજારો જોજન દૂર હતો એ ખરું પણ મનથી તો એ ક્યારનીય મોટેલ સુધી, મોટેલના વાડા સુધી અને મોટેલના બેડરૂમમાં સૂતેલા સુધીર પાસે પહોંચી ગઈ હતી. જો વિસાની વિધિ કે બીજી અડચણ ન હોત તો જરૂર એ વિમાનમાં ન્યુયોર્ક પહોંચી જઈ ત્યાંથી ઓચિંતી સુધીર પાસે જઈને પૂછત: 'કેન આઈ હેવ એ રૂમ ઈન યોર મોટેલ, પ્લીઝ!' અને આનંદાશ્ચર્યમાં ડૂબી ગયેલા સુધીરે એને... મોટેલમય અને સુધીરમય બની

ગયેલી સવિતાને ક્યારે ઊંઘ આવી ગઈ એની ખબર ન પડી. બપોરે બેના ટકોરા થયા અને મંછીબાએ ચા મૂકીને ગાંડા પટેલને જગાડ્યા. રોજના ક્રમ પ્રમાણે બંને ડોસાડોસી ચોકમાં આવેલા કૂવાની સામેની ઓટલી પર બેસીને ચા પીવા લાગ્યાં. લિંકન આજે મૂડમાં હતો. વર્ષગાંઠ હતી તેથી જેને જેને એ પગે લાગ્યો તે સૌએ એને કશુંક આપ્યું હતું. લક્ષ્મીમાસીએ તો નવું બૅટ ભેટમાં આપ્યું હતું. બા-બાપુજી ઊંઘીને ઊઠે તે પહેલાં જ એ ચોકની કૂંડીમાં ઊભો રહીને આખા ચોકમાં પાણી ઉરાડી રહ્યો હતો. છનિયાએ થોડીક બાલદી ઠાલવીને લિંકનના એ સ્વીમિંગ પુલને છલોછલ ભરી દીધો હતો. લિંકન કૂંડીમાં ઊભો ઊભો નિર્વસ્ત્ર સ્નાનની મજા માણી રહ્યો હતો અને બા-બાપુજી કપમાંથી રકાબીમાં ચા રેડીને જીવનની નિરાંતના ઘૂંટડા પી રહ્યાં હતાં.

ગામના ફળિયામાં પડતા ઓટલાઓ પર હજી ઝાઝી વસતી જણાતી ન હતી. હજી બધી આગલી પરસાળોનાં બારણાં ખૂલ્યાં ન હતાં. હજી તડકાના મિજાજમાં ઝાઝો ફેર પડ્યો ન હતો. ફળિયામાં નિરાંતે પડી રહેલી બપોરની શાંતિને હળવેકથી હડસેલો મારીને એક મોટરગાડી ગાંડા પટેલના આંગણામાં આવીને ઊભી રહી ગઈ. કોઈને ઝાઝી ખલેલ ન પહોંચે એમ સુધીર એમાંથી ઊતર્યો અને ધીરે પગલે ઘરમાં દાખલ થઈ ચૉકમાં પહોંચી ગયો. કૂંડીમાં મસ્તીથી છબછબિયાં કરતાં લિંકનને એણે વહાલથી ઊંચકી લીધો. પપ્પાને જોઈને લિંકન એવો તો ગેલમાં આવી ગયો કે બીજી કશી પરવા કર્યા વિના પપ્પાને વળગી જ પડ્યો. સુધીરે વહાલથી બચી કરીને એના કાનમાં કહ્યું: 'હેપી બર્થ ડે ટુ યુ.' બા-બાપુજી તો આનંદના આવડા મોટા આક્રમણ માટે તૈયાર જ ન હતાં. મંછીબા તો સાવ અવાક જ થઈ ગયાં. ગળગળો થઈ ગયેલો સુધીર પગે લાગ્યો ત્યારે બાપુજીએ કહ્યું: 'બેટા! સવિતા તો તારા કાગળની રાહ જોઈને થાકી. કાગળ ભલે ની આવ્યો પણ તું આવ્યો એટલે અમારે મન તો...' આટલું બોલતાં તો બાપુજીને ડૂમો ભરાઈ આવ્યો.

બિલ્લીપગે સુધીર દાદરનાં પગથિયાં ચડવા લાગ્યો. છેક નજીક જઈને જોયું તો સવિતા ઘસઘસાટ ઊંઘતી હતી. લાગણીથી ભાવવિભોર બનેલો સુધીર એકાદ મિનિટ કશુંય બોલ્યા વગર સવિતાની પાસે શાંતિથી બેસી જ રહ્યો. થોડીક સ્વસ્થતા પ્રાપ્ત કર્યા પછી સવિતાના હાથને એ હળવાશથી પંપાળતો રહ્યો અને ગાઢ નિંદ્રામાં પોઢેલી સવિતાના સુંદર ચહેરાને જોતો જ રહ્યો. છેવટે જ્યારે એણે સવિતાના ગાલ પર ચુંબન કર્યું ત્યારે સવિતા એકદમ ચમકીને બેઠી થઈ ગઈ. એને ક્યાંય સુધી એ ન સમજાયું કે પોતે મોટેલમાં છે કે ઘરમાં!

ખાટલો છોડીને સવિતા ઊભી થઈ ત્યારે સુધીરે એને પૂરી આક્રમકતાથી બાથમાં લીધી. પોતાના હાથમાં છુપાવી રાખેલી જૂઈની વેણી એ જ્યારે સવિતાના ઘટાદાર વાળમાં પહેરાવી રહ્યો હતો ત્યારે સવિતાની આંખોમાં લાગણીનો સમંદર ઊછળી રહ્યો હતો. આખો ઓરડો જૂઈનાં ફૂલોના મઘમઘાટથી મહેકી રહ્યો!